One Indian Girl (Gujarati) (Gujarati Edition)

Bhagat, Chetan

VISIT...

LANZAROTE Caliente.COM

ચેતન ભગત

વન ઇન્ડિયન ગર્લ



વન ઇન્ડિયન ગર્લ

ચેતન ભગત બેસ્ટસેલર બની ચૂકેલી છ નવલકથાઓ - Five Point Some One (2004), One Night @ the call Center (2005), The 3 Mistakes of My Life (2008), 2 States (2009), Revolution 2020 (2011) અને Half Girlfriend (2014)ના લોકપ્રિય લેખક છે જેમની આ નવલકથાઓની 10 મિલિયન ઉપરાંત નકલો વિશ્વભરમાં વેચાઈ ચૂકી છે અને વિશ્વની બાર જેટલી ભાષામાં એના અનુવાદો થઈ ચૂક્યા છે.

2008માં 'New York Times' એ ચેતન ભગતને ભારતના ઈતિહાસમાં સૌથી વધુ વેચાતા લેખક તરીકે આવકારતાં કહ્યું છે કે આ લેખકે પોતાની લોકપ્રિયતાની સ્થિતિ આજે પણ એટલી જ બરકરાર રાખી છે. એમની મોટાભાગની નવલકથાઓ પરથી બૉલિવુડમાં ફિલ્મો બની ચૂકી છે. લેખક પોતે પણ શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ રાઈટર તરીકેનો ફિલ્મફેર અવૉર્ડ મેળવી ચૂક્યા છે.

Time મૅગેઝિને વિશ્વની સૌથી મોટી વગ ધરાવતી 100 વ્યક્તિઓમાં ચેતન ભગતની ગણના કરી છે, તો USAની Fast Companyએ વિશ્વના શ્રેષ્ઠ 100 બિઝનેસમેનની યાદીમાં તેમનો સમાવેશ કર્યો છે. Times of India અને Dainik Bhaskarમાં આવતી એમની કૉલમો સમગ્ર દેશમાં વંચાય છે. તેઓ દેશના અગ્રિમ એવા મોટિવેશનલ સ્પીકર્સમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે અને આ અંગેના ઘણા TV Showનું એમણે સંચાલન પણ કર્યું છે.

ચેતન ભગતે દિલ્હીની IIT અને અમદાવાદની IIMમાં અભ્યાસ કરીને દસ વર્ષ સુધી Investment-Banking ક્ષેત્રે કામ કર્યું. એ પછી એમણે ફુલટાઇમ રાઈટર બનવા માટે નોકરીને તિલાંજલિ આપી.

પત્ની અનુષા અને બે જોડકાં પુત્રો શ્યામ તેમજ ઈશાન સાથે એ મુંબઈમાં રહે છે.

લેખક પર પ્રશંસાપુષ્પો

ઘણા લેખકો પોતાના હૃદયની વાતને બહુ જ સ્પષ્ટપણે અને સફળતાપૂર્વક રજૂ કરી શકે છે. ચેતન ભગતનાં પુસ્તકો આ બંનેમાં માહિર છે.

– A. R. Rahman
TIME મૅગેઝિનમાં સ્થાન પામેલી વિશ્વની ***100*** વગદાર વ્યક્તિઓમાં ચેતનનો સમાવેશ કરાયો તે સમયે

ઊગી રહેલા ઉધોગ સાહસિકોના વર્ગનો ભારતીય અવાજ.

– Fast Company Magazine on Chetan's inclusion in the 100 most Creative people in business globally.

ભારતના પેપરબૅક કિંગ.

– The Guardian

ચેતન ભગતે ભારતીય વાચકોની નાડ પારખી છે અને તમામની ચાહના મેળવી છે.

– International Herald Tribune

ચેતન ભગત નવા ભારતનું પ્રતીક છે, નિર્ભિક પેઢીના એ મશાલચી છે.

– India Today

...આપણા સૌથી નોંધપાત્ર નવલકથાકાર.

– The Times of India

ટ્રાન્સલેટરની કેફિયત

સૌરભ શાહ

બડી બડી બાતાં કરવાની આપણને બહુ હોંશ હોય છે. વુમન એમ્પાવર્મેન્ટ, સ્ત્રી સશક્તિકરણ, નારી સ્વાતંત્ર્ય જેવા ભારેખમ શબ્દો ઉચ્ચારીને આપણે ઉદાર મનવાળા અને મૉડર્ન જમાના સાથે તાલ મિલાવનારા છીએ એવો દેખાડો કરવાનું આપણને બહુ ગમતું હોય છે.

હકીકત એ છે કે બૅક ઑફ અવર માઇન્ડ આપણે હજુય પછાત, જૂનવાણી અને જડસુ છીએ. કોઈ થપ્પડ મારીને આપણી આંખ ના ઉઘાડે ત્યાં સુધી એવા જ રહેવાના.

'વન ઇન્ડિયન ગર્લ'માં ચેતન ભગતે આવી થપ્પડ મારીને આપણા હોશ ઠેકાણે લાવવાની કોશિશ કરી છે. ટૂંકી ચડ્ડી પહેરીને ફરતી, દારૂ પીવામાં કંપની આપતી કે પાર્ટીમાં સુપરસેક્સી બનીને જતી છોકરીઓ દરેક પુરુષોને ગમે, શરત એ કે એ તમારી મા-બહેન-દીકરી-પત્ની ન હોવી જોઈએ. ચિક્કાર પૈસો કમાતી કરિયર વુમન માટે તમને સૌને આદર થાય પણ જો એ તમારી મા-બહેન-દીકરી-પત્ની હોય તો તમારું ઘર સાચવવાની જવાબદારી એણે પહેલાં નિભાવવાની.

જે લોકો હજુય આવાં બેવડાં ધોરણો સાચવવા માગે છે એમના માટે 'વન ઇન્ડિયન ગર્લ' નથી. પણ જેઓ ધસમસતા કથાપ્રવાહમાં તણાઈને, એના અણધાર્યા વળાંકોને માણતાં માણતાં આજના સમયની, ટ્વેન્ટીઝમાં હોય એવી, છોકરીને કે યુવતીને કે સ્ત્રીને આરપાર સમજવા માગે છે, સ્વીકારવા માગે છે તેઓ આ નૉવેલ એક જ બેઠકે વાંચી જશે એવી મારી ચૅલેન્જ છે.

'વન ઇન્ડિયન ગર્લ'માં ચેતન ભગતે આજની છોકરીઓની વાત કરી છે. છોકરી મતલબ સ્ત્રી કે નારી કે યુવતી. પણ ગર્લ્સ માટે એ બધાં ગુજરાતી શબ્દો ભારેખમ લાગે. અહીં જે રાધિકા મહેતાની વાત છે તે ટ્વેન્ટીઝમાં છે માટે એના માટે 'ગર્લ' શબ્દ જ અપ્રોપ્રિયેટ છે. બાય ધ વે, રાધિકા મહેતા જે છે તે પંજાબી મહેતા છે. નરસિંહવાળાં કે હરકિસન મહેતાવાળાં મહેતા નથી.

રાધિકાની પર્સનાલિટી મેઘધનુષી છે. આજની પેઢીના સાતેય રંગ એનામાં જોવા મળશે તમને. અને જો બિટ્વીન ધ લાઇન્સ વાંચવાની કોશિશ કરશો તો આ નવલકથાનો અંત વાંચીને રાધિકાને તમે ત્રિપાર્શ્વ કાચની પેલે પારના સફેદ કિરણરૂપે પણ જોઈ શકશો. યંગ જનરેશનને સમજવાનો તરીકો તમને 'વન ઇન્ડિયન ગર્લ'માંથી મળી જશે, જો તમારા હાથમાં આ પ્રિઝમ રાખ્યો હશે તો.

મારિયો પૂઝોની વૈશ્વિક ક્લાસિક અને વર્લ્ડ બેસ્ટસેલર એવી એવરગ્રીન નવલકથા 'ધ ગૉડફાધર'ને ગુજરાતીમાં ઊતાર્યા પછી આર. આર. શેઠે મને ચેતન ભગતની આ નવલકથા ઑફર કરી.

મારા ઘણા મિત્રો-ચાહકો-વાચકોએ મને કહ્યું કે ક્યાં મારિયો પૂઝો અને ક્યાં ચેતન ભગત! તમે શું કામ આ કામ હાથમાં લીધું. કેટલાકે મને કટાક્ષમાં વૉટ્સઍપ પર ટપાર્યો પણ ખરો ઃ આજકાલના ગુજરાતી રાઇટરો મની માઇન્ડેડ થઈ ગયા છે. સબ કુછ પૈસે કા ખેલ હૈ, બાબુભૈયા!

વેલ, આ ચોપડી છપાઈને બજારમાં આવે એટલે એકબે મર્સીડીઝ ખરીદી લેવાનો વિચાર

છે મારો.

મેં ત્રણ કારણોસર આ કામ માટે મારી હોંશ પ્રગટ કરી ઃ

એક તો ચેતન ભગત છેલ્લા દોઢેક દાયકાથી અંગ્રેજી વાંચતી ભારતીય યુવાપેઢીના દિલોદિમાગ પર છવાયેલા છે અને એમના અનુવાદ દ્વારા ભારતીય ભાષાઓ જેમની વાંચનભાષા છે એ યુવાપેઢીના દિલોદિમાગ પર પણ. આટલી જબરજસ્ત સફળતા, આવો જબરજસ્ત ઇમ્પેક્ટ, આટલો પ્રેમ, આટલો આદર, આવું નિઃસ્વાર્થ ગાંડપણ અન્ય કોઈ સમકાલીન નવલકથાકારને પ્રાપ્ત થયાં હોય એવું ભારતમાં હજુ સુધી મેં જોયું નથી. તો મારે આ અનુવાદના બહાને ચેતન ભગતની લેખનકળાની મોહિનીનાં કારણો માણવાં હતાં અને એક નવલકથાકાર તરીકે, અનુવાદની પ્રક્રિયામાંથી, મને એમાંથી જે શીખવા મળે તે શીખવાની લાલચ હતી. ઘણાં બધાં ડુઝ અને ડોન્ટ્ઝ શીખવા મળ્યા. આ કામ કરવાની મારી આ સૌથી મોટી ઉપલબ્ધિ.

બીજું કારણ આ કામ હાથમાં લેવાનું એ હતું કે ચેતન ભગત જે રીતે અંગ્રેજી વાંચતી યંગ જનરેશન સાથે કનેક્ટ થાય છે તે રીતે ગુજરાતી ભાષા વાંચતી યંગ જનરેશન સાથે ફિક્શનની દુનિયામાં કનેક્ટ થવા માટેનાં ઓજારો મારી પાસે છે કે નહીં તે મારે તપાસવું હતું. મારિયો પૂઝોની 'ગૉડફાધર' ભાષાકર્મની બાબતમાં પણ ગુજરાતી વાચકોએ વખાણી. પણ પૂઝોનું અંગ્રેજી અને ચેતનનું અંગ્રેજી જુદું છે. બેઉના સર્જનનો કાળ જુદો છે – અડધી સદીનું અંતર છે. મારા માટે 'ગૉડફાધર' જેટલી ચેલેન્જિંગ હતી એટલી જ પડકારરૂપ 'વન ઇન્ડિયન ગર્લ' પણ પુરવાર થઈ. દાખલા તરીકે 'આ મોમેન્ટો મને મારી લાઇફ પરફેક્ટ લાગી રહી હતી' એવો અનુવાદ કરતી વખતે મને ખબર છે ક્ષણ, જિંદગી અને પરિપૂર્ણ વાપરી શકાય છે, પણ નથી વાપરવા. 'મર્યાદા ઓળંગવી'ની જગ્યાએ આ નવલકથા માટે 'લિમિટ બહાર જવું' એક્સ્પ્રેશન જ યોગ્ય કહેવાય.

આ નવલકથામાં ચેતન ભગતે યંગ જનરેશનની બેફિકરાઈ, એમના બિનદાસ્તપણાનો અંદાજ આપતી જે ભાષા પ્રયોજી છે તેને મેં ગુજરાતીમાં અવતારવાની કોશિશ કરી છે. અમુક શબ્દપ્રયોગ, અમુક સંવાદ, અમુક ઍટિટ્યુડ કે અમુક દૃશ્યો પહેલી વખત તમને કદાચ ઑફેન્ડિંગ લાગે પણ આ એ જનરેશનના લોકોની વાતો છે જેમને જીવવામાં અને પોતાની જાતને એક્સપ્રેસ થવા દેવામાં કોઈ છોછ નથી. મનમાં કંઈક હોય અને બોલે કંઈક એ જમાનાની જનરેશનનાં આ પાત્રો નથી.

ત્રીજું અને છેલ્લું કારણ એ કે 'વન ઇન્ડિયન ગર્લ'ના પ્રથમ વાંચન પછી મારા પોતાના ગાલ પર પણ થપ્પડ પડી હોય એવું મને લાગ્યું હતું. થૅન્ક્યુ ચેતન ભગત. મારી પોતાની દૃષ્ટિ બદલાઈ, તમારી પણ બદલાવાની. હવે પછી યંગ, સક્સેસફુલ, ફ્રીલી બીહેવ કરતી, અટ્રેક્ટિવ છોકરીને તમે કદાપિ એ માપપટ્ટીથી નહીં મૂલવો જે માપપટ્ટીને અત્યાર સુધી તમે વાપરી વાપરીને એના પરના આંકા ઘસી કાઢ્યા.

આ નવલકથામાં સડસડાટ વહી જતો વાર્તાપ્રવાહ સતત તમારી સમક્ષ પ્રશ્ન લટકતો રાખે છે કે હવે શું થશે, હવે શું થશે? નવલકથાના છેક છેલ્લા પાના સુધી આ પ્રશ્ન તમારી ઈન્તેજારીને રમાડ્યા કરે છે. સાથોસાથ અહીં એવી પણ જગ્યાઓ છે જ્યાં ક્ષણેક ઊભા રહીને તમારે વિચારવું પડે કે શું હું ખરેખર આવી (કે આવો) હોઈશ? જાતને અરીસામાં જોવાની કે પોતાનામાં ઊંડા ઊતરવાની આવી પળો પણ નવલકથાના છેક છેલ્લા પાના સુધી આવતી રહે છે.

ચેતન ભગત આ બંને પ્રકારની ધારાઓનો સંગમ કરી જાણે છે એટલે ચેતન ભગત છે, કરોડો વાચકોના ચાહીતા છે. તમિલિયન ક્લાસમેટને પરણેલા પંજાબી ચેતનભાઈએ IIM–

અમદાવાદમાંથી MBAની ડિગ્રી લીધા પછી ગોલ્ડમન સાક્સની હૉંગકૉંગ ઑફિસમાં ઑલમોસ્ટ દસ વર્ષ જૉબ કરી છે. ગુજરાતીમાં પણ એમનો વિશાળ વાચકવર્ગ ઑલરેડી છે. ‘વન ઇન્ડિયન ગર્લ’નું આ ટ્રાન્સલેશન પ્રગટ થયા પછી એમાં પણ અનેકગણો વધારો થવાનો. નિ:શંક.

મુંબઈ

hisaurabhshah@gmail.com

આરંભ

ઘણા લોકોને ડિસિઝન લેવાનું બહુ સારી રીતે ફાવતું હોય છે. મને નથી આવડતું. ઘણા લોકોને રાત્રે પથારીમાં પડતાંની સાથે જ ઊંઘ આવી જતી હોય છે. મને નથી આવતી. છેલ્લા બે કલાકથી હું બેડ પર જાગતી પડી છું. રાતના ત્રણ વાગ્યા છે. પંદર કલાક પછી મારાં લગ્ન છે. અહીં ગોવાની ફાઇવ સ્ટાર હોટેલમાં મારા ડેસ્ટિનેશન વેડિંગમાં બસો ગેસ્ટ આવ્યા છે. હું લાવી છું એ બધાને. એ લોકો બહુ જ એક્સાઇટેડ છે. મહેતા ફૅમિલીની પાછલી સાત પેઢીમાં કોઈએ ડેસ્ટિનેશન વેડિંગ કર્યું નથી.

કાલે લગ્ન છે એટલે આજની રાત તો મારે ઘસઘસાટ સૂઈ જવાનું હોય. બ્યૂટી સ્લીપ. પણ ઊંઘ નથી આવતી. આવવાની પણ નથી. બ્યૂટીફ્યૂટી ઘેર ગઈ, અત્યારે ખાલી એક જ વિચાર દિમાગમાં દોડે છે. આ ઝમેલામાંથી હું કેવી રીતે સટકી જઉં. આ પહેલાં પણ મારી લાઇફમાં ઘણીવાર બન્યું છે અને અત્યારે પણ એવી જ સિચ્યુએશન છે કે હું વારંવાર મારી જાતને બૂમ પાડી પાડીને કહી રહી છું. વૉટ ધ ફક ઇઝ ગોઇંગ ઑન.

અનુક્રમ

1

“રૂમ નથી? વૉટ ડુ યુ મીન કે ઇનફ રૂમ નથી?” હું ચિલ્લાતી હતી અને ગોવા મૅરિયટનો લૉબી મૅનેજર અરિજિત બૅનર્જી માથે બરફની થેલી રાખીને મને સાંભળી રહ્યો હતો.

“જુઓ, મારી વાત સમજવાની કોશિશ કરો તમે...” અરિજિત ધીરજપૂર્વક એકએક શબ્દ જોખીને બોલી રહ્યો હતો ત્યાં જ મારી મૉમે અધવચ્ચે જ એને તોડી પાડ્યો.

“મારી દીકરીનાં લગ્ન છે. તમે લોકો અમારું નાક કપાવવાના”, મૉમનો ઘાંટો એટલો મોટો હતો કે બાકીનો રિસેપ્શન સ્ટાફ ચોંકી ગયો.

“નો, મૅ’મ. માત્ર વીસ રૂમ જ ઓછા પડે એમ છે. તમે 100 બુક કરેલા. અમે તે વખતે પણ 80 જ પ્રૉમિસ કર્યા હતા. અમને એમ કે બાકીના રૂમ અરેન્જ થઈ જશે પણ ચીફ મિનિસ્ટરના ફંક્શનને લીધે...”

“છેક અમેરિકાથી આવેલા અમારા ગેસ્ટને અમે શું કહીએ? તમારા ચીફ મિનિસ્ટર...” મૉમ બોલી.

“એક સજેશન આપું તમને. અહીં નજીકમાં બે કિલોમીટર પર જ બીજી એક હોટેલ છે,” અરિજિત બોલ્યો.

“અમે બધા અહીં, એક જ હોટેલમાં સાથે રહેવાના છીએ. તમારા કોઈ સરકારી ફંક્શનને લીધે મારી દીકરીનાં લગ્નની તમે લોકો પત્તર ખાંડી નાખવાના?” મૉમ કંઈ પણ બકી રહી હતી. ગુસ્સામાં એની ભારેખમ છાતી હાંફી રહી હતી. એને જોઈને લાગતું હતું કે બસ, હવે વાવાઝોડું ત્રાટક્યું જ સમજો.

“મૉમ, તું જઈને ડૅડની પાસે રહે, પ્લીઝ. હું કંઈક કરું છું,” મેં કહ્યું. મૉમે ઘૂરકીને મારી સામું જોયું. હું દુલ્હન હતી, મારાથી આ બધાં કામ કેવી રીતે થવાનાં હતાં! અત્યારે મારે મારા ફેશ્યલની ચિંતા કરવાની હોય, ગેસ્ટ માટેનાં રૂમની નહીં.

“ત્રણ કલાકમાં તો છોકરાવાળા આવી પહોંચવાના. કોણ જાણે શું થશે?” મૉમ બબડતાં બબડતાં લૉબીના સેન્ટરમાં ગોઠવેલા સોફા તરફ ગઈ. મારા ફાધર ત્યાં કમલાફોઈ સાથે બેઠા હતા, એમની મોટીબહેન. બીજાં કાકામામા, કાકીમામી બધાંએ બાકીના સોફાઓ પર અડિંગો જમાવી દીધો હતો. મૅરિયટ પર આક્રમણ કરીને મહેતા ફૅમિલીએ પોતાના વિજયનો વાવટો ફરકાવી દીધો હોય એવું દૃશ્ય હતું. મારી માએ મારા બાપા સામે એ રીતે જોયું જાણે કહેતી હોય : તમે તો આખી જિંદગી કંઈ ઉકાળ્યું નહીં, હવે શું કરવાના! પપ્પા સોફા પર ખસીને બીજી દિશામાં જોવા લાગ્યા. મેં ફરી લૉબી મૅનેજરનું ગળું પકડ્યું.

“અરિજિત, હવે શું કરશો? મારું આખું ફૅમિલી અહીંયાં છે.”

અમે લોકો બધાં મૉર્નિંગ ફ્લાઇટમાં દિલ્હીથી આવી ગયાં હતાં. ગુલાટી ફૅમિલીની જાન મુંબઈથી બપોરના ત્રણની ફ્લાઇટ પકડીને ચાર વાગ્યે ગોવામાં લૅન્ડ થશે. વીસ ઇનોવા ટૅક્સી એમને પાંચ વાગ્યા સુધીમાં હોટેલ પર પહોંચાડી દેશે. અત્યારે અઢી વાગ્યા હતા.

“જુઓ, મૅ’મ, મહેતા-ગુલાટી વેડિંગના સ્વાગત માટે અમે સ્પેશ્યલ ડેસ્ક બનાવી છે,” અરિજિત બોલ્યો. “અત્યારે અમે તમારા ફૅમિલી માટે ચેક-ઇન શરૂ કરી દીધું છે.”

એણે લૉબીમાં દૂર એક ખૂણામાં ઊભા કરેલા કામચલાઉ કાઉન્ટર તરફ હાથ કર્યો. મૅરિયટના સ્ટાફની ત્રણ છોકરીઓ પરમેનન્ટ સ્માઇલ ચિપકાવીને કામ કરી રહી હતી. બે હાથ જોડીને દરેક ગેસ્ટને વેલકમ, પછી દરેકને છીપલાંની માળા, રૂમ ખોલવાનાં કી-કાર્ડ, ગોવા

મૅરિયટની સુવિધાઓની યાદી આપતો નકશો અને એક વેડિંગ ઇન્ફર્મેશન બુકલેટ જેમાં મારાં લગ્ન પ્રસંગે આખા અઠવાડિયા દરમ્યાન ક્યારે, ક્યાં, કઈ ઇવેન્ટ હતી તેનું કમ્પ્લીટ ટાઇમટેબલ છાપ્યું હતું.

"અમે લોકો 50 રૂમ લઈશું અને ગુલાટી ફૅમિલી માટે પણ 50 જોઈશે," મેં કહ્યું.

"તમે લોકો 50 લઈ લેશો, મૅ'મ, તો આપણી પાસે બીજા 30 જ રહેશે," અરિજિતે કહ્યું.

"સૂરજ ક્યાં છે?" મેં કહ્યું. સૂરજ મુનશાઇન ઇવેન્ટ્સનો ઓનર હતો. આ લગ્નના ઇવેન્ટ મૅનેજમૅન્ટની જવાબદારી એની હતી. "આપણે છેલ્લી ઘડીએ કંઈક સોલ્યુશન કાઢી લઈશું" એવું એણે મને કહેલું.

"ઍરપૉર્ટ પર છે." અરિજિતે કહ્યું.

ત્યાં જ મારા ફાધર રિસેપ્શન ડેસ્ક પર આવ્યા. "બધું ઓકે છે ને, બેટા?"

મેં એમને આખી સિચ્યુએશન સમજાવી.

"થર્ટી રૂમ! ગુલાટી ફૅમિલી તો એકસો વીસ ગેસ્ટ લઈને આવે છે," મારા ફાધર બોલ્યા.

"ઍક્ઝેટ્લી," મેં હાથ ઉલાળીને કહ્યું.

મૉમ અને કમલાફોઈ પણ રિસેપ્શન પર આવી ગયાં. "મેં તો સુદર્શનને પણ કહ્યું હતું કે ગોવા સુધી લાંબા થવાની શું જરૂર છે? આપણા દિલ્હીમાં જ કેટલાં સરસ પાર્ટી હૉલ અને ફાર્મ હાઉસ છે... પણ તમારી પાસે તો બહુ પૈસા વધી પડ્યા છે ને..." કમલાફોઈથી ઉપદેશ આપ્યા વિના રહેવાતું નહોતું.

મારે એમને જડબાતોડ જવાબ આપવો હતો પણ મૉમે આંખો કાઢી હોઠ ભીંસીને મને રોકી.

આ બધા આપણા મહેમાન કહેવાય, મેં મનોમન મારી જાતને કહ્યું અને લાંબો નિસાસો નાખ્યો.

"આપણાવાળા ટોટલી કેટલા છે?" મારી માએ પૂછ્યું.

"મહેતા ફૅમિલીના 117 ગેસ્ટ છે, મૅ'મ," અરિજિતે રિઝર્વેશન શીટમાંથી ગણતરી કરીને કહ્યું.

"આપણી પાસે 80 રૂમ જ હોય તો બેઉ પાર્ટીને 40-40 રૂમ મળે," મેં કહ્યું. "એક કામ કરો. રૂમ એલૉટ કરવાનું અટકાવી દો. નવેસરથી દરેકને જુદી રીતે ઍડજસ્ટ કરવા પડશે."

અરિજિતે પેલા કાઉન્ટર પરની સ્માઇલિંગ છોકરીઓને ઇશારો કર્યો. છોકરીઓએ સ્માઇલ અને ચેક-ઇન અટકાવી દીધું, છીપલાંની માળાઓ પાછી ડ્રોઅરમાં નાખી દીધી.

"છોકરાવાળાઓને ઓછા રૂમ ના અપાય." મારી મા બહાવરી બની ગઈ હતી.

"બીજું કરીએ પણ શું?" મેં કહ્યું.

"એમના માટે આપણે કેટલા રૂમ રાખ્યા હતા?" મૉમે પૂછ્યું.

"પચાસ," મેં કહ્યું. "હમણાં જ એ લોકોને ફોન કરીને કહી દઈએ. અહીં પહોંચે ત્યાં સુધીમાં નવેસરથી ઍડજસ્ટ કરી લેશે."

"છોકરાવાળાઓને ઍડજસ્ટ કરવાનું કેવી રીતે કહેવાય?" કમલાફોઈ વચ્ચે પડી. "અપર્ણા, આ છોકરીને તું જ સમજાવ."

મારી માએ કમલાફોઈ તરફ જોયું, પછી મારી તરફ.

"પણ આપણે બધાં ખાલી 30 રૂમમાં કેવી રીતે સમાવાનાં?" મેં કહ્યું અને પછી ફાધર તરફ જોતાં હું બોલી, "ડૅડ, ફોન કરો એ લોકોને."

"સુદર્શન, જાન હજુ તો આવી નથી ને એ પહેલાં લોકોને ખોટું લાગે એવું કંઈ કરતો

નહીં." કમલાફોઈ બોલી. "આપણે લોકો ત્રીસ રૂમમાં સાંકડેમાંકડે સમાઈ જઈશું. કોઈ વાંધો નથી. આપણામાંથી થોડા જમીન પર ગાદલું નાખીને સૂઈ જશે."

"કોઈએ જમીન પર સૂવાની જરૂર નહીં પડે, ફોઈ." મેં કહ્યું, "સૉરી, આ બધી છેલ્લી ઘડીએ દોડધામ થઈ ગઈ. પણ બેઉ પક્ષે 40-40 રૂમ હશે તો બધું મૅનેજ થઈ જશે. એક રૂમમાં ત્રણ જણ. ઘણાં બચ્ચાંકચ્ચાં છે, વાંધો નહીં આવે."

"ના, આપણે 30 રૂમથી ચલાવી લઈશું." મારી મા બોલી.

"મૉમ! આપણે લોકોએ એક રૂમમાં બેને બદલે ચાર જણને મૂકવા પડે અને સામેવાળા પાસે જગ્યા જ જગ્યા હોય એમ કેમ ચાલે? એ લોકોને ફોન તો કરો." મેં ભારપૂર્વક કહ્યું.

"ના," મૉમ બોલી, "એવું કોઈ કાળે ના થાય."

"પણ કેમ?"

"એ લોકો છોકરાવાળા કહેવાય. તારામાં જરા જેટલી અક્કલ નથી."

મારા પોતાના જ લગ્નમાં મારે મૂડ ખરાબ કરવો નહોતો. સ્ટાર્ટિંગમાં તો નહીં જ. મેં મારા ફાધરને સમજાવવાની કોશિશ કરી, "ડૅડ, આ કંઈ બહુ મોટો પ્રૉબ્લેમ નથી. એનું ફૅમિલી આપણી વાત સમજી જશે. આપણે છ દિવસ અહીં રહેવાનું છે. એક રૂમમાં ચાર-ચાર હોઈશું તો ભીડમાં કોઈને મઝા નહીં આવે."

ડૅડની હાલત કફોડી હતી. એમની વાઇફ અને એમની મોટી બહેનના હાથમાં એમનું રિમોટ હતું. આ બાજુ બેઉ બૈરાં અત્યારે એકબીજાની સાથે ઝઘડવાને બદલે મારા વિરુદ્ધ સંપી ગયાં હતાં.

ડૅડ બોલ્યા, "બેટા, તને આ બધા રીતરિવાજોની શું ખબર પડે? એ લોકોની સગવડ આપણે સાચવવાની હોય. છોકરીવાળા છીએ, આપણે ઍડજસ્ટ કરી લેવાનું."

હું પાંચ મિનિટ સુધી દલીલો કરતી રહી, પણ પથ્થર પર પાણી. છેવટે મારે જ નમતું જોખવું પડ્યું. છોકરીવાળા હતા અમે.

"તું અને અદિતિ એક રૂમ લઈ લો," મૉમે મને કહ્યું. અદિતિ મારી મોટી બહેન.

"એને એના હસબન્ડ સાથે રહેવા દે ને. જિજુને કેવું લાગે." મેં કહ્યું.

"અનિલ બીજા જેન્ટ્સ સાથે ઍડજસ્ટ કરી લેશે." કમલાફોઈએ ડબકું મૂક્યું.

એ પછી તો અડધા કલાક બેઉ અનુભવી નણંદભોજાઈ 30 રૂમમાં અમારાં 117 સગાંવહાલાં અને ફ્રેન્ડ્ઝને કેવી રીતે ગોઠવવાં એની ગણતરી કરતાં રહ્યાં. એમને ખબર હતી કે કોને કોની સાથે નથી બનતું. એ લોકો એક રૂમમાં આવી જાય તો મહાભારત સર્જાય. એમને એ પણ ખબર હતી કે ફૅમિલીમાં કોણ કોના પર લટ્ટુ છે. એટલે એવા લોકોને પણ છૂટા રાખવાના હતા. ફાઇનલી જેન્ટ્સ લોકોના રૂમ જુદા અને લેડીઝ લોકોના જુદા એવું નક્કી થયું, એઇટી પ્લસના હોય તો પણ જુદાં-જુદાં સૂવાનું. બચ્ચાપાર્ટીને એક રૂમમાં પાંચ-પાંચને હિસાબે ઠાંસી દેવામાં આવી. કોઈક જગ્યાએ એમના એક દાદા-દાદી કે નાના-નાનીને પણ મૂકવામાં આવ્યાં. વિધવા કમલાફોઈએ સામેથી કહ્યું કે એ મારાં પૅરન્ટ્સના રૂમમાં જમીન પર પથારી કરીને સૂઈ જશે. એમનાં આવા નાટકવેડા સાંભળીને ડૅડે જખ મારીને વિવેક કરવો પડ્યો કે મોટી બહેન, તું પલંગ પર સૂઈ જજે, મને નીચે ફાવશે. અરિજિત કહ્યા કરતો હતો કે કોઈએ જમીન પર સૂવું નહીં પડે, દરેક રૂમમાં એક્સ્ટ્રા બેડ લાગી જશે. પણ જમીન પર સૂવા માટે તૈયાર એવી પંજાબણબુઆના ત્યાગની સામે મૅરિયટનો બેડ પાણી ભરે.

"હું તો રોટી અને આચાર પણ ખાઈ લઈશ." કમલાફોઈ બોલી.

"ફોઈ, આ મૅરિયટ છે. અહીં ખાવાનાની કોઈ કમી નથી." મેં કહ્યું.

"આ તો એક વાત છે." ફોઈ બોલી.

"આપણે બધાં પોતપોતાના રૂમમાં જતાં રહીએ? એ લોકો આવે એ પહેલાં સેટલ થઈ જઈએ તો સારું." મેં કહ્યું.

આ બધા ઝમેલામાં હું ભૂલી જ ગઈ હતી કે હું અહીં શું કામ આવી છું. મારી જિંદગી કાયમ માટે બદલાઈ જવાની હતી. અત્યાર સુધી હું જેમાં જરાય નહોતી માનતી તે હું કરવાની હતી. ઍરેન્જ્ડ મૅરેજ. મેં સપનામાં પણ નહોતું વિચાર્યું કે હું આ રીતે લગ્ન કરીશ.

આવતાંની સાથે હું રૂમને લગતા હજાર પ્રૉબ્લેમ વચ્ચે ઘેરાઈ ગઈ. ઉપરથી કમલાફોઈનાં ત્રાગાં. મેં ફરીથી મારું ફોકસ ક્લિયર કર્યું. અઠવાડિયામાં તો હું પરણી જવાની. જેને હું ભાગ્યે જ ઓળખું છું એની સાથે મારાં લગ્ન થઈ જવાનાં. હું ને એ એક પથારીમાં સૂઈ જવાનાં, એક ઘરમાં રહેવાનાં, એની લાઇફ મારી અને મારી લાઇફ એની થઈ જવાની, મરતાં સુધી. કેમ હજુય આ બધું મારા માન્યામાં નથી આવતું? કેમ અત્યારે હું બે ઘડી મારા ફ્યુચર વિશે વિચારવાને બદલે સૂરજ સાથે ચૅટ પર ખપાવી કહી રહી છું?

હું: રૂમની બાબતમાં મેજર લોચો થઈ ગયો છે, સૂરજ. આવું કેવી રીતે ચાલે?
સૂરજ: સૉરી, રિયલી સૉરી. પૉલિટિકલ ફંકશન નડી ગયું. બહુ ટ્રાય કરી પણ...
હું: હજુ બીજા કોઈ લોચા થવાના હોય તો અત્યારથી જ કહી દે.
સૂરજ: બધું પરફેક્ટ છે. મુંબઈથી ઇન્ડિગોની ફ્લાઇટ લૅન્ડ થઈ ગઈ છે. અમે લોકો ગેસ્ટને રિસીવ કરવા ઊભા છીએ. સી યુ સુન.

હું મહેતા-ગુલાટી ચેક-ઇન ડેસ્ક પર ગઈ. અમારાવાળા બધા જ ચેક-ઇન થઈ ગયેલા. થોડા લોકોએ કચકચ કરી કે એક રૂમમાં ચાર-ચાર જણ કેવી રીતે ફાવે પણ મોટા-ભાગનાઓએ ચલાવી લીધું. મૉમે કહ્યું કે જે લોકો કચકચ કરે છે એ બધા જલકુડા છે. આપણે લોકો ગોવા જઈને ડેસ્ટિનેશન વેડિંગનો ખર્ચો કરી શકીએ એટલા મોટા બની ગયા છીએ એ વાત કેટલાંક સગલાંઓ પચાવી શકતા નથી. મૉમે એમ પણ કહ્યું કે જે લોકોએ અગવડ ચલાવી લીધી એ બધા જાણે જ છે કે છોકરીવાળા હોઈએ એટલે આવું તો રહેવાનું જ.

"હવે ફરી ક્યારેય તું મારી આગળ આ `છોકરીવાળાં ને છોકરાવાળા'નું લૉજિક નહીં મૂકતી, હું આ નહીં ચલાવી લઉં," મેં કહ્યું. મૉમ અને હું લૉબીમાં જ હતાં, ગુલાટી ફૅમિલીના ગેસ્ટ આવે તે વખતે હોટેલનો સ્ટાફ સ્પેશ્યલ ચેક-ઇન ડેસ્ક પર હાજર હોય એની ખાતરી કરવા.

"તારી આ વાત મને નથી ગમતી. તું થોડા દિવસ માટે તારી આ સ્ત્રીસ્વાતંત્ર્યની તલવાર બાજુ પર રાખી દે. બધી વાતમાં સ્ત્રી સમાનતા ન હોય. આ તારાં લગ્ન છે, કોઈ એન.જી.ઓ.નો સેમિનાર નથી."

"પણ..."

"મને ખબર છે આ બધો જ ખર્ચ તું તારામાંથી આપે છે. પણ બેટા, રીતરિવાજ અને વહેવારમાં તને સમજ ના પડે."

"આ બધા રિવાજો વુમન માટે ઇન્જસ્ટિસ કરે છે."

"તારા પાર્લરની ઍપૉઇન્ટમૅન્ટ ચેક કરી કે નહીં? અદિતિ પણ છએ છ દિવસ મેકઅપ અને હેરસ્ટાઇલ કરાવવાની છે."

મારી માનો આ સ્વભાવ છે. કોઈ વાતનો જવાબ ન આપવો હોય તો ડાયરેક્ટ નવી જ વાત શરૂ કરી દેવાની.

"હા, અદિતિને તો જરૂર પડવાની જ." મેં કહ્યું.

"હવે તું ઉપર જા અને કપડાં બદલીને આવ." મૉમ બોલી.

"શું?"

"તું છોકરાવાળાઓની આગળ આમ ટી-શર્ટ અને જીન્સમાં આવવાની? અને ગળામાં તો તેં કંઈ પહેર્યું પણ નથી, હાય હાય!"

"ફરી તું `છોકરાવાળાઓ' બોલી? અને અત્યારે ગળામાં કશું પહેરવાની શું જરૂર છે?"

"એવું અડવું ગળું સારું ન લાગે. જા, સલવાર-કમીઝ પહેરીને આવ અને મારા જ્વેલરી બૉક્સમાંથી કોઈ ચેન પહેરી લેજે."

"હું હમણાં જ તો દિલ્હીથી આવી છું. બધાને ખબર હોવાની કે ગેસ્ટને સેટલ કરવામાં બિઝી હોઈશ. અત્યારે મારે શું કામ બનીઠનીને આવવાનું હોય? એ ફ્લાઇટમાંથી ઊતરે ત્યારે વરરાજાની જેમ કપડાં બદલીને થોડો હોટેલ પર આવવાનો છે?"

મારી માએ મને હાથ જોડ્યા. એની પાસે કોઈ દલીલ ના હોય ત્યારે એ અચૂક બેઉ હાથ જોડીને મને પગે લાગવાનું નાટક કરતી હોય છે. નવાઇની વાત એ કે મારી સામે હાથ જોડીને એ પોતાનું ધાર્યું કરાવી લે છે.

હું કમને ઊભી થઈ. મૉમે મને એના અને મારા રૂમનાં કી-કાર્ડ્સ આપ્યાં. હું પહેલાં એના રૂમમાં ગઈ. જ્વેલરી બૉક્સમાંથી એક ગોલ્ડ નેકલેસ કાઢ્યો, સૌથી પાતળો અને ઓછામાં ઓછો ગૉડી. હું શું કામ આ બધું કરતી હતી? મેં નેકલેસ પહેરી તો લીધો પણ વિચારતી રહી કે મે બી, હું જ્યારે જ્યારે મારું ધાર્યું કરવા જતી ત્યારે મિઝરેબલી ફેઇલ થતી. સ્ત્રીસ્વાતંત્ર્ય, ફેમિનિઝમ અને છોકરીઓએ ઇન્ડીપેન્ડન્ટ થવું જોઈએ એવા બુલશિટ ખયાલાત રાખીને મને અત્યાર સુધી શું મળ્યું? મે બી, કમલાફોઈ અને મૉમ જે કંઈ કહે છે, જે કંઈ કરે છે એ જ સાચું છે ને સારું પણ છે.

હું મારા રૂમમાં ગઈ. રૂમના કૉરિડૉરમાં ચાલવાની જગ્યાએ ચાર મોટી સૂટકેસ પડી હતી. એમાંની બે તોતિંગ બૅગ્સ મારી બહેનની હતી. એક આખી દુકાન ઉપાડીને એ દિલ્હીથી ગોવા આવી હતી.

મેં મારી એક બૅગ ખોલી. જરીની નાની બૉર્ડરવાળા સિલ્કનાં યલો સલવાર-કમીઝ કાઢ્યાં. મારી માએ કહી રાખેલું કે આખા અઠવાડિયામાં એક પણ વખત કૉટનનું કોઈ કપડું પહેરવાનું નથી. મેં શરીર પરથી જીન્સ કાઢ્યું, ટી-શર્ટ પણ. સામે મિરરમાં જોયું. મારા વાંકડિયા વાળ હવે વધી ગયા હતા અને શોલ્ડર સુધી પહોંચતા હતા. હું ક્વાઇટ સ્લિમ લાગતી હતી. બે મહિનાના ડાયટનું રિઝલ્ટ! હૉંગકૉંગથી ખરીદેલી બ્લૅક લા પેર્લા લૉન્જરી મારા ફિગરને યોગ્ય જગ્યાએથી ઉભાર આપતી હતી અને જ્યાં જરૂર હોય ત્યાં વધારાની ચરબીને ઢાંકતી હતી. એક્સપેન્સિવ બ્રા-પેન્ટી કોઈ પણ વુમનને સેક્સી બનાવી દે. પાસ્ટમાં કેટલાક છોકરાઓએ મને સેક્સી કહી હતી. એ તો ખાલી આમ જ કહેવા ખાતર પણ કહ્યું હોય. હું કેમ મારી આટલી આકરી ક્રિટિક છું? એ લોકોને હું ખરેખર સેક્સી લાગતી હોઉં એવું પણ બને. વેલ, હવે એ બધું વિચારવાનો કંઈ અર્થ નથી. હું કોઈ સાવ નવા જ મર્દ સાથે બહુ જલદી ટોટલી ન્યૂડ થવાની. કોણ જાણે કેમ પણ આ વિચારથી હું ધ્રૂજી ગઈ.

હું મિરરની વધુ નજીક આવીને મારો ચહેરો જોવા લાગી. "ફાઇનલી, તારી લાઇફમાં આ બધું જ બની રહ્યું છે, રાધિકા." હું બોલી.

હેલો, હું છું રાધિકા મહેતા અને આ અઠવાડિયે હું પરણી રહી છું. સત્યાવીસ વરસની છું. બૉર્ન ઍન્ડ બ્રોટ અપ ઇન દિલ્હી. અત્યારે લંડનમાં જૉબ છે. ગોલ્ડમન સાક્સનું નામ કદાચ તમે સાંભળ્યું હશે. ઇન્ટરનેશનલી જાણીતી ઇન્વેસ્ટમૅન્ટ બૅન્ક છે. હું એ લોકોના ડિસ્ટ્રેસ્ડ ડેટ્સ ગ્રૂપની વાઇસ પ્રેસિડેન્ટ છું. મારી કથા તમે વાંચી રહ્યા છો એ બદલ થૅન્કયુ. પણ લેટ મી વૉર્ન યુ. તમને લોકોને હું બહુ ગમું એવી નથી. એક તો હું ચિક્કાર પૈસા કમાઉં છું. બીજું, દરેક વાત

માટે, દરેક વ્યક્તિ માટે હું ખૂબ જ જજમેન્ટલ છું, બધા માટે સ્ટ્રૉંગ ઑપિનિયન ધરાવું છું. ત્રીજું, હું વર્જિન નથી, લગ્ન પહેલાં જ બધા એક્સપીરિયન્સ લઈ ચૂકી છું. અને તે પણ જેની સાથે લગ્ન થવાના છે એની સાથે નહીં! હવે જો હું મેલ હોત તો તમને કોઈને આ વાતનો વાંધો ન હોત પણ ફિમેલ છું એટલે આ ત્રણે વાતો મારી અગેન્સ્ટમાં જવાની, રાઇટ?

હું જરા સ્ટુડિયસ અને બોરિંગ ટાઇપની છું. હું અને મારી બહેન અદિતિ દિલ્હીના પુસા રોડની સ્પ્રિંગડેલ્સ સ્કૂલમાં ભણ્યાં. અદિતિ મારા કરતાં એક જ વર્ષ મોટી. મારાં પૅરન્ટ્સને પહેલો દીકરો જોઈતો હતો પણ અદિતિ જન્મી. પહેલી છોકરી આવ્યા પછી પૅરન્ટ્સને બને એટલો જલદી બીજો છોકરો જોઈતો હતો. એટલે મારા ફાધરે તાબડતોબ મારી મધરને પ્રેગનન્ટ કરી. ફાધર સુદર્શન મહેતા, નારાયણવિહારની એસબીઆઇના બ્રાન્ચ મૅનેજર. મધર અપર્ણા મહેતા, ગૃહિણી. એમના કમનસીબે સેકન્ડ ટ્રાયમાં હું જન્મી. કહેવાય છે કે એ પછી એમણે બેવાર પ્રયત્ન કર્યો પણ બેઉ વાર છોકરી હતી એટલે ઍબૉર્શન કરાવી નાખ્યું. વર્ષો પહેલાં મેં મારી મા સાથે આ વાત છેડી હતી પણ એણે ઉડાવી દીધી હતી.

“સાચું કહું, મને અત્યારે એવું કંઈ યાદ પણ નથી.” મૉમે તે વખતે કહ્યું હતું. “હું તો મારી બે દીકરીઓથી એકદમ ખુશ છું.”

“તેં બે વાર ઍબૉર્શન કરાવ્યાં કે નહીં એ તને યાદ નથી?”

“તારે જે માનવું હોય તે માન. તને તો કંઈ કહેવાનો મતલબ જ નથી. તને ક્યાં ખબર છે કે આપણી સોસાયટીમાં દીકરો ન હોવો એટલે શું.”

એ દિવસ પછી મેં એને એ વિશે પૂછવાનું બંધ કરી દીધું.

સ્કૂલમાં અદિતિદીદી મારા કરતાં લાખગણી પૉપ્યુલર હતી. છોકરાઓ એના પર મરતા. હું સિક્સ્થથી જ ચશ્માં પહેરતી થઈ ગયેલી. અદિતિ એકદમ ગોરીગટાક અને હું? લગ્નસંબંધી જા.Xખ.માં જેને `ઘઉંવર્ણી' કહે છે એવી. (આ લોકો ગોરી છોકરીઓને ચોખા-વર્ણી કેમ નથી કહેતા?)

અમે બેઉ બહેનો ફેરનેસ ક્રીમની એડમાં બીફોર ઍન્ડ આફ્ટરના ફોટા મૂક્યા હોય એવી લાગીએ. અદિતિદીદીએ બાર વર્ષની ઉંમરે ડાયેટિંગ અને તેર વર્ષે પગનું વૅક્સિંગ શરૂ કરી દીધું હતું. હું બાર વર્ષે મારા ક્લાસમાં ફર્સ્ટ આવી અને તેરમા વર્ષે મૅથ્સ ઑલંપિયાડ જીતી. દીદી મારા કરતાં ખૂબ અટ્રેક્ટિવ હતી, નૅચરલી. હું સ્કૂલમાં હતી ત્યારે લોકો કાં તો મારી મજાક કરતા કાં પછી મને નોટિસ જ નહીં કરતાં. મને ગમતું, લોકોનું મારા પર ધ્યાન ન જતું તે. હું બધાના ઍટેન્શનથી દૂર મારી ચોપડીઓની દુનિયામાં ખોવાઈ જતી. એક વખત ટેન્થમાં એક છોકરાએ આખા ક્લાસ વચ્ચે મને પ્રપોઝ કર્યું. એણે રેડ રોઝની સાથે મને આર્ચીઝનું કાર્ડ આપ્યું. ખુશીના માર્યા મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, પણ પછી ખબર પડી કે એ મજાક હતી. એણે રોઝને દબાવીને એમાંથી ઇન્ક મારા મોઢા પર સ્પ્રે કરી ત્યારે આખો ક્લાસ ખડખડાટ હસવા લાગ્યો. લકીલી, ચશ્માંને લીધે મારી આંખો બચી ગઈ.

એ દિવસે મને રિયલાઇઝ થઈ ગયું કે લાઇફમાં ઉપર આવવું હશે તો મારા માટે એક જ ઑપ્શન છે. ભણવાનું. ખૂબ ભણવાનું. હજુ વધારે ભણવાનું. ટ્વેલ્ફ્થમાં હું આખી સ્કૂલમાં ફર્સ્ટ આવી. દિલ્હીમાં ટૉપ ફાઇવમાં મારો નંબર હતો. પણ હવે ખ્યાલ આવે છે કે છોકરી તરીકે કોઈ તમારા પર મરે નહીં અને તમે ભણવામાં ટૉપ પર રહ્યા કરો તો તમારા જેવું બીજું કોઈ લૂઝર નહીં. આની સામે અદિતિદીદી માંડ માંડ બારમામાં પાસ થઈ હતી. પણ એ વરસે ફેરવેલમાં અંદર અંદર બધાએ એને `મિસ સેક્સી'નું ટાઇટલ આપ્યું હતું. અમુક સ્ટાન્ડર્ડથી જોઈએ તો, છોડો યાર કોઈ પણ સ્ટાન્ડર્ડથી જોઈએ તો, સીબીએસઇમાં ટૉપ કરવા કરતાં એ ટાઇટલ મેળવવું વધારે મોટી ઍચિવમૅન્ટ છે.

તમને તો ખબર હશે કે દિલ્હી યુનિવર્સિટીમાં ઍડમિશન માટે પાગલની જેમ કટ ઑફ પર્સન્ટેજ હોય છે. મારા જેવા ભણેશરીઓને કારણે. ટ્વેલ્ફ્થમાં મારા નાઇન્ટી એઇટ પર્સેન્ટ એગ્રીગેટ આવ્યા. પછી મેં શ્રી રામ કૉલેજ ઑફ કૉમર્સમાં ઍડમિશન લીધું. લોકો કહેતા હોય છે કે સ્ટુડિયસ અને બોરિંગ ટાઇપના સ્ટુડન્ટ્સ માટે એસ.આર.સી.સી. વન ઑફ ધ બેસ્ટ કૉલેજ છે. ત્યાં જઈને મને ખબર પડી કે કૉલેજના બીજા ચંબુઓ કરતાં પણ હું ઘણી મોટી ચંબુ હતી. ત્યાં પણ હું ફર્સ્ટ આવવા લાગી. હું કોઈ દિવસ ક્લાસ બન્ક કરતી નહીં. ભાગ્યે જ કોઈ છોકરા સાથે વાત કરતી. કોઈ બૉયફ્રેન્ડ કે ઇવન નૉર્મલ ફ્રેન્ડ્ઝ પણ બનાવ્યા નહીં. સ્કૂલના દિવસોની યાદો એટલી કડવી હતી કે મેં કૉલેજમાં કોઈ કરતાં કોઈનીય સાથે કૉન્ટેક્ટ રાખ્યા વિના હેમખેમ પસાર થઈ જવાની સ્ટ્રૅટેજી રાખી હતી.

કૉલેજ પૂરી કરીને મેં MBAની ઍન્ટ્રન્સ માટે કૅટ આપી. કૅન યુ બીલિવ કે હું કેટલી મોટી ચંબુ હતી કે મને નાઇન્ટીનાઇન પોઇન્ટ સેવન પરસેન્ટાઇલ મળ્યા. હું IIM અમદાવાદમાં ગઈ. આની સામે અદિતિદીદીએ આગલા વર્ષે ઍમિટી યુનિવર્સિટીમાંથી ગ્રૅજ્યુએશન પૂરું કરી લીધું હતું અને હવે એ પરણવાનું પ્લાનિંગ કરી રહી હતી. પરણવા માટેના એના બે જ ક્રાઇટેરિયા હતા. એક, છોકરો પૈસાદાર હોવો જોઈએ. બે, બસ એ સિવાય બીજો કોઈ ક્રાઇટેરિયન નહોતો. એ કંઈક એવું કહ્યા કરતી કે મારે તો ઘર સંભાળવું છે અને મારા હસબન્ડની દેખભાળ કરવી છે. ફૉર્ચ્યુનેટલી દિલ્હીમાં એવા ઘણા રિચ પંજાબી છોકરાઓ આજના જમાનામાં પણ પડ્યા છે જે લોકો પોતાના દમ પર છોકરી પટાવી ના શકતા હોય એટલે અદિતિદીદી જેવી છોકરીઓને બગાસું ખાતાં પતાસું મળે એમ પરણી જાય. અનિલની પહાડગંજમાં સેનિટરીવેરની ત્રણ શૉપ હતી અને એની પાસે બે હૉન્ડા સીઆર-વી હતી. મેં IIM-Aમાં ઍડમિશન લીધું અને આ બાજુ એ જ વર્ષે અદિતિદીદી અને અનિલ પરણી ગયાં.

"તારે પણ જલદી મૅરેજ કરી લેવાં જોઈએ," દીદીએ મને કહ્યું હતું. "આ જ રાઇટ ટાઇમ હોય છે છોકરીઓ માટે. મોડું નહીં કરતી."

"હું તો ખાલી એકવીસ જ વર્ષની છું," મેં કહ્યું હતું. "મારું માસ્ટર્સ પણ હજુ બાકી છે."

"યંગર ધ બેટર. ઍસ્પેશ્યલી તારા જેવી ગર્લ્સ માટે." એણે મને સંભળાવ્યું હતું.

"વૉટ ડુ યુ મીન, ઍસ્પેશ્યલી મારા જેવી ગર્લ્સ માટે?" હું એના પર ભડકી ગઈ હતી.

એ બોલી નહીં પણ હું સમજતી હતી કે મારા જેવી એટલે કેવી? સ્ટુડિયસ અને બોરિંગ ટાઇપ અથવા જેની સ્કિન ઘઉંવર્ણી હોય અથવા જેની બૂબી પંજાબી છોકરાઓને ગમે એવી ફૂટબૉલ સાઇઝની ના હોય.

થૅન્ક ગૉડ, IIM-Aમાં બધા મારા જેવા જ ચંબુ હતા. એકેએક જણ ભણેશરી. તમને લાગે કે હવે તો ખૂબ ભણી લીધું ત્યાં જ તમારા માથે કોઈ નવું ઍસાઇન્મેન્ટ આવી પડતું. મારી મા મને રેગ્યુલરલી ફોન કરતી, ખાસ કરીને એનો ફેવરિટ ટૉપિક ડિસ્કસ કરવા. "કંઈ નહીં તો છોકરાઓ જોવાનું તો શરૂ કર. અનિલના સર્કલમાં ઘણા સારા, પૈસાદાર છોકરાઓ છે."

"મૉમ, હું કમોડ, શાવર અને બેસિન વેચતા સેનિટરીવેરની દુકાનોવાળાના સર્કલમાંથી કોઈનેય પરણવાની નથી."

"કેમ?" મારી મા પૂછતી. એને ખરેખર નવાઈ લાગતી આવું સાંભળીને.

"હું તને કહી દઉં છું, મૉમ. હજુ ઘણાં વરસ સુધી હું શાદી કરવાની જ નથી. તું એ વાત જ ભૂલી જા. હવે મારે ક્લાસ છે. બાય."

મેં IIM-Aમાંથી ભણવાનું પૂરું કર્યું. મારા જેવી ઓવરઍચીવરને રિક્રુટર્સ માટેના પ્રાઇમ સ્લૉટ – ડે ઝીરોથી જ જૉબ ઑફર મળી. ન્યૂ યૉર્કમાં ગોલ્ડમન સાક્સમાં અસોસિયેટની ઑફર હતી. વર્ષે એક લાખ વીસ હજાર ડૉલર્સનો પગાર.

"અડતાળીસ લાખ રૂપિયા વર્ષે, મૉમ. મહિને ચાર લાખ." મેં ફોન પર સમાચાર આપતાં કહ્યું હતું.

જવાબમાં મને કંઈ સંભળાયું નહીં. મને લાગ્યું કે આંકડો સાંભળીને એ બેહોશ થઈ ગઈ કે શું. મારા ફાધરે સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયામાં કરેલી 27 વર્ષની નોકરી દરમ્યાન આના કરતાં ત્રીજા ભાગનો પગાર પણ નહોતો જોયો.

"મૉમ, સાંભળે છે તું?"

"હવે હું તારા માટે સારો છોકરો કેવી રીતે શોધવાની?" એ બોલી હતી.

એને માત્ર એ જ ચિંતા હતી. એની ત્રેવીસ વર્ષની હોનહાર દીકરી વેસ્ટ દિલ્હીના મિડલ ક્લાસી વાતાવરણમાં ઊછરીને મોટી થઈ છતાં આજે દુનિયાની વન ઑફ ધ સૌથી મોટી ઇન્વેસ્ટમૅન્ટ બૅન્કમાં અડધો કરોડ રૂપિયાનો પગાર મેળવવાની લાયકાત ધરાવતી થઈ ગઈ અને એને હવે મને કોઈ સારો છોકરો નહીં લે એની ચિંતા હતી.

"સ્ટૉપ ઇટ, મૉમ! શું સારો છોકરો, સારો છોકરો કર્યા કરે છે તું?"

"આટલું બધું કમાતી છોકરી સાથે કોણ પરણવાનું હતું? જે છોકરો તારા કરતાં ઓછું કમાતો હશે એ તને પસંદ નહીં કરે અને જેની કમાણી તારા કરતાં વધારે હશે એ શું કામ તારા જેવી વર્કિંગ ગર્લ સાથે લગ્ન કરે?"

"તું શું કહી રહી છે, મને કંઈ સમજાતું નથી. એક વાત નક્કી છે. હું અમેરિકા જવાની છું. મારી પાસે ગ્રેટ જૉબ છે. તું આ બધો મેલોડ્રામા ફરી ક્યારેક મારી સાથે કરજે, ઓકે?"

"તારા પપ્પા સાથે વાત કર." કહીને એણે ફોન પપ્પાને આપી દીધો હતો.

"ગોલ્ડમન સાક્સ? અમેરિકન કંપની છે, નહીં?" એમણે કહ્યું હતું.

* * *

રૂમના ફોનની રિંગ વાગી. હું પાછી વર્તમાનમાં આવી ગઈ. હું અત્યારે ગોવામાં છું, IIM–Aમાં નહીં.

"તું ક્યાં છે? જાન દસ મિનિટમાં જ આવતી હશે." મારી માએ કહ્યું.

"હં? અહીં જ છું, મૉમ. મારા રૂમમાં."

"તૈયાર થઈ ગઈ?"

મેં મિરરમાં જોયું.

"હા, ઑલમોસ્ટ."

"તો જલદી નીચે આવને. તેં શું પહેર્યું?"

"ચલો સલવાર-કમીઝ, જરીની બૉર્ડરવાળો."

"સિલ્ક?"

"હા."

"ગળામાં કંઈ પહેર્યું?"

"હા."

"તો નીચે આવી જા."

* * *

"હે, રિમેમ્બર મી?" મને પાછળથી એક અવાજ સંભળાયો. મેં પલટીને જોયું.

"બ્રિજેશ," મેં કહ્યું. મારો એક અઠવાડિયા પછીનો હસબન્ડ, "હાય."

મને સૂઝ્યું નહીં કે મારે શું કરવું જોઈએ? શરમાવું જોઈએ? તોફાની સ્માઇલ આપવું જોઈએ? સ્લાઇટ ભેટી પડવું જોઈએ? ઇડિયટની જેમ મેં એની સાથે હાથ મિલાવ્યા અને એ ડાબા હાથે એની આંખ પરનાં બ્લૅક ફ્રેમવાળાં ચશ્માં ઠીક કરી રહ્યો હતો. છેલ્લાં થોડાંક વીકથી હું એની જોડે સ્કાઇપ પર વાતો કરતી હતી એના કરતાં અત્યારે એ જરા થિન લાગતો હતો. બ્લ્યુ જીન્સ પર પહેરેલો વ્હાઇટ કૂર્તો સહેજ ઢીલો પડતો હતો. બરાબર પાંથી પાડીને એણે વાળ ઓળ્યા હતા. સ્કૂલમાં આવા બાબા જેવા દેખાતા સ્ટુડન્ટને ટીચર મોનિટર બનાવે. આફ્ટરશેવની સ્ટ્રૉન્ગ મહેક આવી.

હું લૉબીમાં હતી. જાન આવી પહોંચી હતી. બધા સ્પેશ્યલ ચેક-ઇન ડેસ્ક પાસે ટોળે વળ્યા હતા. હોટેલનો સ્ટાફ ટ્રેમાં નાળિયેર પાણીના ગ્લાસ લાવીને ફેરવી રહ્યો હતો.

"મેં જ એમને કોકોનટ વૉટર સર્વ કરવાનું કહ્યું. પૅકેજમાં નહોતું," સૂરજે મને કહ્યું. રૂમની બાબતમાં જે લોચા થયા એ ભૂલી જવા માટે એ બિચારો તનતોડ મહેનત કરી રહ્યો હતો. એણે મને આખા અઠવાડિયાના પ્રોગ્રામ્સનું પ્રિન્ટઆઉટ આપ્યું. મેં કાગળ પર નજર નાખી.

રાધિકા વેડ્સ બ્રિજેશ : ઇવેન્ટ્સ ઑફ ધ વીક

[illegible]ઍરાઇવલ, ચેક-ઇન, બ્રીફિંગ, રિસોર્ટમાં આરામ.
[illegible]બુઝુર્ગો અને બાળકો માટે ગોવાદર્શનનો કાર્યક્રમ. (સવારે 11 થી સાંજે 6)

બેચલર પાર્ટી ફૉર મિ. બ્રિજેશ ગુલાટી ઍટ ક્લબ કબાના (રાત્રે 8)

બેચલર પાર્ટી ફૉર મિસ રાધિકા મહેતા ઍટ LPK (રાત્રે 8)

"બેચલર પાર્ટીઝ માટે તમે બસની વ્યવસ્થા કરી?" મેં પૂછ્યું.

"યસ, મૅ'મ. સાડા સાત વાગ્યે ફ્રન્ટ ઍન્ટ્રન્સ પર બસ આવી જશે."

મેં આગળ વાંચ્યું.

[illegible]ન અને પૂજા ફંક્શન રૂમમાં (બપોરે 4)
[illegible] બધી લેડીઝ માટેના કાઉન્ટર્સ ફંક્શન રૂમમાં. (બપોરે 12થી સાંજે 6)
[illegible]વ ફંક્શન રૂમમાં (રાત્રે 8)

"સંગીત પ્રૅક્ટિસ માટે કોરિયોગ્રાફર આવી ગયો છે?" મેં પૂછ્યું.

"ના, મૅ'મ. બે દિવસ પછી આવવાનો છે. એણે કહ્યું છે કે પ્રૅક્ટિસ માટે એટલો ટાઇમ ઇનફ છે."

મેં ફરીથી ઇવેન્ટ્સની યાદી જોઈ.

[illegible]ગ્રાન્ડ બૉલરૂમ અને મેઇન લૉન્સ (રાત્રે 8)
[illegible]ચેક-આઉટ અને ડિપાર્ચર. (બપોરે 12)

સૂરજે દરેક ફંક્શનની અને વેન્યુની એક્સ્ટ્રા ડિટેલ્સ આપતી બીજી શીટ્સ મને સોંપી અને કહ્યું, "સૉરી, રૂમની બાબતમાં જરા ગૂફઅપ થઈ ગયું, મે'મ. પણ હવે ઍવરીથિંગ ઇઝ અંડર કન્ટ્રોલ."

જેવો સૂરજ ગયો કે તરત જ બ્રિજેશ મારી પાછળ આવીને ઊભો.

"આ પ્લેસ એકદમ બ્યુટીફુલ છે. ગોવામાં વેડિંગ કરવાનો આઇડિયા મસ્ત છે." એના બોલવામાં 90 ટકા ઇન્ડિયન ઉચ્ચારની સાથે 10 ટકા અમેરિકન છાંટ આવી ગઈ હતી. દૂરથી મેં જોયું કે હોટેલના ઍન્ટ્રન્સ પર મારાં પૅરન્ટ્સ બે હાથ જોડીને બ્રિજેશનાં પૅરન્ટ્સનું અને

એમનાં બીજાં સગાંવહાલાંઓનું સ્વાગત કરી રહ્યાં હતાં. મેં પાછું બ્રિજેશ પર ધ્યાન આપ્યું અને કહ્યું, "થૅન્કયુ. મને ડેસ્ટિનેશન વેડિંગની બહુ હોંશ હતી."

દસ સેકન્ડની લાંબી ઑકવર્ડ ખામોશી. અમારે એકબીજાને શું કહેવું જોઈએ? વાતે વળગવાની શરૂઆત મારે કરવી જોઈએ? મારાથી એવું કહી શકાય કે હે, અઠવાડિયામાં તો આપણે એકબીજાની સાથે સેક્સ કરતાં થઈ જવાનાં! શટ અપ, રાધિકા. બકવાસ બંધ કર!

"યુ લુક," બ્રિજેશ અચકાયો. એને યોગ્ય શબ્દ શોધતાં વાર લાગી, "બ્યુટીફુલ."

દુલ્હેરાજા, તને આના કરતાં કોઈ વધારે સારો શબ્દ ન મળ્યો? સ્ટૉપ ઇટ રાધિકા. મેં મારી જાતને ટોકી. યસ, સ્ટૉપ ઇટ, રાધિકા! આ મારી બહુ ખરાબ ટેવ છે. કોઈ પણ પરિસ્થિતિમાં, કોઈ પણ વ્યક્તિ માટેનો મારો ઓપિનિયન મારી અંદર રહીને મારી સાથે વાત કરવા માંડતો હોય છે. સારું છે કે મારે હૈયે જે હોય તે દર વખતે હોઠ પર નથી આવી જતું.

"થૅન્કયુ," મેં કહ્યું. "થૅન્કયુ, બ્રિજેશ."

આ વળી કેવું નામ? બ્રિજેશ. બીજું કોઈ સારું નામ ન મળ્યું? રાધિકા, તું આ બ્રિજેશ નામના છોકરાને પરણવાની છે. પછી તું મિસિસ બ્રિજેશ ગુલાટી તરીકે ઓળખાવાની. ટેરિબલ. ઓકે, સ્ટૉપ ઇટ, સ્ટૉપ ઇટ, રાધિકા. બહુ લાંબેથી એ અહીં આવ્યો છે. બહુ સારો છોકરો છે. આનાથી વધારે બીજું શું જોઈએ, રાઇટ?

"યલો લુક્સ નાઇસ ઑન યુ," બ્રિજેશ કહી રહ્યો હતો.

ઍક્ચ્યુઅલી, યલો મારા પર એકદમ બકવાસ લાગે છે. ઘઉંવર્ણી સ્કિન પર યલો કેવો લાગે. મેં આ ડ્રેસ પહેર્યો કારણ કે મારી મૉમને જાન આવે ત્યારે હોટેલની લૉબીમાં સનફ્લાવર ઊભેલું જોઈતું હતું.

ઍની વે, એણે આઇસ બ્રેક કરવાની કોશિશ તો કરી.

"થૅન્ક્સ," મેં કહ્યું. કંઈક આગળ તો બોલ, સ્ટુપિડ ગર્લ. "તારો કુર્તો પણ સરસ છે." મેં કહ્યું. કમાલ છે, બસ આટલું જ? બીજું કંઈ ના સૂઝ્યું તને!

"હેલો, બેટા," ફિફ્ટીઝમાં પહોંચી ગયેલા એક અંકલ એમની વાઇફ સાથે મારી નજીક આવ્યા. કોઈ અજાણ્યું મને એટલા ઉત્સાહથી ના બોલાવે. એક સેકન્ડ રહીને મને બત્તી થઈ કે એ મારાં ઇન-લૉઝ છે. મિસ્ટર આદર્શ ગુલાટી અને મિસિસ સુલોચના ગુલાટી. રાધિકા, સાચવીને. કંઈ પણ બકવાસ નહીં કરતી. તારી મૉમ જેવી બની જા. અદિતિ જેવી બની જા. અદિતિદીદી આવા સંજોગોમાં શું કરે? એ એમને પગે લાગે. ક'મોન, કૂદી પડો.

હું નીચી વળી. જે લોકોને અગાઉ હું સ્કાઇપ પર બે વાર મળી ચૂકી છું એમના માટે રિસ્પેક્ટ દેખાડવા હું એમને પગે લાગી. અફકોર્સ, મારાં પૅરન્ટ્સ એમને ઘણી વાર મળી ચૂક્યાં હતાં. ડૅડે મને કહેલું કે એ લોકો ઘણાં સારાં માણસો છે. સારાં માણસો? કોઈ કેવી રીતે નક્કી કરે કે આ માણસો સારાં છે કે નહીં? આ દુનિયામાં કોઈ સારું માણસ છે? જોયું, મારું માઇન્ડ કૉન્સ્ટન્ટ મારી સાથે બકબક બકબક કરતું જ રહે છે.

"તમારી ફ્લાઇટ કેવી રહી, અંકલ?" મેં પૂછ્યું.

"જસ્ટ એક જ કલાક મુંબઈથી. બ્રિજેશ જેવી નહીં. અડધી દુનિયા વટાવીને એ આવ્યો." આદર્શઅંકલ હસીને બોલ્યા.

"તારા માટે આવ્યો... આવ, મારી દીકરી," કહીને સુલોચનાઆન્ટીએ બેઉ હથેળીથી મારું મોઢું પકડ્યું અને મારા કપાળે એક મોટું ચુંબન ચોડ્યું. મને થયું કે દહેજ માટે સાસુ વહુને જીવતી સળગાવી દે એની સરખામણીએ તો આ લોકો બહુ સારાં માણસો હતાં.

બ્રિજેશનાં બીજાં સગાંઓ પણ અમને ઘેરી વળ્યાં.

"જલદી આવ, જલદી આવ, આ જો દુલ્હન." એક આન્ટી બોલી. બંદર પિંજરાની બહાર

આવી ગયું હોય અને લૉબીમાં સૌને મફતનો ખેલ જોવા મળી રહ્યો હોય એમ મારી આસપાસ મોટું ટોળું જમા થઈ ગયું. હું એ દરેકનાં નામ યાદ રાખવાની કોશિશ કરતી રહી.

"આ મારી મધરનાં સિસ્ટર્સ છે રોહિણીમાસી અને ગુંજનમાસી," બ્રિજેશ કહેતો હતો, "અને આ મારા ડૅડના ભાઈઓ છે, પુરોહિતચાચા અને અમિતચાચા."

હું મૂંડી હલાવતી રહી, ધડાધડ નામો બોલાતાં ગયાં. હું બધાને નમસ્તે કરતી ગઈ. જેવું કોઈ સફેદવાળવાળું કે ડાઈ કે મહેંદી કરેલા વાળવાળું દેખાતું કે હું તરત એમને પગે લાગવા કૂદી પડતી. મારી માને આ જોઈને શાંતિ થઈ હશે. ઓળખાણો કરાવવાની અને એ દરેકને ખુશ કરવા માટે રિસ્પેક્ટ દેખાડવાની વિધિ ચાલતી હતી ત્યાં જ બ્રિજેશે મને સાઇડ પર લઈ જઈને કહ્યું ઃ

"હે, બહુ લાંબું ચાલ્યું આ બધું."

મેં ચૂપ રહીને ઇશારાથી જ કહ્યું : "એમાં શું?"

"ચાલને, આપણે બહાર ક્યાંક વૉક લેવા જઈએ." એણે કહ્યું.

સો સ્વીટ. મેં એને અગાઉ કહેલું કે આપણે એકબીજાને વધારે સારી રીતે જાણીએ તો સારું. અત્યારે એ એ જ કરી રહ્યો હતો.

"શ્યૉર, પુલસાઇડ પર જઈએ." મેં કહ્યું.



2

મૅરિયટ પુલની રક્ષા કરતા હોય એમ તાડનાં ઊંચાં લીલાં વૃક્ષ હવામાં મંદ મંદ ડોલી રહ્યાં હતાં. સાંજના પાંચ વાગી ગયા હતા. ડિસેમ્બરના સૂર્યાસ્તનાં કુમળાં કિરણો હોટેલની બધી કૉટેજને સોનેરી રંગમાં ડુબાડીને સર્વત્ર પડછાયા પાથરી રહ્યાં હતાં. અમારી ડાબી તરફ હોટેલ હતી, જમણી બાજુ અરબી સમુદ્ર અને એ બેની વચ્ચેની પગથી પર અમે ચાલી રહ્યાં હતાં. હોટેલનાં બીજાં ગેસ્ટ શૉર્ટ્સ અને ટી-શર્ટમાં હતાં અને સૂરજમુખીનો ડ્રેસ પહેરેલી હું એકદમ ઓવરડ્રેસ્ડ લાગતી હતી.

"તો ગઈ કાલે જ સાન ફ્રાન્સિસ્કોથી આવ્યો એમ ને?" મેં પૂછ્યું.

"હા, કાલે રાત્રે જ લૅન્ડ થયો," એણે કહ્યું, "મારી રજાઓનો મૅક્સિમમ ફાયદો લઈ લેવો હતો. એક વીક વેડિંગમાં, એ પછી બે દિવસ મુંબઈ – ઘરે. અને પછી આપણા હનીમૂન પર – બાલી. જોતજોતામાં રજાઓ વપરાઈ જવાની."

હનીમૂન સાંભળીને મને ઝટકો લાગ્યો. મેં વિચાર્યું : માંડ એકાદ ડઝન વખત સ્કાઇપ પર વાતચીત થઈ છે. એક વખત રૂબરૂ મળ્યા છીએ અને હવે હનીમૂન. અમારે એકબીજાંની સામે સાવ નાગા થઈ જવાનું.

મેં કહ્યું, "આટલી લાંબી ફ્લાઇટ પછી થાક લાગતો હશે નહીં, જેટલેગ?"

'તને જોઈને મારો બધો થાક ઊતરી ગયો!"

મેં સ્મિત કર્યું અને વિચાર્યું : બિચારો મને કમ્ફર્ટેબલ કરવા મરણિયા પ્રયાસ કરી રહ્યો છે. મારે પણ સામે એને કમ્ફર્ટેબલ કરવો જોઈએ.

"ફેસબુક કેમ ચાલે છે?" મેં પૂછ્યું. બ્રિજેશે સ્માઇલ કર્યું. એની આંખોમાં ભોળપણ દેખાતું હતું, સ્કૂલમાં ટીચરોને ગમી જાય એવા બાબાઓની આંખમાં હોય એવું ભોળપણ. એણે કહ્યું, "લાસ્ટ મન્થ ભારે બિઝી ગયો. એક પ્રોજેક્ટ પૂરો કર્યો. ખૂબ કામ કર્યું. ફ્રન્ટ એન્ડ ઇન્ટરફેસીઝ, બૅક-એન્ડ સિસ્ટમ્સ, અંડરલાઇંગ એપીઆઇઝ..."

"એપીઆઇઝ?"

"ઍપ્લિકેશન પ્રોગ્રામ ઇન્ટરફેસ. સૉફ્ટવૅર ઍપ્લિકેશન્સ બનાવવા માટેનાં રૂટિન્સ, પ્રોટોકોલ અને ટુલ્સનો સેટ. બેઝિકલી, સૉફ્ટવૅર કમ્પોનન્ટ્સના ઇન્ટરેક્શન્સની એક સિસ્ટમ."

મેં માથું ધુણાવ્યું. આમાંનો એકેય શબ્દ મારે પલ્લે પડતો નહોતો.

"હું જે કંઈ બોલી ગયો એમાં તને બિલકુલ ગતાગમ પડી નહીં, ખરું ને?" એ બોલ્યો.

હું હસી પડી.

"આય નો. વર્લ્ડની મોસ્ટ ઍક્સાઇટિંગ જૉબ તો હું કરી રહ્યો નથી." એણે કહ્યું. એનો અવાજ એકદમ ફ્લૅટ હતો.

"કમ ઑન, તું ફેસબુકની કંપનીમાં કામ કરી રહ્યો છે, ઇટ્સ ક્વાઇટ કૂલ." મેં કહ્યું.

"લોકોને એમ હોય છે કે ફેસબુકની નોકરીમાં શું કામ હોય. બેઠાં બેઠાં આખો દિવસ ફોટાઓ પોસ્ટ કરવાના અને પ્રોફાઇલ પિક્ચર્સ અપડેટ કર્યા કરવાના!"

"આયમ શ્યૉર કે બિહાઇન્ડ ધ સીન્સ ઘણું હાઇટેક કામકાજ હશે."

મારે એની સાથે કામકાજની જ વાતો કરવી જોઈએ કે પછી હવે પર્સનલ વાતો ઉખેળવી જોઈએ? નહીં તો એ તો કલાકો સુધી જલસાથી મને કૉમ્પ્યૂટરના કોડ સમજાવતો રહેશે.

મેં પૂછ્યું, "તને તારો જૉબ ગમે છે?"

બ્રિજેશે ખભા ઉલાળ્યા, “ઇટ્સ નાઇસ. બહુ બધા સ્માર્ટ લોકોની વચ્ચે કામ કરવા મળે. રોજેરોજ કંઈ ને કંઈ નવું બનતું જ રહેતું હોય. ક્વાઇટ ઍક્સાઇટિંગ. ઉપરથી પગાર સારો, સ્ટૉક ઑપ્શન્સ, ફ્લૅક્સી ટાઇમ...”

“તું સ્ટાર્ટ અપ માટે વિચારતો હતો એનું શું થયું? કેટલું આગળ વધ્યું?” મેં પૂછ્યું. અગાઉ અમે જ્યારે મળ્યા ત્યારે એણે મને પોતાની સૉફ્ટવૅર કંપની શરૂ કરવાના પ્લાન વિશે વાત કરી હતી.

“હા, એ આઇડિયા પર કામ તો ચાલે છે પણ...”

“પણ?”

“ફેસબુક છોડવાનું ડિસિઝન લેવાનું કામ સહેલું નથી. આવી ઑપોર્ચ્યુનિટી, આટલો પગાર, બેનિફિટ્સ, યુ નો. પ્લસ સ્ટાર્ટ અપ માટે ફન્ડિંગ જોઈએ. એની ગોઠવણ કરવામાં અને અત્યારે જે ટાઇપની સિક્યુરિટી છે તેને છોડી દેવામાં ઘણો વિચાર કરવો પડે. એટ પ્રેઝન્ટ તો જે છે તે જ બરાબર છે.”

મેં એની હામાં હા પુરાવવા માથું હલાવ્યું. કામકાજ સિવાયની વાતો શરૂ કરી દેવી જોઈએ. ફૉર્ચ્યુનેટલી, એણે જ ટૉપિક બદલ્યો.

“આય લવ ગોવા.” એ બોલ્યો, “લગભગ એક ડિકેડ પછી હું અહીં આવું છું. એન્જિનિયરિંગનું ભણતો હતો ત્યારે કૉલેજમાંથી અમે લોકો આવ્યા’તા. અફકોર્સ, આવા કોઈ ફેન્સી રિસોર્ટમાં નહોતા ઊતર્યા. કોઈ સાદી-સીધી જગ્યા હતી અને ઢાબામાં ખાતાપીતા. એને શૅક્સ કહે છે ને અહીં?”

“મને શૅક્સમાં ખાવાની બહુ મઝા આવે?”

“તો તને સાન ફ્રાન્સિસ્કોમાં પણ બહુ મઝા આવશે.”

“હું ન્યૂ યૉર્કમાં રહી છું, પણ વેસ્ટ કોસ્ટ તરફ નથી આવી ક્યારેય.”

“કેલિફોર્નિયા સાવ અલગ છે ન્યૂ યૉર્કથી. બહુ ભાગાદોડી નથી, નિરાંતની જિંદગી છે.”

“યા, સાન ફ્રાન્સિસ્કોમાં અમારી ગોલ્ડમન કંપનીનો સ્ટાફ હંમેશાં જલસામાં જ લાગતો હોય છે.”

“તારું કામકાજ કેવું ચાલે છે, રાધિકા? તારી ટ્રાન્સફર થઈ ગઈ?”

મારો ફોન બે વાર વાગ્યો.

“સૉરી, ફોન... કદાચ મમ્મીને મારું કામ પડ્યું હશે.”

“કોઈ વાંધો નહીં.” બ્રિજેશ બોલ્યો.

મારા ફોનમાં કોઈ અજાણ્યા નંબર પરથી બે મેસેજ હતા. બેઉ એક જ નંબર પરથી હતા અને નંબર ‘+1’થી શરૂ થતો હતો. કોઈ USAથી કૉન્ટેક્ટ કરી રહ્યું હતું.

પહેલો મેસેજ હતો : ‘હે, હર્ડ યુ આર ગેટિંગ મેરિડ.

અને બીજામાં લખ્યું હતું : “ધિસ ઇઝ દેબુ, બાય ધ વે. હોપ યુ રિમેમ્બર મી.”

દેબુ? દેબાશિષ સેન! કેટલા, ત્રણ વરસ થઈ ગયાં એ વાતને. છેક અત્યારે કૉન્ટેક્ટ કરવાનું સૂઝે છે એને?

‘હાય!’ મેં ફોન પર ટાઇપ કર્યું અને એનો તરત જ રિપ્લાય આવ્યો,

‘હાય, રાધિકા! હાઉ આર યુ? તારો નંબર શોધવામાં બહુ તકલીફ પડી. તારી સાથે જરા વાત કરવી હતી.’

“બધું બરાબર છે ને?” બ્રિજેશે મને પૂછ્યું. એ જોઈ રહ્યો હતો કે એની સાથે વાત કરતાં કરતાં હું અચાનક મારા ફોનમાં બિઝી થઈ ગઈ હતી.

“હં? હા, બધું બરાબર છે.” મેં કહ્યું. મારા અવાજમાં થોડી ગભરામણ હતી. મેં ફોન

નીચો કરીને મારી મુઠ્ઠીમાં પકડી લીધો.

"તો પતી ગયું બધું?" બ્રિજેશે પૂછ્યું.

"શું?"

"તારી ટ્રાન્સફરનું પૂછું છું."

"હં? હા, હા. ઑલમોસ્ટ પતી ગયું છે. શરૂઆતમાં મારે થોડો વખત લંડન અને સાન ફ્રાન્સિસ્કો વચ્ચે અપડાઉન કરવું પડશે. અત્યારે થોડા ઇન્વેસ્ટમેન્ટનાં કામકાજ મારી પાસે છે. એની જવાબદારી મારા કલીગ્સ સમજી લે પછી વાંધો નહીં. પણ હા, ટ્રાન્સફરની પ્રોસિજર બધી પૂરી થઈ ગઈ છે."

મારો ફોન ફરી ત્રણ વાર વાગ્યો. મેં વાઇબ્રેશન મોડ પર મૂક્યો હતો. મારી મુઠ્ઠી ધ્રૂજતી હતી. મારે અત્યારે આ બધા મેસેજ ઇગ્નોર કરવા જોઈએ. પણ મારો ફોન બઝ થાય છે ત્યારે હું એના સ્ક્રીન તરફ જોયા વિના રહી શકતી નથી. મને ટેવ પડી ગઈ છે. ગંદી ટેવ છે, ખબર છે. પણ શું થાય. કદાચ મૉમને મારું અર્જન્ટ કામ પડ્યું હોય. કદાચ અદિતિને. પણ મેં જોયું તો એ બેમાંથી કોઈ નહોતું.

'હે બેબી. આય જસ્ટ વૉન્ટ ટુ સે આયમ સૉરી,' દેબુનો મેસેજ હતો.

બીજામાં એણે લખ્યું હતું, 'મને ખબર પડી કે તું લગ્ન કરી રહી છે?'

ત્રીજામાં હતું, 'મારા માનવામાં નથી આવતું.'

હવે તો મારે એને જવાબ આપવો જ પડશે. મેં ટાઇપ કર્યું :

'કેમ? મને કોઈ નહીં મળે એવું તેં માની લીધેલું?'

હું અને બ્રિજેશ ગાર્ડનના છેવાડે આવી ગયાં હતાં. અમે પાછા વળ્યાં.

"આપણે રહેવા માટે નવું ઘર શોધવું પડશે. ફેસબુકની ઑફિસ મેન્લો પાર્કમાં છે અને ગોલ્ડમન સાક્સ ડાઉનટાઉનમાં, રાઇટ?" બ્રિજેશ પૂછી રહ્યો હતો.

"હં? ડાઉનટાઉનમાં શું?" મારું મન હજુય દેબુના મેસેજમાં જ ભટકતું હતું.

"ગોલ્ડમન – સાક્સની – સાન ફ્રાન્સિસ્કોમાં – ઑફિસ." બ્રિજેશે જાણીજોઈને દરેક શબ્દ છૂટો પાડીને કહ્યું.

"હા, ગોલ્ડમન ડાઉનટાઉનમાં જ છે. કેલિફોર્નિયા સ્ટ્રીટ..."

મારો ફોન વારંવાર વાઇબ્રેટ થતો હતો. મેં નક્કી કર્યું કે મારે ફોન ચેક કરવો નથી. મારું બધું જ ધ્યાન બ્રિજેશ પર ફોકસ કર્યું.

"સો વી હૅવ ટુ ડિસાઇડ કે આપણે ડાઉનટાઉનમાં રહીશું કે મેન્લો પાર્કમાં જે છેક પાલો ઓલ્ટોમાં છે."

"હા, શ્યૉર..."

"શ્યૉર શું?"

"યુ આર રાઇટ." મને કંઈ ખબર નહોતી કે એ મને શું પૂછી રહ્યો હતો.

"મેં તને પૂછ્યું કે નક્કી તારે કરવાનું છે. ડાઉનટાઉન કે પાલો આલ્ટો?"

"મારે જ કેમ નક્કી કરવાનું?"

"રાધિકા, આર યુ ઓકે? હું તને પૂછી રહ્યો છું કે આપણે ક્યાં રહીશું એ તારે નક્કી કરવાનું છે."

હવે મને ખ્યાલ આવ્યો કે અમે શું વાત કરી રહ્યા હતા.

"હં, હા. વેલ, મને કંઈ ફરક પડતો નથી. તું તો ઑલરેડી મેન્લો પાર્ક રહે છે ને?"

"હા, પણ મારો લીઝ ઍગ્રીમેન્ટ બે મહિનામાં પૂરો થાય છે."

જસ્ટ એક જ વાર. એક જ વાર ફોન ચેક કરીને ક્વિકલી જોઈ લઉં કે શું મેસેજ આવ્યા

છે, પછી બ્રિજેશ પર ફુલ ઍટેન્શન આપું.

મેં ફોન ઉપર લીધો. દેબુએ આડેધડ મેસેજ પર મેસેજ મોકલ્યા હતા. એકમાં લખ્યું હતું :

'આય લવ યુ.'

ફક. થૅન્ક ગૉડ આ શબ્દ હું મનોમન જ બોલી. મેં તરત જ ફોન બંધ કરીને મારા મોઢા પર હાથ મૂકી દીધો.

"મને હતું કે આપણે નવા ઘરે શિફ્ટ થવું જોઈએ." બ્રિજેશ બોલ્યો, "રાધિકા, આર યુ ઓકે? બધું બરાબર છે? કંઈ ગરબડ તો નથી ને?"

"ઍક્ચ્યુલી, મારે તરત પાછા જવું પડશે. મૉમ બોલાવે છે. જ્વેલરીનું કંઈ કામ લાગે છે." મેં કહ્યું.

"આહ, ઇન્ડિયન વેડિંગ્સમાં આ જ બધા પ્રૉબ્લેમ્સ હોવાના." બ્રિજેશ બોલ્યો.

હા, હું મારા ભાવિ પતિને મળીને પહેલા કલાકમાં જ એની આગળ જૂઠું બોલી રહી છું. આને કહેવાય આદર્શ પત્ની, બરાબર ને! તમને લોકોને તો મેં પહેલેથી જ કહી દીધેલું કે મારા જેવી છોકરી તમને ગમવાની જ નથી.

"તો હું જઉં? સી યુ સૂન..." મેં કહ્યું.

"અફકોર્સ," બ્રિજેશે આંખમાં ચમકારા સાથે કહ્યું, "હવે તો હું તારો હસબન્ડ બનવાનો, દિવસ-રાત તારી આંખો સામે રહેવાનો! ચાલ, હોટેલ પર પહોંચી જઈએ."

મેં મારી હથેળીમાં ફોન એવો જકડીને પકડી લીધો જાણે હું એને ભીંસીને નહીં રાખું તો એમાંના બધા મેસેજ નીચે જમીન પર વેરાઈ જશે. બ્રિજેશ મને લૉબીની લિફ્ટ સુધી લઈ ગયો. ત્યાં એનો કોઈ કઝિન મળી ગયો જેને એનું કંઈક કામ હતું. લિફ્ટનો દરવાજો બંધ થયો. મેં ફોર્થ ફ્લૉરનું બટન પ્રેસ કર્યું અને ઊંડો શ્વાસ લીધો. મેં ફોન ચેક કર્યો. દેબુના ટનબંધ મેસેજ દેખાયા.

'છેલ્લા થોડા મહિનાઓમાં હું કૉન્સ્ટન્ટ તારા વિશે જ વિચારતો હતો.'

'પણ તને ટેક્સ્ટ કરવાની હિંમત નહોતી થતી.'

'મેં બહુ મોટી ભૂલ કરી નાખી. હું તને સમજ્યો જ નહીં.'

'આય લવ યુ.'

આ માણસ શું બકવાસ કરી રહ્યો છે? ટિંગ! લિફ્ટ ચોથા માળે આવીને ઊભી રહી ગઈ. હું મારા રૂમ તરફ ગઈ. બેલ મારી. અદિતિદીદીએ દરવાજો ઉઘાડ્યો.

"ક્યાં હતી તું?" એણે મારી તરફ શરારતી નજરે જોઈને પૂછ્યું : "બ્રિજેશ સાથે?"

મેં એને સામે સ્માઇલ આપ્યું. જાણે એણે મને રંગે હાથ પકડી પાડી હોય! અત્યારે હું શર્મિલી નવવધૂના રોલમાં છું. કોઈ મારા ભાવિ પતિનો ઉલ્લેખ કરે ત્યારે મારા ગાલ લજ્જાથી લાલ થઈ જવા જોઈએ.

દીદી એની એક સૂટકેસ ખોલીને બેઠી હતી. ખૂનીઓ જેમાં લાશ ભરીને લઈ જતા હોય છે એવડી મોટી બૅગ હતી. એમાંથી છ ડ્રેસ કાઢીને એણે પલંગ પર પાથર્યા હતા.

"કેવો છે બ્રિજેશ?" એણે પૂછ્યું અને એક લાલ ડ્રેસ ઊંચક્યો.

"ડિસન્ટ. હજુ તો અમે એકબીજાને જાણી રહ્યાં છીએ." મેં કહ્યું. અને હું સોફા પર ફસડાઈ. મેં ફરી મારો ફોન જોયો. શું કામ? હું શું કામ વારંવાર મારો ફોન ચેક કરું છું?

અદિતિ બોલતી રહી, "હું તો અનિલને લગ્ન પહેલાં બિલકુલ નહોતી જાણતી. લગ્ન પછી જ એકબીજાને સારી રીતે જાણી શકાય. ખાસ કરીને હનીમૂનમાં!" દીદીએ મારી તરફ જોઈને આંખ મારી.

મેં હા પાડી પણ મારા વિચારોમાં દેબુ હતો. એને હું શું જવાબ લખું?

'ખરેખર હું તને ખૂબ ખૂબ ચાહું છું.' દેબુનો મેસેજ હતો. જે માણસ અગાઉ દસ દસ દિવસ સુધી મારા એક મેસેજનો જવાબ નહોતો આપતો એ અત્યારે મને મિનિટના દસ મેસેજ મોકલી રહ્યો હતો.

'તું હોશમાં તો છે ને.' મેં એને જવાબ લખ્યો અને અમારી ચૅટ શરૂ થઈ.

'અત્યારે અહીં સવારના પાંચ વાગ્યા છે અને હું કૉફી પી રહ્યો છું. પૂરેપૂરો હોશમાં છું.'

'ગુડ. તો તને ખબર હોવી જોઈએ કે પાંચ દિવસ પછી મારાં લગ્ન છે.' મેં વિચાર્યું કે હવે એ કોઈ મેસેજ નહીં મોકલે.

'વૉટ? સો સૂન?'

'યસ. બારાતીઓ પણ આવી ગયા છે.'

'તું કોની સાથે પરણી રહી છે?'

'જે તારા જેટલો ઇન્સિક્યોર નથી એની સાથે...' મેં ટાઇપ કર્યું અને એક સેકન્ડ વિચારીને ડિલીટ કરીને લખ્યું, 'બ્રિજેશ ગુલાટી સાથે...' પછી ફરી ડિલીટ કરી નાખ્યું.

મેં નક્કી કર્યું કે મારે કોઈ જવાબ નથી મોકલવો. દીદી હાથમાં બે ડ્રેસ ઊંચકીને દેખાડી રહી હતી. એક બ્લ્યુ અને એક રેડ.

"આવતી કાલની બેચલરેટમાં આ બેમાંથી કયો ડ્રેસ પહેરું? ઑનેસ્ટ ઑપિનિયન, હં!"

"બેઉ ઇક્વલી સારા છે. તને કયો વધારે ગમે છે?" મેં પૂછ્યું.

"આય લાઇક ધ રેડ, પણ એ બહુ શૉર્ટ છે ને. એકદમ ઍટેન્શન સીકિંગ લાગશે, નહીં?"

અફકોર્સ, દીદી. અને તું પણ હંમેશની જેમ ઍટેન્શન સીક કરવા જ માગે છે, તો પછી મને પૂછે છે શું કામ. મેં વિચાર્યું. પછી કહ્યું "ઇટ્સ ફાઇન. બેમાંથી તારે જે પહેરવો હોય તે પહેર."

"હું બ્લ્યુ જ પહેરી લઉં. છેક ઘૂંટણ ઢંકાય ત્યાં સુધી લાંબો છે. બ્રાઇડની મોટીબહેનને એ જ સારો લાગે."

"તું ખાલી એક જ વર્ષ મોટી છે."

"હા, એ વાત પણ સાચી. વળી, આવતીકાલની પાર્ટી જેવા પ્રસંગે જ મને શૉર્ટ વેસ્ટર્ન ડ્રેસ પહેરવાનો મોકો મળે... બાકી બધા પ્રસંગોમાં તો હું ઇન્ડિયન ડ્રેસ જ પહેરવાની છું ને. ઍન્ડ એઝ ઇટ ઇઝ આવો ડ્રેસ પહેરી શકે એવું ફિગર અહીં બહુ ઓછી છોકરીઓનું છે."

એણે ફરી રેડ ડ્રેસ ઊંચક્યો. યસ, અદિતિદીદી પાસે એવું સુપર સ્લિમ અને કર્વેશ્યસ ફિગર છે જ. સરસ લાગશે.

"રેડ, દીદી. વાત પૂરી."

મારો ફોન ફરી ધણધણી ઊઠ્યો.

'બેબ્સ, તું કોની સાથે લગ્ન કરી રહી છે?' દેબુ પૂછતો હતો.

મેં જવાબ નાખ્યો; 'તને એનાથી મતલબ? તું હવે મારી લાઇફમાં નથી, દેબાશિષ.'

'કૅન યુ કૉલ મી દેબુ ઍટલીસ્ટ?'

'હું બિઝી છું, દેબાશિષ. મારી પાસે આ બધા માટે ટાઇમ નથી.'

'લગ્ન ક્યાં છે?'

મેં જવાબ ન આપ્યો.

'તેં મને ઇન્વાઇટ પણ ના કર્યો?' એણે મેસેજ મૂક્યો. કંઈ પણ કરીને એ મને જવાબ આપવા ઉકસાવી રહ્યો હતો. સાલા, મારો ફોન પણ તું ઉપાડતો નહોતો, મારે એને લખવું હતું. પણ ન લખ્યું. મારા ફોનનો રિંગટોન સંભળાયો. દેબુનો જ હતો. મેં કટ કરી નાખ્યો. મેં મેસેજ

ટાઇપ કર્યો,

'ડોન્ટ કૉલ મી. મેં તને કહ્યું ને કે હું બિઝી છું. આસપાસ લોકો છે.'

'તો પછી મારા મેસેજનો જવાબ આપને. વેડિંગ ક્યાં છે?'

'કેમ?'

'જસ્ટ આમ જ...'

'ભાડમાં જા તું...' મેં ટાઇપ કરીને મેસેજ મોકલી દીધો.

'હું આપણા જૂના દોસ્તોમાં પૂછતાજ કરીને જાણી લઈશ. એના કરતાં તું જ કહી દે ને...'

'ગોવામાં.'

'વાઉ! ડેસ્ટિનેશન વેડિંગ! ભવ્ય!'

મેં જવાબ ન લખ્યો. દેવુમાંથી મારું ધ્યાન હટાવવા મેં દીદી સાથે જીવનમરણનો સવાલ હોય એવી ગંભીર ચર્ચા શરૂ કરવાનું નક્કી કર્યું,

"દીદી, આ ડ્રેસ સાથે તું શૂઝ કયા પહેરવાની?"

"અરે હા યાર, બહુ મોટી મગજમારી છે. મારી પાસે આ ચાર ઇંચની હીલવાળા રેડ સ્ટિલેટોઝ છે પણ એ તો એકદમ ઍટેન્શન સીકિંગ લાગશે નહીં?"

"હા, પ્લસ પાર્ટીમાં આપણે ડાન્સ પણ કરવાના. હાઈ હિલ્સમાં તને નહીં ફાવે. હું તો ફ્લૅટ્સ પહેરવાની છું."

મારી સિસ્ટર સાથે હું કપડાં અને જૂતાં વિશે ડિસ્કસ કરું ત્યારે એને હું એની સૌથી નજીકની વ્યક્તિ હોઉં એવું લાગે. એ મારી નજીક આવી અને વહાલથી મારો ગાલ ખેંચીને બોલી,

"તારી જ બેચલરેટમાં તું ફ્લૅટ્સ પહેરીને આવે તે શોભતું હશે કંઈ! કેટલી ક્યુટ છે તું, આટલી પણ સમજ નથી તારામાં?"

હા, સમજ નથી તો નથી. હું ભલે ડિસ્ટ્રેસ્ડ ડેટ્સની સ્પેશ્યલિસ્ટ હોઉં, હું ભલે બૅન્કરપ્ટ કંપનીઓને બચાવતી હોઉં, સ્ટ્રક્ચર્ડ કૉમ્પ્લૅક્સ ટેઇકઓવર્સ કરતી હોઉં, હું ભલે ગોલ્ડમન સાક્સ જેવી વર્લ્ડ ફેમસ ફાઇનાન્સ અને ઇન્વેસ્ટમેન્ટ કંપનીની વાઇસ પ્રૅસિડન્ટ હોઉં. પણ જો હું કમ્ફર્ટેબલ રહેવા માટે ફ્લૅટ્સ પહેરતી હોઉં તો હું ડોબી છું, મારામાં કંઈ અક્કલ જ નથી. મેં કાલની પાર્ટીમાં પહેરવા માટે એક બ્લૅક ડ્રેસ બહાર કાઢી રાખ્યો હતો. દીદીએ એના પર એક જ નજર નાખીને કહ્યું,

"બહુ સિમ્પલ છે."

પછી એ જ્વેલરી બૉક્સ ખોલીને એની સાથે પહેરવા માટે જાતજાતની ઍસેસરીઝ કાઢીને મને સજાવવાની તૈયારી કરવા માંડી.

મેં ફરી મારો ફોન ચેક કર્યો.

'ગોવામાં ક્યાં?' દેબુનો મેસેજ હતો.

'કેમ?'

'હું ફોન કરું, પ્લીઝ?'

'ના.'

'કોઈ રિસોર્ટમાં છે?'

'દેબુ, તું ન્યૂ યૉર્કમાં છે. તારા કામમાં ધ્યાન આપ. તારી નવી ગર્લફ્રેન્ડ ક્યાં ગઈ?'

'કોણ?'

'જવા દે વાત.'

'આયમ સૉરી, રાધિ.'

'ઇટ્સ ઓકે. લાઇફ ગોઝ ઑન. તું તારે રસ્તે, હું મારે રસ્તે.'

'યા, ટ્રુ. પણ મેં બહુ મોટી ભૂલ કરી નાખી અને તું પણ અત્યારે એટલી જ મોટી ભૂલ કરી રહી છે.'

મેં જવાબમાં એને સ્માઇલી મોકલ્યું.

'લગ્ન પછી તું ક્યાં રહેવાની? હૉંગકૉંગમાં જ? '

'ના. મારે હૉંગકૉંગથી લંડન આવ્યે વરસ થઈ ગયું.'

'ઓહ, તો લંડન રહેવાની?'

'સાન ફ્રાન્સિસ્કો.'

'અચ્છા, તો કોઈ આઇ.ટી.વાળા સાથે પરણી રહી છે?'

'હું કામમાં છું, દેબાશિષ.'

'હજુય ગુસ્સો છે?'

'ના. ખરેખર કામમાં છું. મહેમાનો સાથે ડિનર માટે નીચે જવાનું છે. ડ્રેસઅપ થવાનું બાકી છે.'

'ઓકે. હું ખાલી અમસ્તો જ તને પૂછું છું. વેડિંગ ક્યાં છે?'

'મૅરિયટમાં.'

'નાઇસ! મસ્ટ બી અ બ્યુટીફુલ પ્લેસ!'

"બંધ કર હવે ચેટિંગ. કોની સાથે ક્યારનીય ચટરપટર ચાલી રહી છે? તું જેને જેને ઓળખે છે એ બધા તો અહીં હોટેલમાં જ છે." અદિતિદીદી મને ટોકી રહી હતી.

"હં... કોઈ નહીં... આ તો જસ્ટ... કામના મેસેજ હતા... ઑફિસમાંથી," કહીને મેં ફોન બાજુએ મૂક્યો. ભાવિ પતિ સાથે જુઠ્ઠું બોલ્યા પછી શરમાળ નવવધૂ હવે એની સગી બહેન આગળ જુઠ્ઠું બોલી.

"આ લે, મારો બૉડી નેકલેસ પહેરી લે. તારો ડલ ડ્રેસ એકદમ તડકભડક લાગશે." એ બોલી.

"ડલ ડ્રેસ? પ્રાડાનો છે, દીદી!"

"એ જે હોય તે. લગ્ન તારાં થવાનાં છે. ચમકદમક તો દેખાવી જોઈને? તારો ડ્રેસ બહુ સોબર છે. તું જ બહુ સોબર છે."

મને નથી લાગતું કે હવે હું વધારે વખત સોબર રહી શકવાની છું. દેબુના આ નેક્સ્ટ મેસેજ પછી તો નહીં જ.

'હું આવું છું.' એણે લખ્યું.

'વૉટ?' મેં ટાઇપ કર્યું. મારી આંખો પહોળી થઈ ગઈ હતી.

'હું ઇન્ડિયા આવું છું. લેટ મી ચેક ફ્લાઇટ્સ.'

'તું પાગલ તો નથી થઈ ગયો ને?'

'ના. રિયલી, મારે તારી સાથે વાત કરવી છે.'

'દેબુ, શાંત પડ, જરા. આ કંઈ મજાકની વાત નથી.'

'એટલીસ્ટ, તેં મને ફરી દેબુ તો કહ્યું.'

'ફાલતુ વાત નહીં કર. મારે કામ છે, પ્લીઝ ડોન્ટ મેસેજ.'

'સી યુ સૂન. બાય.'

'ગો ટુ વર્ક. બાય.'

"તું ફરી પાછા તારા ફોનમાં પડી ગઈ. તને થયું છે શું?" અદિતિ પૂછતી હતી.

મેં ફોનમાંથી ઉપર જોયું અને ફરી પાછી હું રિયલ વર્લ્ડમાં આવી ગઈ.

"બધા નીચે ભેગા થઈ રહ્યા છે. ડિનર તૈયાર છે. જલદી તૈયાર થઈ જા."
"આ ડ્રેસ નહીં ચાલે? હમણાં જ તો પહેર્યો હતો."
"ના. તું બ્રાઇડ છે."
"તેથી શું થઈ ગયું. બે કલાક પહેલાં જ તો પહેર્યો છે."
"મારું માથું નહીં ખા. શાવર લઈ લે અને ફોન સાથે નહીં લઈ જતી."



3

"ચાલ દીદી, બસ આવી ગઈ." મેં કહ્યું. અદિતિદીદી છેલ્લા બે કલાકથી ડઝન ડ્રેસીઝ ટ્રાય કરી રહી હતી. ફાઇનલી એણે પેલો શૉર્ટ ઍટેન્શન સીકિંગ રેડ ડ્રેસ જ પહેર્યો.

"આની નેક બહુ લો છે ને?" એણે કહ્યું.

તારે એ જ તો જોઈતું હતું. બ્રાઇડ હું છું. એની માને, મારી બેચલરેટ પાર્ટી છે. કમસે કમ આ એક વીકમાં તો મને બધા પર છવાઈ જવા દે. મને વિચાર આવ્યો, પણ હું ચૂપ રહી.

રૂમના ઇન્ટરકોમમાં રિંગ વાગી. મેં રિસીવર ઉપાડ્યું.

"હે!" બ્રિજેશ હતો. એનો અવાજ ઓળખતી થઈ ગઈ હતી. સારું કહેવાય નહીં.

"હાય, બ્રિજેશ. રેડી?"

"યા, મારી ગૅન્ગ બસમાં બેસી ગઈ છે. હું રિસેપ્શન પરથી વાત કરું છું."

"ઓહ, તમે છોકરાલોકો વહેલા તૈયાર થઈ ગયા. ડ્રાઇવરે ક્લબ કબાના જોઈ છે ને?" મેં કહ્યું.

"હા, એને ખ્યાલ છે. અરપોરામાં છે. LPK જવા માટેની તમારા લોકોની બસ પણ આવી ગઈ છે. આવે છે?"

"આવી જ સમજો."

"કાશ, આપણે બધાં એક જ જગ્યાએ પાર્ટી કરવાના હોત."

હું હસી પડી. "ધેટ્સ સ્વીટ, બ્રિજેશ, પણ બેચલર પાર્ટીનો આખો મતલબ જ એ છે ને કે તમારા સ્પાઉઝની કચકચ વિનાની આ છેલ્લી નાઇટ છે. પછી તો આખી જિંદગી સાથે ને સાથે જ..."

"તું કંઈ કચકચ કરતી છોકરી નથી."

"તેં હજુ મને ઓળખી જ ક્યાં છે!"

"પાર્ટીમાં જતાં પહેલાં મારે તને મળવું હતું. અને મારી બૉય્ઝ ગૅન્ગ પણ બનીઠનીને આવેલી તારી કઝિન્સ અને ફ્રેન્ડ્સને જોવા આતુર છે."

"નહીં, મારી ભોળી બિચારી ઇનોસન્ટ કઝિન્સ પર તમારે કોઈએ લાઇન નથી મારવાની!"

મેં રિસીવર પાછું ક્રેડલ પર મૂક્યું અને અદિતિ તરફ જોયું. એ હજુય અરીસા સામે ઊભાં ઊભાં એનો ડ્રેસ ઍડજસ્ટ કરી રહી હતી. "દીદી, આ મારી બેચલરેટ પાર્ટી છે, તું કંઈ સમજે છે!"

* * *

"ચાલો, આવી ગયા." મારી સેકન્ડ કઝિન જ્યોતિએ તોતિંગ નિયોન સાઇન જોઈને કહ્યું. ભડક ચલોમાં લખ્યું હતું : લવ પૅશન કર્મા, જેને શૉર્ટમાં અહીં LPK કહેતા હતા. અમારી હોટેલથી અહીં આવતાં ત્રીસ મિનિટ થઈ. નેરુલ રિવરના કિનારે છે. પથ્થરની ગુફાઓ અને આદિ માનવની મૂર્તિઓથી ક્લબની લૉનને શણગારી છે. બહુ લાઉડ છે પણ ચાલે. અમે પંદર છોકરીઓ છીએ. મારા ઇવેન્ટ મૅનેજર સૂરજે અમારા માટે બે બૉડી બિલ્ડર બાઉન્સરો પણ રાખ્યા છે. અમારા માટે ક્લબના એક સેમી પ્રાઇવેટ એરિયામાં ટેબલ બુક્ડ છે. બ્લૂન્સ, શૅમ્પેન બધું જ છે. ચાલો, અહીં તો કોઈ ગરબડ નથી. મેં મનોમન સૂરજને થૅન્ક્યુ કહ્યું.

"તમારામાંથી કેટલીક છોકરીઓ અંડર એજ છે, મૅડમ." ક્લબનો ઓનર અદિતિદીદીને કહી રહ્યો હતો.

"અમે બધાં એઇટીનની ઉપર છીએ." દીદીએ કડક અવાજે કહ્યું.

"થોડીક છોકરીઓ ઘણી યંગ દેખાય છે, મૅ'મ."

"ઇટ્સ ઓકે. એવું હોય તો એમને ખાલી સૉફ્ટ ડ્રિન્ક્સ સર્વ કરજો પણ મારી સિસ્ટરને આજે ટલ્લી કરી નાખો."

"ના, દીદી..." હું રેઝિસ્ટ કરતી રહી ત્યાં જ ટ્રે ભરીને ટકીલા શૉટ્સનો રાઉન્ડ આવ્યો. મારે બે લેવા જ પડ્યા. જ્યોતિએ વધુ એક રાઉન્ડ મગાવ્યો. અમારા પાડોશીની દીકરી રજનીને મ્યુઝિક હજુ જરા વધારે લાઉડ જોઈતું હતું. સ્કૂલની મારી ચાઇલ્ડહુડ ફ્રેન્ડ શ્રુતિને હની સિંઘનાં સૉન્ગ્સ વગાડવાં હતાં. અદિતિદીદીની બેસ્ટ ફ્રેન્ડ સલોનીએ સજેસ્ટ કર્યું કે આપણે ડ્રિન્કિંગ ગેમ્સ રમીએ ને કોઈ વૉમિટ ન કરે ત્યાં સુધી રમતાં જ રહીએ! દુનિયાને ભૂલીને પૂરેપૂરી ટુન થઈ જવા માટે તૈયાર એવી પંદર પંજાબી ગર્લ્સ કરતાં વધુ ક્રેઝી ક્રાઉડ તમને બીજે ક્યાં જોવા મળવાનું છે. મેં મારો ફોન કાઢ્યો. બ્રિજેશનો મેસેજ હતો.

'ક્લબ કબાના સરસ છે. થૅન્ક્સ.'

'યુ આર વેલકમ. બધું બરાબર છે?'

'ત્રણ ડ્રિન્ક ડાઉન છું. તું?'

'નહોતું પીવું તોય ટકીલા શૉટ્સ લેવા પડ્યા.'

'વાઉ. એક મિનિટ, મારા ફ્રેન્ડ્ઝ મારી ટાંગ ખેંચે છે. તારી સાથે ચૅટિંગ કરું છું એટલે...'

'હા, હા, જા મજા કર.' મેં ફોન બાજુએ મૂકી દીધો.

અદિતિદીદી ટોસ્ટ રેઇઝ કરવા માગતી હતી. બે વેઇટર આવીને બધા માટે લાંબી દાંડીવાળા ટ્યુલિપ ગ્લાસમાં શૅમ્પેન ભરી ગયા. દીદી એનો ગ્લાસ ઊંચો કરીને બધાને સંભળાય એ રીતે બોલી :

"ફૉર માય ઓન્લી ડાર્લિંગ સ્વીટેસ્ટ સિસ્ટર. સમવન જેણે સ્ટડી કરવામાં ખૂબ મહેનત કરી છે અને અત્યારે એના કામકાજમાં ગળાડૂબ છે. એણે લાઇફમાં એકપણ નૉટી કામ નથી કર્યું! ક્યારેય નહીં, કોઈ ભંકસબાજી નહીં!"

ઠીક છે, ઠીક છે... મેં વિચાર્યું. પણ દીદી સામે જોઈને મેં સ્માઇલ કર્યું. દીદીએ આગળ ચલાવ્યું, "ઓહ, યસ! શી ઇઝ ધ ગુડ ગર્લ. હું માંડ પાસિંગ માર્ક્સ લાવતી, એને રૅન્ક મળતી. હું પરણીને હાઉસવાઇફ બની ગઈ, એ હાઇ-ફાઇ બૅન્કર છે. મારી પાસે બૂબ્સ છે, એની પાસે બ્રેઇન્સ..."

બધી છોકરીઓ હસી પડી. પેલા હટ્ટાકટ્ટા બાઉન્સરો શરમાઈ ગયા. મારો ફોન ફરી બઝ થયો. બ્રિજેશ જ હશે, મેં વિચાર્યું. બહુ સ્વીટ છોકરો છે. મારી નજીક આવવા કેટલો ઇગર છે.

'હે, હું JFK ઍરપૉર્ટ પર છું. જોઉં છું લાસ્ટ મિનિટે કોઈ ટિકિટ મળે છે કે નહીં.' દેબુનો મેસેજ હતો.

'વૉટ?' મેં ટાઇપ કર્યું.

'અહીંથી મુંબઈ પંદર કલાક. ત્યાંથી કનેક્ટિંગ ફ્લાઇટમાં ગોવા.'

'દેબુ, આર યુ સિરિયસ? સ્ટૉપ ઇટ, વિલ યુ?'

અદિતિદીદીએ મને ફોન સાથે જોઈ લીધી.

"લુક એટ માય બેબી, એના હસબન્ડ-ટુ-બી સાથે ચૅટિંગ કરી રહી છે. એટલીસ્ટ તારી ગર્લ્સ નાઇટ આઉટને વખતે તો એનો પીછો છોડ." એ બોલી.

બધાં હસ્યાં. અદિતિદીદીએ શૅમ્પેનનો એક મોટો ઘૂંટ ભર્યો.

નેકસ્ટ મેસેજ જોઈને મારું ગળું સુકાઈ ગયું.

દેબુએ મને JFKના એર ઇન્ડિયા કાઉન્ટરનો ફોટો પાડીને મોકલ્યો. નીચે સ્માઇલી હતું.

“વન મોર શૉટ, રાધિકા,” મારી કઝિને મને ચડાવી.

એના કરતાં મને જ શૂટ કરી નાખને, હું મનોમન બબડી.

‘મિસ યુ,’ બીજો એક મેસેજ આવ્યો.

‘ફક યુ. જસ્ટ શટ અપ ઍન્ડ ગો હોમ.’ મેં જવાબમાં ટાઇપ કર્યું. સેન્ડ કરવા જતી હતી ત્યાં જ જોયું કે એ લાસ્ટ મેસેજ તો બ્રિજેશનો હતો. મેં ફટાફટ ડિલીટ મારીને લખ્યું : ‘ઑ... સ્વીટ’ અને પછી થોડા કિસિંગ સ્માઇલીઝ નાખ્યાં. બીજું શું લખવું એ મને ધડ દઈને સૂઝ્યું નહીં. મેં જરા હોશમાં આવીને બ્રિજેશને પ્રયત્નપૂર્વક મગજમાંથી હટાવીને દેબુ સાથે ચૅટિંગ શરૂ કર્યું.

‘મને હેરાન નહીં કર. ઘરે પાછો જતો રહે.’ મેં લખ્યું.

“ગર્લ્સ,” મારી દીદીએ ઍનાઉન્સમેન્ટ કરી, “આજની રાત માટે આપણે બ્રાઇડના હાથમાંથી ફોન લઈ લેવો જોઈએ કે નહીં!”

હું ના પાડતી રહી અને દીદીએ મારો ફોન ઝૂંટવીને એની હૅન્ડબૅગમાં નાખી દીધો.

“બેચલરેટ તરીકેની આ તારી લાસ્ટ પાર્ટી છે. ફોન પર ટાઇમ વેસ્ટ કરવાને બદલે કંઈક ક્રેઝી કામ કરીને યાદગાર બનાવ એને!” દીદી બોલી.

મારે એને કહેવું હતું કે હું ઑલરેડી ક્રેઝી કામો કરી રહી’તી ફોન પર. મારા માટે એ જ ઇનફ છે.

“ઓકે,” દીદીએ ફરી ઍનાઉન્સ કર્યું, “લેટ્સ પ્લે ગેમ. ચૅલેન્જ ધ બ્રાઇડ. દરેક જણ બ્રાઇડને એક ડેરિંગ ટાસ્ક આપશે અને રાધિકાએ કમ્પ્લસરી એ કરવાનું.”

મેં આસપાસ જોયું. અમારું ટેબલ રેસ્ટોરન્ટના એક ખૂણે હતું. વચ્ચે બાર સ્ટૂલ્સ પર ઘણા બધા લોકો બેઠા હતા. અડધા કસ્ટમર ઇન્ડિયન હતા જે ક્રિસમસ હૉલિડે મનાવવા ગોવા આવ્યા હશે. બાકીનામાં મોટેભાગે યુરોપિયન અને અમેરિકન ટૂરિસ્ટ હતા.

જ્યોતિએ મને પહેલી ટાસ્ક આપી.

“જો પેલો ટાલિયો ધોળિયો દેખાય છે? ત્યાં...” એણે બાર પાસે બેઠેલા ફોર્ટી પ્લસના એક માણસને દેખાડીને કહ્યું, “એનું નામ પૂછી આવ અને કઈ કન્ટ્રીમાંથી આવે છે તે જાણી લાવ...”

“એ તો સાવ સહેલી ટાસ્ક થઈ.” દીદીએ કહ્યું.

“એનું નામ અને એની કન્ટ્રી પૂછીને એને એક થપ્પડ લગાવ. ના, એના કપાળ પર કિસ કરીને આવ.” શ્રુતિ બોલી. બધી છોકરીઓ હસી પડી. બધાને મઝા આવી રહી હતી.

“બિલકુલ નહીં.” મેં કહ્યું.

“બિલકુલ સહી. આ લે. બૉટમ્સ અપ...” સલોનીએ મને અડધો ભરેલો શૅમ્પેનનો ગ્લાસ આપ્યો. હું એક શ્વાસે પી ગઈ. મારું મગજ ઘૂમવા માંડ્યું હતું.

“ગો!” અદિતિદીદીએ બે હાથે તાળી પાડીને મને સ્ટાર્ટ આપી.

હું બાર તરફ ચાલી.

“હાય, ધેર!” મેં પેલા ટાલિયાને કહ્યું. એણે વ્હાઇટ ટી-શર્ટ અને જીન્સ પહેર્યું હતું. જમણા હાથમાં બે વીંટી હતી અને જમણા ખભા પર ડ્રેગનનું ટેટુ હતું.

“હાય, ધેર! યંગ લેડી.” એ બોલ્યો. એના પહોળા ઉચ્ચારોમાં ઑસ્ટ્રેલિયન છાંટ લાગતી હતી, પણ મારે કન્ફર્મ કરવું હતું.

“આર યુ ઍન ઑસ્ટ્રેલિયન ક્રિકેટર?”

એ હસ્યો, “નો મેટ, હું ઑસ્ટ્રેલિયન છું પણ ક્રિકેટ પ્લેયર નથી... ક્રિકેટ જોઉં ખરો...”

“આર યુ નૉટ ફિલિપ લી?” મેં ઉપજાવી કાઢેલું નામ પૂછ્યું.

“એ વળી કયો પ્લેયર છે?” એણે બિયરનો એક ઘૂંટ લઈને મને પૂછ્યું.

“યુ આર નૉટ ફિલિપ?”

“નો.” એણે કહ્યું, “એક ડ્રિન્ક તારા માટે મગાવું, યંગ લેડી?”

“વેલ, તો પછી તમારું નામ શું?”

“માર્ક. શું લઈશ તું?”

“ટકીલા શૉટ.”

માર્કે બે ટકીલા મગાવ્યા. ત્રણમાંની મારી બે ટાસ્ક પૂરી થઈ ગઈ હતી.

“ચિયર્સ.” એણે શૉટ આવ્યા એટલે એક મને આપીને કહ્યું.

“યુ હિયર ઑન હૉલિડે?” માર્કે પૂછ્યું.

“ઍક્ચ્યુલી, આયમ હિયર ટુ ગેટ મેરીડ.”

“રિયલી?”

“યા. આય હૅવ ટુ ગો. બાય, માર્ક.”

જતાં જતાં એને કંઈ સમજાય એ પહેલાં મેં એના કપાળે કિસ કરી નાખી.

“થૅન્ક્સ ફૉર ધ ડ્રિન્ક.” કહીને હું ત્યાંથી છટકી ગઈ.

બધી ગર્લ્સે મને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. મારી હિંમતને બિરદાવવા બધાંએ ફરી એક રાઉન્ડ શૉટ્સનો લીધો.

“ઓકે, બસ હવે કંઈ નહીં.” મેં કહ્યું અને માર્કની દિશામાં જોયું. બાર પર બેઠાં બેઠાં માર્કે મને જોઈને આંખ મિચકારી!

ગર્લ્સ બધી પાગલ થઈ ગઈ હતી. અમે શૅમ્પેનની ચાર બૉટલ પૂરી કરી નાખી હતી. બીજી ચાર ઑર્ડર કરી. મને ખબર પણ નહોતી કે અમે લોકોએ ક્યારે ડાન્સ કરવાનું શરૂ કર્યું. ડીજે ‘સુબહ હોને ના દે’ અને ‘બેબી ડૉલ’ જેવી ટ્રેક્સ વગાડીને અમને ઍક્સાઇટ કરતો હતો. ક્લબમાં આવેલા કેટલાક મેલ્સ મારી યંગ કઝિન્સ સાથે ફ્લર્ટ કરવાની ટ્રાય કરતા હતા. અદિતિદીદીએ એમાંના મોટાભાગનાઓને ભગાડી દીધા. ડાન્સ કરતાં કરતાં અમારા પર સેલ્ફી લેવાની ધૂન સવાર થઈ ગઈ. અમે પંદરેક જણ દરેક પર્મ્યુટેશન-કૉમ્બિનેશનમાં ધડાધડ સેલ્ફી લીધી. કલાક પછી ક્લબમાં છોકરાઓનું બીજું એક ગ્રુપ આવ્યું. એક સેકન્ડ પછી બત્તી થઈ કે એ લોકો કોણ હતા.

“ઓહ માય ગૉડ. બ્રિજેશજીજુ અને એમની ગૅન્ગ છે.” સલોની ચિલ્લાઈ.

બ્રિજેશ ડાન્સ ફ્લૉર પર મારી નજીક આવ્યો.

“આ ઍલાઉડ નથી હં...” જ્યોતિ બોલી.

“તમે લોકો તો ક્લબ કબાના પર હતા. શું થયું?” શ્રુતિએ બ્રિજેશના મામાના દીકરા અખિલને પૂછ્યું.

“કંઈ નહીં. અમે લોકોએ થોડું પીધું. પછી વિચાર્યું કે ગોવામાં મોસ્ટ બ્યુટીફુલ ગર્લ્સ બધી એકલી એકલી પાર્ટી કરી રહી છે તો અમે અહીં શું કામ છીએ?” અખિલે કહ્યું.

શ્રુતિ શરમાઈ ગઈ. છોકરીઓએ ઉપર ઉપરથી આ લોકો અહીં કેમ આવી ગયા એવી ફરિયાદ કરી પણ અંદરખાનેથી બધી ગર્લ્સના મનમાં લડ્ડુ ફૂટી રહ્યા હતા. અમે છોકરીઓ એવી જ હોવાની. બહારથી ગમે એટલો દેખાવ કરીએ કે આ બધું નથી ગમતું પણ અંદરથી તો ગમતું જ હોય છે. મારી બેચલરેટ હવે સિન્ગલ્સ પાર્ટી રહી નહોતી. જોકે, મને કંઈ ફરક પડતો નહોતો. પી પીને હું સાતમા આસમાને પહોંચી ગઈ હતી.

"તું એકદમ બ્યુટીફુલ લાગે છે." બ્રિજેશ બોલ્યો. ડીજેએ ટ્રેક બદલીને હની સિંઘનું બ્લ્યુ આઇઝ લગાવ્યું. કપલ્સ ઓન્લી ટાઇપના આ સ્લો સૉન્ગમાં પીને ટાઇટ થઈ ગયેલા તમામ સિંગલ મેલે ડાન્સ ફ્લૉર પરથી ફૂટવું પડ્યું.

"તેં ચિક્કાર પીધું લાગે છે." મેં બ્રિજેશને કહ્યું. એ વિના કોઈને હું 'એકદમ બ્યુટીફુલ' થોડી લાગું.

"હં... પીધું છે. પણ તું મને ખરેખર બ્યુટીફુલ લાગે છે." બ્રિજેશે કહ્યું.

બહુ સરસ, મેં વિચાર્યું. મારા માંની ટકીલાએ મને એને ભેટવા માટે મજબૂર કરી દીધી.

"મેં તને મેસેજ કર્યો હતો." બ્રિજેશ બોલ્યો, "બહુ મેસેજ મોકલ્યા."

"રિયલી? મારો ફોન ક્યાં છે? મને ખબર નથી મારો ફોન ક્યાં મુકાઈ ગયો?"

"મારે તને પૂછવું હતું કે અમે આવીએ? મેં છોકરાઓને બહુ ના પાડી કે ના જવાય પણ..."

"ઇટ્સ ઓકે. અલ્ટીમેટલી તો મઝા જ કરવાની છે ને. અલગ અલગ હોય કે પછી ભેગા મળીને..."

"નાઇસ મ્યુઝિક..."

"યુ વૉન્ટ ટુ ડાન્સ?"

"મને ડાન્સ કરતાં નથી આવડતું."

"મને પણ," મેં કહ્યું અને એના ખભા પર હાથ રાખીને બ્લ્યુ આઇઝના લય સાથે તાલ મિલાવીને લાઇટ સ્ટેપ્સ કર્યાં. છોકરીઓ અમને જોઈને એક્સાઇટ થઈ ગઈ : "હાઉ સ્વીટ..." "આઉ..."

જોયું ને, હું ધારું ત્યારે ગુડ ગર્લ બની શકું છું ને. પણ અત્યારે મારામાંની ગુડ ગર્લ નશામાં ચૂર હતી. છોકરીઓ એટલા માટે જ પીને ટુન થઈ જવા માગતી હોય છે, એમનામાં રહેલી ગુડ ગર્લ સૂઈ જાય એટલે.

"આઉચ, બ્રિજેશ! તેં મારો પગ ચગદી નાખ્યો!" હું બોલી ઊઠી.



4

બપોરના ચાર વાગી ગયા. ગઈ કાલે રાત્રે પાર્ટી કરનારા બધાને હૅન્ગઓવર હતો. અમે લોકો સવારે છ વાગ્યે હોટેલ પર પાછા ફર્યા હતા અને આવીને સીધા જ બ્રેકફાસ્ટ માટે પહોંચી ગયા હતા. મને એટલું જ યાદ છે કે હું મારી મધરની બાજુમાં બેસી ગઈ હતી અને મેં પૅનકેકનો ઑર્ડર આપ્યો હતો. ઘેન એટલું ચડ્યું હતું કે બહુ કંઈ ખવાયું નહીં.

મારી મા મને હલાવી હલાવીને કહેતી રહી, “જાગ જોઉં. કેવું ખરાબ કહેવાય. બ્રિજેશના પૅરન્ટ્સ શું વિચારશે. અમે કેવી બેજવાબદાર અને સાવ અણઘડ છોકરી એમના ગળે પહેરાવી. આટલું બધું તે કંઈ પીવાતું હશે?”

“એમના દીકરાએ પણ પીધું. ઇન ફેક્ટ એણે તો ક્લબમાં જ વૉમિટ કરી અને ત્યાં જ લુઢકી ગયો.” મેં માને કહ્યું હતું.

“એ છોકરો કહેવાય.”

મને ચડી ગઈ હતી, હું હોશોહવાસ ખોઈ બેઠી હતી, હૅન્ગઓવરથી મારું માથું ચકરડીભમરડી રમતું હતું છતાં મારામાંનો ફેમિનિસ્ટ આત્મા જાગ્રત થઈ ગયો અને મેં માતાજીની આંખોમાં આંખ પરોવીને કહ્યું,

“સો વૉટ ઇફ હી ઇઝ અ બૉય?” આલ્કોહોલથી લડખડાતી મારી જુબાનમાંથી નીકળેલા આ શબ્દોની મારી મા પર જરા સરખી અસર પડી નહોતી. એ બોલી,

“જલદી ખાવાનું પૂરું કર. પછી થોડોક આરામ કરી લે. આજે ભજનસંધ્યા છે. મહેરબાની કરીને કંઈક ડિસન્ટ કપડાં પહેરજે, મારી મા! તમને જુવાનિયાઓને બધાને ભજન પહેલાંની રાત્રે જ પાર્ટી કરવાનું શું સૂઝતું હશે?”

“તમને બૂઢા લોકોને અમારા લોકોની પાર્ટી પછીના બીજા જ દિવસે શું કામ ભજનો ગાવાં હોય છે?”

“બસ, સામું બોલવા જ જોઈએ છે. બોલ્યા કર હજુ. થોડા પૈસા શું કમાતી થઈ ગઈ છે, માથે ચડી ગઈ છે.”

હું ચૂપ થઈ ગઈ હતી. મેં મારી માને સંભળાવ્યું નહીં કે તમારી આ અણઘડ, બેજવાબદાર ડૉટર એના લગ્નનો ટોટલ ખર્ચો પોતે જ ઉપાડી રહી છે. એક કરોડ રૂપિયા. દોઢ લાખ ડૉલર થયા. મારા સૅલરી અકાઉન્ટમાંથી વેડિંગ બજેટ માટે મેં જાતે પોતે ટ્રાન્સફર કર્યા છે. એને એની તો કંઈ પડી જ નથી.

મારે મારો ગુસ્સો કન્ટ્રોલ કરવા ઑરેન્જ જ્યૂસનો આખો ગ્લાસ ગટગટાવી જવો પડ્યો. મેં મારી જાતને કહ્યું : રાધિકા, તેં તારી લાઇફની માબેન કરી નાખી છે. હવે થોડા દિવસ પૂરતું તું જરા સખણી રહે તો સારું... દારૂના નશામાં પોઢી ગયેલો મારો અંતરાત્મા ટાઇમસર જાગી ગયો હતો.

મને યાદ છે કે કોઈ મને મારા રૂમ સુધી મૂકી ગયું હતું. અદિતિદીદી પલંગ પર આડી થઈને સૂઈ ગઈ હતી. હજુય એ પેલા રીવિલિંગ રેડ ડ્રેસમાં જ હતી. મેં ચેન્જ કરીને ટીશર્ટ પાયજામા પહેરી લીધાં. દીદીના પગ સરકાવીને બાજુમાં હું સૂઈ ગઈ. મારા માથામાં એક સાથે એક હજાર મશીનગનો ફૂટતી હોય એવી ધણધણાટી થતી હતી. મેં આંખો મીંચી લીધી.

દીદીએ મને જગાડી. બપોરના અઢી વાગ્યા હતા.

“ચલ ઊઠ, ભજનમાં જવાનું છે.”

"ભજન તો બપોરે ચાર વાગ્યે છે ને. આ લોકો ભજનસંધ્યા સાંજે રાખવાને બદલે બપોરે કેમ રાખતા હશે?" મેં કહ્યું. દીદીએ કર્ટન્સ સરકાવ્યા. ડેલાઇટથી મારી આંખો અંજાઈ ગઈ.

"તૈયાર થવા માટે ટાઇમ તો જોઈશે ને તને. આ લે, તારે આ ઑરેન્જ સાડી પહેરવાની છે."

"ના." મેં કહ્યું અને મારું માથું ઓશીકાથી ઢાંકી દીધું.

છેવટે મારે જાગવું જ પડ્યું. મારી કચકચ ચાલુ થઈ ગઈ. છોકરીઓએ જ શું કામ તૈયાર થવાનો ત્રાસ વેઠવાનો, ટાઇમ બગાડવાનો. હોટેલવાળાઓએ હૅર અને મેકઅપ માટે રૂમમાં એક લેડીને મોકલી આપી હતી. એણે મારા વેરવિખેર વાળ બ્લો ડ્રાય કર્યા. હેર ડ્રાયરના ખટારાના એન્જિન જેટલા મોટા અવાજથી મારું માથું ઓર ભમવા લાગ્યું.

અમે નીચે ઊતરીને ફંક્શન રૂમમાં ગયા. મંદિર જેવું ડેકોરેશન કરીને સજાવ્યો હતો. ગલગોટાના હાર દીવાલો પર શોભતા હતા. બરાબર સેન્ટરમાં સાંઈબાબાની મોટી ફોટોફ્રેમ હતી. મારાં પૅરન્ટ્સને બીજા કોઈ પણ ભગવાન કરતાં એમનામાં સૌથી વધારે શ્રદ્ધા હતી. એમની સાથે બીજી પણ નાની નાની મૂર્તિઓ હતી. શ્રીકૃષ્ણ, ગણેશ, લક્ષ્મી અને વૈષ્ણોદેવી. બધાં જ હતાં. ભજન ગાવા બોલાવેલા ગાયકો માઇક સેટ કરી રહ્યા હતા.

યંગ ક્રાઉડ રૂમના છેવાડે, દરવાજા તરફ બેઠું હતું. મોટાભાગનાઓ હજુય હૅન્ગઓવરમાંથી બહાર નહોતા આવ્યા. બ્રિજેશના ફ્રેન્ડ્ઝ અને કઝિન્સ બધા સિલ્કના ક્રિસ્પ કુર્તા-પાયજામામાં હતા. ફ્રેશ દેખાવા માટે બધા જ શાવર લઈને આવ્યા હતા. હૅન્ગઓવર ઉતારવા માટે એ લોકો આપસમાં કૉમ્બિફ્લામની સ્ટ્રિપ્સ અને પાણીની બૉટલો ફેરવતા હતા.

મારી સાથેની છોકરીઓની પણ એ જ હાલત હતી. મોટા ભાગની ગર્લ્સ દીવાલ પર પીઠ ટેકવીને ઝોકાં ખાઈ રહી હતી. આ ઇન્ડિયન છોકરીઓ પણ કમાલ હોય છે. હજુ થોડા કલાક પહેલાં તો સેક્સી પાર્ટી ડ્રેસીઝમાં અડધી નંગીપુંગી ફરતી હતી અને અત્યારે જુઓ, સલવાર-કમીઝ કે પછી લહેંગામાં આખું શરીર ઢાંકીને સતી સાવિત્રીમાં ટ્રાન્સફૉર્મ થઈ ગઈ છે. એકદમ પ્યૉર, વર્જિન. જાણે ભજન ગાવા માટે જ જન્મી હોય.

ભજન શરૂ થયાં. ભજનગાયકો એકદમ ભાવથી ગાતાં હતાં. જોકે, હૅન્ગઓવર હોય ત્યારે ગમે એટલું સૂરીલું ભજન પણ તમને ડૅન્ટિસ્ટની ઇલેક્ટ્રિક ડ્રિલ જેવું લાગવાનું. બ્રિજેશ મારી સામું જોઈને મુસ્કુરાયો. મેં એને ઇશારાથી કહ્યું કે મારે ઊંઘી જવું છે. એણે મને કૉમ્બિફ્લામની સ્ટ્રિપ મોકલી. મેં એક ગોળી ગળી લીધી.

"તને સારું નથી?" કમલાબુઆએ મને પૂછ્યું.

"થાકી ગઈ છું." મેં કહ્યું.

"મારી પાસે આયુર્વેદની એક દવા છે. તરત સારું થઈ જશે." કમલાબુઆએ કહ્યું. કૉમ્બિફ્લામથી બહેતર ઇલાજ આનો કોઈ નથી, મારે એમને કહેવું હતું. પણ હું બોલી, "ભજન સરસ છે, બુઆ."

ત્યાં જ મૅરિયટના ફરિશ્તાઓ બ્લૅક કૉફીના કપ લઈને આવી પહોંચ્યા. મેં બે પીધી. કસમ ખાધી કે હવેથી ક્યારેય લાઇફમાં દારૂ નહીં પીઉં. ઓકે, એટલીસ્ટ આ વીકમાં તો નહીં જ પીઉં. કૉફીને કારણે જરા ઊંઘ ઊડી.

"આવો, આગળ આવીને ભગવાનને પગે લાગો, બેટા." મારી કોઈ આન્ટીએ મને કહ્યું.

બ્રિજેશ અને હું ઊભા થઈને ભગવાન પાસે ગયાં અને ઘૂંટણિયે બેસીને અમે ભાવપૂર્વક નમન કર્યું. ગાયકોએ અમારા માટે એક સ્પેશ્યલ ભજન ગાયું. મેં બ્રિજેશ સામે જોયું. એની આંખો હજુય બંધ હતી, બે હાથ જોડેલા હતા. એ ખરેખર પ્રાર્થના કરી રહ્યો હતો. એના જેટલી સિન્સેરિટીથી પ્રાર્થના નહીં કરવા બદલ મને ગિલ્ટી ફીલ થયું. તું ફ્રૉડ છે, રાધિકા. મને

મારો અંતરાત્મા બટકાં ભરવા માંડ્યો. ચૂપ, મેં એને કહ્યું.

હું ઊભી થઈને પાછી છોકરીઓના ગ્રુપમાં જઈને બેસી ગઈ. બ્રિજેશ છોકરાઓ સાથે બેસી ગયો. નવું ભજન શરૂ થયું. બહુ પૉપ્યુલર હતું. બધા ગાવા લાગ્યા. મ્યુઝિક એકદમ લાઉડ હોવા છતાં મારી આંખો ભાગ્યે જ ખુલ્લી રહેતી હતી. પણ જેવો મેં એક મારી જ ઉંમરના દાઢીવાળા માણસને વ્હાઇટ કુર્તા-પાયજામામાં રૂમમાં એન્ટર થતાં જોયો કે મારો બધો જ હૅન્ગઓવર ઊતરી ગયો. એના વાળ વાંકડિયા હતા.

"ઓહ ગૉડ, દેબુ!" મારા મોઢામાંથી નીકળી ગયું.

"શું?" મારી બાજુમાં જ બેઠેલી રજનીએ મને પૂછ્યું.

"કંઈ નહીં..." મેં કહ્યું.

એ સીધો જ પૂરા કૉન્ફિડન્સ સાથે સાંઈબાબા પાસે ગયો. ઘૂંટણિયે બેઠો. નીચે વળીને માથું જમીન પર ટેકવ્યું. પ્રાર્થના કરી અને જઈને બીજા પુરુષો સાથે ગોઠવાઈ ગયો. નેક્સ્ટ ભજન શરૂ થયું એટલે તાળીઓ પાડીને સાથ પુરાવવા લાગ્યો.

મારું મગજ એકદમ જ એક્સાઇટ થઈ ગયું હતું. એની માને... જસ્ટ ફક હિમ... આ શું ફાલતુગીરી છે. હું શું બોલી? કોઈ ગંદો શબ્દ બોલી ગઈ? આ ભજનસંધ્યામાં બેઠાં બેઠાં ભગવાનની સામે આ હું શું બોલી ગઈ? ભલે કોઈએ સાંભળ્યું ન હોય, પણ મનોમન તો બોલીને. શું ફરક પડે છે. દેબુ જે કરી રહ્યો છે તે અભદ્ર જ તો છે.

એણે મારી સામું જોઈને સ્માઇલ આપ્યું. બ્રિજેશે પણ એ જ ટાઇમે મને સ્માઇલ આપ્યું. મેં બંનેની સામે જોઈને ફેક સ્મિત કર્યું. મારે દેબુ સાથે વાત કરવી પડવાની. પણ કેવી રીતે? મારો ફોન ક્યાં ગયો? મારો ફોન ક્યાં જતો રહ્યો?

મારી બાજુમાં રજની હતી. મેં ધીમેથી એના કાનમાં કહ્યું, "યાર, મારો ફોન ક્યાં ગયો? સવારથી જોયો નથી. હું ક્લબમાં ભૂલી તો નથી ગઈ ને?"

"રાત્રે અદિતિદીદીએ તારી પાસેથી લઈ લીધેલો, રાઇટ!"

અદિતિદીદી મારી આગળ જ બેઠી હતી. મેજન્ટા સલવાર-કમીઝ અને માથે દુપટ્ટો ઢાંકેલો. પૂરજોશમાં ભજન ગાતી હતી. કોઈ કહે નહીં કે આ બહેનબા ગઈ કાલે રાત્રે LPKમાં સની લિયોનીના બેબી ડૉલ મૈં સોને દીના સ્ટેપ્સ સાથે સ્ટેપ્સ મિલાવીને કૂલા ઉછાળી ઉછાળીને નાચતી હતી. મેં દીદીના ખભા પર ટપલી મારી.

"શું છે?" એણે પૂછ્યું.

મેં એને મારી વચ્ચેની ત્રણ આંગળી વાળીને અંગૂઠો અને ટચલી આંગળી લાંબી કરીને મારા કાન પાસે મૂકીને બીજા હાથે ઇશારો કર્યો કે મારો ફોન પાછો આપ. એણે પોતાની હૅન્ડબૅગ ફેંદીને મારો ફોન શોધ્યો.

"આ લે." એણે ફોન મારા હાથમાં મૂક્યો.

મારી બૅટરી પાંચ ટકા જ રહી ગઈ હતી. મેં બધા મેસેજ ચેક કર્યા. બ્રિજેશે ક્લબ કબાનાથી નીકળું છું અને LPK આવું છું એવા મેસેજ મોકલ્યા'તા. દેબુએ ટેક ઑફ વખતે મેસેજ મોકલ્યો'તો. ગોવામાં લૅન્ડ થયા પછી પણ એનો એક મેસેજ હતો.

'તું શું કામ અહીં ટપક્યો છે?' મેં દેબુને મેસેજ કર્યો. એ ભાઈસાહેબનું ફોનમાં ધ્યાન જ નહોતું. ભજન ગાતાં ગાતાં દિવ્ય અનુભૂતિમાં ખોવાઈ ગયો હતો. સાલો, કમાલનો માણસ છે. માંડ માંડ મેં એનું ધ્યાન મારી તરફ ખેંચ્યું. મેં એને ઇશારાથી એનો ફોન ચેક કરવાનું કહ્યું.

એણે મારો મેસેજ જોયો. જવાબમાં એણે થોડા જીભડો કાઢતા અને થોડા આંખ મારતા સ્માઇલી મોકલ્યા.

'હું પૂછું છું તું અહીં બિન બુલાયે મહેમાનની જેમ શું જખ મારી રહ્યો છે?' મેં મારો બધો

ગુસ્સો ઠાલવીને મેસેજ કર્યો.

'નાઇસ સરપ્રાઇઝ ને!' એણે નફફટ બનીને જવાબ મોકલ્યો.

'ફાલતુ વાત જવા દે, દેબુ. અહીં મારું આખું ફૅમિલી હાજર છે.'

'હા, મેં જોયા એ બધાને. છોકરાવાળાનું ફૅમિલી પણ જોયું. એને પણ જોયો. ગોલ્ડન સિલ્ક કૂર્તામાં છે. કાંડા પર કેટલા બધા લાલ ધાગાઓ બાંધી રાખ્યા છે. એ જ છે ને!'

'તું શું કામ આવ્યો, દેબુ?'

'તારી સાથે મોઢામોઢ વાત કરવી છે.'

'મારે નથી કરવી.'

'હું આટલે દૂરથી આવ્યો છું. ખાસ તારા માટે. પ્લીઝ.'

'મારો ફોન... બૅટરી નથી.'

'મને એક વાર મળી લે.'

'કેવી રીતે મળું?'

'તું જ નક્કી કર. કોઈ પણ ટાઇમે, કોઈ પણ જગ્યાએ.'

મેં સખત વિચાર કર્યો. પછી લખ્યું : 'ભજન પછી. હોટેલના જિમમાં.'

ભજન ગાયા પછી કોઈ જિમમાં જવાનું નથી. એણે થમ્સ અપ મોકલીને કન્ફર્મ કર્યું.

* * *

દેબુ બેન્ચ પ્રેસ પર બેઠો હતો. એક હાથમાં ડમ્બેલ લઈને બાયસેપ કર્લ કરતો હતો. હું એની સામે ઊભી હતી.

"તારું દિમાગ તો ઠેકાણે છે?" હું બોલી. મેં આજુબાજુ જોઈ લીધું. ભૂલેચૂકેય કોઈ ઓળખીતું આવી ગયું તો નથી. જિમમાં તે વખતે ટ્રેડમિલ પર કોઈ વૃદ્ધ ગોરો ફોરેનર અને એક જિમ ટ્રેનર સિવાય બીજું કોઈ નહોતું.

"થૅન્ક્યુ ફૉર કમિંગ, રાધિ!" દેબુએ કહ્યું "બાય ધ વે, ઑરેન્જ સાડીમાં તું એકદમ ગોર્જિયસ લાગે છે. વાઉ. જસ્ટ વાઉ!"

"બકવાસ નહીં કર. અને આ ડમ્બેલ નીચે મૂકી દે."

"અરે, યાર. નેચરલ લાગવું જોઈએ ને. કોઈને ડાઉટ ન જાય."

"તું કૂર્તા-પાજામામાં છે અને હું સાડીમાં. જિમમાં કોઈ આવે આવું પહેરીને?" મેં કહ્યું "દેબુ, તને શું થઈ ગયું છે. તું ફ્લાઇટ પકડીને છેક ન્યૂ યૉર્કથી ગોવા આવ્યો!"

"યા, ભારે જેટલેગ છે. ઍક્ચ્યુલી, બ્રેકફાસ્ટની ભૂખ લાગી છે. તું કંઈ ખાઈશ મારી સાથે?"

"મસ્તી નહીં કર. તને ખબર નથી કે મહામહેનતે હું બધાનો પીછો છોડાવીને કેવી રીતે જિમ સુધી આવી છું. લોકો ડિનર માટે મારી રાહ જોતા હશે."

"તો ચલ ને, સાથે જઈએ. મારે કંઈક ખાવું છે."

"દેબુ, આ કંઈ જોક કરવાનો ટાઇમ નથી. મારું ફૅમિલી અહીં છે. એમની ઈજ્જત મારા માટે ઇમ્પૉર્ટન્ટ છે. તું ફટ દઈને ભજનસંધ્યામાં કેમ ઘૂસી ગયો?"

"મારે પ્રાર્થના કરવી હતી. મારું મિશન સક્સેસફુલ જાય એ માટે."

"શેનું મિશન?"

"તને મારી પાસે પાછી લાવવાનું. મારા માટે અત્યારે આ દુનિયામાં જો કોઈ એક સૌથી ઇમ્પૉર્ટન્ટ વાત હોય તો તે તું છે રાધિ, તું છે!"

મારે કબૂલ કરવું જોઈએ કે ક્ષણભર મારી પાસે આનો કોઈ જવાબ નહોતો. મેં એની સામે જોયું. હજુય એ એના ટ્રેડમાર્ક જેવી બે વીકની વધેલી દાઢી રાખતો હતો. વાંકડિયા વાળ. વજન થોડું વધ્યું હતું પણ વધારે ફિટ લાગતો હતો હવે. અથવા તો જિમના વાતાવરણમાં મને એવું લાગતું હશે.

"હાઉ આર યુ, બેબી?" એણે કહ્યું.

"બેબીના બચ્ચા, ચૂપ!" હું એટલું મોટેથી બરાડી કે ટ્રેડમિલ પરના પેલા અમેરિકને મારી તરફ નજર કરીને જોઈ લેવું પડ્યું કે કંઈ ગરબડ તો નથી. મેં કહ્યું, "તને ખ્યાલ નથી કે તેં મને કેટલો ત્રાસ આપ્યો છે. જસ્ટ એક સેકન્ડમાં તેં મને તરછોડી દીધી હતી... આમ..."

"હું ઇડિયટ હતો. ચોવીસ વરસનો ઇનસિક્યોર ઇડિયટ હતો."

"અને હવે શું છે તું? અઠ્યાવીસ વરસનો સ્ટુપિડ?"

"મે બી. પણ હવે એટલી તો અક્કલ મારામાં આવી છે કે મારી જિંદગીમાં તારા સિવાય બીજું કંઈ જ મહત્ત્વનું નથી."

"વૉટ?" હું ગુસ્સે થઈ ગઈ પણ પછી તરત શાંત પડી, "ઇટ્સ ઓવર, દેબુ. વરસો થઈ ગયાં. આપણી વચ્ચે જે કંઈ હતું એ બધું પૂરું થઈ ગયું. દફનાવી દીધું. બાળી નાખ્યું. ફેંકી દીધું. પધરાવી દીધું. તું મારા ફોનનો જવાબ પણ નહોતો આપતો."

"આયમ સૉરી."

"કંઈ ફરક નથી પડતો માફીબાફીનો. હવે હું તને અહીંથી જવાનું કહું છું. જા, તારા પૅરન્ટ્સને કલકત્તા જઈને મળી આવ. ઇન્ડિયા આવી જ ગયો છે તો એક સારું કામ કરીને પાછો જા."

"ન્યૂ યૉર્ક, બેબી."

"ન્યૂ યૉર્કનું અહીં શું કામ છે?"

"ન્યૂ યૉર્કના દિવસો તને યાદ નથી આવતા? આપણી વચ્ચે મતભેદ હતા, જરૂર હતા. પણ મનભેદ નહોતો, બિલકુલ નહીં. કેટલી બધી સારી સારી મેમરીઝ છે. કેવી મજા કરી છે..."

એણે મારી આંખોમાં જોયું. એની આંખોમાં ભારોભાર દર્દ હતું. મારી જિંદગીમાં કોઈ મારા માટે અડધી દુનિયા ટ્રાવેલ કરીને મને મળવા આવ્યું હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો. બાકી હું ક્યાં કોઈના માટે લવેબલ પણ હતી. આટલી મહેનત ને ઉજાગરા પછી કોઈ મળવા આવે ત્યારે તમે એની સામે કેટલી ચિલ્લાચિલ્લી કરી શકો?

"તું એ બધું જ ભૂલી ગઈ, બેબી?" એણે ફરીથી કહ્યું.

"ના, દેબુ. હું કશું જ નથી ભૂલી." મેં કહ્યું. મારા અવાજમાં કુમાશ હતી, ભીનાશ હતી.



ન્યૂ યૉર્ક
ચાર વર્ષ પહેલાં

5

"બે-ગલ્સ. એ લોકો એનો ઉચ્ચાર આવો કરતા હોય છે. સ્પેલિંગ થાય બી-એ-જી-ઈ-એલ-એસ" એઇટી ફાઇવ, બ્રોડ સ્ટ્રીટના ગોલ્ડમન સાક્સના વર્લ્ડવાઇડ હેડક્વાર્ટર્સના બ્રેકફાસ્ટ કાઉન્ટર પર અવિનાશ મને સમજાવી રહ્યો હતો.

અવિનાશ મારો IIM-Aમાં બૅચમેટ હતો અને એને પણ ગોલ્ડમન સાક્સમાં જૉબ મળી હતી. એમબીએ કરતાં પહેલાં એણે ઇન્ડિયાની બહાર કામ કર્યું હતું. અમેરિકા વિશે એ મારા કરતાં ઘણું વધારે જાણતો હતો. એણે એક ડોનટ શેપની બ્રેડ લીધી, એને પ્લાસ્ટિકની નાઇફથી આડી કાપી અને વચ્ચે ચીઝ લગાવ્યું.

"બૅગલ ઍન્ડ ક્રીમ ચીઝ, ક્લાસિક કૉમ્બો." એણે કહ્યું.

"થૅન્ક્સ, અવિનાશ," હું બોલી. IIM-Aમાં ગોલ્ડમન સાક્સના ઇન્ટરવ્યૂ વખતે પણ મેં તો સાડી જ પહેરી હતી. આજે નોકરીના પહેલા દિવસે લાઇફમાં પહેલીવાર વેસ્ટર્ન-સ્ટાઇલ ઑફિસ સૂટ પહેરીને હું આવી હતી. એટલી અન્કમફર્ટેબલ હતી કે અવિનાશે આપેલી બૅગલની પ્લેટ, મારી હૅન્ડબૅગ, મારી અમ્બ્રેલા અને મારી સેન્સીસ – બધું જ ફમ્બલ થઈ રહ્યું હતું.

આ સ્કર્ટ બહુ ટાઇટ છે? મને વિચાર આવ્યો. આમાં મારી બમ બહુ મોટી દેખાય છે? મારા વાળની સ્ટાઇલ ઠીક છે? મને જાતજાતના વિચારો સતાવી રહ્યા હતા.

આખી દુનિયામાંથી બસો ફ્રેશ રિક્રુટ્સ આવ્યા હતા. દસ વીકના અસોસિયેટ ટ્રેનિંગ પ્રોગ્રામ માટે અમારે બધાએ સવારના સાડા સાતે રિપૉર્ટ કરવાનું હતું. ક્વિક બ્રેકફાસ્ટ પછી તરત ક્લાસ અને સાંજે સાડા છ વાગ્યે રામાયણ પૂરી થાય.

કૉર્પોરેટ ફાઇનાન્સ, ઇક્વિટીઝ અને ડિસ્ટ્રેસ્ડ ડેટ જેવા અલગ અલગ ડિપાર્ટમેન્ટ્સના પાર્ટનર્સ અને સિનિયર ઍમ્પ્લોઇઝ અમારી સેશન્સ લેતા અને પોતપોતાના ગ્રુપમાં શું શું થઈ રહ્યું છે તેનો ચિતાર આપતા. 20,000નો ટોટલ સ્ટાફ ધરાવતી આ કંપનીમાં બસો જેટલા પાર્ટનર્સ હતા જે સિનિયર-મોસ્ટ પોઝિશન પર ગણાતા. એ લોકોનો કંપનીમાં શૅર હોય. ખૂબ કમાણી કરે. એમનું ઍન્યુઅલ કૉમ્પેન્સેશન દર વર્ષે અમુક કરોડ ડૉલર જેટલું થતું.

"ગોલ્ડમન સાક્સના બિઝનેસ પ્રિન્સિપલ્સનાં પાનાં ખોલો," ગૅરી કોલ્બર્ટ નામનો સિનિયર પાર્ટનર અમને કહી રહ્યો હતો. ગોલ્ડન ચશ્માંમાં એ કોઈ રિચીરિચ ગ્રાન્ડફાધર જેવો લાગતો હતો. ગોલ્ડમનને એના 14 બિઝનેસ સિદ્ધાંતો પર ઘણું ગુરૂર હતું.

"લૉન્ગ ટર્મ ગ્રીડ," ગૅરી બોલ્યો, "પ્રિન્સિપલ્સની એ લાઇન વાંચો. આપણે અહીં એ જ ગોલ રાખીએ છીએ."

ગ્રીડ. લોભ. લાલચ અને ઇન્વેસ્ટમૅન્ટ બૅન્કિંગ. આ બંને એકબીજાના ટ્વિન બ્રધર્સ જેવા છે. ગોલ્ડમન ઑનેસ્ટલી આ વાત ઍડમિટ કરે છે. ફક્ત આ લાલચને થોડીવાર રોકી રાખવામાં અમને કોઈ વાંધો નથી. જેટલી ધીરજ વધારે એટલું વળતર પણ વધારે. સમજોને કે ધીરજનાં ફળ મીઠાં. ગૅરી પાંત્રીસ વર્ષ પહેલાં ગોલ્ડમનમાં જોડાયો હતો. તે વખતે ઑપરેશન્સ આસિસ્ટન્ટ હતો. સાડા ત્રણ દાયકાની યાત્રાને યાદ કરતાં એ બોલી રહ્યો હતો,

"ગોલ્ડમનમાં બધાએ ગધેડાની જેમ હાર્ડ વર્ક કરવું પડે છે. એમાં કોઈ અપવાદ નથી. જો તમારે નિરાંતની જિંદગી જીવવી હોય, ટેન્શન ફ્રી રહેવું હોય તો બીજે નોકરી શોધી લેજો." ગૅરી બોલતો હતો. વેલ, મારા માટે તો હવે બીજે જૉબ શોધવા માટે બહુ મોડું થઈ ચૂક્યું હતું. હું ઑલરેડી ન્યૂ યૉર્ક આવી ગઈ હતી. ટ્રેનીઝ પાસેથી અહીંની હૉરર સ્ટૉરીઝ સાંભળવા મળતી.

કેવી રીતે નવા ઍસોસિયેટ્સે રાતોની રાતો ઑફિસોમાં પડ્યા પાથર્યા રહેવું પડતું, ઑફિસના સોફા પર લાંબા થઈને સૂઈ જવું પડતું.

અમારી ટ્રેનિંગના બે અઠવાડિયાં પછી એક દિવસ અવિનાશે આવીને મને કહ્યું,

"ન્યૂ યૉર્કમાં મારા ઇન્ડિયન ફ્રેન્ડ્ઝનું એક ગ્રુપ છે. આજે રાત્રે અમે લોકો ડ્રિન્ક્સ પર મળીએ છીએ. આવવું છે તારે?"

"મારે મર્જર મૉડલ સ્પ્રેડશીટનું કામ પૂરું કરવાનું છે." મેં કહ્યું.

"તું હજુ પણ મગ્ગુની મગ્ગુ જ રહી." અવિનાશે કહ્યું. IIM-Aમાં મારી રેપ્યુટેશન એવી જ હતી. ત્યાં જે સ્ટુન્ડટ આખો દિવસ મગ અપ જ કર્યા કરે, રટ્ટો માર માર કરે, ભણેશરી હોય એને મગ્ગુ કહેતા.

હું જોકે, અવિનાશ આગળ જુઠ્ઠું બોલી હતી. મારી હેરકટ માટેની ઍપૉઇન્ટમૅન્ટ હતી. ન્યૂ યૉર્ક આવી ગયા પછી મેં નક્કી કર્યું હતું કે મારે મારો સ્ટુડિયસ, અનફૅશનેબલ લુક બદલી કાઢવો છે. મારા ક્લાસની એક ઍસોસિયેટ ટ્રેઇનીના સરસ શોલ્ડર લેન્થના વેવ્સવાળા વાળ હતા. મારે એવા જ કરાવવા હતા. એણે થર્ટી સેકન્ડ સ્ટ્રીટની એક સલોંમાં મારું બુકિંગ કરાવી આપ્યું હતું.

અફકોર્સ, અવિનાશને હું ક્યાંથી કહું આ વાત. મગ્ગુ રાધિકા હેર સ્ટાઇલ કરાવવા જાય? એ મારી મજાક ઉડાવવાનું ચાલુ કરી દે. વાત ઊડતી ઊડતી મારા બૅચના બધા IIM-Aના ગ્રુપ્સ સુધી પહોંચી જાય.

"તું ન્યૂ યૉર્કમાં છે. જરા જલસા કરવાનું શીખી જા." અવિનાશે કહ્યું.

"તમે લોકો ક્યાં મળવાના છો?"

"વ્હિસ્કી બ્લ્યુમાં. બેન્જામિન હોટેલ છે ને, જ્યાં તું રહે છે, એની સામે એક ડબ્લ્યુ નામની હોટેલ છે. એના બારમાં."

આ દુનિયામાં કેટલાક પ્રૉબ્લેમ્સ છે ને તે ખાલી છોકરીઓએ જ સહન કરવાના. દાખલા તરીકે સાંજે બારમાં જવા માટે પહેરવાનો કોઈ પ્રૉપર ડ્રેસ ન હોવો.

મેં કહ્યું, "મારું નક્કી નહીં, હું આવીશ કે નહીં."

"શું – આવીશ કે નહીં! આવી જજે, મગ્ગુ!" એ બોલ્યો.

* * *

બનાના રિપબ્લિક એક એવી દુકાન છે જ્યાં મારા જેવી, શૉપિંગને ત્રાસ ગણતી હોય એવી રેર બ્રીડની ગર્લ્સને, ઝાઝું દિમાગ લડાવ્યા વિના તરત ડ્રેસ ખરીદવા મળી જાય.

"હાય, મિસ. ગૉડ, તારી સ્કિનનો કલર એકદમ ગૉર્જિયસ છે." કોઈ આફ્રિકન-અમેરિકન સેલ્સ ગર્લે મને વેલકમ કરતાં કહ્યું. હું મનોમન બોલી : મારી માને જઈને કહે જા. એને આખી રાત એ જ ચિંતામાં ઊંઘ નથી આવતી કે મારી જેવી ઘઉંવર્ણીને પરણશે કોણ?

"મારે થોડા મિત્રો સાથે ડ્રિન્ક્સ માટે જવાનું છે." હું બોલી, "અને મને શૉપિંગ કરવાનો ભારે કંટાળો છે. મને હેલ્પ કરીશ?"

તમને કોઈ વાતમાં કશી ગતાગમ પડતી ના હોય તો બેસ્ટ એ છે કે કબૂલ કરીને સરેન્ડર થઈ જાઓ. મારી જિંદગીમાં મેં જો કોઈ શૉપિંગ કર્યું હોય તો તે માત્ર ટેક્સ્ટબુક્સનું.

"શ્યૉર, હું તને હેલ્પ કરું છું." કહીને શૉપ આસિસ્ટન્ટ લેસનો એક નેવી બ્લ્યુ ડ્રેસ લેતી આવી. મને બરાબર ફિટ થતો હતો, પણ મારા ઘૂંટણથી ઑલમોસ્ટ એક વેંત ઉપર હતો.

"બહુ શૉર્ટ છે ને?" મેં કહ્યું.

"બિલકુલ નહીં. અત્યારે સમર છે. યુ લુક લવલી." એ બોલી. આવું બોલવા માટેનો જ તો એને પગાર મળતો હતો, છતાં મને સાંભળીને સારું લાગ્યું.

"મારે હિસાબે તારે લેગ્સ વૅક્સ કરાવી લેવા પડશે." એણે કહ્યું.

આઉચ! શું બોલી તું? મેં મનોમન કહ્યું.

"સિવાય કે તને નેચરલ લુક પસંદ હોય." સેલ્સગર્લે પોતાની ભૂલ સુધારી લીધી. ટિપિકલ અમેરિકન પૉલિટિકલ કરેક્ટનેસનું એ આદર્શ સેમ્પલ હતી.

* * *

નવ વાગ્યે હું વ્હિસ્કી બ્લ્યુમાં દાખલ થઈ. એકદમ આલીશાન બાર અને લાઉન્જમાં લેધર સોફા. ડિમ લાઇટિંગ હતું. અવિનાશે મને પહેલાં નોટિસ કરી.

"હે, તું બહુ મોડી આવી." એણે કહ્યું અને ઉમેર્યું, "વાઉ!"

"શું?"

"તારો ડ્રેસ. એક સેકન્ડ તો મેં તને ઓળખી જ નહીં!"

આ તારું વાઉ 'ઓહ માય ગૉડ, તું કેવી મસ્ત લાગે છે' ટાઇપનું હતું કે પછી 'વૉટ ધ ફક આર યુ વેરિંગ' ટાઇપનું હતું? હું એને પૂછું એ પહેલાં જ એણે બીજા લોકો સાથે મને ઇન્ટ્રોડ્યુસ કરાવવાનું શરૂ કરી દીધું.

"આ રુચિ, આશિષ, નિધિ, રોહન અને આ અમારો ડ્રીમર ફિલૉસૉફર દેબુ," અવિનાશે કહ્યું, "અને આ છે રાધિકા, મિત્રો. માય બૅચમેટ ફ્રોમ IIM-A, ટૉપની રટ્ટાબાજ અને હવે ગોલ્ડમન સાક્સમાં – મારી જેમ!"

ફક યુ, અવિનાશ. હું મનોમન બોલી.

"એ રટ્ટાબાજ જેવી લાગતી નથી." દેબુએ કહ્યું અને ખસીને મારા માટે જગ્યા કરી આપી.

અમે લોકો બે સોફા રોકીને બેઠાં હતાં. એક પર રુચિ, આશિષ અને નિધિ હતાં. સામેના સોફા પર રોહન, અવિનાશ, દેબુ, હું હતા. વેઇટર મારો ઑર્ડર લેવા આવ્યો.

"હું બહુ પીતી નથી." મેં કહ્યું.

"વાંધો નહીં. આ લોકો ઍટ અ ટાઇમ એક જ ગ્લાસ સર્વ કરે છે." દેબુ બોલ્યો. હું હસી.

એણે મારી આંખોમાં જોયું. દાઢી, વિખરાયેલા વાળ, ફિલૉસૉફર જેવો જ લાગતો હતો એ.

"વાઇન?" એણે પૂછ્યું "ઇટ્સ લાઇટ."

"શ્યૉર," મેં કહ્યું.

"અ ગ્લાસ ઑફ શિરાઝ ફૉર ધ લેડી." દેબુએ વેઇટરને કહ્યું. અત્યાર સુધી કોઈ કરતાં કોઈએ મારા માટે શિરાઝનો ઑર્ડર આપ્યો નહોતો. પાછળથી મને ખબર પડી કે એ ટાઇપની દ્રાક્ષ હોય છે. કોઈ કરતાં કોઈએ મારા માટે લેડીનું સંબોધન પણ હજુ સુધી કર્યું નહોતું.

"ચિયર્સ," અમારાં ડ્રિન્ક્સ આવી ગયાં એટલે દેબુએ કહ્યું.

બધાએ પોતપોતાના ગ્લાસ ઉપર કર્યા. દેબુ બોલ્યો, "ટુ ધ ફ્રેશ – ઑફ્ફ – ધ – બોટ પીપલ, અવિનાશ, રોહન અને રાધિકા. વેલકમ ટુ ધ યુએસએ, વેલકમ ટુ ન્યૂ યૉર્ક."

ધીરે ધીરે મને બાકીનાઓ વિશે ખબર પડી ગઈ. રોહન IIM– કલકત્તાથી આવ્યો હતો. એ મોર્ગન સ્ટેન્લીમાં હતો. નિધિ અને અવિનાશ એકબીજાને ડેટિંગ કરતાં હતાં. બંને જણ બે

વર્ષથી મેરિલ લિન્ચમાં સાથે હતાં.

એક તબક્કે બીજાં બધાં એકબીજાં સાથે વાતોમાં પરોવાયેલાં હતાં ત્યારે દેબુએ મારી તરફ જોઈને કહ્યું,

"ગોલ્ડમન સાક્સ, હં! કાફી મોટું કામકાજ છે એ લોકોનું. મઝા આવે છે કામ કરવાની?"

"ચાલે," મેં કહ્યું, "હું તો હજુ ટ્રેનિંગમાં છું. મોટા ભાગનું તો મને બમ્પર જાય છે. તું શું કરે છે? તું પણ કોઈ બૅન્કમાં છે?"

દેબુ હસ્યો. "બિલકુલ નહીં. એવી આંકડાબાજી મને પલ્લે ના પડે. હું બી.બી.ડી.ઓ.માં છું. મેડિસન એવન્યુમાં ઍડ્વર્ટાઇઝિંગ એજન્સી છે."

"ધૅટ ઇઝ કૂલ!" મેં કહ્યું.

"થોડી ઘણી પણ ક્રિયેટિવ કરિયર બની શકે એવી એક આ જગ્યા મને મળી."

"તું ક્યાંનો છે?"

"કલકત્તાનો. પછી દિલ્હી એસ.આર.સી.સી.માં ભણ્યો. પછી અહીં આવીને માસ્ટર્સ કર્યું."

એ આગળ બોલવા જતો હતો પણ મેં એને વચ્ચેથી જ કાપ્યો,

"દિલ્હીની શ્રીરામ કૉલેજ ઑફ કૉમર્સ? તું એસ.આર.સી.સી.માં કયા બૅચમાં હતો?"

"ત્રણ વર્ષ પહેલાં ગ્રૅજ્યુએટ થયો."

"વૉટ? તું મારાથી એક બૅચ સિનિયર હતો!"

અમને બંનેને રિયલાઇઝ થયું કે સેમ કૉલેજમાં જ હોવા છતાં અમે બંને ક્યારેય એકબીજાને મળ્યાં નહોતાં, એકબીજાને જોયાં પણ નહોતાં.

"સૉરી, મને યાદ નથી મેં તને ક્યારેય જોયો હોય કૉલેજમાં." મેં કહ્યું.

"એમાં તારો કોઈ વાંક નથી. મારી ક્રિયેટિવિટીને સપૉર્ટ કરવાનું બહાનું કાઢીને હું આખો વખત ચરસ પીને પડ્યો રહેતો."

"અને હું આખો વખત ભણ્યા કરતી, એટલે તેં મને ન જોઈ હોય એમાં તારો પણ કોઈ વાંક નથી!"

અમે બંને હસી પડ્યાં. મારો હાથ લાગવાથી થોડો વાઇન મારા પગ પર ઢોળાયો. એણે મને ટિશ્યુઝ ઑફર કર્યાં. અંધારામાં પણ મેં માર્ક કર્યું કે એની નજર મારા પગ તરફ ગઈ હતી.

ઓહ, તો છોકરાઓ આ રીતે ગર્લ્સને ચેક કરતા હશે. થૅન્ક ગૉડ કે અંધારું હતું. મારે બને એટલું જલદી વૅક્સિંગ માટે ઍપૉઇન્ટમૅન્ટ લઈ લેવી પડશે.

"તારું રહેવાનું ક્યાં છે?" દેબુએ પૂછ્યું.

"અહીં સામે જ. બેન્જામિન હોટેલમાં. ટ્રેનિંગ છે એટલા જ દિવસ પૂરતું. પછી જલદી કોઈ અપાર્ટમેન્ટ શોધવો પડશે."

એણે સિગરેટ સળગાવી. મને ઑફર કરી. મેં ના પાડી.

"એક વાત કહું તને?" એણે પૂછ્યું.

"શ્યૉર."

"આ તારો ડ્રેસ બહુ સરસ છે."

"ઓહ, થૅન્ક્સ," મેં કહ્યું. એક તો વાઇન અને ઉપરથી આ કૉમ્પ્લીમેન્ટ્સ. મને નશો ચડી ગયો.

"પણ જો તારી હા હોય તો હું એના પરથી આ પ્રાઇસ ટૅગ કાઢી નાખું. સિક્સ્ટી નાઇન, નાઇન્ટી ફાઇવ. સારી ખરીદી છે." એણે કહ્યું અને મારા ડ્રેસની પાછલી બાજુએ હજુય દેખાતા

પ્રાઇસ ટૅગ તરફ આંગળી ચીંધી.

મારા ચહેરાનો કલર બદલાઈને રેડ વાઇનની સાથે મૅચ થાય એવો થઈ ગયો. જિંદગીમાં આટલી બધી ભોંઠી હું ક્યારેય નથી પડી.

"અથવા તો જો તારે ડ્રેસ પાછો આપવાનો હોય તો ટૅગ નહીં કાઢતી! યુએસની રિટર્ન પૉલિસી ઘણી સારી હોય છે." દેબુએ કહ્યું.

મેં જેમતેમ કરીને મારી પીઠ પર લટકતો ટૅગ શોધ્યો. એ હસ્યો. એણે ટેબલ પરથી કટલરી નાઇફ ઉપાડી અને ટૅગ કટ કરી આપ્યો.

"વૉટ્સ અપ, ગાય્ઝ?" દેબુને મારી પીઠ પાછળ કંઈક કરતાં જોઈને અવિનાશે પૂછ્યું.

"કંઈ નહીં? મને આનો ડ્રેસ ગમી ગયો. જોતો હતો કે કઈ બ્રાન્ડનો છે?" દેબુ બોલ્યો.

"તમે ઍડ્વર્ટાઇઝિંગવાળા આવી બધી વાતોમાંથી ઊંચા જ નહીં આવવાના." અવિનાશે કહ્યું.

ડ્રિન્ક્સ પછી બધાએ નક્કી કર્યું કે રેય'ઝ જઈએ. પિત્ઝા ફેમસ છે ત્યાંના.

"તને કેવું ખાવાનું ભાવે?" દેબુએ પિત્ઝાની એક સ્લાઇસ ખાતાં પૂછ્યું.

મને કોઈ ફેવરિટ ફુડ જેવું હતું નહીં. અને ઇન્ડિયન ફુડ ભાવે એવું તો બોલતી જ નહીં. બિલકુલ જુનવાણી લાગે.

"ચાઇનીઝ," મારા મોઢામાંથી નીકળી ગયું.

"મને એક ગ્રેટ ચાઇનીઝ જોઇન્ટની ખબર છે. તને મઝા આવશે ત્યાં... તારે જમવું છે ત્યાં?"

એણે મને ડેટ માટે ઇન્વાઇટ કરી કે શું? હજુ સુધી કોઈએ મને આ રીતે ઇન્વાઇટ નથી કરી. થૅન્ક્યુ, બનાના રિપબ્લિક. ઓહ, મે બી, એણે ખાલી મને હેલ્પફુલ થવા માટે જ કહ્યું હશે. એ કદાચ મને એમ કહેવા માગતો હશે કે તને જો ક્યારેક ચાઇનીઝ ખાવાનું મન થાય તો ત્યાં એકલી જઈને ખાઈ આવજે. એ એવું જ કહેવા માગતો હતો?

એ મારી સામું જોઈ રહ્યો હતો. મારા જવાબની રાહ જોતો. કંઈક તો બોલ, રાધિકા.

"હં? યા. વ્હાય નૉટ! મને એડ્રેસ આપજે ને. એ લોકો હોમ ડિલિવરી..."

"મારી સાથે જમવું છે ત્યાં – એમ પૂછું છું."

"ઓહ," મેં કહ્યું. અને હું ચૂપ થઈ ગઈ. બીજું કંઈક બોલ, સ્ટુપિડ ગર્લ.

"હા. જસ્ટ તું અને હું." દેબુ કહી રહ્યો હતો.

મારું હાર્ટ જોરથી ધડકવા લાગ્યું. લોકો આને જ ડેટિંગ કહેતા હોય છે ને. કે પછી મારે એની સાથે ક્લેરિફાય કરી લેવું જોઈએ.

"ઓકે," મેં કહ્યું અને પછી લાંબો શ્વાસ છોડીને કહ્યું, "જઈશું આપણે."

"નેક્સ્ટ ફ્રાઇડે?" એણે પૂછ્યું. મારા મનમાં એક પછી એક વિચારો સામસામે અથડાવા માંડ્યા. એ બહુ ફૉર્વર્ડ છે નહીં? વેઇટ, એને ટાઇમ તો નક્કી કરી લેવા દે. નહીં તો પછી નક્કી કેવી રીતે થશે? હું હા કહીશ તો ચીપ અને ડેસ્પરેટ લાગીશ? એ શું એમ વિચારશે કે હું એકદમ ચાલુ ચીજ છું? છોકરીઓએ આ દુનિયામાં કેવી રીતે રહેવું ને કેવી રીતે નહીં એની ગાઇડ આવતી હોય તો કોઈ મને કહેશો કે એ ક્યાં મળે?

"ફ્રાઇડે?" મેં કહ્યું. અને પછી હું ચૂપ થઈ ગઈ. સાવ ડોબી જ છું. એ વિચારતો હશે કે ગોલ્ડમને મને કેવી રીતે નોકરીએ રાખી.

"યા, વીકએન્ડ. બીજે દિવસે ઑફિસ પણ નહીં," એણે કહ્યું. એનો અવાજ જરા અન્કમફર્ટેબલ થઈ ગયો. એ બિચારો સમજી શક્તો નહોતો કે હું એને ઍવોઈડ કરી રહી હતી કે પછી સાવ ઇડિયટ જેવી હતી.

"ઓકે." મેં કહ્યું. કહેતી વખતે સાત મણ વજન ઊંચકી લીધું હોય એવો મને થાક લાગ્યો.

"કૂલ. હું તને ટાઇમ અને ઍડ્રેસ મેસેજ કરીશ."

"શ્યૉર." મેં કહ્યું.

"પણ મારી પાસે તારો નંબર નથી."

"ઓહ, અફકોર્સ. હું તને આપું છું." મેં કહ્યું.



6

'ડિસ્ટ્રેસ્ડ ડેટ : સ્પેશ્યલ સિચ્યુએશન્સ ગ્રુપ' પ્રોજેક્શન સિસ્ટમની સ્લાઇડમાં લખ્યું હતું. અસોસિયેટ ટ્રેનિંગ ક્લાસમાં પિન ડ્રોપ સાઇલન્સ હતી. ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાં જોઇન થવાની લાયકાત મેળવવી એ ગોલ્ડન સાક્સમાં અઘરામાં અઘરું કામ ગણાતું. વરસમાં હાર્ડલી એક કે બે જણને આ ગ્રુપમાં લેવામાં આવતા. જે લોકો આ ગ્રુપમાં જોડાઈ શકતા એમને સૌથી જલદી પ્રમોશન્સ અને બેસ્ટ બોનસ મળતા.

દરેક જણ આ પ્રેઝન્ટેશનની રાહ જોઈ રહ્યું હતું.

"ગુડ મૉર્નિંગ, એવરીવન," સ્ટેજ પર ઊભા રહેલા સ્પીકર બ્રિટિશ ઍક્સેન્ટમાં કહ્યું : "આય એમ નીલ ગુપ્તા, પાર્ટનર ઍટ ધ સ્પેશ્યલ સિચ્યુએશન્સ ગ્રુપ ઇન ધ હૉંગકૉંગ ઑફિસ."

મેં મારી ડેસ્ક પરથી એના તરફ જોયું. છ ફીટ ઊંચો, લીન અને મસ્ક્યુલર માણસ હતો. ચહેરો જોયો. હાય ચીકબોન્સ. ચામડીનો કલર લાઇટ બ્રાઉન. એના કાળા વાળમાં ઝડપભેર સફેદી પ્રસરી રહી હતી, છતાં અત્યારે સફેદ કરતાં કાળા વધારે હતા. એણે ક્રિસ્પ વ્હાઇટ શર્ટ અને પિનસ્ટ્રાઇપ્ડ નેવી બ્લ્યુ સૂટ સાથે મૅચિંગ ટાઇ પહેર્યાં હતાં.

"ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપ વિશે હું તમને અછડતો ખ્યાલ આપીશ. ગોલ્ડમન સાક્સમાં કામ કરવા માટે આનાથી વધારે ઍક્સાઇટિંગ જગા બીજી કોઈ નથી."

મારી બાજુમાં ચાર અમેરિકન છોકરીઓ બેઠી હતી : મૅગી, એન્જેલા, જેસિકા અને કૅરોલિન. એકબીજાની સામે જોઈને 'કેટલો હોટ છે, નહીં.' એવા ઇશારા કરતી હતી.

એ જો પાર્ટનર ન હોત તો એક્સપેન્સિવ ઘડિયાળ ખરીદતી સેલિબ્રિટીવાળી ઍડનો મૉડલ હોત.

"હી ઇઝ ગૉર્જિયસ," મારી પાછળવાળી ગુસપુસ કરતી હતી.

ફોકસ, રાધિકા, તારું ધ્યાન ક્યાં છે? એણે નેક્સ્ટ સ્લાઇડ બતાવી.

સ્લાઇડમાં કોઈપણ બિઝનેસ કયા કયા તબક્કામાંથી પસાર થાય છે એની વાત હતી. બિઝનેસ સ્ટાર્ટ અપના સ્ટેજ પર હોય ત્યાંથી શરૂ કરીને ગ્રોથ, મૅચ્યોરિટી, ડિક્લાઇન અને ડિમાઇસના સ્ટેજ રહેવાના.

"એન્જલ ફન્ડ્સ, વેન્ચર કૅપિટલ અને પ્રાઇવેટ ઇક્વિટી. આ લોકો જે કંપનીઓ હજુ શરૂ થઈ હોય કે ગ્રો થતી હોય એમને મદદ કરતા હોય છે. ક્લિનિકલ ટર્મ્સમાં તમે એમને મેટર્નિટી વૉર્ડ કહી શકો!"

એણે સ્લાઇડ જોવા માટે અમારા તરફ પીઠ ફેરવી. બધી છોકરીઓએ એકબીજા તરફ લુક આપ્યો. હૉંગકૉંગ ઑફિસની છોકરીઓ પોતાને એકસ્ટ્રા લકી માનતી હતી. આવો હન્ક એમની ઑફિસમાં હતો.

નીલ આગળ બોલતો ગયો, "એની સામે આપણે લોકો ડેથ વૉર્ડમાં કામ કરીએ છીએ. આપણે ત્યારે જ પિક્ચરમાં આવીએ છીએ જ્યારે કોઈ કંપની ફેઇલ ગઈ હોય, જ્યારે આકરામાં આકરાં પગલાં લેવાની જરૂર પડે અથવા..."

'અથવા' બોલ્યા પછી એણે થોડીક સેકન્ડની નાટકીય ખામોશી રાખી અને બોલ્યો, "અથવા તો કંપનીને વેન્ટિલેટરમાંથી બહાર કાઢવાની હોય અથવા લિક્વિડેટ કરી નાખવાની હોય અને બંધ કરી દેવાની હોય. શું માનો છો તમે લોકો, આ કામ કેટલું આસાન હોવાનું?"

એ ક્લાસમાં ટહેલતાં ટહેલતાં બરાબર મારી પાસે આવીને ઊભો રહી ગયો. એકદમ

મઘમઘ થતો હતો. એનું પરફ્યુમ એવું ઍક્ઝોટિક હતું કે તમને થાય કે હજુ વધારે નજીક જઈને એને સૂંઘી લઈએ.

"યુ, યંગ લેડી. તને શું લાગે છે? ફૅક્ટરીઓને તાળાં મારીને ત્યાં કામ કરતા લોકોને નોકરીમાંથી કાઢી મૂકવાનું કામ આસાન હોવાનું?"

હું ચોંકી ગઈ. દુનિયાભરમાંથી ગોલ્ડમન સાક્સના આ ટ્રેનિંગ ક્લાસમાં લોકો આવ્યા છે. એ બધામાંથી મને જ સવાલ પૂછવામાં આવ્યો. જવાબમાં હું કંઈક લોચો મારીશ તો? મારી દિલ્હીછાપ અંગ્રેજી પર લોકો હસાહસ કરી મૂકશે તો?

હું નર્વસ થઈને ઊભી થઈ.

"સિટ ડાઉન, યંગ લેડી." નીલે કહ્યું. "બેઠાં બેઠાં જ જવાબ આપ. ક્યાંથી આવે છે?"

"ઇન્ડિયા, સર."

"આહ, હું પણ ત્યાં જ મોટો થયો. દસ વર્ષનો થયો ને ફૅમિલી
યુ. કે. આવી ગયું. ઍની વે, તો બિઝનેસ બંધ કરવો જોઈએ એવું તું કયા સ્ટેજ પર રેકમેન્ડ કરશે?"

"જ્યારે બીજા બધા ઑપ્શન્સ ખૂટી પડે ત્યારે. જ્યારે ધંધો ચાલુ રાખીને ગાયને દોહીને કૂતરીને પીવડાવવાનો વખત આવે ત્યારે. જ્યારે બધી જ આશા મરી પરવારે ત્યારે... આય થિન્ક."

"બધી આશા મરી પરવારે ત્યારે... નાઇસ વે ટુ પુટ ઈટ. પણ એવું થાય ત્યારે દિલ તૂટી ન જાય? માણસ નાસીપાસ ના થઈ જાય?"

હું ચૂપ રહી. એ આગળ જતો રહ્યો.

"મરી ગયેલા માણસની અંતિમક્રિયા કરવી પડે, એમને દફનાવી દેવા પડે એમાં શું આપણે કૉફિન બનાવનારાનો વાંક કાઢીશું, કબર ખોદનારા એના મોત માટે જવાબદાર છે એમ કહીશું? માણસ મરી જાય તો આ બધી ક્રિયા કોઈકે તો કરવાની જ છે. એક રીતે જોઈએ તો આપણે ઘોરખોદિયા છીએ, આય મીન અન્ડરટેકર્સ..."

એની ઉપમા ગમે એટલી ડરામણી અને બિહામણી લાગે પણ એને લીધે એની વાત મગજમાં એકદમ સ્પષ્ટ થઈ જતી હતી. આને કારણે ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપની બદનામી પણ થતી અને અમુક પ્રકારનું ઍક્સાઇટમેન્ટ પણ એની સાથે જોડાઈ જતું. નીલે હવે પછી જે કહ્યું એને કારણે વાત ઘણી સાફ થઈ.

"અહીં જોડાયાના બાર વર્ષમાં હું પાર્ટનર બન્યો. કંપનીના બીજા ડિપાર્ટમેન્ટમાં હોઈએ તો સહેલાઈથી વીસ વર્ષ કે એથી પણ વધારે સમય લાગે. બીજાં ગ્રુપ્સમાં વાઇસ પ્રૅસિડેન્ટ્સને જેટલું રેમ્યુનરેશન મળે છે એટલું અહીં તો અસોસિયેટને મળી રહે છે. ઍક્ઝેટલી કેટલું એ તો હું ફોડ પાડીને કહી શકું એમ નથી, પણ જો તમે આ ગ્રુપમાં જોડાયેલા રહેશો તો આજે નહીં તો આવતી કાલે ખૂબ, અને ખૂબ એટલે ખૂબ, પૈસાદાર બની જવાના."

ગોલ્ડમન સાક્સમાં કોણ કેટલું કમાય છે એની વાતો જાહેરમાં ક્યારેય કરવામાં આવતી નહીં. આમ છતાં કંપનીમાં જે લોકો કામ કરતા એ લોકોનો એકમાત્ર ઉદ્દેશ એક જ રહેતો – વધુ ને વધુ પૈસા કમાવવા. ટ્રેઇનીઝ ગુસપુસ કરતા કે નીલ પાસે કંપનીના કેટલા શેર્સ છે એ એમણે ઇન્ટરનેટ પરથી શોધી કાઢ્યું છે. ગોલ્ડમન સાક્સના 30 મિલિયન ડૉલર્સના શેર્સ એની પાસે હતા. આ માહિતીને કારણે એની ઓલરેડી સેક્સી ઇમેજમાં કેટલો વધારો થયો હશે, કલ્પના કરો!

એની સેશન પૂરી થઈ અને અમે સૌએ જોરદાર તાળીઓથી એને માન આપ્યું. જતાં પહેલાં એણે એક ફાઇનલ અનાઉન્સમેન્ટ કર્યું,

"આ ગ્રુપમાં બહુ ઓછી જગ્યા ખાલી છે. જેમને ઇન્ટરેસ્ટ હોય એ ટ્રેનિંગ કોઑર્ડિનેટરને એપ્લાય કરે. અમે એમાંથી પસંદગી કરીને તમને જણાવીશું." પછી મારી તરફ જોતાં બોલ્યો, "ડુ ટ્રાય. ઇટ વિલ બી વર્થ ઇટ."

એણે મને એપ્લાય કરવાનો ઇશારો કર્યો! એને મારો જવાબ ગમ્યો હતો? મારો ફોન બઝ થયો. દેબુનો મેસેજ હતો.

'તાઓ રેસ્ટોરાં. ફિફ્ટી એઇટ્થ સ્ટ્રીટ અને પાર્ક એવેન્યુની વચ્ચે. એઈટ પી.એમ. ઓકે?'

હાઈલા, હું તો ઑલમોસ્ટ ભૂલી જ ગઈ હતી. મારે આજે ડેટ પર જવાનું છે. એ ડેટ હશે કે ખાલી 'ચાઈનીઝ રેસ્ટોરાંમાં જમવાનું' હશે, ભગવાન જાણે. જે હોય તે. મારે ત્યાં જતાં પહેલાં એક મોસ્ટ ઇમ્પૉર્ટન્ટ જગ્યાએ જવાનું હતું. વૅક્સિંગ કરાવવા.

* * *

"ઓહ, ઓહ, ઓહ... જરા ધીમે, હર્ટ થાય છે..." હું વૅક્સિંગ લેડીને કહી રહી હતી.

"તેં અગાઉ ક્યારેય નથી કરાવ્યું?" 50 વર્ષની વૅક્સિંગ લેડી મને પૂછતી હતી. કેથરિન એનું નામ. બહુ જ વિવેકી. પણ વૅક્સિંગ સ્ટ્રિપ્સ ઉખાડતી વખતે એકદમ જાલિમ લાગતી મને.

હું માત્ર પેન્ટીમાં આડી પડી હતી. સિક્સ્ટી એઇટ્થ સ્ટ્રીટ અને મેડિસન વચ્ચે આવેલા 'કમ્પ્લીટલી બેર' નામના વૅક્સિંગ સ્ટુડિયોમાં હું હતી. એકદમ હાઇટેક હતો અને હાઇફાઇ છોકરીઓને જ પોસાય એવો હતો.

"કરાવ્યું છે ને. એક નહીં, બે વાર કરાવ્યું છે અત્યાર સુધીમાં. હું ઇન્ડિયા હતી ત્યારે. વરસો થઈ ગયાં." મેં કહ્યું.

"રિયલી? ત્યારે આટલું હર્ટ થયેલું?"

બિલકુલ. ફૅમિલીમાં લગ્ન હતું ત્યારે અદિતિદીદી પરાણે મને ઘસડી ગઈ હતી. એ એક્સપીરિયન્સ પછી મેં દીદી સાથે ઑલમોસ્ટ કિટ્ટા કરી નાખી હતી. કાશ, દેબુને ખબર પડે કે એની સાથે એક પ્લેટ નૂડલ્સ ખાવાના ચક્કરમાં હું કેવું કેવું ટૉર્ચર સહન કરી રહી છું. કેથરિને પીગળેલા વૅક્સના બૉલમાં એક પહોળી બુઠ્ઠી છરી ડુબાડી.

"કોલ્ડ વૅક્સથી વધારે હર્ટ થાય પણ એનું રિઝલ્ટ ઘણું લાંબું ચાલે." એ બોલી. એણે મારી અપર થાઈ પર વૅક્સ લગાડ્યું, પછી એના પર છ બાય બે ઈંચની સફેદ કાપડની પટ્ટી પાથરી. રુવાંટી બધી એની સાથે ચીપકી ગઈ. મને લાગ્યું કે બસ, હવે દુનિયાનો અંત નજીકમાં જ છે.

"તમે લોકો લોકલ ઍનેસ્થેશિયા આપીને એટલો ભાગ બહેરો બનાવી દેતા હો તો... ઓહ, ઓહ, ઓહ..."

"રિલેક્સ, હની," કેથરિન બોલી.

મેં દાંત ભીંસીને આંખો મીંચી દીધી. મેં કલ્પના કરી કે હું કોઈ આરબ કન્ટ્રીમાં છું. ત્યાંની સરકાર કોઈ સ્ત્રીને ડ્રાઇવિંગ કરતાં જુએ કે પછી કોઈ પુરુષ સાથે દલીલ કરતાં જુએ કે પછી જાહેરમાં પોતાની કોણી દેખાડવા જેવું અભદ્ર અને અનૈતિક કામ કરે તો એને ફટકા મારવાની સજા થાય છે. 'રાધિકાને પચાસ ફટકાની સજા.' કેથરિન મારા શરીર પર જે કંઈ કરી રહી હતી તે વખતે મારી કલ્પનામાં આવો કોઈ ફતવો કાઢવામાં આવ્યો છે એવું હું વિચારતી રહી. એણે મારા પગને આગળથી સાફ કરીને સુંવાળા કરી નાખ્યા પછી મને ઊંધી ફેરવી. જાણે કાકડીને એક બાજુથી છોલી લીધા પછી બીજી સાઇડથી એની છાલ કાઢવાની હોય.

"તારે બ્રાઝિલિયન વૅક્સિંગ નથી કરાવવું?" કેથરિને પૂછ્યું, "ખાલી પંદર જ ડૉલર વધારે

થશે."

"એ શું હોય?" મેં પૂછ્યું. કેથરિને આંખોમાં શરારત સાથે સ્માઇલ આપ્યું.

"બધું જ સાફ થઈ જાય એમાં, હની. બધું એટલે બધું જ, નીચેનું પણ..."

મને એક સેકન્ડ પછી સમજાયું કે એ શું કહેવા માંગતી હતી. પછી મને શરમ આવી. અને પછી એમાં થનારા દર્દથી કંપારી છૂટી.

"છોકરીઓ એવું કરાવે?" મેં પૂછ્યું.

"દરેકે દરેક, હની. છોકરાઓને હવે એવું જંગલ નથી ગમતું હોતું."

ઓકે, મેં વિચાર્યું. પંદર ડૉલર જ વધારે ખર્ચવાના છે ને.

"તારે કરાવવું છે?" કેથરિને પૂછ્યું.

આય થિન્ક કરાવી જ લઉં. દેબુને મળવાનું છે એટલે નહીં, પણ મારા પોતાના માટે. રાધિકા, બહુ ચાંપલી નહીં થા અને કોઈ બહાનાબાજી વિના કરાવી જ લે.

"શ્યૉર, બ્રાઝિલિયન..."

એ પછી શું શું થયું એની ડિટેલ્સમાં નથી જવું મારે. શરૂઆતમાં કેથરિને મારો એ પાર્ટ ધ્યાનથી જોયો જેના તરફ હજુ સુધી કોઈ કરતાં કોઈને મેં નજર કરવા દીધી નહોતી. પછી એણે માથું ધુણાવ્યું, જાણે કહેતી હોય કે બહુ કામ કરવું પડશે. એ પછી એણે એ આખાય પાર્ટ પર મોલ્ટન વૅક્સ ચોપડ્યું. શું કામ, શું કામ સ્ત્રીઓએ જ આવો અત્યાચાર સહન કરવાનો, પુરુષો... ઓહ, ઓહ, ઓહ...

આય થિન્ક આના કરતાં સાઉદી અરેબિયા જઈને ફટકા ખાવા સારા.

"ચાલો, પૂરું..." દસ મિનિટની ટૉર્ચર સેશન પૂરી થઈ એટલે કેથરિન બોલી.

"હું બેભાન થઈ જાત."

"ટેવાઈ જઈશ," કેથરિને કહ્યું, "ટ્રસ્ટ મી, હી વિલ લવ ઇટ!"

મારી લાઇફમાં કોઈ હી-બી નથી, મારે એને કહેવું હતું. હું ખાલી એની જોડે સ્પાઇસી સુપ પીવાની છું, સ્પાઇસી સેક્સ નથી કરવાની.

કેથરિન અંદર જઈને કંઈક લઈ આવી. એના હાથમાં હીરાની જેમ ચમકતા ઝીણા ઝીણા ક્રિસ્ટલ ડૉટ્સની સ્ટ્રિપ હતી.

"અને અમારા સ્પેશ્યલ પ્રમોશનના ભાગરૂપે અમે જે કસ્ટમર્સ બ્રાઝિલિયન કરાવે છે એ બધાને આ ફ્રી સ્વારોવ્સ્કી સર્વિસ આપીએ છીએ. આવ. બિલકુલ હર્ટ નહીં થાય એમાં."

હું સમજી નહીં કે હવે શું થવાનું છે. કેથરિને 30 ક્રિસ્ટલ્સની એક પેટર્ન બનાવી. ત્યાં નીચે.

કામ પૂરું થયા પછી એણે મને ઊભા થઈને મિરરમાં જોવાનું કહ્યું.

"સાવ રંડી જેવી લાગું છું હું" મેં કહ્યું.

"યુ લુક સેક્સી."

"આ રીતે અહીં ક્રિસ્ટલ્સ લગાવીને ચાલવાનું મને નહીં ફાવે."

"ડોન્ટ વરી. થોડા દિવસમાં જ એની મેળે નીકળી જશે. અને સાબુ લઈને ઘસી નાખીશ તો એથીય જલદી નીકળી જશે."

દેબુનો ફોન આવ્યો.

"હે! ટ્રેનિંગ પૂરી થઈ કે નહીં! તું ટાઇમસર પહોંચી જવાની ને? કે હું બુકિંગ આઠને બદલે સાડા આઠનું કરી દઉં?" દેબુએ કહ્યું.

"મારું કામ પૂરું થઈ ગયું છે. બસ, થોડું... થોડું અંદર અંદરનું કામકાજ બાકી છે... નીકળું જ છું." મેં કહ્યું.

*   *   *

"યુ લુક," એણે કહ્યું અને ઉમેર્યું, "વન્ડરફુલ."

"થૅન્કયુ," મેં કહ્યું.

"યૉર ડ્રેસ ઇઝ લવલી ટૂ..."

"જો, આજે કોઈ ટૅગ નથી." કહીને હું ગોળ ફરી. અમે બંને હસી પડ્યાં. આજે મેં લેસનો મિલિટરી ગ્રીન કલરનો ડ્રેસ પહેર્યો હતો. 'ગૅપ'માંથી લીધો હતો. ઘૂંટણથી ખાસ્સો ઉપર હતો. મારા લેગ્સ બરાબર ઍક્સપોઝ થતા હતા. પણ મને લાગ્યું કે સો ડૉલર ખર્ચીને હું જે મારા લેગ્સ પર કામ કરાવી આવી તે દેબુએ નોટિસ નહોતું કર્યું. ડિમ લાઇટ્સ અને રેસ્ટોરાંના ટેબલ પર પાથરેલા લાંબા ટેબલક્લોથને કારણે મેં ટૉર્ચર ચૅમ્બરમાં જે કલાક ગાળ્યો તેના પર પાણી ફરી વળ્યું હતું.

દેબુએ મેનુમાંથી પસંદ કરીને અમારા બેઉ માટે ઑર્ડર્સ લખાવ્યા.

ન્યૂ યૉર્કના હિસાબે તાઓ ઘણી મોટી રેસ્ટોરાં હતી. અમે એના અપર લેવલમાં હતા. નીચે અમને જાયન્ટ બુદ્ધ અને ઝેનકોઈ પોન્ડ નજરે પડતાં હતાં.

"નાઇસ પ્લેસ," મેં કહ્યું.

"તને ખબર છે, 'સેક્સ ઍન્ડ ધ સિટી'નું શૂટિંગ અહીં થયેલું?" દેબુએ કહ્યું.

મને નહોતી ખબર. "કેવો ગયો દિવસ તારો?" મેં પૂછ્યું.

"ગુડ. અમે લોકો 'અન્ડર આર્મર' નામની નવી સ્પૉર્ટ્સવૅરની બ્રાન્ડના અકાઉન્ટ માટે ટ્રાય કરી રહ્યા છીએ. મળી જાય તો જલસા. ગોલ્ડમનના શું ખબર?"

"હજુ ટ્રેનિંગ જ ચાલે છે. બિઝી બિઝી. રિયલ કામ શરૂ થશે પછી ઓર બિઝી."

મેં એને નીલના ડિસ્ટ્રેસ્ડ ડેટના પ્રેઝન્ટેશન વિશે કહ્યું. આખા ક્લાસ વચ્ચે મને એણે સવાલ પૂછ્યો એ પણ વાત કરી. પછી કહ્યું,

"એટલે હું વિચારું છું કે ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાં જોડાવા માટે ઍપ્લાય નહીં કરું. આમેય એમાં જવું એકદમ ડિફિકલ્ટ છે. પ્લસ, એ કામ ઘણું અઘરું છે. મારાથી નહીં થાય."

"તારે કરવું જોઈએ ઍપ્લાય. તું યાર, IIM–અમદાવાદથી છે. તું કંઈ પણ કરી શકે." દેબુએ કહ્યું.

"મારા ક્લાસમાં જે લોકો છે એ બધા વર્લ્ડની ટૉપ ક્લાસ યુનિવર્સિટીમાંથી છે. હાર્વર્ડ, સ્ટેનફર્ડ... એવી જ બધી."

"સો વૉટ? પ્રેઝન્ટેશનમાં પાર્ટનરે જે સવાલ પૂછ્યો એનો તેં જવાબ આપ્યો કે નહીં, બસ!"

મેં દેબુ તરફ જોયું. એ મારી વાતને બહુ ધ્યાનથી સાંભળતો હતો. કૅન્ડલલાઇટમાં એની ડીપ બ્લૅક આંખો ચળકચળક થતી હતી. હું જરા સોફાની પીઠ તરફ ખસી અને પગ પર પગ ચડાવીને આરામથી બેસી. બધે બહુ સ્મુધ સ્મુધ લાગતું હતું. મને ખબર હતું એનું કારણ. મારા હોઠ પર સ્મિત ફરકી ગયું.

"કેમ હસી તું?" એણે પૂછ્યું.

"બસ, આમ જ." મેં કહ્યું.

"સાંભળ," દેબુએ કહ્યું અને એનો હાથ મારા હાથ પર મૂક્યો, "તારે ઍપ્લાય કરવું જ જોઈએ. કેટલા બધા ઇન્ડિયન્સ આ સિટીમાં આવે છે, ચકાચૌંધ થઈ જાય છે. તારે કૉન્ફિડન્સ ગુમાવવાની જરૂર નથી. યુ કૅન ડુ ઇટ. યુ વિલ."

"થૅન્ક્સ. અને તને પણ 'અન્ડર આર્મર'નું અકાઉન્ટ મળવાનું..."

"ચિયર્સ ટુ ધૅટ," એણે કહ્યું અને અમે પાણીના ગ્લાસ ઉપર કરીને ટકરાવ્યા. વેઇટર અમારું ખાવાનું લઈને આવી ગયો. ચીકન નૂડલ સુપ અને વેજિટેબલ ફ્રાઇડ રાઇસ. સુપ મને જરા ફિક્કો લાગ્યો. મેં ફ્રાઇડ રાઇસ વધારે લીધા.

"તું સુપ કેમ નથી લેતી? ચીકન નહીં ભાવે તને?"

"મને મીટ ભાવે. પણ હું વેજિટેરિયન વધારે પ્રીફર કરું."

"હું પણ વેજિટેરિયન જ છું."

"રિયલી?"

"હું બંગાળી છું. અમારા માટે ફિશ અને ચીકન વેજિટેબલ્સ કહેવાય!" અમે બેઉ હસી પડ્યાં.

ડિનર કરતાં કરતાં ખૂબ વાતો કરી. એણે કલકત્તામાં રહેતાં એના પૅરન્ટ્સ વિશે કહ્યું. એના ફાધરનું પ્રિન્ટિંગ પ્રેસ છે. જોકે, હવે ખાસ કંઈ ચાલતું નથી., મમ્મી ઘરે જ છે. દેબુએ નાનપણમાં ચિત્રકાર બનવાનું સપનું જોયું હતું. પછી પ્રૅક્ટિકલ બનીને કમર્શ્યલ આર્ટિસ્ટ બની ગયો. એનાં પૅરન્ટ્સે એને અમેરિકામાં ડિઝાઇનનું અને આર્ટ્સનું ભણવા માટે મોકલી શકાય એટલું સેવિંગ્સ કર્યું હતું. અત્યારની જૉબ એને કૅમ્પસ રિક્રુટમૅન્ટમાં મળી હતી.

"ઍડ્વર્ટાઇઝિંગની દુનિયા એકદમ કૂલ છે, નહીં." મેં કહ્યું, "અને એમાંય મેડિસન ઍવેન્યુની કોઈ ઑફિસમાં કામ કરતા હો તો તો અલ્ટિમેટ, બેસ્ટ પ્લેસ ઇન ધ વર્લ્ડ."

"બહારથી બધાને એવું લાગે પણ હકીકત ઘણી અલગ છે. કૉન્સ્ટન્ટ પૉલિટિક્સ ચાલ્યા કરતું હોય. મની પણ કંઈ ગ્રેટ નથી. હું લકી છું કે મને થોડા ચૅલેન્જિંગ કૅમ્પેન્સ પર કામ કરવા મળ્યું, બાકી અમારા જેવા જુનિયરોને બહુ ક્રિયેટિવ કામ કરવા ના મળે."

"આયમ શ્યૉર કે એમાં માત્ર તારું લક જ નહીં, હાર્ડ વર્ક પણ હશે અને તારું કામ જ એટલું સરસ હશે કે..."

એણે મારા તરફ જોઈને સ્માઇલ કર્યું. એ ચૉપસ્ટિક્સથી ખાતો હતો. મેં ટ્રાય કર્યો પણ મને ના ફાવ્યું. મેં મારી જાતને કહ્યું કે બાઘા દેખાવાનું છોડીને છાનીમાની કાંટા-ચમચીથી ખા.

"થૅન્ક્સ ફૉર કૉમ્પ્લીમૅન્ટ," એણે કહ્યું, "ડિઝર્ટ?"

મેં મેનુ જોયું. ડિઝર્ટમાં સ્વીટ રેડ બીન પુડિંગ અને ટોફુ આઇસ્ક્રીમ એવી ચૉઇસ હતી.

"રેડ બીન પુડિંગ?" મેં પૂછ્યું, "એ કેવું હોય?"

"રાજમા," એણે કહ્યું, "રાજમાની ખીર જેવું..."

"છી..." મેં કહ્યું.

"ચાઇનીઝ ડિઝર્ટ્સમાં બહુ દમ નથી હોતો. સાવ બેસ્વાદ હોવાનાં."

"બેન્ગૉલી ડિઝર્ટ્સ બેસ્ટ હોય છે." મેં કહ્યું.

દેબુની છાતી ફુલાઈ.

"બેન્ગૉલી મેલ્સ પણ કંઈ કમ નથી હોતા." એ બોલ્યો.

એણે મારી સાથે ફ્લર્ટ કર્યું! આને ફ્લર્ટિંગ કહેવાય? મારે આનો શું જવાબ આપવાનો? કંઈક સ્માર્ટ બોલવાનું કે પછી...

"હં... એમની મીઠાઈ જેવા જ..." મેં આંખ નચાવીને કહ્યું.

આને ફ્લર્ટિંગ કહેવાય! જોયું ને, મને આવડી ગયું. ભણેશરી હોય એને ફ્લર્ટ કરતાં ના આવડે એવું કોણે કહ્યું!

એણે મારા આવા જવાબની આશા રાખી નહોતી. જરા એક સેકન્ડ લાગી એને સ્વસ્થ થતાં. એ બોલ્યો,

"તો તું જ ટ્રાય કરીને ચેક કરી લે ને કે..."

ધેટ્સ ઇનફ, રાધિકા. તું બહુ ડેન્જરસ ટેરિટરીમાં ઘૂસી રહી છે. યુ ટર્ન માર, ચેન્જ ધ ટૉપિક, ફાસ્ટ. તારે પહેલી જ ડેટમાં શું એને એ પુરવાર કરવું છે કે તું તો ગમે ત્યારે, ગમે તેના માટે અવેલેબલ હોય છે? જોયું ને, મારી સાથે હંમેશાં આ જ થતું આવ્યું છે. કોઈ પુરુષની સાથે હોઉં ત્યારે જાણે પરીક્ષા આપવા બેઠી હોઉં એટલી કૉન્શ્યસ થઈ જાઉં. જવાબ આપવામાં સાવધાની રાખવાની. એ કોઈ ડબલ મીનિંગની વાત કરે તો જાણે તું સમજી નથી એવી રીતે બીહેવ કરવાનું. આવી સિચ્યુએશનમાં નેચરલી વર્તવાને બદલે, સમયની માંગ પ્રમાણે ઍક્ટિંગ કરવાની હોય.

"બંગાળી પુરુષોની તો મને ખબર નથી પણ અત્યારે મને રસગુલ્લાં ખાવામાં જરૂર ઇન્ટરેસ્ટ છે, પણ શું થાય અત્યારે તો આપણે મેનહટનમાં છીએ!" મારા અવાજને બને એટલો ઇનોસન્સની ચાસણીમાં ઝબોળીને હું સાવ બેવકુફ હોઉં એ રીતે મેં કહ્યું.

"ચિંતા નહીં કર. અમે બંગાળીઓ જ્યાં જઈએ ત્યાં અમારી દુનિયા વસાવી લઈએ છીએ. તારે રસગુલ્લાં ખાવા જવું છે?"

"અહીં? અત્યારે? મેનહટનમાં?"

એણે હા પાડીને સ્માઇલ કર્યું. બિલ આવ્યું.

"આપણે સ્પ્લિટ કરીએ?" મેં પર્સમાંથી વીસ-વીસ ડૉલરની બે નોટ કાઢી.

એણે એક સેકન્ડ વિચાર્યું. પછી કહ્યું

"એક કામ કર. આ વખતે મને જ આપવા દે."

છોકરાઓ ડેટ પર આવું જ કરે ને? પણ તો પછી સ્ત્રી-પુરુષ સમાનતાનું શું?

"આપણે ફિફ્ટી ફિફ્ટી વહેંચી લઈએ." મેં કહ્યું.

"ના." એણે કહ્યું, વૉલેટમાંથી ડૉલર કાઢ્યા અને બોલ્યો, "બહુ કંઈ નથી. તું એક કામ કર, રસગુલ્લાં ખવડાવજે!"

* * *

દેબુ અને હું ચલો કૅબ પકડીને મરે હિલ વિસ્તારના લેક્સિન્ગ્ટન એવન્યુની ટ્વેન્ટી એઇટ્થ સ્ટ્રીટ પર ગયા.

"ઘણા લોકો આને મજાકમાં કરિ હિલ કહેતા હોય છે." દેબુએ ટૅક્સીમાંથી બહાર નીકળતાં કહ્યું. મેં જોયું કે રોડની બેઉ બાજુએ ઇન્ડિયન, બાંગ્લાદેશી, પાકિસ્તાની રેસ્ટોરાં પથરાયેલી હતી. કેટલીક જગ્યાઓ રોડસાઇડ ઢાબા જેવી પણ હતી. રંગીન ટ્યૂબલાઇટ, પ્લાસ્ટિકની ચેર.

"આ ન્યૂ યૉર્ક છે?" હું હસી.

"આ મિડટાઉન મેનહટન છે." દેબુએ કહ્યું. "તને ગમ્યું?"

"ખૂબ જ. ઇનફેક્ટ, આપણે પહેલેથી જ અહીં આવવું જોઈતું હતું."

"અફસોસ કે 'તાઓ'માં જઈને ખોટો ખર્ચ કરી નાખ્યો. મને ખબર નહીં કે તું એકદમ ચીપ ડેટ હશે !" દેબુએ મજાક કરી.

ડેટ. એણે ડેટ શબ્દ વાપર્યો. હું ડેટ પર છું. મને ડેટ પર હોવાની કલ્પનાથી થ્રિલ થઈ. ભલે ને પછી એ જગ્યા 'લાહોરી કબાબ' નામની તૂટીફૂટી પરાઠા શૉપ કેમ ન હોય.

"આપણે પરાઠા ખાઈએ?" મેં પૂછ્યું.

"કેમ? હમણાં જ તો તું જમી!"

"હું પંજાબી છું. રાઇસ ખાવા એ કંઈ ડિનર ના કહેવાય."

અમે સાવ સીધીસાદી, જરા ગંદી પણ એકદમ હવાઉજાસવાળી રેસ્ટોરાંમાં ઘૂસ્યા. દેબુએ બે ગોબી પરાઠા મગાવ્યા.

“સાઇડમાં ગ્રીન ચીલીઝ પણ મૂકજો.” મેં કહ્યું. મારા મોઢામાંથી લાળ ટપકી રહી હતી. મેં જોયું કે રેસ્ટોરાંમાં ચાર ઇન્ડિયન જુવાનિયાઓ પ્રવેશ્યા. મજૂર જેવા દેખાતા હતા. કન્સ્ટ્રક્શનવર્કર પહેરે એવા નિઓન સ્ટીકર્સવાળા જૅકેટ્સ પહેર્યાં હતાં. ચારેય મારી ટાંગને ઘૂરી રહ્યા હતા.

ફાઇનલી ટૉર્ચર ચેમ્બરમાંની મારી કલાકની જદ્દોજહદ ફળી ખરી.

“ચાલ, ટેબલ પર જઈને બેસીએ.” દેબુએ કહ્યું. એણે પેલા વર્કર્સને જોઈ લીધા હતા.

મારે દેબુને કહેવું હતું કે હજુ સુધી કોઈ પુરુષે મારા લેગ્સ તરફ જોયું જ નથી. જોવા દે એ લોકોને, મને મઝા આવે છે. એય છોકરી! ભાન છે કે નહીં તને? કમોન, બી અ ગુડ ગર્લ!

પરાઠા ખાધા પછી અમે રસગુલ્લાં મગાવ્યાં. બેઉએ બબ્બે ખાધાં.

રાધિ, કાલે તારે લંચ સ્કિપ કરવું જોઈએ. જાડિયા પાડિયા પગ પર વૅક્સ કરાવીને કોઈ ફાયદો નથી. હાથીના પગને વૅક્સિંગ કરેલું હોય છે? નહીં ને?

“મને મઝા પડી ગઈ તને ખાતાં જોઈને. તને ખરેખર ઇન્ડિયન ફૂડ બહુ ભાવતું લાગે છે.” દેબુએ કહ્યું.

“સૉરી, મેં ઘણા વખતથી ઇન્ડિયન ફૂડ ખાધું નહોતું.” મેં કહ્યું.

એણે ટિશ્યુથી મારા હોઠ લૂછ્યા. મેં એની સામે સ્માઇલ કર્યું.

“બ્રુકલિનમાં પણ ઘણી ઇન્ડિયન રેસ્ટોરાં છે. હું ત્યાં જ રહું છું.” દેબુએ કહ્યું. મેનહટનની સાઉથમાં આવેલા વિસ્તારની એ વાત કરી રહ્યો હતો.

“તું બ્રુકલિનમાં રહે છે?” મેં પૂછ્યું. અમારા ગોલ્ડમનના ક્લાસના મોટા ભાગના લોગો મેનહટનમાં અપાર્ટમેન્ટ લેવાનું વિચારતા હતા. બ્રુકલિન બહુ દૂર પડે.

“હા. મેં કહ્યું ને તને કે ઍડ્વર્ટાઇઝિંગની દુનિયામાં ખાલી બહારથી જ ચમકદમક છે. પગાર બહુ નથી. ત્યાં જ અમને ડિસન્ટ અપાર્ટમેન્ટ પોસાય.”

“અમને – એટલે?”

“અમને – અમે ત્રણ જણા છીએ. એક જ ઑફિસમાં કામ કરીએ છીએ.”

“ઓહ, અચ્છા. મારે પણ બહુ જલદી અપાર્ટમેન્ટ શોધવો પડવાનો.”

બિલ આવ્યું. મેં આપી દીધું. ખાલી આઠ ડૉલરનું જ હતું. અમે ઊભા થયા.

“તારે નેક્સ્ટ વીક મૂવી જોવા આવવું છે? શાહરૂખની ‘ડૉન-ટુ’ રિલીઝ થઈ રહી છે.” દેબુ પૂછી રહ્યો હતો.

“અહીં ઇન્ડિયન મૂવી પણ ચાલતી હોય છે?” મેં એકદમ ખુશ થઈને કહ્યું.

“બહુ થોડા થિયેટર્સ છે એવા. આવવું છે નેક્સ્ટ ફ્રાઇડે?”

મેં હા પાડી.

ડેટ-ટુ, બેબી. મેં મનોમન મારી પીઠ થાબડી.



7

એક મહિના પછી

અસોસિયેટ ટ્રેનિંગના છેલ્લા દિવસે અમારી ટ્રેનિંગ મૅનેજર જેન રોસનબર્ગનો મારા પર ઇમેલ આવ્યો. એણે મને પોતાની ઑફિસે આવવાનું કહ્યું હતું. મને થયું કે મેં કંઈક ખોટું કર્યું હતું કે શું. વચ્ચે ક્યારેક ક્યારેક હું ક્લાસ સ્કિપ કરીને દેબુને મળવા જતી રહેતી હતી. એની આ લોકોને ખબર પડી ગઈ હશે?

દેબુની સાથે મેં બે મૂવીઝ જોઈ, એક બેઝબૉલ ગેમ જોઈ અને એક બ્રૉડવે મ્યુઝિકલ જોયું, 'ધ લાયન કિંગ.' મૅનહટનની જાતજાતની રેસ્ટોરાંમાં જઈને અમે ઇટાલિયન, મિડલ ઇસ્ટર્ન અને ઇન્ડિયન ફૂડ ખાતાં.

હું ન્યૂ યૉર્કના પ્રેમમાં પડી ગઈ હતી. મને દેબુ પણ ગમવા લાગ્યો હતો, હાલાંકી હજુ સુધી અમે એકબીજાં સાથે રોમૅન્ટિક નહોતાં બન્યાં. એ કેમ પહેલ નથી કરતો? હું ક્યારે મારો પોતાનો બૉયફ્રેન્ડ રાખતી થઈ જઈશ? મારી જિંદગીમાં કોઈ બૉયફ્રેન્ડ લખાયેલો છે કે નહીં? મારામાં આવી ઘણી ઇન્સિક્યોરિટી ભરાયેલી પડી હતી. મારે બહુ જલદી એમાંથી બહાર આવી જવું હતું.

અમારી નેક્સ્ટ ડેટ આવતી કાલે હતી. એના માટે મેં વાઇન કલરનો એક એકદમ શૉર્ટ ડ્રેસ પસંદ કર્યો હતો. અત્યાર સુધીનો મારો એ સૌથી બોલ્ડ ડ્રેસ હતો.

"જેને તને પણ એની ઑફિસે બોલાવી છે?" માર્કે મને પૂછ્યું. માર્ક અમેરિકન હતો, કંપનીમાં મારી જેમ અસોસિયેટ હતો, મારી જ ઉંમરનો હતો.

"હં?" મેં કહ્યું. મારા વાઇન ડ્રેસની સાથે કયા શૂઝ પહેરીશ એના વિચારોમાંથી બહાર આવતાં મને વાર લાગી. "હા, તને કેમ ખબર પડી?"

"મને જે મેઇલ મળ્યો એની સી.સી. તને મોકલી છે. આપણી સાથે એક ત્રીજો અસોસિયેટ પણ છે, કાર્લ વૉન્ગ."

* * *

જેનની ઑફિસ એઇટીફાઇવ બ્રોડ સ્ટ્રીટના સોળમા માળે હતી. જેન ફોર્ટી પ્લસની લાગતી હતી. ડેસ્ક પર બેસીને એના કૉમ્પ્યૂટરમાં ગળાડૂબ ખોવાઈ ગઈ હતી.

"વેલકમ. તમે ત્રણેય નવા અસોસિયેટ્સ લાગો છો." અમને જોઈને જેન બોલી. અમે ત્રણેય એની સામે ગોઠવાયાં.

હું હજુય ગભરાટમાં હતી. મેં માર્ક અને કાર્લ તરફ જોયું. બંને એકદમ રિલેક્સ્ડ હતા.

"મેં તમને લોકોને અહીં બોલાવ્યા કારણ કે તમને ત્રણેયને ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપ માટે સિલેક્ટ કરવામાં આવ્યાં છે."

"યસ!" માર્કે મુઠ્ઠી ઉછાળી. કાર્લ અને માર્કે એકબીજાની સાથે હાય-ફાઇવ કર્યું.

"રિયલી?" હું બોલી. કંઈ ભૂલ તો નથી થતી ને, મારે પૂછવું હતું. હા, મેં પણ ઍપ્લાય તો કર્યું હતું પણ... એ લોકોએ જેમને મળવાનું કહ્યું હતું એ બધાને મળીને મેં સોર્ટ ઑફ ઇન્ટરવ્યૂ જેવું પણ આપ્યું હતું. છતાં મને આશા નહોતી કે હું સિલેક્ટ થવાની.

"ઇટ્સ અ ટફ ચૅલેન્જ બટ અ ગ્રેટ ઑપૉર્ચ્યુનિટી," જેન કહી રહી હતી, "તમને લોકોને

ઑફર સ્વીકાર્ય છે કે પછી કોઈ બીજા ડિપાર્ટમેન્ટમાં જવાની ઇચ્છા છે?"

"યસ, અફકોર્સ, આય ઍક્સેપ્ટ." માર્ક બોલ્યો, "કોઈ પણ ભોગે મારે આમાં જ જવું હતું."

"ટોટલી ઍક્સેપ્ટ," કાર્લે કહ્યું. એનો અવાજ અમેરિકન ઍક્સેન્ટવાળો હતો, જોકે ઓરિજિનલી એ ચાઇનીઝ હતો.

"યુ, રા – ડિ – કાઆઆ?"

"યા, વેલ, આયમ થિન્કિંગ."

એમાં વિચારવાનું શું હતું. એ લોકોની કોઈ ભૂલ થઈ છે. હું આને લાયક છું? એમાં બહુ મહેનત કરવી પડશે? બહુ અઘરી જવાબદારી છે આ? મારા જેવી છોકરીઓ આવા વખતે આવું જ વિચારવામાં પડી જાય. મારી સાથેના છોકરાઓ કેવા ખુશીના માર્યા ઊછળી પડ્યા હતા? અને અહીં હું જુઓ. બે માઇન્ડમાં હતી. બે નહીં, ત્રણ-ચાર-પાંચ માઇન્ડમાં હતી. મેં મારા અંતરાત્માને ચૂપ થઈ જવાનું કહ્યું. ચૂપ! એકદમ ચૂપ, ઊંડો શ્વાસ લઈને મેં કહ્યું,

"હા, હું ઍક્સેપ્ટ કરું છું."

મેં ઑફર લેટર પર સાઇન કરી અને એકાએક મારામાં ઍક્સાઇટમૅન્ટની લહેર દોડી ગઈ. મારે આ મોમેન્ટ કોઈકની સાથે શેર કરવી હતી. ઇન્ડિયા ફોન કરવો હતો, પણ અત્યારે બધાં સૂતાં હશે. પછી જાગશે ત્યારે. જોકે, મૉમ-ડૅડને મારી આ ઍચિવમેન્ટનું મહત્ત્વ સમજાવાનું નહોતું.

જેનની ઑફિસમાંથી નીકળીને મેં દેબુને ફોન કર્યો, "દેબુ, હું ડિસ્ટ્રેસ્ડ ડેટમાં સિલેક્ટ થઈ ગઈ!"

"મેં તને કહેલું ને કે તું એમાં સો ટકા સિલેક્ટ થવાની."

"હા, તેં કહેલું. જોઈએ હવે હું ત્યાં કેટલું ટકું છું તે? તું શું કરે છે?"

"તું જબરજસ્ત કામ કરવાની એમાં... હું અત્યારે કામમાં છું. એક પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં બિઝી છું. આપણે કાલે તો મળીએ જ છીએ, રાઇટ?"

"યા. કાલે મારા તરફથી ટ્રીટ. ટ્રેનિંગ પૂરી. બેસ્ટ ગ્રુપમાં હું સિલેક્ટ થઈ ગઈ. આય થિન્ક વી શુડ સેલિબ્રેટ."

"શ્યૉર, આય કાન્ટ વેઇટ." દેબુએ કહ્યું.

મેં બીજો એક ઇમ્પૉર્ટન્ટ ફોન કર્યો,

"હલ્લો, કમ્પ્લીટલી બેર? મારે વૅક્સિંગ માટે ઍપૉઇન્ટમૅન્ટ લેવાની છે."

* * *

"શૅમ્પેન, મૅડમ, જસ્ટ એઝ યુ ઑર્ડર્ડ." વેઇટરે કહ્યું. બે ગ્લાસ ભરીને બાકીની બૉટલ એણે આઇસ બકેટમાં ગોઠવી દીધી.

અમે સોહો એરિયાની એક્વાગ્રિલમાં આવ્યાં હતાં. સીફૂડ માટે જાણીતી રેસ્ટોરાં હતી. દેબુએ એક વખત મને કહેલું કે એ કલકત્તા હતો ત્યારે એના દરેક ભોજનમાં ફિશ તો હોય, હોય ને હોય જ. અમે સેટ ડિનર ચુઝ કર્યું. વેઇટર ઍપિટાઇઝરમાં સૅમન અને ઍસ્પારૅગસમાંથી બનેલી ડિશ મૂકી ગયો.

"ધિસ ઇઝ એમેઝિંગ," દેબુ ખુશ થઈ ગયો.

"તને સીફુડ ભાવે છે ને, એટલે જ મેં આ જગ્યા પસંદ કરી. એણે માથું હલાવ્યું, મોં પહોળું કરીને હસ્યો, એના મોઢામાં ખાવાનું હતું તો પણ. હું જેટલી વાર એને મળતી એટલી

વાર મને એના વાંકડિયા વાળ, દાઢી, એનું સ્માઇલ વધારે ને વધારે ગમતાં."

મારો ડ્રેસ માંડ મારી થાઇઝને કવર કરતો હતો. આજે મેં લંચ પણ અવૉઇડ કર્યું હતું. જેટલી સ્લિમ દેખાઉં એટલી. મને ખ્યાલ નથી કે એણે નોટિસ કર્યું કે નહીં.

"આપણે પહેલી વાર મળ્યાં તે પછી પ્રૅક્ટિકલી દર અઠવાડિયે મળીએ છીએ, નહીં?" એણે કહ્યું. હું એના હોઠ તાકી રહી.

યસ, મળીએ તો છીએ પણ હજુ સુધી કિસ સુધી નથી પહોંચ્યાં. કોઈ છોકરી આવું વિચારે તે શું ખોટું કહેવાય? કે પછી એણે જ પહેલ કરવાની હોય? આ બાબતના કોઈ રૂલ્સ-રેગ્યુલેશન્સ છે? ગૂગલ સર્ચ કરું તો ખબર પડે.

"તું શું વિચારી રહી છે?" દેબુએ પૂછ્યું. હું વિચારોમાં ખોવાઈ ગયેલી. એણે મારી આંખ સામે ચપટી વગાડીને મને તન્દ્રામાંથી બહાર કાઢી.

"હં? નથિંગ... ઓહ. જસ્ટ નર્વસ થઈ ગઈ હતી. મારું નવું ઍસાઇન્મેન્ટ, એના વિશે વિચારતી હતી."

કોઈ છોકરી વળી એમ કંઈ થોડી કહે કે હું કિસ કરવા વિશે વિચારતી હતી? એવું કહે તો એ કેવી સાવ ખુલ્લી પુસી હોય એવી લાગે!

"રિલેક્સ. તું કોઈપણ જવાબદારી પાર પાડી શકીશ. તું ખૂબ સ્માર્ટ છે. તારા જેટલી સ્માર્ટ છોકરી હજુ સુધી મેં ક્યારેય નથી જોઈ. રિયલી..." એણે કહ્યું.

મેં એની સામે જોયું. વાઉ, એક પુરુષ કોઈ સ્ત્રીની સ્માર્ટનેસને ઍક્નોલેજ કરતો હતો. હવે તો મને એને કિસ કરવાનું વધારે મન થઈ ગયું. દેબુ, તું આગળ વધવાનો છે કે પછી હું આગળ વધું? કે પછી તું માર્ટિની ગ્લાસમાંથી શ્રિમ્પ કોકટેલ જ ખાધા કરવાનો છે?

મેં મારા બંને પગ વધુ નજીક લીધા. ફરી એકવાર મને એ બંને પગની સુંવાળપનો અનુભવ થયો. દેબુ, તું સરખી રીતે દાણા નાખીશ તો આજની રાત તારા જેવો સુખી મરદ બીજો કોઈ નહીં હોય.

"ડિસ્ટ્રેસ્ડ ડેટ. સાલું, સાંભળીને બહુ હૉરિબલ ફીલ થાય નહીં? દેવાળું કાઢતી કંપનીને કેટલી બધી આપત્તિ હોવાની." એ બોલ્યો.

અલ્યા ઘોંચું, ડિસ્ટ્રેસ્ડ ડેટના ચક્કરમાંથી બહાર આવ. તારે એની સાથે કોઈ લેવાદેવા નથી. તું જરા મારા વૅક્સિંગ કરેલા પગ તરફ નજર તો કર. મારે એની સાથેની વાતચીતનો ટૉપિક બદલવો હતો પણ ન બદલી શકી. મેં મારો શૅમ્પેનનો ગ્લાસ ખાલી કરી નાખ્યો.

"એમાં એવું હોય ને કે..." મેં કહ્યું, "એકદમ ખડુસ ટાઇપના બિઝનેસ ઓનર્સ સાથે નેગોશિયેટ કરવું પડે. ઘણી વખત એ લોકો બૅન્ક પાસેથી લીધેલો કર્જો ચૂકવવાનો ઇનકાર કરી દે. એવે વખતે એમની પ્રૉપર્ટીઝ પર ટાંચ લાવવી પડે. નાક દબાવો તો મોઢું ખૂલે. રકમ તો પાછી મેળવવી જ પડે ને."

"વાઉ," દેબુ બોલ્યો, "રેગ્યુલર બૅન્કરની ડેસ્ક જૉબ કરતાં સાવ જુદું જ કામ છે નહીં?"

"યા, અને ટીમમાં હાર્ડલી કોઈ વુમન છે. મેન્સ જૉબ કહેવાય આ."

"વૉટ નૉનસેન્સ," દેબુએ કહ્યું, "વુમન કેમ ના કરી શકે આ કામ? એમને નેગોશિયેટ કરતાં વધારે સારું આવડે."

હં... આ માણસ મને ગમે છે. ખૂબ જ ગમે છે. તું બોલ્યા કર, દેબુ.

એણે આગળ કહ્યું, "આ બધો મર્દોએ ફેલાવેલો બકવાસ છે, જેથી ઔરતો આગળ ના આવે. હકીકત એ છે કે તારા જેવી ટૅલેન્ટેડ સ્ત્રીની આગળ બધા પુરુષોની ફાટતી હોય છે."

"થૅન્ક્સ દેબુ."

ઓકે, આજની રાત મારા માટે ડિસ્ટ્રેસ્ડ ડેટ કરતાં પણ ઘણી મોટી ચૅલેન્જ હતી. મારે

કંઈક એવું કરવાનું હતું જેને લઈને એવું લાગે કે નૉટી થવાની પહેલ દેબુએ કરી છે. હું સ્ત્રી હતી એટલે મારે ઇનોસન્ટ હોવાનો દેખાવ કરવાનો હતો. જાણે આ ભોળીભાલી છોકરીને ખબર જ નથી કે શું થવાનું છે મારે એને ખબર પણ ના પડે એ રીતે એને એ રસ્તે લઈ જવાનો હતો. જ્યાં મારે જવું હતું પણ લાગવું એવું જોઈએ કે એ તને ત્યાં દોરી ગયો.

વેઇટર ફાઇનલ કોર્સ મૂકી ગયો. કોડફિશ સર્વ્ડ વિથ મિસો સૉસ.

"વાઉ," દેબુએ એક બાઇટ લઈને કહ્યું, "બેસ્ટ ફિશ. આવી ફિશ ક્યારેય ખાધી નથી. ફિશ તો શું, આટલું ટેસ્ટી બીજું કંઈ ખાધું નથી લાઇફમાં."

"યા. વેલ, હજુ ડિઝર્ટ બાકી છે. બેસ્ટમાં બેસ્ટ છે એ તો સાવ છેલ્લે જ મળવાનું!"

આમાં કોઈ ડબલ મિનિંગ હતો? હું શું બોલી ગઈ? ફક, તું તો સાવ ડેસ્પો થઈ ગઈ છે, રાધિકા.

એ હસી પડ્યો. શું એ સમજી ગયો?

"યુ નો બૉન્ડ્સ ઍન્ડ મિશ્ટી..." એણે કહ્યું. ના, એ સમજ્યો નથી. બી કૅરફુલ. તું એકદમ પ્યોર ઇન્ડિયન ગુડ ગર્લ છે એવું જતાવતી રહે.

"કામકાજ કેવું ચાલે છે?" મેં પૂછ્યું.

"ગ્રેટ. અન્ડર આર્મરનું અકાઉન્ટ મળવામાં જ છે." એ બોલ્યો અને ફિંગર્સ ક્રોસ્ડ કરી.

"આયમ શ્યૉર એ તમને લોકોને જ મળશે." મેં કહ્યું.

"મળી જશે તો એ મારા માટે અત્યાર સુધીની સૌથી મોટી ઍચીવમેન્ટ હોવાની. મારા બૉસે કહ્યું છે કે જો મળશે તો મને સિનિયર ક્રિયેટિવ અસોસિયેટનું પ્રમોશન આપશે."

"ડિસ્ટ્રેસ્ડ ડેટ અસોસિયેટ કરતાં લાખગણું કૂલ લાગે છે!"

એ હસ્યો.

"તમને લોકોને પગાર ઘણો સારો મળે છે. મારે હિસાબે તો એ વધારે કૂલ કહેવાય."

સમહાઉ મારે કોઈ દિવસ મારી કમાણી વિશે દેબુની સાથે વાત કરવી નહોતી. મારે વાત ફરી પાછી એના પર લઈ જવી પડી.

"અંડર આર્મર ક્વાઇટ ઍડવાન્સ બ્રાન્ડ છે. ગઈ કાલે જ મેં એનો સ્ટોર જોયો. ગ્રેટ સ્ટફ." મેં કહ્યું.

"એમનો ઍડ કૅમ્પેન કરવા માટે હું ક્યારનો તલપાપડ છું."

અમે ડાર્ક ચૉકલેટ મુસ કેક વિથ ઑરેંજ સૉસ ખાઈને ડિનર પૂરું કર્યું. બસ, એ જ અમારી લાસ્ટ ડિશ હતી.

"ગ્રેટ ચૉઇસ ઑફ રેસ્ટોરાં, રાધિકા." દેબુએ કહ્યું. "પહેલાં મને લાગ્યું'તું કે આ જગ્યા જરા વધારે પડતી ફૅન્સી છે પણ ફૂડ તો જો, કેટલું ડિલિશ્યસ! વાઉ."

જમવાનું પૂરું થયું અને બિલ આવ્યું. વેઇટરે દેબુને આપ્યું, પણ મેં એના હાથમાંથી છીનવી લીધું. મેં કહેલું દેબુને કે આ મારી ટ્રીટ હશે. મેં બિલ પર એક ઝડપી નજર નાખી. બસો ડૉલર. મેં ફોલ્ડરમાં કૅશ મૂકીને બિલ વેઇટરને આપી દીધું.

"બહુ કહેવાય નહીં?" દેબુ બોલ્યો, "ક્વાઇટ ઍક્સપેન્સિવ. એટલા બધા ખર્ચવાની શું જરૂર હતી?"

"લુક, મારે તારી સાથે સેલિબ્રેટ કરવું હતું. ન્યૂ યૉર્કમાં તારા સિવાય મારું બીજું કોઈ છે પણ કોણ? સો થૅન્ક્યુ ફૉર બીઇંગ ધેર."

મેં શૅમ્પેનનો ગ્લાસ ઊંચો કર્યો. એણે પણ ઊંચક્યો અને ટોસ્ટ કર્યો: "કૉન્ગ્રેચ્યુલેશન્સ. ટુ માય ટૅલેન્ટેડ ફ્રેન્ડ રાધિકા, જે ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાં ઝાંસીની રાણીની જેમ જોડાઈને મરદોને બતાવી આપવાની છે કે બૅન્કિંગ કોને કહેવાય!"

* * *

અમે નક્કી કર્યું કે ઍક્વાગ્રિલથી બેન્જામિન હોટેલ સુધીનું અડધા કલાકનું અંતર ચાલી નાખવું. ત્યાંથી દેબુને ડાયરેક્ટ બ્રુકલિન જવા માટે '4' નંબરની ટ્રેન મળતી હતી. હવે મારી પાસે માત્ર ગણીને ત્રીસ મિનિટ હતી. શું કરું કે દેબુ સામે ચાલી કંઈક મૂવ કરે. મારી અંદર સૂતેલી સ્ત્રી વારંવાર ઉછાળા મારી મારીને કહેતી હતી કે ઓ દેબુ, મને કિસ કર, કિસ કર મને.

અફકોર્સ. ગળથૂથીમાંથી જ ગુડ ઇન્ડિયન ગર્લ બનવાના સંસ્કાર ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા હોવાથી એવું કંઈ બોલી શકાયું નહીં.

અને એણે પણ કોઈ પહેલ કરી નહીં. જોકે, ચાલતાં ચાલતાં એણે બહુ સારી સારી વાતો કરી.

"તારા જેવી સ્ત્રીઓ સક્સેસફુલ થાય એ બહુ જરૂરી છે. એને કારણે બીજી યંગ ગર્લ્સને પ્રેરણા મળે. એમના પર દાખલો બેસે." એણે કહ્યું.

"મારામાંથી વળી કોણ ઇન્સ્પાયર થવાનું હતું?" મેં કહ્યું. મારા દિમાગમાં જોકે બીજા જ થૉટ્સ ચાલતા હતા. એણે હજુય મારા પગ જોયા કે નહીં? ડિનર પછી મારું પેટ આગળ તો નથી આવી ગયું ને? મારી બૂબી બ્રામાં બરાબર ગોઠવાયેલી તો છે ને? આ માણસ જરા સ્લો નહીં ચાલી શકે? મેં હિલ્સ પહેરી છે.

"અફકોર્સ, યુ આર ઍન ઇન્સ્પિરેશન. તારી યંગર કઝિન્સ માટે, બધા માટે. આયમ શ્યૉર કે આ રાધિકાદીદીને એ લોકો જોશે ત્યારે એમને પણ તારા જેવા બનવાનું મન થશે."

હું હસી પડી.

"કેમ શું થયું?" એણે પૂછ્યું.

"ખબર નહીં. પણ મારી બહેન અદિતિના ફૅન્સ વધારે છે. એણે માંડ ગ્રૅજ્યુએશન પૂરું કર્યું. પણ એને મારા કરતાં મેક-અપમાં, કપડાંમાં, બધામાં ઘણી સારી ગતાગમ પડે," મેં કહ્યું.

અને એ વખતે, બરાબર એ જ વખતે દેબુએ કંઈક એવું કહ્યું જે એણે મારા કામ, મારી ઇન્ટેલિજન્સનાં વખાણ કરતાં કહેલું તેના કરતાં પણ મને કંઈક ગણું ઇમ્પૉર્ટન્ટ લાગ્યું.

"તારાં કપડાંની ચોઈસ એકદમ ગ્રેટ છે," એ બોલ્યો.

ઓહ, હું તો આ માણસના પ્રેમમાં જ પડી ગઈ છું. શક્ય છે કે એને આંખે જરા ઓછું દેખાતું હશે પણ આય સિમ્પલી લવ ધિસ ગાય.

"રિયલી?" મેં પૂછ્યું. પરીક્ષાના માર્ક્સ કે જૉબ ઇન્ટરવ્યૂઝની બાબત ના હોય ત્યારે મને કોઈ કૉમ્પ્લીમૅન્ટ્સ આપે તો મારા માન્યામાં ના આવે.

"યા. તારામાં આ જે સરળ, અન્ડરસ્ટેટેડ સ્ટાઇલ છે ને, તે બહુ રેર છે. તારો આ રેડ ડ્રેસ, પાર્ડન મી, બટ..."

"બટ શું?" મેં પૂછ્યું. ક્યાંયથી ફાટી ગયો છે? મને ફાળ પડી.

"પાર્ડન મી, બટ એમાં તું એકદમ હૉટ લાગે છે." એણે કહ્યું.

ઓહ, દેબુ! તું કેટલો સારો છે. સારો જ નહીં મહાન છે. હે ભગવાન, દેબુને જે જોઈએ તે આપજો. એને અન્ડર આર્મર ઉપરાંત જે કોઈ કંપનીનાં ઍડ્વર્ટાઇઝિંગ અકાઉન્ટ્સ જોઈએ તે આપી દેજો. જિંદગીમાં પહેલીવાર કોઈએ મને હૉટ કહી છે. અગાઉ તાવ આવતો ત્યારે જ કોઈ કહેતું કે હું હૉટ છું. હવે હું રિયલી હૉટ છું. હૉટ. એની માને રાધિકા, તને કોઈએ ખરેખર હૉટ ગણી. મારો આત્મા અંદર રહીને બ્રેક-ડાન્સ કરવા લાગ્યો હતો.

"રિયલી?" મેં કહ્યું. મારો ટોન મેં બને એટલો કેઝ્યુઅલ રાખ્યો હતો. પણ હકીકત એ હતી કે હું હજુ વધારે મારાં વખાણ સાંભળવા માંગતી હતી.

"યા, તને વાંધો નથી ને મેં તને જે કહ્યું તે?"

વાંધો! તું તારે બોલ્યા કર, ડુડ. હજુ મારી હોટેલ આવવાને દસ મિનિટની વાર છે. મારાં વખાણ કર્યા કર. મને માથે ચડાવ. વખાણ કરવામાં જેટલો ચીપ થઈશ એટલું મને વધારે સારું લાગશે. માત્ર મારાં કપડાંનાં જ નહીં, મારા લુક્સનાં વખાણ કર, મારા લેગ્સનાં વખાણ કર, મારા... એ જ બધા કૉમ્પ્લીમેન્ટ્સ મારી લાઇફમાં ખૂટે છે. અફકોર્સ, મારે એની સાથે એ રીતે વાત કરવાની હતી કે મને આવા બધા કૉમ્પ્લીમેન્ટ્સની કંઈ પડી નથી.

"નો, આય ડોન્ટ માઇન્ડ. યુઝવલી આપણી વચ્ચે મોટેભાગે વર્ક રિલેટેડ કે ઇન્ટલેક્ચ્યુઅલ વાતો જ થતી રહે છે. એટલે આ બધી વાતો જરા સ્ટ્રેન્જ લાગે, પણ ઇટ્સ ઓકે. તમે પુરુષો કેવી રીતે અમને જોતા હો છો એ માર્ક કરવું ઇન્ટરેસ્ટિંગ છે."

"આય થિન્ક યુ હૅવ અ નાઇસ ફિગર." એણે કહ્યું.

કયો પાર્ટ, કયો પાર્ટ? મને ઍક્સાઇટમેન્ટમાં ચીસાચીસ કરી નાખવાનું મન થયું. તને મારી કમર ગમી? મારી બૂબી ગમી? બમ ગમી? તું જરા સ્પષ્ટ વાત કર, દેબુ. એકદમ ડિટેલમાં જા ને.

"રિયલી?" મેં કહ્યું. જાણે મેં આવું સાંભળવાની કોઈ કલ્પના જ ન કરી હોય. પછી મેં એના ખભા પર મારી આંગળીથી ગોદો માર્યો – જાણે એના મોઢે મારાં વખાણ સાંભળીને હું શરમાઈ ગઈ હોઉં.

"સાચું કહું છું," એ બોલ્યો, "તારા લેગ્સ, આય મીન... યુ હૅવ નાઇસ લેગ્સ."

"ઓહ, તો તને મારામાં બસ એટલું જ ગમે છે?"

ડેસ્પરેટ બની ગઈ છે તું, રાધિકા. કોઈ તને એક ચૉકલેટ ખવડાવે છે ને તું આખેઆખી ફૅક્ટરી તારા નામે કરાવી લેવાનાં હવાતિયાં મારે છે.

"ના, ના. મને તારો ફેસ પણ ગમે છે. તારા વાળ, તારી આંખો, તારી ટોટલ પર્સનાલિટી મને ગમે છે."

"યા, યા. હવે તો તારે એવું કહેવું જ પડે ને. બાકી તો તને મારા લેગ્સમાં જ ઇન્ટરેસ્ટ હતો."

બેટર છે કે એને લેગ્સમાં ઇન્ટરેસ્ટ પડે. 'કમ્પ્લીટલી બેર'ને રોકડા સો ડૉલર ચૂકવ્યા છે.

"ના, ના. સૉરી... આય મીન..."

"રિલેક્સ, દેબુ. હું મજાક કરું છું." મેં કહ્યું અને એનો ઉષ્માભર્યો હાથ પકડીને દબાવ્યો. આ હાથ હવે મારે છોડવો નહોતો. મારે એવું પણ નહોતું જતાવવું કે હું કોઈ પહેલ કરી રહી છું. શું કામ અમારે છોકરીઓએ જ બધા રૂલ્સ ફૉલો કરવાના? એને જો મારી ફુલ પર્સનાલિટી ગમતી હોય તો શું કામ મારે હું જેવી છું એવી જ દેખાવામાં સંકોચ રાખવો જોઈએ.

મેં એનો હાથ છોડી દીધો. અમે બાર્ન્સ ઍન્ડ નોબલનો બુકસ્ટોર પાસ કરીને ટ્રાફિક સિગ્નલ પાસે આવ્યા. અહીંથી ક્રૉસ કરીને સામે જવાનું હતું. રોડ ક્રૉસ કરતી વખતે એણે મારો હાથ પકડી લીધો. કદાચ જાણી જોઈને. કદાચ અનાયાસે જ. પણ રસ્તો પાર કરી લીધા પછી પણ એણે મારો હાથ છોડ્યો નહીં.

ચાલતાં ચાલતાં મેં તીરછી નજરે એની તરફ જોયું. એણે મને જોઈને સ્માઇલ કર્યું.

"ઍક્ચ્યુલી, મારી સિસ્ટર મારા કરતાં ઘણી પ્રિટી ગણાય છે." હું બોલી.

"હું ના માનું. સિવાય કે એ કોઈ મિસ યુનિવર્સ કે સમથિંગ હોય."

મેં એના આ ઇન્ડાયરેક્ટ કૉમ્પ્લીમૅન્ટની સામે સ્મિત આપ્યું. એના વાંકડિયા વાળમાં હાથ ફેરવવાનું વહાલ ઊભરાઈ ગયું.

એણે કહ્યું, "એક્ચ્યુલી, ઇવન એ મિસ યુનિવર્સ પણ હોય ને તોય મને તું રિયલી રિયલી

ખૂબ પ્રિટી લાગે છે.”

જુઠ્ઠું. પણ મધમાં બોળેલું જુઠ્ઠાણું. એકદમ સ્વીટ જુઠ્ઠાણું. લાઇફમાં આવાં જુઠ્ઠાણાંઓને પણ સ્થાન હોય છે. મેં એક નિસાસો નાખ્યો.

“થૅન્ક્સ દેબુ.”

અમે બેન્જામિન હોટેલ પર પહોંચી ગયાં. થોડોક પ્રોગ્રેસ તો અમે કર્યો હતો અને એકબીજાનાં હાથ પકડતાં થઈ ગયાં હતાં. પણ બસ, એટલું જ. એને હું બહુ આક્રમક લાગી હોઈશ? માથે પડીશ એવું લાગ્યું હશે? હું ખરેખર એને ઍટ્રેક્ટિવ લાગી હોઈશ કે પછી એ ખાલી અમસ્તાં જ મારાં વખાણ કરતો હતો? મારી સાથે આગળ વધવામાં એને કોઈ વાતનો ડર હશે?

“તો આ છે મારુ ઘર! ટ્રેનનું સ્ટૉપ આ બાજુ છે.” મેં સબવેની સાઇન તરફ આંગળી ચીંધી.

“શ્યૉર,” એ બોલ્યો. “બહુ મજા આવી. થૅન્ક્સ ફૉર ધ ટ્રીટ.”

“યુ આર વેલકમ.” મેં કહ્યું, “બાય.”

મારું હાર્ટ બેસી ગયું. મારે એનાથી છૂટા નથી પડવું.

“હે, જસ્ટ વન થિન્ગ. આજે ને આજે જ કરવું જરૂરી નથી.” એણે કહ્યું.

“શું?” મેં આતુરતાથી પૂછ્યું.

“કોઈ વખત તારી સિસ્ટરનો ફોટો મને દેખાડજે. મારે ચેક કરવું છે. આયમ શ્યૉર કે તું ખોટું બોલી રહી છે કે એ તારા કરતાં વધારે સુંદર છે. તારી રૂમમાં તેં એનો ફોટો તો રાખ્યો જ હશે.”

એણે પહેલ કરી! એણે મારી રૂમની વાત કરી. એ ઉપર મારી રૂમમાં આવવા માગે છે? કે પછી એવું ઇચ્છે છે કે હું ઉપર જઈને દીદીના ફોટા લઈ આવું? યાર, એના ફોટા તો મારા ફોનમાં પણ છે. તો શું આ ખરેખર આગળ વધવા માગે છે? કોઈ મને કહેશો કે મારે શું કરવું?

મેં એની સામે સ્માઇલ કર્યું.

“ના, રિયલી મારે જોવો છે એનો ફોટો.” દેબુએ કહ્યું.

“ધેટ્સ સ્વીટ. અને દીદીની જેમ તું પણ એટલો જ...”

“પ્રિટી છું!”

“ના.” હું હસી, “હૅન્ડસમ છે. સ્માર્ટ છે. ક્રિએટિવ પણ.”

“થૅન્ક્સ.”

“ઓકે, ઉપર મારા લૅપટૉપમાં દીદીના ફોટા છે. આવવું છે તારે જોવા?”



8

“સવાલ જ નથી ઊભો થતો,” દેબુ બોલ્યો, “એ કંઈ તારા કરતાં વધારે રૂપાળી નથી જ નથી.”

“છે. જરા ધ્યાનથી જો,” મેં કહ્યું, “અદિતિદીદી કેટલી સુંદર દેખાય છે.”

“સુંદર ભલે હોય પણ તારી આગળ પાણી ભરે. તારાં ફીચર્સ લાખ દરજ્જે સારાં છે.”

“મારી માએ તો એવું કોઈ દહાડો મને કહ્યું નથી,” હું બોલી.

“તમે પંજાબીઓ છે ને તે...” એ જરા ગિન્નાઈ ગયો, “ગોરું ચામડું હોય એટલે છોકરી રૂપ રૂપનો અંબાર થઈ ગઈ એવું માની લો. સ્કિન કલર જ કંઈ બધું હોય? નૉનસેન્સ.”

અમે બંને હોટેલના બેડની કિનારીએ બેસીને વચ્ચે રાખેલા લૅપટૉપ પર ફોટા જોઈ રહ્યા હતા. મેં બે વર્ષ પહેલાનું અમારું ફૅમિલી આલ્બમ ખોલ્યું હતું.

“અત્યાર સુધીની આખી જિંદગી હું બબૂચક જેવી ભણેશરી જ રહી. અદિતિદીદી હંમેશાં બધાને ફટકો લાગતી.”

“સૉરી, તારી સિસ્ટર છે એટલે મારે આવું ન કહેવું જોઈએ, પણ ઘરમાં ફૅમિલી સાથે ફોટા પડાવતી વખતે પણ જાણે પાર્ટીમાં જતી હોય એવો ડ્રેસ પહેરે છે.”

“પણ એ તો પહેલેથી જ એવી છે.” મેં દીદીનો બચાવ કર્યો.

“તું પહેલાં કેવાં હૉરિબલ ચશ્માં પહેરતી હતી!” દેબુએ કહ્યું.

હું હસી પડી.

“વરસ પહેલાં જ મેં કૉન્ટેક્ટ્સ કરાવ્યાં.” મેં કહ્યું અને એક ફોટા તરફ એનું ધ્યાન દોર્યું. દિલ્હીના અમારા ઘરના લિવિંગ રૂમમાં આખું ફૅમિલી બેઠું છે. “આ મારા ડૅડ છે. સિમ્પલ માણસ છે. એકદમ શાંત. બસ ચિંતા એટલી જ કે સમાજમાં કોઈ એમના વિશે એક શબ્દ આડોઅવળો ના ઉચ્ચારે. આ મારી મધર. ડૅડને જોરુ કા ગુલામ બનાવીને રાખ્યા છે.”

દેબુએ ધ્યાનથી બધાં પિક્ચર્સ જોયાં. મેં કહ્યું,

“ઘર બહુ યાદ આવે છે. આ ફોટા જોઉં છું ત્યારે ઇન્ડિયા બહુ મિસ થાય છે. મારે મમ્મીની બાજુમાં બેસીને હિંદી ટીવી સિરિયલ્સ જોવી છે. કંઈ કામબામ કરવું નથી.”

“એક નવી હૉટશૉટ ડિસ્ટ્રેસ્ડ ડેટ બૅન્કરના મોઢામાંથી આ શબ્દો નીકળે છે? શોભતું નથી! હવે તો બહુ મોડું થઈ ગયું કહેવાય...” કહીને દેબુ હસી પડ્યો.

મેં ખોટેખોટો ઉદાસ ચહેરો બનાવ્યો.

મને કોઈ ભેટો, તસતસતું આલિંગન આપો અને ચસચસતું ચુંબન આપો. દેબુ, કંઈક તો કર ભલા માણસ. મારે તારા હાથમાં ‘હાઉ ટુ હગ ઍન્ડ કિસ’ની બુક આપવી પડશે કે શું.

“તારું ફૅમિલી એકદમ સ્વીટ છે.”

“હા, સ્વીટ છે.” મેં કહ્યું. મારે ટૂંકા, બોરિંગ જવાબ આપીને અમારી વાતચીત રોકી દેવી હતી. જ્યારે બે જણ વચ્ચે ઑકવર્ડ સાઇલન્સ હોય ત્યારે ઘણું બધું ઇન્ટરેસ્ટિંગ બનવાની શક્યતા હોય છે. ઘણું બધું એટલે ઘણું બધું, મારા બાપ! અનફૉર્ચ્યુનેટલી કેટલાક બંગાળી મર્દ લોકો ઇશારામાં સમજતા જ નથી.

“તેં નાઓમી વુલ્ફની ‘ધ બ્યુટી મિથ’ વાંચી છે?” દેબુએ પૂછ્યું.

“ના. શું છે એમાં?”

“લૅન્ડમાર્ક ફૅમિનિસ્ટ બુક છે. એમાં લખે છે કે પરાપૂર્વથી ચાલતું આવ્યું છે કે સ્ત્રીઓને

કેવી રીતે પોતાના લુક માટે કૉન્શ્યસ થવા મજબૂર કરવી.” એણે કહ્યું.

“રિયલી? વેલ, ઘણે બધે અંશે એ વાત સાચી છે.” મેં કહ્યું.

“યા. પુરુષો કંઈ પોતાનાં ભાઈ-બહેન સાથે પોતાના બૉડીની, પોતાના ફીચર્સની આટલી બધી કમ્પેરિઝન નથી કરતા હોતા.”

“બિલકુલ નહીં.” મેં કહ્યું. અમારા ફ્રાઇડે ડિનર્સ જેવા કોઈ બીજા જ દિવસે, કોઈ બીજી જ જગ્યાએ આવી ઇન્ટલેક્ચ્યુઅલી સ્ટિમ્યુલેટિંગ વાત થતી હોત તો હું ચોક્કસ જ એમાં ઓતપ્રોત થઈ ગઈ હોત. અત્યારે મને એમાં આટલો પણ ઇન્ટરેસ્ટ નહોતો. મારા દિમાગમાં કંઈક બીજું જ ચાલતું હતું.

“ઍક્ઝૅટલી,” એણે કહ્યું, “પેલી રાઇટર લખે છે કે આમ કરીને પુરુષો સ્ત્રીઓને કન્ટ્રોલ કરવા માગતા હોય છે અને...”

“મારા પગ સખત દુખે છે.” મેં એને વચ્ચેથી જ રોકતાં કહ્યું. મેં શૂઝ રિમુવ કર્યાં. પગ બેડ પર લીધા. મારો શૉર્ટ ડ્રેસ હજુ એક ઇંચ ઉપર ચડીને મારી થાઇઝને વધારે દેખાડવા લાગ્યો. દેબુના વિચારો વેરવિખેર થઈ ગયા. મને લાગે છે કે સ્ત્રીઓને પણ પુરુષોને કન્ટ્રોલ કરતાં આવડે છે.

“સૉરી, તું શું કહી રહ્યો હતો?” મેં પૂછ્યું અને હું મારા બેઉ પગનાં આંગળાં દબાવવા લાગી.

“હં?” એ બોલ્યો, “કંઈ નહીં. હું તને એ બુક આપીશ.”

“હિલ્સમાં આટલું બધું ચાલવાની મને ટેવ નથી.” મેં કહ્યું.

“તારા પગ દબાવી આપું? ફુટ મસાજ!” દેબુએ કહ્યું.

આ વર્ષનો પ્રજાસત્તાક દિને મળનારો શૌર્ય ચંદ્રક દેબાશિષ સેનને એનાયત કરવામાં આવે છે. મને ઊભા થઈને માઇક પર ઍનાઉન્સ કરવાનું મન થયું.

“રિયલી? તને આવડે છે?” મેં કહ્યું. ગર્લ્સ ક્યારેક ક્યારેક છે ને તે આવી સ્ટુપિડ વાત બોલી નાખતી હોય છે. અમને ખબર હોય છે કે આ સ્ટુપિડ વાત છે પણ અમે કેટલી ભોલીભાલી છીએ એ જતાવવા આવું બધું કરવું પડે.

એના હાથનો સ્પર્શ મારા પગનાં તળિયાંને ગમ્યો.

“વાઉ, ધેટ્સ નાઇસ,” હું બોલી. એ એટલા પોચા પોચા હાથે મારા પગ દબાવતો હતો, જાણે હમણાં હું ઊભી થઈને એના ગાલ પર એક લપડાક લગાવી દેવાની છું. એ મારી પિંડી દબાવવા લાગ્યો. પછી ધીમે ધીમે એના હાથ મારા ઘૂંટણ તરફ આગળ વધ્યા. મેં એને રોકવાની કોઈ કોશિશ કરી નહીં.

“તારી પાસે કોઈ લોશન કે ક્રીમ છે?” એણે પૂછ્યું. મેં બેડ પાસેના સાઇડટેબલ તરફ આંગળી ચીંધી. એણે મોઇશ્ચરાઇઝરની બૉટલ ઉઠાવીને પગનાં આંગળાં પર, તળિયાં પર લગાવ્યું. ઠંડા લોશનનો સ્પર્શ થતાં જ મારા શરીરમાંથી મીઠી કંપારી પસાર થઈ ગઈ. એનો હૂંફાળો હાથ મારા પગ પર ફરવા લાગ્યો. એ મારા પગની પાનીથી પિંડી સુધી અને પિંડીથી ઘૂંટણ સુધી એના બેઉ મજબૂત હાથને સરકાવતો રહ્યો.

મેં આંખો બંધ કરી લીધી. એના હાથ મારા ઘૂંટણની ઉપર જઈ રહ્યા હતા. ત્યાં મને હજુ સુધી કોઈએ ટચ નહોતી કરી, સિવાય કે પેલી વૅક્સિંગવાળી લેડી એ. મારી થાઇઝ પર થતા સ્પર્શનો રોમાંચ હું માણવા લાગી.

દરેક ક્ષણે એનામાં વધુ ને વધુ હિંમત આવતી જતી હતી. એના બેઉ હાથ ઉપર, હજુ ઉપર જતા રહેતા હતા. અમારી વચ્ચે એક પણ શબ્દની આપલે થતી નહોતી. એના હાથ મારા ડ્રેસની કિનારી સુધી પહોંચી ગયા. એની આંગળીઓ મારી થાઇઝ પર ડાન્સ કરીને ક્યારેક

મારામાં આશા જન્માવતી હતી, ક્યારેક મારી આશાનો ભંગ કરતી હતી.

શું આ બધું જરા જલદી થઈ રહ્યું હતું? માઈ જાય. ફાસ્ટ તો ફાસ્ટ. મને પરવા નહોતી.

"આ બરાબર છે?" દેબુ બોલ્યો.

મેં માથું હલાવીને હા પાડી. આંખો ખોલી. ઇશારાથી એનું મોઢું મારી નજીક લાવવાનું કહ્યું. એ મારી તરફ ઝૂક્યો. અમારા હોઠ મળ્યા. જિંદગીમાં પહેલીવાર મેં કિસ કરી.

મને ખ્યાલ આવ્યો કે એણે પણ એની ઇચ્છાઓને માંડ માંડ રોકી રાખી હતી. એના લિપ્સ મારા હોઠને છોડવા તૈયાર નહોતા. અમારી જીભ એકબીજાની સાથે રમવા લાગી. હું ભાન ભૂલી ગઈ. કોઈ અલગ જ દુનિયામાં પહોંચી ગઈ, જ્યાં ન તો સમયનું બંધન હતું, ન કોઈની પરવા હતી. મૂવીઝમાં ઘણી કિસ જોઈ હતી. મારી ફર્સ્ટ કિસ કેવી હશે એની વારંવાર મેં કલ્પના કરેલી. પણ આ એના કરતાંય બેટર હતી. બેટર ધૅન એનિથિંગ આય હૅડ એવર સીન ઑર ઇમેજિન્ડ.

"યુ આર બ્યુટીફુલ." એણે મારા કાન પાસે આવીને સુંવાળા અવાજમાં કહ્યું. મારા કાનની બૂટ એના દાંત વચ્ચે હળવેથી દબાવી. મને દર્દ થયું. ખૂબ ગમ્યું.

એણે મારા ડ્રેસની ઉપર, મારી ઉપસેલી જગ્યા પર હાથ મૂકીને દબાવ્યો. એણે અંદરથી હાથ સરકાવીને મારી છાતી સુધી જવાની નાકામિયાબ કોશિશ કરી હતી. એની ઇચ્છા પૂરી કરવા માટે ઝિપ ખોલીને મારો આખો ટાઇટ ડ્રેસ રિમૂવ કરવો પડે.

મેં એની છાતી પર હાથ મૂકીને એને સહેજ પાછો ધકેલ્યો.

"આપણે બહુ ઉતાવળ તો નથી કરી રહ્યાં ને?" મેં કહ્યું. જાણે સામેવાળો મને કહેવાનો હોય, "હા, બહુ ઉતાવળ કરી રહ્યાં છીએ!"

"નો. અફકોર્સ નૉટ. એકદમ બરાબર છે." દેબુએ કહ્યું અને એના એક હાથે કેળના સ્તંભ જેવી મારી થાઈ પકડીને હળવેથી મસળી. એનો બીજો હાથ મારી પીઠ તરફ સરક્યો. મારા ડ્રેસની ઝિપનો ઉપરનો છેડો ફંફોસતો હતો.

"લાઇટ બહુ છે." મેં કહ્યું. એણે મારું ફિગર પ્રેઇઝ કર્યું હતું એ બરાબર પણ હજુ સુધી કોઈ પુરુષની આગળ મેં કપડાં નહોતાં ઉતાર્યાં. થોડું અંધારું થાય તો મારામાં હિંમત આવે.

એણે રૂમની બધી લાઇટ્સ ઓલવી નાખી. લાંબી વિન્ડોના પડદા ખુલ્લા હતા. મેનહટનની સ્કાયલાઇનમાં ઝબૂકતી નિયોન સાઇન્સનો આછો પ્રકાશ અમે બે એકબીજાને જોઈ શકીએ એ માટે ઇનફ હતો.

મેં આ જ અવસરની કલ્પના કરીને ટ્રાયમ્ફની નવી મૅચિંગ રેડ લૉન્જરી પહેરી હતી.

દેબુએ ઝિપ ખોલીને મને ડ્રેસમાંથી મુક્ત કરી નાખી. ફરી પાછળ હાથ નાખીને મારી બ્રાનાં હૂક ખોલી નાખ્યાં. પોતાનું શર્ટ પણ કાઢી નાખ્યું.

"આ તું મારી સાથે શું કરી રહ્યો છે, દેબુ?" બ્રા હાથમાં લઈને છાતી પર ઢાંકીને હું હળવેકથી બોલી. બોલવું પડે, જેથી લાગે કે એને લીધે આવું બધું થઈ રહ્યું છે. મારી તો તૈયારી જ નહોતી. ભલે ને પેલી નવી લૉન્જરી હું જ જઈને લઈ આવી હોઉં. ચૂપ, રાધિકા. જસ્ટ એન્જોય.

"જસ્ટ ગો વિથ ધ ફ્લો." દેબુ બોલ્યો, બૉય્ઝ જ્યારે એમ કહેવા માગતા હોય કે "ચૂપચાપ મને તારી સાથે સેક્સ કરવા દે" ત્યારે આવું જ બોલે : "જે થતું હોય તે થવા દે..."

એણે મારા હાથમાંથી બ્રા ખેંચી લીધી. એની બેઉ હથેળી મારી બ્રેસ્ટ પર દબાવી.

"આટલું જોર નહીં કર." મેં કહ્યું.

"સૉરી." એ બોલ્યો.

"તેં પહેલાં પણ આવું કર્યું છે?" મેં પૂછ્યું.

એણે તરત જવાબ ના આપ્યો. થોડી સેકન્ડ્સ પછી કહ્યું,

"હું હા પાડું તો તું મને આગળ નહીં વધવા દે?"

હું હસી. પછી બોલી, "પાગલ, એમ નહીં. મારું આ ફર્સ્ટ ટાઇમ છે."

"પહેલાં મારી એક ગર્લફ્રેન્ડ હતી. બે વર્ષ પહેલાં."

એણે મારી નિપલ્સ પર જીભ ફેરવીને કિસ કરી. પછી ઉપર ગયો. ગળા પર બાઇટ કરીને કિસ કરી. પછી મારી ચિન પર અને હોઠ પર કિસ કરતો જ રહ્યો, કરતો જ રહ્યો. આંગળીથી મારી પેન્ટી ખેંચી. વધારે ખેંચી. સાવ નીચે લઈ લીધી. મારા હાર્ટબીટ્સ વધી ગયા. હું ખરેખર કોઈ મેલની આગળ નાગી થવામાં ઉતાવળ કરી રહી હતી?

પણ હવે આય થિન્ક, બહુ મોડું થઈ ગયું હતું. એણે મારી પેન્ટી ઉતારીને દૂર ફેંકી દીધી હતી. એ પોતે પણ ટ્રાઉઝર અને અંડરવેર ઉતારી ચૂક્યો હતો. એકદમ તૈયાર હતો. મેં ક્યારેય આટલા નજીકથી કોઈ પુરુષને આવી અવસ્થામાં નહોતો જોયો. મારે એના એકેએક અંગને ધ્યાનથી જોવું હતું, જસ્ટ આમ જ. પણ એણે મને એની નજીક લઈને ટાઇટ પકડી લીધી. ફરી કિસ કરવા લાગ્યો. એના હાથ મારી થાઇઝ પર ફરવા લાગ્યા.

"તારા પગ કેટલા સુંવાળા છે." એ બોલ્યો. મેં નક્કી કર્યું કે હવે તો 'કમ્પ્લીટલી બેર'ની લાઇફ મેમ્બરશિપ જ લઈ લઉં.

એણે મારા બે પગ વચ્ચેની એકદમ પ્રાઇવેટ જગ્યાને સ્પર્શ કર્યો. બ્રાઝિલિયનને કારણે જંગલ એકદમ સાફ થઈ ગયું હતું.

"વાઉ, તું એકદમ ભીની છે." એ બોલ્યો.

હું ભીની જ નહોતી, લથબથ હતી, ઑલમોસ્ટ ટપકતી હતી. મારી ગુડ ગર્લવાળી ઇમેજના તો એના મનમાં ચૂરેચૂરા થઈ ગયા હશે.

એ નીચે વળ્યો. મારા બે પગ સહેજ ખુલ્લા કર્યા. એમાં એનું માથું ખોસી દીધું. એના વાંકડિયા વાળનો મારી સાથળ પર થતો સ્પર્શ મને સાતમા આસમાને લઈ જતો હતો. મેં એના વાળ સહેલાવતાં કોઈ બાળકને પૂછતી હોઉં એવી અદાથી પૂછ્યું, "શું કરે છે તું?"

"હં? ત્યાં જઉં છું..." એણે માથું ઊંચકીને મને કહ્યું.

"ત્યાં ક્યાં?" મેં ભોળાભાવે પૂછ્યું.

"નીચે..." કહીને એણે પાછું એનું મોઢું એ જગ્યાએ મૂકી દીધું.

"ત્યાં? તારી જીભ... ઓહ..."

"હા. જસ્ટ રિલેક્સ," કહીને દેબુ મારા બે પગ વચ્ચે ખોવાઈ ગયો. એ પછીની મારી દસ મિનિટ અત્યાર સુધીની મારી લાઇફની બેસ્ટમાં બેસ્ટ ટેન મિનિટ્સ હતી. વૅક્સિંગ સ્ટ્રિપ ઊખડતી હતી ત્યારે જેટલી યાતના થતી હતી એટલો જ તીવ્ર આહ્લાદક અનુભવ અત્યારે મને એની જીભ ત્યાં ફરતી હતી ત્યારે થઈ રહ્યો હતો. એની જીભની એકએક મૂવમેન્ટથી હું વધારે ને વધારે પલળતી જતી હતી. આવો અનુભવ હું કોઈ કાળે શબ્દોમાં ડિસ્ક્રાઇબ કરી શકવાની નથી. આવું તો હર વખત થવું જોઈએ. કેમ નહીં કરતા હોય લોકો? વાઉ, હજુ સુધી કોઈએ મને નહોતું કહ્યું કે સેક્સમાં આવા બધા પ્લેઝર્સ પણ હોય છે.

એણે એની જાડી લાંબી આંગળી મારી અંદર નાખી. પેઇનથી મારી આંખો મિંચાઈ ગઈ.

"જરા ધીરે..." હું આંખ ખોલીને એની સામે જોઈને બોલી.

"ગમે છે?" એ બોલ્યો.

મેં માથું ઝુકાવીને ફરી મારી આંખો બંધ કરી લીધી.

આંગળી અંદર જ રાખીને એણે ફરીથી ત્યાં જીભ ફેરવવા માંડી. ક્યારેક આ તરફ, ક્યારેક ઉપર, ક્યારેક અંદર. હું એકદમ છલકાઈ ગઈ હતી. થોડી જ વારમાં હું એવા પૉઇન્ટ

સુધી પહોંચી ગઈ જ્યારે મારે એને રોકીને કહેવું પડ્યું,

"એક મિનિટ."

"શું થયું?"

"ઉપર આવી જા." મેં કહ્યું.

એ મારી ઉપર આવ્યો. હું એને કિસ કરવા લાગી. મને જરા સ્ટ્રેન્જ લાગ્યું કે હજુ સુધી તો એની જીભ ત્યાં ફરતી હતી, હવે મારા મોઢામાં આવી ગઈ. પણ મને ગમ્યું.

"કરવું છે?" એણે ઍડજસ્ટ કરતાં કહ્યું.

'હું સેક્સ કરવાની છું? ફાઇનલી હવે હું મોટી થઈ જવાની. પણ એક મિનિટ. મારે આ કરવું જોઈએ?'

"મારી પાસે ટોપી છે." એ બોલ્યો અને ઊભો થયો.

હટ, આને ખબર હતી કે હું એના હાથમાં આવી જવાની? હું શું એવી લાગું છું!

"મારા વૉલેટમાં જ મૂકી રાખેલું છે, ઘણા વખતથી છે." એ બોલ્યો. જાણે મારા મનમાં ચાલતા વિચારો એના સુધી પહોંચી ગયા હોય.

મારે વધારે વિચાર કરવો નહોતો. મેં સહેજ માથું હલાવીને હા પાડી.

એ બહુ જ ધીમેથી મારામાં એન્ટર થયો. થોડુંક હર્ટ થયું. ફ્રૅન્કલી, એની જીભમાં વધારે મઝા આવી હતી. અચ્છા, તો આને સેક્સ કહેવાય. આમ જ સેક્સ કરાય એવું ને? રાધિકા મહેતા, ફાઇનલી તું ફક કરી રહી છે. હવે તું બરાબરની ફકુડી થઈ ગઈ. મેં મનોમન મને જ ચિયર્સ કર્યું. મારી જિંદગીનો આ બહુ મોટો માઇલસ્ટોન છે એવું મને લાગવા માંડ્યું. IIM – અમદાવાદમાં પ્રવેશ, ગોલ્ડમન સાક્સમાં જૉબ, ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રૂપમાં પસંદગી. એટલો જ મોટો મુકામ આ પણ હતો. ડિસ્ટ્રેસ્ડ ડેટમાં કામ કરવાનું બહુ અઘરું હશે? ઓહ ફક! મારી અંદર એક આખેઆખો માણસ ઘૂસેલો છે ને હું ક્યાં અત્યારે ડિસ્ટ્રેસ્ડ ડેટની પત્તર ખાંડવા બેઠી.

"તું એકદમ મસ્ત છે." એણે કહ્યું.

મને ગમ્યું એને આવું લાગ્યું તે. જ્યાં સુધી મારી વાત છે ત્યાં સુધી મને કંઈ 'એટલી' મઝા નહોતી આવી.

મારે એને કહેવું હોય કે તું ફરી નીચે જઈને જીભ ફેરવ તો કયા શબ્દોમાં એને કહેવાનું? એણે અંદર નાખી દીધા પછી આવું કહીએ તો ખરાબ કહેવાય? પલંગના પ્રોટોકોલની કોઈ ચોપડી ખરી કે નહીં?

એના ફટકા વધુ ને વધુ ફાસ્ટ થતા જતા હતા. એણે મને એકદમ ટાઇટ પકડી લીધી. પછી થોડી વાર રહીને એણે ઊંહકારો કર્યો, સહેજ ખેંચાયો, ફરી પાછો ઊંહકારો. થોડી સેકન્ડ્સ સુધી એના શ્વાસ સંભળાતા રહ્યા. પછી એ રિલેક્સ થઈને મારા પર લેટેલો જ રહ્યો.

"વાઉ," દેબુ બોલ્યો, "ઇટ્સ ઍમેઝિંગ, નહીં?"

તો મારો સેક્સનો આ પહેલવહેલો અનુભવ કેવો રહ્યો? વેલ, કહું તમને. તમે શાહરૂખ કે સલમાનની કોઈ મૂવી માટે મહિનાઓથી ખૂબ આતુરતાપૂર્વક રાહ જોતા હો અને ફાઇનલી ફર્સ્ટ ડે ફર્સ્ટ શોની ટિકિટ લઈને તમે થિયેટરમાં જાઓ અને પૂરી થયા પછી બહાર નીકળતા હો ત્યારે તમને લાગે કે ફિલ્મ ખરાબ નહોતી પણ એવી કંઈ ગ્રેટ પણ નહોતી. બસ એવું જ અત્યારે મને લાગતું હતું.

"યા. ઇટ વૉઝ અમેઝિંગ." મેં કહ્યું. મને લાગે છે કે બેડમાં હોઈએ ત્યારે લોકોએ દરેક વાતે એકબીજા સાથે તરત એગ્રી થઈ જવાનું હોય.

એ મારા પરથી ઊતરીને બાજુમાં સૂતો. ચત્તોપાટ પડીને સીલિંગને તાકતો રહ્યો. અમે હાથ પકડ્યા.

"યુ આર વન્ડરફુલ, થૅન્કયુ," એ બોલ્યો.

થૅન્કયુ! એ વળી શું? શો પૂરો થઈ ગયો? બૅટરી ડ્રેઇન આઉટ થઈ ગઈ હોય એવા ફોનની જેમ એ સાવ ઢીલોઢફ કેમ થઈ ગયો?

"મઝા આવી તને?" મેં કહ્યું.

"એકદમ. જબરજસ્ત. સાવ નીચોવાઈ ગયો. ફિનિશ્ડ."

"ફિનિશ્ડ?"

"સેટિસ્ફાઇડ, આય મીન," એ બોલ્યો.

"દેબુ."

"યા."

"એક વાર ફરી મને નીચોવી નાખ ને, ફિનિશ્ડ કરી નાખ. પ્લીઝ?"

"હં?" દેબુએ મારી સામે જોયું. એને નવાઈ લાગી.

"નીચે જઈને, મારા બે પગ વચ્ચે. ફરી વાર કરને..." મેં કહ્યું.

"શ્યૉર, બેબી."

સારું થયું, ચાલો. લજામણીના છોડ જેવી શર્મિલી ઇન્ડિયન ગર્લની મારી ઇમેજ તૂટી તો ખરી. ઠીક છે, આને લીધે હું કોઈને 'એવી ટાઇપ'ની લાગું તો લાગું. શું ફરક પડે છે. મારી પાસે ચૉઇસ હોય તો હું ફ્રસ્ટ્રેટેડ ઇન્ડિયન ગર્લ બનવાને બદલે 'એવી ટાઇપ'ની સેટિસ્ફાઇડ છોકરી બનવાનું વધારે પસંદ કરું.

પાંચ મિનિટમાં જ મેં જોરથી ઊંહકારો ભર્યો. વાઉ, મેં એનું માથું બે હાથમાં પકડીને જોરથી મારા બે પગ વચ્ચે દાબી દીધું. મારા પગમાં કંપન થયું, મારું આખું બૉડી શેક થયું. ઓકે. તો ઓર્ગેઝમ આવી હોય. આને ચરમસીમા કહે એમ ને...

"કેવું લાગે છે?" એણે પૂછ્યું.

મેં શરમાઈને મારો ફેસ છુપાવી લીધો.

"તેં શું કહ્યું?" મેં પૂછ્યું.

"કેવું લાગ્યું તને?" એ હસ્યો.

"સાવ નીચોવાઈ ગઈ. ફિનિશ્ડ."



9

બે મહિના પછી

"આ મેગાબૉલ ડીલમાં આપણે ગૂંચવાઈ ગયા છીએ." જોનાથન હસ્કી, ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપનો મારો બૉસ અને કંપનીના વીસ વાઇસ પ્રૅસિડેન્ટ્સમાંનો એક, અત્યારે મોડી સાંજે કહી રહ્યો હતો.

મારો ફોન બઝ થયો. મેં ટાઇમ જોયો. સાત વાગી ગયા હતા. કલાકમાં દેબુને મળવાનું હતું, પણ લાગે છે કે નહીં પહોંચી વળાય.

હું ગોલ્ડમન સાક્સના ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપના મિટિંગ રૂમમાં હતી. ગોલ્ડમન તરફથી જોનાથન, ક્લાર્ક સ્મિથ અને હું હતાં. ક્લાર્ક સ્મિથ ગ્રુપનો એક બીજો અસોસિયેટ હતો. બૉલિંગ એલી બનાવતી બોસ્ટનની મેગાબૉલ કંપનીને લોન આપનારી સાત બૅન્ક્સમાંથી એક-એક રિપ્રેઝન્ટેટિવ હતા. મેગાબૉલે બનાવેલી બૉલિંગ એલીઝમાં રમી રમીને હજારો લોકોએ મઝા કરી, પણ આ કંપનીના લેણિયાતો અત્યારે બિલકુલ મજામાં નહોતા. મેગાબૉલે આ બૅન્કો પાસેથી લીધેલી કુલ પચાસ મિલિયન ડૉલરની લોન્સ હજુ ચૂકવાઈ નહોતી.

"કંપની પાસે કોઈ ઍસેટ્સ નથી," જોનાથને કહ્યું, "એ લોકો પાસે જે છે તે બૉલિંગ પિન્સ અને બૉલિંગ બૉલ્સનો ભરપૂર સ્ટૉક છે, બસ."

પચાસ લાખ ડૉલર વસૂલ કરવાના હોય તો કેટલા લાખ બૉલ જોઈએ, મને વિચાર આવી ગયો. મેગાબૉલને આટલી મોટી રકમ ઉછીની આપવાની સામૂહિક મૂર્ખામી કરવા બદલ એકબીજાને સહાનુભૂતિ આપતા હોય એમ બધા બૅન્કર એકબીજાની સામું જોવા લાગ્યા.

"તમે કહો, શું કરવું જોઈએ." બૅન્કરમાંનો એક બોલ્યો, "અમારે તો બસ અમારી રકમ પાછી લઈને આ ઝમેલામાંથી બહાર નીકળી જવું છે. મેગાબૉલના સ્ટુપિડ સી.ઈ.ઓ. સાથે પનારો પાડવાનું કામ અઘરું છે."

મારો હાથ મારી હૅન્ડબૅગમાં ગયો. મેં ફોન કાઢ્યો.

"રાધિકા..." જોનાથન મને સંબોધીને કંઈક કહી રહ્યો હતો, "તારો શું સુઝાવ છે?"

ડૅમ, મને કોઈ એક મિનિટ આપો. દેબુને કહી દઉં કે આજે રાત્રે નહીં મળાય. મેં મારો ફોન પાછો મૂકીને બૅગ બંધ કરી દીધી.

"ઓહ શ્યૉર, જોનાથન." મેં કહ્યું. મેં મારો પ્લાન સમજાવતી એક બુકલેટ તૈયાર કરી હતી. એની કૉપી બધા માટે લાવી હતી તે વહેંચી.

"આપણો મેઇન ગોલ," મેં બુકલેટમાંથી પહેલું પાનું ઉઘાડ્યું, "એ હોવો જોઈએ કે મેગાબૉલનો ધંધો ચાલુ રહે. અત્યારે જો કંપનીને ફડચામાં લઈ જઈશું તો એક ડૉલરમાંથી છ સેન્ટ્સ પણ હાથમાં નહીં આવે. અને જો એના સી.ઈ.ઓ.ને ચાલુ રાખીશું તો ડૉલરે પચાસ સેન્ટ્સ મળે એવી પોસિબિલિટીઝ છે. ફિફ્ટી પર્સેન્ટ."

"એ માણસને તો તગેડી મૂકવો જોઈએ." બૅન્ક ઑફ અમેરિકાથી આવેલા ડર્ક ગ્રિગલી નામના એક જાડિયા ટાલિયા બૅન્કરે કહ્યું, "જસ્ટ ફાયર હિમ. એણે જ આ બધો બખેડો ઊભો કર્યો છે."

"બિલકુલ. એનાં જ કારનામાં છે આ." મેં કહ્યું, "પણ આપણને અત્યારે એની જરૂર છે. કામકાજ ચાલુ રહે એ માટે અને કંપનીમાંથી કેટલાક લોકોની છટણી કરવા માટે, કેટલાક લોકોના પગારમાં કાપ મૂકવા માટે. આ બધું ડર્ટી કામ કરવા માટે આપણે એને વાપરવાનો છે,

ધેટ્સ ઑલ.”

મેં હાજર રહેલા સૌ કોઈને આખો પ્લાન સમજાવ્યો. આટલું કરવાથી કંપનીનું ટર્ન ઓવર ભલે ઘટતું પણ કંપનીના ખર્ચામાં ઘણો ઘટાડો થશે.

બધા બૅન્કર્સે બુકલેટનાં પાનાં ફેરવવાનું શરૂ કર્યું. મારો ફોન વાપરવા માટે હું કોઈ બહાનું વિચારી રહી હતી. દેબુ એની ઑફિસેથી નીકળી જાય પછી એને ખબર પડે એવું હું નહોતી ચાહતી.

પણ આ બધા બૅન્કરને મારા બૉયફ્રેન્ડની કંઈ પડી નહોતી.

“આ પ્લાન કારગત નીવડશે એની ગૅરન્ટી શું?” એક લેણિયાતે પૂછ્યું.

“કોઈ ગૅરન્ટી નથી.” મેં કહ્યું, “પણ હવે જ્યારે અમે આ આખા બિઝનેસનું વેલ્યુએશન પૂરું કર્યું છે ત્યારે અમને લાગે છે કે મેક્સિમમ ટ્વેન્ટી ફાઇવ મિલિયન ડૉલર્સની રિકવરી થશે. સમજોને કે ડૉલરમાંથી પચાસ સેન્ટ્સ પાછા આવશે.”

“અમે લોકો તમને એમાંથી થર્ટી સેન્ટ્સ આપી શકીએ એમ છીએ. પંદર મિલિયન અમારી પાસેથી લઈને મેગાબૉલનું બાકીનું દેવું માંડવાળ કરી નાખો. એ સાથે નેગોશિયેટ કરીને કંપની અમે લઈ લઈશું,” જોનાથને સમજાવ્યું.

અમારી કામ કરવાની આ જ પદ્ધતિ હતી. થર્ટી સેન્ટ્સની ઑફર કરો. ફિફ્ટી સેન્ટ્સની રિકવરીની આશા રાખો.

“ખાલી થર્ટી સેન્ટ્સ?” ડર્ક બોલ્યો. “એ તો કંઈ જ ના કહેવાય.”

“બધું રિસ્ક ગોલ્ડમન ઉઠાવે છે. કંપની રિવાઇવ થાય, ન પણ થાય.” જોનાથને કહ્યું.

બધા લેણિયાતો ભેગા થઈને આપસમાં ગુસપુસ કરવા લાગ્યા.

“તમારે લોકોએ દસ મિનિટ એકલામાં મળવું હોય તો મળી લો.” કહીને જોનાથન ઊભો થઈ ગયો.

યસ, હવે મને ફોન કરવાનો ચાન્સ મળશે. જોનાથન, ક્લાર્ક અને હું રૂમમાંથી બહાર આવી ગયા.

હું દોડીને મારી ક્યુબિકલમાં ગઈ. દેબુને ફોન લગાડ્યો,

“હે બેબી, તું ક્યાં છે? હું નીકળી જ રહ્યો હતો. તેં મારા મેસેજ જોયા કે નહીં?”

“ના, જસ્ટ હમણાં જ બહાર આવી. ક્રેડિટર્સ સાથેની મિટિંગ છે. લાંબી લાંબી ચાલ્યા જ કરે છે.”

“શું?”

“બસ, ડીલ ફાઇનલ થવાની તૈયારીમાં છે. ઍક્ચ્યુલી, મારું ફર્સ્ટ ડીલ હશે આ...”

“સાડા સાત થયા છે. આપણું રિઝર્વેશન આઠ વાગ્યાનું છે. કૉમેડી સેલારમાં લેટ એન્ટ્રી ઍલાઉડ નથી.”

“આયમ સૉરી. કૅન યુ કૅન્સલ ઇટ, પ્લીઝ?”

“પંદર-પંદર ડૉલર ઑલરેડી પે થઈ ગયા છે.”

“આય નો. આયમ સો સૉરી.”

“વૉટ? રિયલી?” એ બોલ્યો. એનો અવાજ પડી ગયો હતો.

“એક કામ કરીએ. બહાર જવાને બદલે આપણે ઘરે જ મળીએ તો? તું મારા ઘરે આવી જા.”

“ક્યારે?”

“આજે રાત્રે જ. જમી લે પછી ઘરે આવ. ત્યાં સુધીમાં હું પણ પહોંચી જઈશ.”

મેં ફોન મૂકી દીધો. મેં લોઅર મેનહટનના ટ્રાઇબેકામાં વન બેડરૂમનો ફ્લૅટ ભાડે લીધો

હતો. વૉલ સ્ટ્રીટથી સૌથી નજીકનો અને મને સૂટેબલ હોય એવો રેસિડેન્શ્યલ ઇલાકો એ જ લાગ્યો. દેબુ પાસે પણ મારા ઘરની ચાવી રહેતી. એ અવારનવાર જતોઆવતો રહેતો.

હું બ્રુકલિનની એની જગ્યાએ ક્યારેક ક્યારેક ગઈ હતી. ટિપિકલ બૅચલર્સ પૅડ, જેમાં ફ્રિજમાં ખાવાપીવાના સામાન કરતાં બિયરનાં કૅન વધારે જોવા મળે. એની સાથે બીજા બે છોકરાઓ રહેતા. પ્રાઇવસી જેવું ભાગ્યે જ મળે. એ લોકો એમના ઘરની ચાવીઓ ઘરની બહાર કૂંડા નીચે રાખતા. દેબુને મેં પૂછેલું કે આવું કેમ? ત્યારે એણે કહેલું, “જસ્ટ સિમ્પલર બેબી, છેલ્લા ત્રણ મહિનામાં અમે લોકોએ છ ડુપ્લિકેટ ચાવીઓ ખોઈ નાખી છે.”

મારી ડેસ્ક પરના ફોનની રિંગ વાગી. જોનાથન મિટિંગ રૂમમાંથી બોલતો હતો,

“તું અને ક્લાર્ક આવો તો.”

ક્લાર્ક અને હું મિટિંગ રૂમમાં પહોંચી ગયાં.

“ક્લાર્ક, રાધિકા, આયમ હૅપી ટુ સે કે સાતેય બૅન્કર્સે આપણી ઑફર સ્વીકારી લીધી છે. વી હૅવ એ ડીલ! યૉર ફર્સ્ટ, રાઇટ?”

“યસ, ધેટ્સ એ ગ્રેટ ન્યૂઝ,” હું બોલી અને ઘરે જવા ઉતાવળી થઈ.

“રાધિકા, તું એક કામ કર. આપણે એ લોકોને બહુ જલદી બેઝિક ટર્મ્સ ઍન્ડ કન્ડિશન્સ તૈયાર કરીને મોકલી આપવાની છે. બાકીનું બધું ડૉક્યુમૅન્ટેશન પછી થશે.”

મારું હાર્ટ બેસી ગયું. ટર્મ શીટ તૈયાર કરતાં કરતાં તો કલાકો વીતી જાય. જોનાથન અને ક્લાર્ક બધા બૅન્કરને લઈને ગોલ્ડમનના બિલ્ડિંગથી બે બ્લૉક દૂર આવેલી હૅરિઝ કાફે ઍન્ડ સ્ટેક્માં ડ્રિન્ક માટે જવાના હતા. હું મારી ડેસ્ક પર આવીને ડીલની બધી કંડિશન્સ લખીને ટર્મ શીટનો ડ્રાફ્ટ તૈયાર કરતી રહી.

મોડી રાત્રે જોનાથન મારી ડેસ્ક પાસે આવ્યો. એણે એની ઘડિયાળમાં જોયું.

“બારમાં દસ કમ. ઓહ નો. સૉરી ઍબાઉટ ધિસ. તારે ઘરે જવું જોઈએ, રાધિકા.” એણે કહ્યું.

“હમણાં જ તમને ફાઇનલ ટર્મ શીટ મેઇલ કરી.” મેં મારા કૉમ્પ્યૂટરમાંથી લૉગ આઉટ કરીને કહ્યું.

“વેલ ડન. યુ વેર ફૅન્ટાસ્ટિક ઇન ધિસ ડીલ. યુ આર અ રિયલ ઍસેટ ટુ ધ ગ્રુપ.” જોનાથને કહ્યું.

ગોલ્ડમન બિલ્ડિંગની બહાર પગ મૂકતી વખતે મને અંદરથી ભરપૂર સંતોષ થતો હતો. જોનાથનના શબ્દો મારા મનમાં ગૂંજતા હતા. આ આનંદ મારે બને એટલો જલદી દેબુ સાથે શેર કરવો હતો.

* * *

“હું ઊંઘી ગયો છું, બેબી.” દેબુએ ફરિયાદના સૂરમાં કહ્યું. મેં ઘરે આવીને બેડરૂમની સીલિંગની લાઇટ ઑન કરી હતી.

“સૉરી,” કહીને મેં લાઇટ બંધ કરી દીધી અને બેડસાઇડ લૅમ્પની સ્વિચ ઑન કરી.

“કેટલા વાગ્યા?” એણે ઊંઘરેટા અવાજે કહ્યું.

“સાડા બાર,” મેં કહ્યું.

“વૉટ?” એ બોલ્યો. એની આંખો ખૂલી ગઈ, પહોળી થઈ. “તું અત્યાર સુધી ઑફિસમાં હતી?”

“યા. શું કરું? માય ફર્સ્ટ બિગ ડીલ. યુ નો જોનાથને મને શું કહ્યું તે?”

"શું?"
"રાધિકા, યુ આર અ રિયલ એસેટ ટુ ધ ગ્રુપ."
"વ્હાય નોટ? એ લોકો પોતાના બધા જ કામનો બોજો એકલા તારા જ માથા પર નાખે છે."
"એવું નથી હં. એ લોકો પણ રાતના ઉજાગરા કરે છે. ડૉક્યુમેન્ટેશનમાં ઘણી બધી નાની નાની ડિટેલ્સનું ધ્યાન રાખવું પડે. એટલે થોડું મોડું થઈ ગયું."
"તેં ડિનર કર્યું?"
"ના, બેબી." હું બોલી.
"નથી કર્યું?" દેબુ બેડમાં બેઠો થઈ ગયો.
"ટાઇમ જ ના મળ્યો."
"ધિસ ઇઝ ટેરિબલ. વેઇટ."
એ બેડમાંથી ઊભો થઈને લિવિંગ રૂમના ઓપન કિચન તરફ ગયો અને ફ્રિજમાંથી એગ્સની ટ્રે કાઢીને બોલ્યો,
"હું તારા માટે બુર્જી બનાવું છું. બ્રેડની સાથે ખાઈ લે."
"તું સૂઈ જા. હું સિરિયલ ખાઈ લઈશ, મિલ્ક સાથે."
"કંઈક ગરમ ખાને..."
"ગરમમાં મને મારો ગરમાગરમ બૉયફ્રેન્ડ જોઈએ છે. આવી જા."
મેં એનું ટીશર્ટ પકડીને એને મારી પાસે ખેંચ્યો અને કિસ કરી.
"સૉરી, હું લેટ આવી. ચાલ, હવે હું તને એનું કૉમ્પેન્શેસન આપું."
એણે મને દૂર કરી.
"એ બધું પછી. પહેલાં ખાવાનું."
એણે એગ્સ વ્હીપ કરવાનું શરૂ કર્યું. અનિયન્સ અને ટમેટોઝ સમાર્યાં અને ગૅસ પર સૉસપાન મૂકી. દસ મિનિટમાં મારા માટે ડિનર તૈયાર હતું.
"લે." એણે કહ્યું.
મેં એક કોળિયો ભર્યો.
"કેવું બન્યું છે?"
"યમી. થૅન્કયુ."
"વેલકમ."
"દેબુ, સાંભળ."
"બોલ ને."
"આય લવ યુ."
"આય લવ યુ ટૂ. ખાલી આપણે જોઈએ એટલું મળતાં નથી, બસ."
"મારે લીધે. સૉરી, બેબી."
"ચાલ, સાથે રહેવા માંડીએ. એ રીતે કમ સે કમ તને હું જોઈ તો શકીશ."
હું ચૂપ થઈ ગઈ.
"હું રેન્ટ શેર કરીશ. ડોન્ટ વરી."
"એવું નહીં, પાગલ. પણ એ તો લિવ-ઇન થઈ જશે. વિચ મીન્સ વી આર ઇન એ સિરિયસ રિલેશનશિપ."
"એમાં ખોટું શું છે?" દેબુ બોલ્યો.
મેં એની સામે સ્માઇલ કર્યું અને કહ્યું

“મારું ઘર ચોખ્ખું રાખજે, સમજ્યો!”



10

એક વર્ષ પછી

અત્યારે કંઈ લગ્ન વિશે વિચારવાનો ટાઇમ છે, મૉમ? મારી જૉબ નવી નવી છે. મારે કામમાં ધ્યાન આપવાનું હોય કે લગનના ધખારા કરવાના હોય? પ્લીઝ... હું બોલી.

વૉલ સ્ટ્રીટ સ્ટેશનના પ્લૅટફૉર્મ સુધી પહોંચવા હું સબવેનાં પગથિયાં ઊતરી રહી હતી. ફ્રાઇડે ઇવનિંગનો રશ અવર હતો. કોલાહલમાં મને એનો અવાજ પ્રૉપર્લી સંભળાતો નહોતો.

વૉટ? મેં કહ્યું. એક ટ્રેન આવી જેને લીધે એનો અવાજ સાવ ડૂબી ગયો હતો.

જૉબ કંઈ એટલી ઇમ્પૉર્ટન્ટ છે? મૉમ કહી રહી હતી. એ કિચનમાં ચા બનાવતી હોય એવું લાગ્યું. મારા માટે અત્યારે રાતના સાડા આઠ થયા હતા. ત્યાં સવારના છ વાગ્યા હશે. ઑફિસમાં મારા પ્રેઝન્ટેશનમાં મારાથી ટાઇપિંગની ભૂલ થઈ ગઈ હતી, એક નહીં બે વાર. જોનાથને માર્ક કર્યું હતું. મારું ધ્યાન દોરીને મને ઇશારાથી ટોકી પણ હતી.

મારા માટે જૉબ ઇમ્પૉર્ટન્ટ છે. મારી કંપનીના સૌથી ઇમ્પૉર્ટન્ટ ગ્રુપમાં હું છું, તને ખબર છે? અહીં બધા કહેતા હોય છે કે હું બેસ્ટ કામ કરી રહી છું. હું બોલી.

પણ અહીં બધા કહેતા હોય છે કે મિસ્ટર મહેતાની સેકન્ડ ડૉટર શું કામ પરણતી નથી? કંઈક ગરબડ લાગે છે.

રિયલી, મૉમ? તને ખરેખર એવું લાગે છે? કંઈક ગરબડ છે?

ટ્રેન આવી. નંબર થ્રી હતી. હું ચડી ગઈ. દરવાજા બંધ થઈ ગયા. મારે અહીંથી જસ્ટ ત્રણ જ સ્ટેશન દૂર જવાનું હતું. ટ્રાયબેકાના ચૅમ્બર્સ સ્ટ્રીટ સ્ટેશને પહોંચતાં સબવેમાં પાંચ જ મિનિટ લાગતી. પણ સમહાઉ, મમ્મી સાથેની વાતોમાં આ અંતર ખૂબ લાંબું લાગ્યું.

એક વરસથી તું ઇન્ડિયા છોડીને ગઈ છે. તારી બહેન બે વરસ પહેલાં પરણી ગઈ. હવે અમને તારા માટે છોકરો જોવાનું શરૂ કરવા દે. રાતોરાત તો કંઈ મળી જવાનો નથી.

અદિતિદીદીને પરણવું હતું એટલે પરણી ગઈ. મારે નથી પરણવું.

નથી પરણવું?

અત્યારે નથી પરણવું. તું મારી લાઇફ તો જરા જો. હમણાં જ મારું કામ પૂરું થયું. અહીં રાતના સાડા આઠ થયા છે.

આ તે કેવી નોકરી? છોકરીઓ પાસે મોડે સુધી કામ કરાવે.

દરેક વાતે મને ઉતારી નહીં પાડ, મૉમ. એક વાત તું ચોખ્ખેચોખ્ખી સાંભળી લે. મારે – અત્યારે – લગ્ન – કરવાં – નથી. છોકરો પણ જોવો નથી.

તો પછી તારે શું કરવું છે? મૉમ બોલી.

બીજી ઘણી વાતો છે લાઇફમાં. મારે સારી રીતે કામ કરવું છે. આ વર્ષે મને પ્રમોશન જોઈએ છે, સારું પર્ફોર્મન્સ બોનસ જોઈએ છે. મારે ખૂબ બધું ટ્રાવેલ કરવું છે. ન્યૂ યૉર્ક એન્જૉય કરવું છે. ઇન્ડિયા આવવું છે, તમને લોકોને મળવું છે.

કોઈ છોકરો છે તારી લાઇફમાં? મૉમ પૂછી બેઠી.

મારું હાર્ટ એક ધબકારો ચૂકી ગયું. મારી મધરની સિક્સ્થ સેન્સ જાગ્રત થઈ ગઈ હતી.

ના, ખાસ કંઈ નહીં. મેં કહ્યું. મેં વિચાર્યું કે હું એને કહું કે છેલ્લા એક વરસથી હું કોઈની જોડે લિવ-ઇનમાં છું. પણ પછી વિચાર્યું કે એક ધડાકે આટલા બધા શૉક આપી દેવાનું સારું નહીં.

ખાસ કંઈ નહીં, એટલે?

મારા ઘણા ફ્રેન્ડ્સ છે. દેબાશિષ પણ એવો જ એક ફ્રેન્ડ છે. શ્રી રામ કૉલેજ ઑફ કૉમર્સમાં મારાથી એક વર્ષ સિનિયર હતો.

દેબાશિષ કોણ?

દેબાશિષ સેન. કૉલેજમાં અમે ઓળખતાં નહોતાં. અહીં મેનહટનમાં એક ઍડ એજન્સીમાં કામ કરે છે.

બંગાળી છે? મૉમના અવાજમાં જરા અણગમો હતો.

યા. કેમ?

નથિંગ. એ લોકો કેટલા ગંધાતા હોય છે નહીં. બહુ ફિશ ખાતા હોય છે.

વૉટ નૉનસેન્સ.

ઍની વે, એ ખાલી તારો ફ્રેન્ડ જ છે કે બીજું કંઈ?

મને કહેવાનું મન થઈ આવ્યું કે અમે બંને ગ્રોસરી ખરીદવા જઈએ છીએ ત્યારે અમારા લિસ્ટમાં કૉન્ટ્રાસેપ્ટિવ્સ પણ હોય છે.

હા. મને બીજું કંઈ કરવાનો ટાઇમ જ ક્યાં છે? પણ અમે મળતાં હોઈએ છીએ.

મળતાં હો છો?

એટલે ગ્રુપમાં બધાં સાથે હોઈએ ત્યારે. નથિંગ મોર. હું ઉતાવળે બોલી ગઈ.

મારે એને કહી દેવું જોઈએ? હા, કહી દેવું જોઈએ. પણ એ પહેલાં દેબુએ સરખો વિચાર કરીને એના મનમાં શું છે એ મને કહેવું જોઈએ.

તું કંઈ બૉયફ્રેન્ડ રાખે ને લવબવના ચક્કર કરે એવી છોકરી નથી. અદિતિ એવી હતી.

તું કહેવા શું માગે છે? મારો અવાજ એટલો મોટો થઈ ગયો કે મારી બાજુમાં બેઠેલી બે દુબલીપતલી છોકરીઓ ચોંકી ગઈ.

કંઈ નહીં. તને ભણવામાં વધારે રસ હતો. તું ક્યાંથી બૉયફ્રેન્ડ ને બધું કરવાની હતી. અમારે જ તારા માટે કોઈ છોકરો શોધવો પડવાનો.

રિયલી, મૉમ? તું મારા માટે છોકરો શોધી લાવશે? કેટલી સારી છે તું. મારી ચામડીનાં જૂતાં બનાવીને તને પહેરાવું તોય તારો આ ઉપકાર મારા માથા પરથી નહીં હટે.

એમાં ઉપકાર વળી શેનો? અમે તારાં માબાપ છીએ. અમારી પણ કોઈ ફરજ હોય કે નહીં?

એને મારો ટૉન્ટ સમજાયો જ નહોતો. મારે હજુ એને ઘણું ઘણું સંભળાવવું હતું. પણ મેં સિચ્યુએશનને વધારે વણસવા દીધા વિના એક ઊંડો શ્વાસ લીધો.

મારું સ્ટેશન આવી ગયું. તારી ચા બની ગઈ?

હા. હજુ વધારે વાત કર, વાંધો નહીં. તારા ફાધર હજુ બાથરૂમમાં છે.

હું ટ્રેનમાંથી ઊતરીને પગથિયાં ચડી ચૅમ્બર્સ સ્ટ્રીટ પર આવી. મારું ઘર અહીંથી ચાલતાં જાઓ તો બરાબર છ મિનિટ દૂર હતું.

ડૅડ કેમ છે?

ચાની રાહ જુએ છે. રિટાયર થયા પછી એમને સમજ નથી પડતી કે કેવી રીતે ટાઇમ પાસ કરવો.

પૈસા મળ્યા?

બહુ બધા મોકલ્યા.

ડૅડને કહેજે કે નવી ગાડી ખરીદી લે. કમ સે કમ હૉન્ડા સિટી તો લે જ. મારુતિ ફ્રન્ટી હવે મ્યુઝિયમમાં શોભે.

હું વાત કરીશ એમને. દીકરીના પૈસા વાપરવાનું અમને શોભતું હશે?
કેમ? હું તારો દીકરો હોત તો ચાલત ને?
હા. તો વાત જુદી હતી – પણ તું દીકરી છે.
સો વૉટ? હું તારું સંતાન છું. તમારી લાઇફસ્ટાઇલ ઇમ્પ્રુવ કરવામાં હું થોડીઘણી હેલ્પફુલ થઈ શકતી હોઉં તો, કેમ નહીં!
દીકરાઓની વાત જુદી હોય. એમના પર અમારો હક્ક હોય.
મૉમ, તું ખાલીખોટી આવી વાતો કરીને મને ગુસ્સે કરે છે. આજે તો સખત એટલે સખત કામ કર્યું છે. તેર કલાક ઑફિસમાં હતી, તને ખબર છે? કંઈક તો મને ગમે એવી વાત સંભળાવ.
તું બહુ યાદ આવે છે.
મને પણ તમે લોકો બહુ યાદ આવો છો.
અમને કેટલું ખરાબ લાગે છે કહું? અમારી દીકરી તેર-તેર કલાક ગદ્ધાવૈતરું કરીને ઘરે પૈસા મોકલે છે. તારા ડૅડના રિટાયરમેન્ટ પછી અમારા લોકોની બાંધી આવક છે પણ હાલત એટલી કંઈ ખરાબ નથી.
મૉમ, પાછું શરૂ કર્યું તેં? મારો વૉઇસ અપસેટ થઈ ગયો, તું હવે બંધ કર આવું બધું બોલવાનું. મારે મારા ફૅમિલી માટે જે કરવું છે તે મને કરવા દે ને...
તું મારી સામે ઘાંટા પાડીને વાત નહીં કર. અહીં હજુ તો અમારો દિવસ શરૂ થઈ રહ્યો છે.
વેલ, તો પછી તું મને ઇરિટેટ કરવાનું બંધ કર.
હું તને ક્યાં ઇરિટેટ કરું છું. તું ક્યારની ફૅમિલી-ફૅમિલી કર્યા કરે છે. તું લગન નહીં કરે તો તારું ફૅમિલી ક્યાંથી બનવાનું?
બાય, મૉમ. મારે તારી સાથે બગાડવું નથી. શાંતિથી જઈને ડૅડ સાથે બેસીને ચા પી.
મેં કંઈ ખોટું કહ્યું તને? આટલી અમથી વાતમાં શેનું ચટકું લાગી ગયું?
લે, મારું ઘર આવી ગયું. લિફ્ટમાં ફોન કટ થઈ જશે. હું પછી તારી સાથે વાત કરીશ.
તારી મરજી. તમે લોકો બધા એવા ચડી વાગ્યા છો. મરજી પડે ત્યારે ફોન કરે, મરજી ફાવે ત્યારે કાપી નાખે. ગમે ત્યારે ઘાંટા પાડે, તારી મા છું હું.
મેં ત્રણ વાર ઊંડા શ્વાસ લીધા.
સૉરી, મેં ઘાંટા પાડ્યા. મેં કહ્યું.
તું બહુ એગ્રેસિવ બનતી જાય છે. તું આવી ને આવી જ રહીશ તો તારી સાથે કોણ...
મારી મા મારા કકળાટ વિશે એક શબ્દ વધારે બોલી ને મારા નહીં કરેલા મૅરેજના પ્લાન્સ પર ઠંડું પાણી રેડી દે એ પહેલાં મારે ફોન કટ કરી નાખવો હતો.
સૉરી, મેં કહ્યું, આયમ સૉરી.
ઘરે જઈને જરા આરામ કર, બેટા. કેટલું કામ કરે છે તું!

* * *

ચાવીથી દરવાજો ખોલીને મેં ઘરમાં પગ મૂક્યો. દેબુ લિવિંગ રૂમમાં સોફા પર આડો પડીને ટીવી પર ફૂટબૉલ મૅચ જોઈ રહ્યો હતો. એણે લૂઝ ગ્રે ટી-શર્ટ પહેર્યું હતું, બ્લૅક શોર્ટ્સ પહેરી હતી. હાથમાં બિયરનું કૅન હતું.
હે... એ બોલ્યો. ટીવીના સ્ક્રીન પરથી એની આંખ એક ક્ષણ માટે હટી નહીં.
હાય... હું એકદમ લુખ્ખા સાદે બોલી. સોફા પરથી ઊભા થઈને મને ભેટવામાં એને

કીડીઓ ચટકા ભરે છે?

મેં જૅકેટ ઉતારીને ડાઇનિંગ ટેબલ પર મૂક્યું. ટેબલ પર મેં જોયું કે ટ્રાયબેકાની એક ચાઇનીઝ રેસ્ટોરાં `મિસ્ટર ચાઉ'માંથી હોમ ડિલિવરીમાં મગાવેલા બે બૉક્સ પડ્યા હતા.

તેં ઑર્ડર કરેલો? હું બોલી.

હા. આજે ખાવાનું બનાવવાનો કંટાળો આવ્યો. પ્લસ, ટીવી પર આ ગેમ હતી.

આ લોકોનું ફૂડ મને બહુ જ ઑઇલી લાગે છે. કંઈક હેલ્ધી મગાવી લીધું હોત તો?

મિસ્ટર ચાઉમાંથી બહુ સસ્તામાં પતી જાય. અને જોને ક્વૉન્ટિટી પણ કેટલી બધી આપે છે. બે દિવસ ચાલશે.

મેં મારી હૅન્ડબૅગ ડાઇનિંગ ચેર પર નાખી. ઘણી વખત મને વિચાર આવતો કે દેબુને આવું પૈસા બચાવવાનું વળગણ ન હોવું જોઈએ.

આજે મૉમ સાથે ઝઘડો થઈ ગયો. મેં ગપ્પાં મારવા એને ફોન કર્યો અને હું ઉકળી પડી એના પર.

હં? ઓહ... એ બોલ્યો. એની આંખો હજુ ટીવી પર જ ચીપકેલી હતી, ખરાબ કહેવાય.

દેબુ, તું પ્લીઝ એક મિનિટ માટે ટીવી ઑફ કરીશ? હું બોલી. ના, ચિલ્લાઈ.

દેબુને જરા નવાઈ લાગી હોય એવું મને લાગ્યું. એણે ટીવી બંધ કરવાને બદલે ખાલી અવાજ મ્યુટ કર્યો. પછી મારા તરફ જોઈને બોલ્યો,

શું થયું, બેબી?

દિવસ આખો ઑફિસમાં મજૂરી કરીને આવું છું. મને જોઈને ખુશ થવાનો ખાલી દેખાવ તો કર.

અફકોર્સ, હું ખુશ છું, બેબી.

ઊભો થઈને મને હગ તો કર. હું ઘરમાં આવું ત્યારે ત્યાં બેઠાં બેઠાં ખાલી `હે' કહીને મને બોલાવવાની?

એ તરત ઊછળીને ઊભો થયો અને મને આવીને ભેટ્યો.

મેં એને હડસેલીને દૂર કર્યો. હવે હું કહું છું ત્યારે ભેટવાનો શું મતલબ? અને મારી વાતમાં ધ્યાન આપ. મૉમ અને મારી વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો.

કઈ બાબતમાં?

તું જ કહે...

તારા મૅરેજ વિશે? એ જ પેલી જૂની રેકોર્ડ : મારી બિચારી દીકરીને કોણ પરણશે... રાઇટ?

હા, દેબુ. મેં એની સામે તાકીને કહ્યું, તને તરત ખબર પડી ગઈ. પણ સિરિયસલી, એની બિચારી દીકરીને કોણ પરણશે?

મૉમ અને મારી વચ્ચે અઠવાડિયામાં એકવાર તો મારા મૅરેજ વિશે તડાફડી થતી જ. દેબુને ખબર હતી. હું અહીં આશા રાખીને બેઠી હતી કે દેબુ આ વિશે કંઈક વિચારશે અને મારી સાથે અમારું ભવિષ્ય ડિસ્કસ કરશે. પણ એના માટે કોઈ સ્ટુપિડ જેવી માયનોર લીગ અમેરિકન ફૂટબૉલ ગેમ વધારે ઇમ્પૉર્ટન્ટ હતી. હું એની સામે જ જોતી રહી.

શું થયું? દેબુએ કહ્યું, આવી વાતોમાં ડિસ્ટર્બ નહીં થવાનું. એ તો પહેલેથી જ પછાત અને જુનવાણી છે.

એણે એક પેપર પ્લેટમાં નૂડલ્સ કાઢીને મને ઑફર કરી. મારા અનિશ્ચિત ભવિષ્યના બદલામાં અત્યારે મને શું મળી રહ્યું હતું! ચીપ ચાઉમીન.

દેબુ, ખરેખર તું એવું માને છે કે ખાલી માની સાથે ઝઘડો થઈ ગયો એટલે હું અપસેટ

છું?

તો પછી? એનો ફેસ બ્લૅન્ક હતો.

આ છોકરાઓને કોઇ વખત કંઇ સમજ કેમ પડતી નથી? ખાલી એક જ કારણે કંઈ અમે લોકો અપસેટ નથી થઈ જતા. દિવસ આખો ઑફિસમાં કામ કર્યું હોય, બૉસે નાનકડી ભૂલો માટે ઇશારાથી ટોકી હોય, ટ્રેનમાં તમારા કરતાં પાતળી છોકરીઓ તમે જોઈ હોય, મધર સાથે આર્ગ્યુમૅન્ટ થઈ હોય, ઘરે આવો ત્યારે તમારો બૉયફ્રેન્ડ તમને જોવાને બદલે ટીવી પર કોઈ ફડતૂસ ફૂટબૉલ ગેમ જોતો હોય અને ઉપરથી ડિનરમાં ઑઇલી ફૂડ હોય જે ખાધા પછી તમે તમારે ટ્રેનમાં બાજુમાં બેઠેલી છોકરી જેટલી પાતળી કાયા ધરાવવાનાં સપનાં હડસન નદીમાં પધરાવી દેવાનાં હોય અને છોગામાં બૉયફ્રેન્ડમાં અમારું ફ્યુચર ડિસ્કસ કરવાની ગટ્સ ના હોય.

‘‘ના... મેં બને એટલી ધીરજ રાખીને કહ્યું, ‘‘માત્ર એ જ એક કારણ નથી.

‘‘ઓહ, એને ખરેખર નવાઈ લાગી હતી.

‘‘દેબુ, વૉટ ધ ફક! તું સમજતો કેમ નથી.

‘‘શું? શું થયું? મેં શું કર્યું?

‘‘તેં શું નથી કર્યું એ પૂછ.

‘‘તને હગ નહીં આપ્યું એ જ ને. આયમ સૉરી. હું તને ઊભો થઈને ભેટ્યો નહીં, બેબી?

‘‘ભેટવાબેટવાની વાત નથી. આપણા બેની વાત છે. તું સાવ જડસુ થઈ ગયો છે કે પછી દેખાડો કરે છે કે કંઇ સમજતો નથી.

‘‘હું શું સમજતો નથી, બેબી?

‘‘બેબીગીરી બંધ કર.

મેં મારી પ્લેટ બાજુએ મૂકી દીધી. મારે આવું અનહેલ્ધી ફૅટી ફૂડ ખાઈને હાર્ટ પેશન્ટ નહોતું બનવું. મારે એના મોઢે ફાલતુમાં ‘બેબી-બેબી’ પણ નહોતું સાંભળવું.

‘‘વાત શું છે એ તો કહે?

‘‘દેબુ, આપણે ક્યાં છીએ?

‘‘એટલે?

મેં રિમોટ લઈને એક સ્વિચ મચડીને ટીવી બંધ કરી નાખ્યું.

‘‘એટલે એમ કે હું અહીંયા છું કે ત્યાં છું? તારી જિંદગીમાં મારું સ્થાન ક્યાં છે? આપણી રિલેશનશિપનું ફ્યુચર શું છે? મારી મા મને પરણાવી દેવા માગે છે. તું સાંભળે છે?

‘‘પણ તારે તો પરણવું નથી ને? અત્યારે તો બિલકુલ જ નહીં, બરાબર? મૂંઝાઈ ગયો.

‘‘પણ દેબુ, ફ્યુચરમાં આપણે ક્યાં હોઈશું?

‘‘આય લવ યુ, બેબી, આય મીન, રાધિકા. ઍન્ડ યુ લવ મી. વી લવ ઇચ અધર સો મચ. બીજું કોઈ છે જ ક્યાં આપણા બેની જિંદગીમાં.

‘‘લવબવ ઠીક છે. હા, હું પણ તને લવ કરું છું. ફ્રૅન્કલી, ઘણી વખત મને લાગે છે કે હું ખોટી તારામાં ને તારામાં પડી રહી છું. હું બીજા કોઈ છોકરા વિશે વિચારી શકતી પણ નથી. મેં બી એટલે જ મૉમ સાથે ચિડાઈ ગઈ.

‘‘સારું જ છે ને...

‘‘પણ આપણું કોઈ ભવિષ્ય ખરું? કે પછી આપણે ખાલી રેન્ટ શેર કરવા અને સેક્સ કરવા જ સાથે રહીએ છીએ?

‘‘એવું નહીં બોલ.

મેં સોફા પર જઈને ફરી ટીવી ચાલુ કર્યું.

એણે આવીને બંધ કરી દીધું.

"તેં ટીવી કેમ ખોલ્યું! એણે પૂછ્યું.

"તું વાત તો કરવાનો નથી. મેં કહ્યું, "અને મને પણ બોલવા નહીં દે, તો પછી કરવાનું શું? લેટ્સ પ્રીટેન્ડ કે આપણી વચ્ચે કોઈ પ્રૉબ્લેમ જ નથી?

"ઓકે, બસ. હું વાત કરું છું. દેબુ બોલ્યો.

"હું સાંભળું છું.

"મારી જૉબનું મને ટેન્શન છે. હું પ્રમોશન આવવાની રાહ જોઈ રહ્યો છું.

"એ તો નેક્સ્ટ મહિને આવે જ છે ને.

"યા, પણ કંઈ કહેવાય નહીં. ઇટ્સ ક્રેઝી. મારા જ બે કલીગ્સે બૉસને કહી દીધું છે કે હું પ્રમોશનને લાયક નથી. ઍડ્વર્ટાઇઝિંગનું ફિલ્ડ તો તું જાણે છે ને. અહીં કોઈ કોઈનું નથી હોતું. ભયંકર સ્ટ્રેસમાં છું હું.

"હં, ધેટ્સ ટેરિબલ. પણ આપણા ફ્યુચરની વાતને આની સાથે શું લેવાદેવા?

"મારે સિનિયર ક્રિયેટિવ ડિરેક્ટર બનવું છે. વધારે પૈસા કમાવવા છે. વધારે અકાઉન્ટ્સ હૅન્ડલ કરવા છે. મૅરેજ વિશે વિચારું એ પહેલાં મારા કામમાં કંઈક સોલિડ બને એની હું રાહ જોઉં છું. મારે મારી કરિયર પર ફોકસ કરવું છે. અત્યારે કોઈ ડિસ્ટ્રેક્શન નથી જોઈતું.

"હું ક્યાં તને કહું છું કે આપણે નેક્સ્ટ વીકમાં જ પરણી જઈએ?

"વેલ, હું તો જસ્ટ આમ જ... ઓકે, ફાઇન. એક વખત આ પ્રમોશનનો મામલો પતી જાય. થોડાં વધારે અકાઉન્ટ્સ મળી જાય. પછી નેક્સ્ટ શું કરવું છે એ વિશે વિચારીશું.

"તો હું મૉમને શું કહું?

"મારા વિશે કહી દે એને. કહે કે તારો બૉયફ્રેન્ડ છે.

"એને ખબર પડશે તો છળી મરશે. પચાવી નહીં શકે. રાઇટ ટાઇમે હું એને કહી દઈશ, અત્યારે નહીં. આપણું ફાઇનલ થઈ જાય પછી...

"ઓકે, તારી મરજી. એણે કહ્યું, "આવ અહીં...

હું સોફા પરથી એક ઇંચ ખસી નહીં. એ મારી પાસે આવ્યો અને મને ભેટ્યો.

"આય લવ યુ. એ બોલ્યો.

"મી ટૂ. સૉરી, હું તારા પર બગડી.

* * *

અમે પથારીમાં પડ્યાં. એની આંગળીઓ મારા હાથ પર ફરી રહી હતી.

"આજે નહીં, દેબુ. મેં કહ્યું, "મૂડ નથી.

"તને સારું લાગશે.

"ના. મેં કહ્યું.

એણે મારી છાતી પર હાથ મૂક્યો. મેં એનો હાથ હટાવી દીધો. પછી કહ્યું, "તારી કરિયર પર ફોકસ કર, દેબુ. ડોન્ટ ગેટ ડિસ્ટ્રેક્ટેડ. ગુડનાઇટ.



11

“કંપનીની બધી ઍસેટ્સ પર ટાંચ લાવીને એને જમીમાં નાખી દો. પછી સામેથી એ લોકો પૂંછડી પટપટાવતા આવશે.” મેં જોનાથનને કહ્યું. ઑફિસની પેન્ટ્રીમાં કૉફી મશીન પાસે અમે ઊભાં હતાં. અમે મેડટ્રોન નામની કંપની વિશે વાત કરતાં હતાં. સેમીકન્ડક્ટર બનાવતી એ કંપનીએ દેવાળું ફૂંક્યું હતું.

“સાચી વાત છે તારી. ગુડ સજેશન.” જોનાથને કહ્યું.

મેં બે એસ્પ્રેસો બનાવી અને એક કપ એને આપ્યો.

મારો ફોન વાગ્યો. દેબુ. મેં જોયો અને પાછો મૂકી દીધો.

“ગો અહેડ, ટેઇક ઇટ.” જોનાથને કહ્યું.

“પર્સનલ કૉલ છે. પછી વાત કરી લઈશ.” મેં કહ્યું.

“ના, ના, લઈ લે. હું પછી તારી ડેસ્ક પર આવીને મળું છું.”

જોનાથન પેન્ટ્રી છોડીને જતો રહ્યો. મેં ફોન ઉપાડ્યો.

“હાય,” મેં કહ્યું, “આજે દિનદહાડે વાત કરવાનું મન થયું! નાઇસ!”

“વેલ! મને સિનિયર ક્રિયેટિવ ડાયરેક્ટરનું પ્રમોશન મળી ગયું!”

“ના હોય! ખરેખર! ઓહ માય ગૉડ! ફાઇનલી! કૉન્ગ્રેચ્યુલેશન્સ, દેબુ! હું બહુ ખુશ છું! બહુ એટલે બહુ જ!”

“થૅન્કયુ. પહેલો ફોન તને જ કર્યો.”

“અફકોર્સ. લેટ્સ પાર્ટી. મસ્ત સેલિબ્રેશન કરીએ.”

“આમ તો કંઈ આ બહુ મોટી વાત નથી. બીજા બેને પણ પ્રમોશન મળ્યું છે.”

“બહુ મોટી વાત છે. તારા માટે, મારા માટે, આપણા બધાં માટે. ઍનીવે, અત્યારે હું મૂકું. જરા કામ છે. ઘરે કેટલા વાગ્યે આવવાનો?”

“સાડા સાત. કેમ?”

“આમ જ. મને કદાચ સહેજ મોડું થાય. ઓકે, મિસ્ટર ક્રિયેટિવ ડિરેક્ટર ઑફ બી.બી.ડી.ઓ.! બાય!”

મેં ફટાફટ પ્લાન બનાવી દીધો. અવિનાશ, આશિષ અને નિધિને મેસેજ કરી દીધા. ‘એકદમ જબરજસ્ત ન્યૂઝ. દેબુને પ્રમોશન મળ્યું છે. મારો બૉયફ્રેન્ડ હવે સિનિયર ક્રિયેટિવ ડિરેક્ટર બની ગયો છે! સરપ્રાઇઝ સેલિબ્રેશન ઑન ડ્રિન્ક્સ. અમારા ઘરે સાંજે સાત વાગ્યે શાર્પ. ફિફ્ટી ફાઇવ-બી, ફિફ્ટી ફ્રેન્કલિન સ્ટ્રીટ, ટ્રાયબેકા.’

થોડી જ મિનિટમાં બધાનું કન્ફર્મેશન આવી ગયું. મેં બીજા પણ થોડા મેસેજ મોકલ્યા. કોઈ કોઈ ફ્રેન્ડ સાથે પોતાના ગેસ્ટને પણ લાવવા માગતા હતા. મઝા જ મઝા. અડધો જ કલાકમાં ડઝનેક ફ્રેન્ડ્ઝની મિનિ પાર્ટી બની ગઈ. છેલ્લે મેં દેબુને મેસેજ નાખ્યો : “બહુ કામકાજ છે આજે. આવતા ઘણું મોડું થવાનું. તું તારે જમીને સૂઈ જજે.”

* * *

“સરપ્રાઇઝ!” દેબુએ ચાવીથી દરવાજો ખોલીને ઘરમાં પગ મૂક્યો ને અમે બધાં જ બોલી ઊઠ્યાં. દેબુ હક્કોબક્કો થઈ ગયો. એનાં ઍક્સ્પ્રેશન જોવાં જેવાં હતાં. પહેલાં તો આટલાં બધાં

લોકોને પોતાના ઘરમાં જોઈને શૉક થઈ ગયો. પછી એક સેકન્ડ રહીને સમજાયું કે આ બધું શું ચાલી રહ્યું છે. છેવટે બધાંની સાથે એ પણ ખડખડાટ હસવા લાગ્યો. એને આમ ખુલ્લી રીતે હસતાં જોઈને મારી કલાકોની મહેનત લેખે લાગી. મેં રેઝમાંથી પિત્ઝા ઑર્ડર કર્યા હતા. હોલ ફૂડ્સમાંથી સલાડ્સ, નટ્સ અને બાર સ્નેક્સ આવ્યાં હતાં. ફ્રિજરમાં શૅમ્પેન ચિલ કરવા મૂકી દીધો હતો. અમારા આ નાનકડા અપાર્ટમેન્ટમાં આટલા બધા ગેસ્ટ હોય એવું અગાઉ ક્યારેય નહોતું બન્યું. શોરબકોર અને લાફ્ટરથી લિવિંગ રૂમ છલકાતો હતો. મારી દુનિયા જાણે હવે કમ્પ્લીટ થઈ હોય એવું લાગતું હતું. આ અપાર્ટમેન્ટ હવે ઘર જેવો લાગતો હતો. મેં લાઇટ્સ ડિમ કરીને મ્યુઝિક શરૂ કર્યું.

"વૉટ એ ગ્રેટ પાર્ટી!" નિધિ બોલી.

"યાદ રાખજે. ભવિષ્યમાં તારે પણ મને આવી સરપ્રાઇઝ પાર્ટી આપવાની છે." આશિષ બોલ્યો. બેઉ હવે પરણી ગયાં હતાં.

"આપણે હવે હસબન્ડ ઍન્ડ વાઇફ કહેવાઈએ. એ લોકો તો બૉયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ છે. ફરક છે."

"તું બી શું વાત કરે છે!" આશિષે કહ્યું અને નિધિ હસી પડી.

મારા ખભા પર કોઈએ ટપલી મારી. હું પાછળ ફરી. દેબુ હતો. એણે મારી આંખોમાં આંખ પરોવીને કહ્યું,

"આય લવ યુ."

"આય લવ યુ ટૂ..."

દેબુએ મારા લિપ્સ પર લાઇટ કિસ કરી. અવિનાશે સીટી મારી. બધાં અમારી તરફ જોવાં લાગ્યાં. મેં શરમના માર્યા મારો ફેસ ઢાંકી દીધો. ઘર કેટલું હર્યુંભર્યું લાગતું હતું. જિંદગીમાં આટલી ખુશી મેં ક્યારેય જોઈ નહોતી.

"મેં તો તને બપોરે જ વાત કરી. આ બધું આટલું ફાસ્ટ તેં કેવી ઍરેન્જ કર્યું?" દેબુએ પૂછ્યું.

"અડધા દિવસની રજા લઈ લીધેલી."

"થૅન્કયુ ફોર મેકિંગ મી ફીલ સો સ્પેશ્યલ, સુપરવુમન!"

"યુ આર વેલકમ. પણ પાર્ટી પૂરી થયા પછી તારે મને ઘરની સાફસૂફીમાં હેલ્પ કરવાની છે, સમજ્યો!"

* * *

ત્રણ મહિના પછી

"મેગાબૉલના ડીલમાં જબરજસ્ત કામ થઈ ગયું. પચ્ચીસને બદલે ત્રીસ મિલિયન એમાંથી મળવાના. વેલડન, રાધિકા." મેં મારા લૅપટૉપ પર જોનાથનનો એક જૂનો ઇમેલ ખોલીને વાંચ્યો. એણે એની કૉપી અમારા ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાંના પાર્ટનર જોન ક્રુઝને પણ મોકલી હતી. જોને પણ 'વેલડન'નો ઇમેઇલ મોકલ્યો હતો.

"બેબી, તારું લૅપટૉપ બંધ કરી દેને. અહીં મારી પાસે આવી જા." દેબુ ઊંઘરેટા અવાજે બબડ્યો. હું બેડમાં એની બાજુમાં જ બેઠી હતી. મેં રૂમની બધી લાઇટ્સ બંધ કરી દીધી હતી, છતાં લૅપટૉપના સ્ક્રીનની ગ્લેર એને બોધર કરતી હતી.

"બહુ બ્રાઇટ છે. કેટલા વાગ્યા?" દેબુએ પૂછ્યું.

"સાડા અગિયાર," મેં કહ્યું, "બસ, થોડી જ વાર. પ્રોમિસ."

દેબુએ લાંબો નિસાસો નાખ્યો.

"અત્યારે વળી તું શું કામ કરી રહી છે?" એણે એનો હાથ મારી કમર ફરતે વીંટાળ્યો. મેં લૅપટૉપ ઊંચું કરીને એનો હાથ ઍડજસ્ટ કરી આપ્યો.

"મારે મારા પોતાના જ પર્ફોર્મન્સનો રિવ્યૂ લખવાનો છે. કાલે સબમિટ કરવાનો છે."

"યુ આર ઍમેઝિંગ," કહીને એણે મારા ખભા પર એનું નાક અને મોઢું ઘસ્યું.

"મારા જ રિવ્યૂમાં હું એવું થોડું લખી શકું કે આયમ અમેઝિંગ! મારે વીતેલા વરસના દરેક ડીલમાં મેં કેવું પર્ફોર્મ કર્યું એની ડિટેલ્સ લખવાની છે."

"એ લોકોને ખબર જ છે કે તું કેટલી સારી છે. ચાલ, સૂઈ જા. મારી પાસે આવી જા." એણે મને નજીક લીધી.

"તું સૂઈ જા. લૅપટૉપની લાઇટથી તને ત્રાસ થાય છે ને... હું બહારના રૂમમાં જઈને કામ કરું છું."

"બહાર એકદમ ઠંડી છે."

"હું હીટર ચાલુ કરી દઈશ." કહીને મેં દેબુને કપાળ પર કિસ કરી અને બેડ પરથી ઊભી થઈ. દરવાજો બંધ કરીને બહાર લિવિંગ રૂમમાં આવી.

થર્મોસ્ટેટ ઍડજસ્ટ કરીને સોફા પર ગોઠવાઈ. લૅપટૉપ ફરી ખોલીને પર્ફોર્મન્સ રિવ્યુનું ફૉર્મ વાંચવા લાગી ઃ

'જે ડીલમાં તમે સિગ્નિફિકન્ટ કૉન્ટ્રિબ્યુશન આપ્યું હોય એની ડિટેલ્સ આપો.'

ગયા વર્ષે મેં ત્રણ ડીલ્સ પર કામ કર્યું હતું. મારું મૅક્સિમમ કૉન્ટ્રિબ્યુશન મેગાબૉલવાળા ડીલમાં હતું. મેં બધી વિગતો ભરી. ગયા વર્ષે હું જ્યારે કૉલેજમાંથી ફ્રેશ બહાર નીકળીને અહીં જોડાઈ ત્યારે અમારા લોકોનું ફિક્સ્ડ બોનસ હતું. આ વર્ષે મારા પર્ફોર્મન્સનો રિવ્યુ થશે પછી મારું બોનસ નક્કી થશે.

'નીચે મુજબના ક્લાસિફિકેશન પ્રમાણે ઓવરઓલ તમને તમારું પર્ફોર્મન્સ વન ટુ ફાઇવમાંથી કેવું લાગે છે.

1. એક્સપેક્ટેશન કરતાં ઘણું બધું નીચે.
2. એક્સપેક્ટેશન કરતાં થોડું નીચે.
3. એક્સપેક્ટેશન મુજબનું.
4. એક્સપેક્ટેશન કરતાં બહેતર.
5. એક્સપેક્ટેશન કરતાં ઘણું ઘણું ઉપર.'

હું થોડીક વાર સુધી વિચારતી રહી. 'ફાઇવ' ચૂઝ કરું તો એકદમ બઢાવીચઢાવીને કહેતી હોઉં એવું લાગશે. મેં 'થ્રી' પસંદ કરીને સબમિટ પર પ્રેસ કરી દીધું.

"પૂરું થયું?" બેડરૂમમાંથી દેબુનો અવાજ સંભળાયો.

"એ આવી!" મેં કહ્યું.

* * *

હું દબાતા પગલે પાર્ટનર જોન ક્રુઝની કૅબિન તરફ ગઈ. એની સેક્રેટરીએ મને જોન ફોન પરની વાત પૂરી કરી લે ત્યાં સુધી રાહ જોવાનું કહ્યું. બોનસ ડિક્લેર થવાનું હોય ત્યારે ગોલ્ડમનની ઑફિસનું આખું વાતાવરણ જ બદલાઈ જાય. અંદરથી બધા ભારે એક્સાઇટેડ હોય, ફિકરમાં પણ હોય. બહારથી બધા એમ જ વર્તતા હોય જાણે આજે ઑફિસમાં નૉર્મલ રૂટિનનો દિવસ છે. બધા બૅન્કર બોનસ માટે તો કામ કરતા હોય છે. અને તમારા બોનસનો

આંકડો નક્કી કરે છે કે તમે સારું કામ કરો છો કે ખરાબ. ઝીરો બોનસ કે સાવ ઓછું બોનસ મળે તો સમજી જવાનું કે બીજે ક્યાંક નોકરી શોધી લેવાનો વખત આવી ગયો છે.

ન્યૂ યૉર્કની ડિસ્ટ્રેસ્ડ ડેટ ટીમમાંના બધાને બોનસ વિશે જાણ કરવાની જવાબદારી જોન ક્રુઝની હતી. મારો બેઝ પગાર વર્ષે 1,20,000 ડૉલર હતો. મને હતું કે 30,000 જેટલું બોનસ મળે તો સારું. મારા ત્રણ મહિનાના પગાર જેટલી રકમ થઈ. નૉટ બૅડ. અને જો એનાથી વધારે મળ્યા, પાંત્રીસ કે ચાળીસ, તો તો હું હવામાં અધ્ધર જ ઊડવાની.

"કેમ છે તું" જોને કહ્યું. એની નજર સ્ક્રીન પર હતી. બોનસનો ફિગર જાહેર કરતાં પહેલાં એ સામેવાળી વ્યક્તિને હંમેશાં રિલેક્સ કરવાની કોશિશ કરતો એવી એની છાપ હતી. એના કૉમ્પ્યૂટર પર ખૂલેલી સ્પ્રેડ શીટમાં બધાના બોનસના ફિગર હશે.

"મઝામાં. તમે કેમ છો?" મેં કહ્યું.

"આજે તો હું સાન્તાક્લોઝ હોઉં એવું મને લાગે છે."

મેં સ્માઇલ કર્યું. પણ ઝાઝું નહીં, થોડું જ. પાર્ટનરની ઑફિસમાં આવીને બહુ ઇન્ફૉર્મલ થઈને ખાખાખીખી ના થાય.

"તારું ફર્સ્ટ રિયલ બોનસ, નહીં?" એણે કહ્યું.

મેં હા પાડી.

"શું લાગે છે તને, કેવું ગયું તારું વરસ?"

"આય થિન્ક, તમે કહેશો ત્યારે ખબર પડશે." મેં કહ્યું.

એ હસ્યો, "વેલ, અહીં બધાને તારું કામ ગમે છે. તારું સૌથી ખરાબ રેટિંગ તેં જ તને આપ્યું છે. તેં તને 'થ્રી' આપ્યા, બાકી ઑલમોસ્ટ બીજા બધાએ તને 'ફાઇવ' આપ્યા છે!"

હું એકદમ સ્પીચલેસ થઈ ગઈ. બધા લોકોએ છેલ્લા બાર મહિનામાં મેં જે દિવસરાત કામ કર્યું છે તે વખાણ્યું છે એ જાણીને ખુશીની મારી હું ઊછળી પડીશ એવું મને લાગ્યું.

"આ વર્ષનું તારું બોનસ છે દોઢ લાખ ડૉલર."

"શું?" હું માની શકી નહીં. મારે આવી રીતે 'શું' એમ બોલવું ના જોઈએ પણ બોલાઈ ગયું.

"શું-શું શું કરે છે? તને ગમ્યું કે નહીં એ બોલ!" જોને કહ્યું.

"સૉરી, તમે કેટલું કહ્યું? જરા ફરીથી કહેશો?"

"એક લાખ પચાસ હજાર ડૉલર. એટલે કે તારું ટોટલ કૉમ્પેન્સેશન થયું એક લાખ વીસ હજાર બેઝ પ્લસ દોઢ લાખ બોનસ. આ વર્ષે તું બે સિત્તેર કમાઈ."

મને ચક્કર આવવા લાગ્યાં. હું ખુરશી પરથી ઊછળી ના પડું એટલે મેં મારા પગ જોરથી જમીન સાથે જકડી રાખ્યા. એક વર્ષમાં બે લાખ સિત્તેર હજાર ડૉલરની કમાણી. મેં ફરીથી આ આંકડો મગજમાં યાદ કર્યો. રૂપિયામાં કન્વર્ટ કરો તો દોઢ કરોડ થાય. શાંતિ રાખ, શાંતિ રાખ, શાંતિ રાખ. હું મારી જાતને કહેતી હતી.

"અને તને ઇન્ક્રીમેન્ટ પણ મળે છે. હવેથી તારો બેઝ પગાર એક લાખ ચાળીસ હજાર ડૉલર. કીપ ઇટ અપ."

"વેલ, યા. થૅન્ક્સ, જોન આઇ વિલ ડુ માય બેસ્ટ." મેં બોલવાની કોશિશ કરી પણ મારો અવાજ મને સાથ નહોતો આપતો.

"યુ સાઉન્ડ ફની."

"સૉરી. મેં ક્યારેય આની કલ્પના કરી નહોતી." મેં કહ્યું.

જોન હસ્યો, "યુ ડિઝર્વ ઇટ. બાય ધ વે, આ વર્ષે અસોસિયેટ લેવલ પર આટલું બોનસ બહુ ઓછાને મળ્યું છે."

"થૅન્ક્સ."

"પણ એક વાત, બોનસનો ફિગર એકદમ કૉન્ફિડેન્શ્યલ છે. કંપનીમાં કોઈની સાથે શેર નહીં કરતી, પ્લીઝ."

"આય અન્ડરસ્ટૅન્ડ," મેં કહ્યું.

"ગુડ. બૅક ટુ વર્ક નાઉ!"

હું મારી સીટ પર પાછી આવી ત્યારે હવામાં અધ્ધર ચાલતી હતી. બાજુની ક્યુબિકલમાં ક્રેગ હતો. મારે આ ખુશી એની સાથે વહેંચવી હતી પણ મારાથી એવું ન થાય એવી મને ખબર હતી. મેં ખાલી એની સામે સ્મિત કર્યું. મારા કૉમ્પ્યૂટર પર મેં ફાઇનાન્શયલ મૉડલની સ્પ્રેડશીટ ખોલી. પણ મારું ધ્યાન કામમાં પરોવાતું નહોતું. આ ન્યૂઝ મારે કોઈકને તો કહેવા જ પડશે. ઇન્ડિયામાં બધાં હજી સૂતાં હશે. મેં દેબુને ફોન કર્યો. એણે ઉપાડ્યો નહીં.

કદાચ મિટિંગમાં હશે. અડધો કલાક પછી ફરી કર્યો. હજુય ઉપાડ્યો નહીં. જોનાથન અને ક્રેગ પોતપોતાનાં ડિયર વન્સ સાથે લંચનો પ્રોગ્રામ ગોઠવી રહ્યા હતા એવું મને સંભળાયું.

મને જ્યારે સૌથી વધારે જરૂર હોય ત્યારે દેબુ ક્યાં જતો રહે છે?

ફાઇનલી, એક કલાક પછી દેબુનો ફોન આવ્યો.

"શું હતું?"

"લંચ માટે મળવું હતું."

"ક્યારે, અત્યારે?"

"યા."

"હું કામમાં છું. બહાર નહીં નીકળાય. એક અકાઉન્ટ પર ગજબનું પૉલિટિક્સ ચાલી રહ્યું છે અહીં."

"મારું બોનસ ડિક્લેર થયું," હું એકદમ ધીમા અવાજે બોલી.

"ઓહ, કૂલ. કેટલું, કેટલું?" એણે પૂછ્યું.

"આપણે રૂબરૂ મળીએ એટલે કહું?"

"તો રાત્રે ઘરે મળીએ ત્યારે કહેજે."

"રાત્રે બહાર જઈએ?"

"જવું જ છે?"

"હા. હું તારી ઑફિસ પાસેની કોઈ જગ્યા બુક કરું છું. ઑફિસેથી સીધો આવી જજે. સાડા છ ઠીક છે ને?"



12

મેં 'નેરાઇ'માં બુકિંગ કરાવ્યું. દેબુની ઑફિસથી દસ મિનિટના જ વૉકિંગ ડિસ્ટન્સ પર આ હાયફાય ગ્રીક રેસ્ટોરાં હતી. રિઝર્વેશન કરાવીને એને મેસેજ નાખ્યો : 'નેરાઇ, ફિફ્ટી ફાઇવ, ઇસ્ટ ફોર્ટી ફોર્થ સ્ટ્રીટ, સિક્સ થર્ટી.'

મેં સાડા પાંચે મારું કામ આટોપી લીધું. રેસ્ટોરાં પર પહોંચવા મારે ચાલીને સાઉથ ફેરી સ્ટેશન જઈને ત્યાંથી વન નંબરની ટ્રેન પકડીને જવું પડે. એને બદલે મેં ટૅક્સી લેવાનું નક્કી કર્યું. આજે તો ટૅક્સી પાછળ વીસ ડૉલર ખર્ચી કાઢવામાં કોઈ વાંધો નહીં. યલો ન્યૂ યૉર્ક કૅબે એફડીઆર ડ્રાઇવ થઈને મેનહટનની ઇસ્ટ સાઇડનો હાઇવે પકડ્યો. ત્યાંથી સડસડાટ ફોર્ટી નાઇન્થ સ્ટ્રીટ. અને પછી વેસ્ટમાં લઈને 'નેરાઇ' પર મને ઉતારી.

ધાર્યા કરતાં હું વહેલી પહોંચી ગઈ. હું ધ્યાનથી રેસ્ટોરાંનું ઇન્ટિરિયર જોતી રહી. પ્લાસ્ટર વિનાની વ્હાઇટ ઇંટની દીવાલ પર ગ્રીક પેઇન્ટિંગ્સ લટકતા હતાં. એકદમ કોઝી અને એલીગન્ટ વાતાવરણ હતું. મેં વાઇન લિસ્ટ જોયું. એક ગ્રીક રેડ વાઇનની બૉટલ ઑર્ડર કરી.

દેબુનો મેસેજ આવ્યો.

'સૉરી. કામમાં ફસાયેલો છું. દસ મિનિટ મોડું થશે.'

'કોઈ વાંધો નહીં.' મેં જવાબ નાખ્યો.

'કંઈક ઑર્ડર કરી રાખજે. બહુ ભૂખ્યો થયો છું.' એણે લખ્યું.

મેં વૉટરમેલન અને ફેટા ચીઝ સલાડ અને ત્રણ ડિપ્સનો ઑર્ડર આપ્યો. ફૂડ આવી ગયું. દેબુનો હજુ સુધી પતો નહોતો. હું રાહ જોતી રહી.

સાત વાગ્યે એ આવ્યો.

"આયમ સો, સો સૉરી." એણે કહ્યું.

"ઇટ્સ ફાઇન," હું ઊભી થઈને એને ભેટી.

એણે લાંબો બ્લૅક ઓવરકોટ ઉતારીને સીટની પાછળ લટકાવી દીધો.

"બહુ કામ છે?" અમે બેઠાં એટલે મેં પૂછ્યું.

"કામબામ કંઈ નહીં, જસ્ટ પૉલિટિક્સ. કૅમ્પેનની ક્રેડિટ કોને મળે એની મારામારી. મારું પ્રમોશન થયું છે ત્યારથી કંઈ ક્રિયેટિવ કરવાને બદલે મોટા ભાગનો ટાઇમ આ પૉલિટિક્સના ઝમેલાને સોલ્વ કરવામાં જ જાય છે."

"જાય, તું સિનિયર છે. મૅનેજરોએ એ જ તો મૅનેજ કરવાનું હોય."

"હા, એ જ ઉપાધિ છે. ઓહ, ખાવાનું ઑલરેડી આવી ગયું છે! કેવું છે? જબરજસ્ત ભૂખ લાગી છે."

"મેં નથી ટ્રાય કર્યું. તારી રાહ જોતી હતી."

દેબુએ પિતા બ્રેડ ઉપાડીને હમસ ડિપ સાથે ખાધી. મેં સલાડ લીધું. થોડું ખાધા પછી એની ભૂખ જરા ઓછી થઈ. દેબુ બોલ્યો,

"એની વે, કેમ છે તું? બિગ ડે!"

મેં સ્મિત કર્યું. એણે કહ્યું, "ફોન પર મને કહ્યું નહીં, વીકડેમાં આવી મોંઘી રેસ્ટોરાંમાં ડિનર. સસ્પેન્સ બહુ મોટું લાગે છે."

"એવું કંઈ નથી. મારે તારી સાથે પર્સનલી શેર કરવું હતું."

એણે બે હથેળી ઘસીને પૂછ્યું, "તો વાત શું છે?"

"જોને આજે સવારે મને એની કૅબિનમાં બોલાવી. મેં તને જોન વિશે કહ્યું હતું ને... પાર્ટનર છે."

"હા."

"તો એણે મને બોલાવીને કહ્યું કે બીજા લોકોએ મારા પર્ફોર્મન્સના સારા રિવ્યુ આપ્યા છે."

"જોયું ને. મેં તને કહ્યું હતું કે યુ આર એ સ્ટાર."

"વેલ, કંપનીના પાર્ટનર આવાં વખાણ કરે એ ઘણું સારું કહેવાય."

"બોનસ કેટલું મળ્યું, બેબ?"

"કહું છું ને..."

"જલદી કહે, જલદી કહે."

"આ વર્ષનું મારું બોનસ છે... પણ કોઈને કહેતો નહીં હં..."

"હું વળી કોને કહેવા જવાનો હતો?"

"દોઢ લાખ ડૉલર."

"યુ મીન એક લાખ ને પચાસ હજાર?"

"યા."

"તારું ટોટલ કૉમ્પેન્સેશન દોઢ લાખ ડૉલર? એક ને વીસ તો તને મળે જ છે, ઉપરથી બીજા ત્રીસ હજાર ડૉલરનું બૉનસ? ઓહ, માય માય...!"

"ના. દોઢ લાખનું બોનસ ટોટલ ટુ સેવન્ટી..."

દેબુનું મોઢું પહોળું થઈ ગયું. થોડીક સેકન્ડ સુધી એમ જ રહ્યું. પછી એક એક શબ્દ જોખીને એ બોલ્યો,

"આ વરસે તેં બે લાખ સિત્તેર હજાર ડૉલરની કમાણી કરી!" એની લખોટા જેવી આંખો ઓર પહોળી થઈ ગઈ.

"યા."

"ઓહ," એ ધીમેકથી બોલ્યો, "એની માને આ બૅન્કોવાળા..."

"વેલ, બધાને આટલું નથી મળ્યું. મારા લેવલના અસોસિયેટ્સમાંથી બહુ ઓછાને આટલું મળ્યું છે. મને ફાઇવ રેટિંગ્સ મળ્યાં."

"નાઇસ," એણે ઓલમોસ્ટ ન સંભળાય એવા અવાજે કહ્યું.

વેઇટરે આવીને દેબુને ઑર્ડર માટે પૂછ્યું. દેબુ મેનુ ખોલીને પાંચ મિનિટ સુધી ડિશ સિલેક્ટ કરતો રહ્યો. કઈ આઇટમ સૌથી સસ્તી અને સારી હશે એની ગડમથલમાં હશે.

"એક લૅમ્બ કબાબ અને એક ફલાફલ પ્લીઝ."

વેઇટર ઑર્ડર નોંધીને ગયો.

"બરાબર મગાવ્યું ને, બેબી? તારે બીજું કંઈ જોઈએ છે?" દેબુએ મને પૂછ્યું.

"ના. તને મેનુમાં વધારે રસ છે કે મારી વાતોમાં?"

"ના. ના. એનીવૅ. તું શું કહેતી હતી?"

હું સ્માઇલ કરીને બોલી, "કહેતી હતી કે અસોસિયેટ્સમાં હાઇએસ્ટ બોનસ મારું છે."

"મસ્ત કહેવાય. હું તો આટલી મોટી રકમની કલ્પના પણ ના કરી શકું. તને ખબર છે, મને તો પ્રમોશન થયા પછીય એઇટી થાઉઝન્ડ ટોટલ મળે છે."

અત્યારે તારે તારા પગારની શું કામ વાત કરવી જોઈએ મારી જોડે. મને ખબર છે તને કેટલા મળે છે. તેં જ કહ્યું હતું. હું મનોમન બોલી.

"તારો પગાર પણ ઘણો સારો કહેવાય." મેં કહ્યું. પછી તરત જ મને એવું બોલવા બદલ

પસ્તાવો થયો.

મારે શું કામ એની આગળ આવા વડીલવેડા કરવાના? તારો પગાર પણ ઘણો સારો કહેવાય. જાણે છોકરું રેસમાં સેકન્ડ આવ્યું હોય તો પણ એને આશ્વાસન આપવા એની પીઠ થાબડીને કહેવાયું કે, “તું પણ સારું દોડ્યો, બેટા!”

થૅન્કફુલી એણે માર્ક નહીં કર્યું કે હું શું બોલી. મેં કહ્યું, “તું તારી ઑફિસમાં જબરજસ્ત કામ કરી રહ્યો છે એમાં કોઈ શંકા નથી, દેબુ. યુ આર વન ઑફ ધ બેસ્ટ.”

“મારી કંપનીમાં સ્ટુપિડ લોકો છે. તને ખબર નથી આ કેમ્પેનમાં શું થયું.”

ઓકે. પણ તેનું અહીં શું છે? અત્યારે તું તારું પૉલિટિક્સપુરાણ ઉઘાડીને શું કામ બેઠો છે? આપણે અહીં મારા સેલિબ્રેશન માટે મળ્યા છીએ. આજે મારો બિગ ડે છે.

વેઇટર રેડ વાઇનની બૉટલ લઈને આવ્યો. દેબુએ એની સામે આશ્ચર્યથી જોયું.

“મેં ઑર્ડર કરી હતી. બિગ બોનસની ખુશીમાં. આખી બૉટલ!” મેં વેઇટરને ઇશારાથી બે ગ્લાસ ભરવાનું કહ્યું.

“કૂલ,” એણે કહ્યું, “નાઇસ.”

કૂલ. નાઇસ. આ સિવાય બીજાં કોઈ વિશેષણો પણ આ માણસને આવડે છે?

ફૂડ આવ્યું. એનો ચહેરો ખીલી ઊઠ્યો.

“આહ, આ લૅમ્બમાંથી એટલી સરસ ખુશ્બુ આવે છે, બેબી. તું હંમેશાં સહી જગ્યા શોધી લાવે છે. રિયલી, આખા ન્યૂ યૉર્કમાં તારા જેટલી સરસ સરસ રેસ્ટોરાં શોધતાં બીજા કોઈને નથી આવડતું. પાછી આ તો મારી ઑફિસની બાજુમાં જ છે. કોઈ દિવસ મારી ટીમ જોડે આવીશ અહીંયાં.”

ભાઈ સા’બ, રેસ્ટોરાં ચૂઝ કરવા સિવાય બીજું પણ હું ઘણું ઘણું કરું છું લાઇફમાં. લાઇક મારી ઉંમરની છોકરીઓ કમાતી હોય એના કરતાં કંઈક ગણી કમાઈ કરું છું. ફોર ધૅટ મેટર, કોઈ પણ ઉંમરની વ્યક્તિ કમાતી હોય એના કરતાં વધારે કમાઉં છું હું. મારા પર્ફોર્મન્સ રિવ્યુઝમાં મને ટૉપનું રેટિંગ મળે છે. મિસ્ટર દેબાશિષ સેન. તું કંઈક તો મારાં વખાણ કર, સાલા.

“વેરી ટેસ્ટી. લૅમ્બ ટ્રાય કર. એકદમ સૉફ્ટ છે. આઉટસ્ટૅન્ડિંગ,” દેબુ બોલ્યો. મારા બોનસ માટે એણે જે ‘નાઇસ’ કહ્યું હતું એના કરતાં દસગણો ઉત્સાહ અત્યારે એના અવાજમાં સંભળાતો હતો.

મેં મારી ડિશ પીરસી. મને નવાઈ લાગી કે શું કામ હવે મને મારા બોનસ માટેનો બધો જ ઉત્સાહ ઓસરી ગયો.

મારે એનાં વખાણ માટે શું કામ તરસવું જોઈએ? મહેનત કરીને હું આ બોનસ કમાઈ છું. ગોલ્ડમન સાક્સના વન ઑફ ધ સિનિયર મોસ્ટ પાર્ટનર્સ જોને મારા કામને વખાણ્યું છે. છતાં હજુ શું કામ મને દેબુના વખાણની પડી હોવી જોઈએ? શું કામ? અમારામાં, છોકરીઓમાં કેમ આવી ખામી હોય છે? અમારો બૉયફ્રેન્ડ અમારાં વખાણ કરે તો જ અમારી સફળતાને સર્ટિફિકેટ મળે એવી ભાવના શું કામ હોય છે અમારામાં?

“કેવું છે? લૅમ્બ એકદમ ટેન્ડર છે ને?” એણે કહ્યું.

“સરસ છે.” મેં કહ્યું. પણ મારે બોલવું હતું, “ફક યુ.”

ચાલો, માની લીધું કે આ અમારી નબળાઈ છે, વખાણ સાંભળવાની. પણ નબળાઈ તો નબળાઈ, મારાં વખાણ કરવામાં તારા બાપનું શું જાય છે, મિસ્ટર સેન? તને પ્રમોશન મળ્યું ત્યારે તો હું ઘેલી ઘેલી થઈ ગઈ હતી. તારા માટે આ કરી નાખું ને તારા માટે તે કરી નાખું. ફટાફટ ફર્સ્ટ ક્લાસ સરપ્રાઇઝ પાર્ટી થ્રો કરી. અને તું અહીં લૅમ્બ કેટલું સૉફ્ટ છે ને કેટલું

ટેન્ડર છે એની પત્તર ફાડી રહ્યો છે?

હું ચૂપ રહી. મેં એની સામે જોવાનું પણ ટાળ્યું. એ મને ઘણા વખતથી જાણે છે – ટુ બી પ્રિસાઇસ દોઢ વરસથી – એટલે એને ખબર છે કે હું ક્યારે અપસેટ હોઉં છું.

“આયમ પ્રાઉડ ઑફ યુ, બેબી. સો પ્રાઉડ ઑફ યુ. તેં બહુ મહેનત કરી છે આખું વરસ. યુ ડિઝર્વ ધિસ.” એણે કહ્યું.

“તું આવું બોલે છે ત્યારે મને બહુ સારું લાગે છે,” કહીને મેં ટેબલ પર પડેલો એનો હાથ દબાવ્યો, “થૅન્ક્સ, દેબુ.”

“આયમ સૉરી. મને હજુ માન્યામાં નથી આવતું કે કોઈને આટલું બોનસ મળે. કમાલ છે. હજુ તો તને બે વરસ પણ પૂરાં નથી થયાં.”

“ડિસ્ટ્રેસ્ડ ડેટવાળાઓને ઘણા સારા પૈસા મળતા હોય છે. મેં જે ડીલ કર્યાં એમાં કંપનીને ઘણી કમાણી થઈ. થોડું ઘણું લક પણ કામ કરી જાય. પણ યા, મેં જ્યારે મારા બોનસનો ફિગર સાંભળ્યો ત્યારે હું પણ એકદમ શૉક થઈ ગઈ હતી.”

“તું મારા કરતાં લગભગ ત્રણ ગણી કમાણી કરતી થઈ ગઈ. માઇન્ડ બ્લોઇંગ.”

આવું બોલવાની શું જરૂર છે તારે? સરખામણી શું કામ? મારે એને કહેવું હતું કે મને ઇન્ક્રીમેન્ટ પણ મળ્યું છે. ખબર નહીં કેમ પણ મેં એને ના કહ્યું.

“વેલ, બેમાંથી એક જણની કમાણી વત્તીઓછી તો હોવાની જ. કોઈ કોઈ ફિલ્ડમાં પગારો ભળતા જ હોવાના, સિમ્પલ.”

“હંમમમ...” એણે ફૉર્કમાં લૅમ્બનો પીસ લીધો.

“ચાલ આપણે નાઇસ વૅકેશન લઈએ. તું કહે ત્યાં. યુરોપ? હવાઈ?” મેં કહ્યું.

એ હસ્યો. “બહુ પૈસાવાળી થઈ છે ને કંઈ!”

“હા, હું પૈસાવાળી થઈ ગઈ છું. આપણે પૈસાવાળાં થઈ ગયાં છીએ. વીકએન્ડમાં શૉપિંગ માટે જઈએ. તું આવીશ ને?”

“જોઈએ. તેં તારાં પૅરન્ટ્સને વાત કરી?”

“હવે કરીશ. એ લોકો જાગે પછી ફોન કરું.”

“એ લોકોને કેટલી ખુશી થશે નહીં?”

“થવાની જ. મેં એમને હૉન્ડા સિટી લેવાનું કહ્યું હતું. હવે કદાચ હજુય કોઈ વધારે સારી ગાડી લેવાનું કહીશ.”

“યુ આર અ ગ્રેટ ડૉટર. એ લોકોને તારા માટે કેટલું પ્રાઉડ ફીલ થતું હશે.”

“થૅન્ક્સ. દેબુ, એક વાત પૂછું?”

“પૂછ ને!”

“તને મારા માટે પ્રાઉડ ફીલ થાય છે? ખરેખર ફીલ થાય છે?”

“બિલકુલ.”

અમે એકબીજાની આંખોમાં જોયું. અમે ભેગાં મળીને આ નવા શહેરમાં અમારી પોતાની દુનિયા વસાવી લીધી હતી. અમે અહીં આવીને માત્ર કૂટી નહોતું ખાધું, આ શહેરમાં અમે સફળતાનાં નવાં નવાં શિખરો આંબી રહ્યાં હતાં. અમને પ્રમોશન્સ મળ્યાં હતાં. મારું કામ પણ સરસ ચાલી રહ્યું હતું. મેં એનો હાથ પકડ્યો. એણે બોલવા માટે ગળું ખોંખાર્યું. એના મોઢામાંથી નીકળવાના હતા એ રોમાન્ટિક શબ્દો સાંભળવા હું આતુર બની.

“સૉરી, પણ આ છેલ્લો લૅમ્બનો પીસ તું ખાવાની છે કે હું લઈ લઉં?” એણે પૂછ્યું.

* * *

"એક લાખ ને પચાસ હજાર ડૉલર. દોઢ લાખ..." મેં મૉમને ફોન પર કહ્યું.
"રૂપિયામાં બોલ," એણે કહ્યું.
"અત્યારે 65નો ભાવ છે. એટલે લગભગ 1 કરોડ થયા."
"એટલું બધું બોનસ મળ્યું." મેં કોઈ વાસણ પડી ગયું હોય એવો અવાજ સાંભળ્યો.
"હું થોડા પૈસા તારા અકાઉન્ટમાં નાખું છું. પ્લીઝ શૉપિંગ કરવા જજો."
"તને એક કરોડ રૂપિયાનું બોનસ મળ્યું." મૉમ ફરી ફરીને પૂછી રહી હતી.
"યા."
"તારા પગાર ઉપરાંત આ રકમ પણ?"
"હા."
"તું ત્યાં કામ શું કરે છે?"
"તું કહેવા શું માગે છે?"
"મેં કોઈ દહાડો કોઈની આટલી કમાણી સાંભળી નથી."
"મેં તને કહેલું. હું ડિસ્ટ્રેસ્ડ ડેટમાં કામ કરું છું. જે કંપનીઓ મુસીબતમાં હોય એની અમે લોકો મદદ કરતા હોઈએ છીએ."
"મુસીબતવાળી કંપનીઓ તમને મદદના બદલામાં આટલા બધા પૈસા કેવી રીતે આપી શકે?"
"આપી શકે," હું હસી અને પૂછ્યું, "ડૅડ છે ત્યાં?"
"હા," એ બોલી પછી દૂરથી એનો અવાજ સંભળાયો, "સાંભળો છો. અહીં આવો. આ તમારી દીકરી એક કરોડ કમાઈ ગઈ!"
એનો અવાજ આખી કૉલોનીને સંભળાયો હશે. ગોલ્ડમનના કૉન્ફિડેન્શયલિટી ક્લોઝની તો ઐસી કી તૈસી થઈ ગઈ.
મેં ડૅડને બોનસની આખી વાત નિરાંતે સમજાવી. બધી ગણતરી કરી બતાવી. એક મિનિટ સુધી ડૅડ તો કંઈ બોલી શક્યા જ નહીં. પછી રૂંધાતા ગળે બોલ્યા, "બેટા, એસબીઆઇના ચૅરમૅનની પણ એટલી કમાણી નહોતી. તું તો હજી ખાલી 24 વર્ષની છે. મારી નાનકડી દીકરી કેટલી મોટી થઈ ગઈ, હં!"
મેં માંડ માંડ મારા આંસુ ખાળ્યાં.
"હજુ પણ હું તમારી નાનકી દીકરી જ છું, ડૅડ, જેની આંગળી પકડીને તમે સ્કૂલ બસના સ્ટૉપ સુધી લઈ જતા."
"તું મારી બહુ વહાલી બચ્ચી છે." એમણે કહ્યું.
"યાદ છે, તમે કહેતા હતા કે મારે મારા પગ પર ઊભાં રહેતાં શીખવાનું છે? કોઈ ફિકરચિંતા રાખ્યા વિના બસ સારામાં સારું કામ કર્યા કરવાનું છે? ડૅડ, હું એ જ કરી રહી છું..."
મેં એમનું ડૂસકું સાંભળ્યું. અમારા આખા ઘરમાં સૌથી વધારે રડવું એમને આવે.
"આયમ સો પ્રાઉડ ઑફ યુ." એ બોલ્યા.
"આય લવ યુ. આય મિસ યુ." હું બોલી.
"જલદી જલદી અમને મળવા આવ."
"આવવાની જ છું. ક્રિસમસ વખતે વૅકેશન લઈશ. તમારા માટે હું શું લાવું? તમને કંઈ જોઈએ છે?"
"મને મારી નાનકડી દીકરી જોઈએ છે."
મેં ફોન મૂકી દીધો. ફોન મૂક્યા પછી હું ક્યાંય સુધી રડતી રહી. કોને ખબર હોય કે બે

લાખ સિત્તેર હજાર ડૉલર તમને આટલા બધા ઇમોશનલ બનાવી દે.



13

"ચિયર્સ!" જોનાથને ટોસ્ટ રેઇઝ કરતાં કહ્યું, "ટુ માય અમેઝિંગ અસોસિયેટ્સ, ક્રેગ ઍન્ડ રાધિકા."

અમે બધાએ પોતપોતાના ગ્લાસ ઊંચક્યા. ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપની ટ્રેડિશન હતી કે જે દિવસે બોનસ ઍનાઉન્સ થાય એ વીકના ફ્રાઇડેએ રાત્રે આખું ગ્રુપ ડ્રિન્ક્સ માટે બહાર જાય. અમે લોકો ગોલ્ડમન બિલ્ડિંગથી પાંચ જ મિનિટના ડિસ્ટન્સ પર આવેલી હૅરિઝ કાફે ઍન્ડ સ્ટેઇક્સમાં આવ્યાં હતાં. હૅરિઝ જાણે વૉલ સ્ટ્રીટની વિરાસતનો એક હિસ્સો બની ચૂકી હતી. અહીં સિનિયર બૅન્કર્સ અને સીઈઑઝ આવતા, લંચ કરતા અને અચ્છા અચ્છા ફાઇનાન્શ્યલ ડીલ્સ અને બિગેસ્ટ મર્જર્સ કરતા. ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપના લગભગ વીસ જેટલા અમે લોકો બાર એરિયાની આસપાસ ગોઠવાયેલા હતા. જોન ક્રુઝ થોડીક વાર માટે આવ્યો અને સિનિયર મૅનેજિંગ ડિરેક્ટર્સ તથા વાઇસ પ્રૅસિડેન્ટ્સ સાથે ગપ્પાં મારીને તરત નીકળી ગયો. વીક એન્ડ માટે એ એના હૅમ્પ્ટન્સ બીચ હાઉસ પર જવાનો હતો.

"સી યુ, ગાય્ઝ. ઍન્ડ ઍન્જોય યૉરસેલ્ફ. ઇટ્સ ઑન મી." કહીને જોન બારમાંથી નીકળી ગયો. જતાં જતાં એનું ક્રેડિટ કાર્ડ આપતો ગયો.

બધા પોતપોતાના સ્પાઉઝની સાથે આવ્યાં હતાં – પતિની સાથે, પત્નીની સાથે કે પછી બૉયફ્રેન્ડને લઈને કે ગર્લફ્રેન્ડને લઈને. મેં પણ દેબુને મારી સાથે ચાલવાનું કહ્યું હતું. ફાઇનલી મારી હિંમત ચાલી હતી કે એને હું મારી ટીમ આગળ મારા બૉયફ્રેન્ડ તરીકે ઇન્ટ્રોડ્યુસ કરું. અત્યાર સુધી મારા ગ્રુપમાં હું આવી બધી બાબતોમાં બબૂચક ગણાતી. ફાઇનાન્સમાં એક્સપર્ટ પણ બાકી એકદમ નીરસ. આજે પહેલીવાર એ લોકો મારા બૉયફ્રેન્ડને જોવાના હતા.

વ્હાઇટ ગ્લવ્ઝ પહેરેલા વેઇટર સિલ્વર ટ્રેમાં મૂકીને શૅમ્પેન ગ્લાસ બધામાં ફેરવી રહ્યા હતા.

"તને જે મળ્યું તેનાથી સંતોષ છે?" ક્રેગે મને પૂછ્યું. કૉન્ફિડેન્શ્યાલિટી ક્લૉઝની આમન્યા જાળવ્યા પછી પણ બોનસ વિશેની ગૉસિપ કોઈને છોડતી નહોતી.

"મારું ફર્સ્ટ રિયલ બોનસ હતું. અફકોર્સ, આયમ હૅપી." હું સાચવીને બોલી જેથી ન કહેવા જેવી માહિતી ખુલ્લી ન પડી જાય.

"આયમ શ્યૉર તને તગડું બોનસ જ મળ્યું હશે. અહીં બધાને તારું કામ બહુ ગમે છે." ક્રેગે કહ્યું. મને લાગ્યું કે એની આ કમેન્ટમાં થોડો કટાક્ષ હતો. કદાચ ન પણ હોય. ખબર નહીં.

"હે, આ જે આવી રહી છે એ જોનાથનની વાઇફ છે ને?" મેં વિષય બદલતાં કહ્યું. હૅરિઝના એન્ટ્રન્સ પર ઊભેલી સ્ત્રીને હું ઓળખી ગઈ. જોનાથનની ડેસ્ક પર મેં એના ફોટા જોયા હતા.

"યા. એ ક્લેરા છે." ક્રેગે કહ્યું.

ક્લેરા ઊંચી હતી, બ્લોન્ડ હતી, અમેરિકન હતી. મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટમાં કામ કરતી. એણે લાંબો પર્પલ ડ્રેસ પહેર્યો હતો.

"તેં પણ કોઈને આવવાનું કહ્યું છે?" મેં પૂછ્યું.

"અમૅન્ડા આવતી જ હશે." ક્રેગે કહ્યું. એક વાર એણે એની આ ગર્લફ્રેન્ડનું નામ મારી સામે લીધું હતું. એ ઍક્ટ્રેસ બનવા માગતી હતી. અત્યારે ઑફ્ફ–બ્રોડવેનાં નાટકોમાં કામ કરતી હતી.

"તેં કહ્યું છે કોઇને?" ક્રેગે મને પૂછ્યું.

"મારો ફ્રેન્ડ આવી રહ્યો છે."

"ફ્રેન્ડ?"

હું હસી પડી. "ઓકે, બૉયફ્રેન્ડ. સૉરી, મેં હજુ સુધી ઑફિસમાં એના વિશે કોઇને કહ્યું જ નથી."

"મને ખબર નહીં કે તને બૉયફ્રેન્ડ છે."

ક્રેગે ગ્લાસ ઊંચકીને મારા ગ્લાસ સાથે ટકરાવ્યો. મેં શૅમ્પેનનો એક ઓર ઘૂંટ લીધો.

"મેં ક્યારેય એના વિશે વાત નથી કરી."

"વેલ, આજે બધાને જોવા મળશે." ક્રેગે કહ્યું, "આપણી સુપરસ્ટાર અસોસિયેટનો બૉયફ્રેન્ડ!"

"સુપરસ્ટાર શેની? હું તો હજુ કેટલી જુનિયર છું."

"તું બહુ સારું કામ કરી રહી છે. તારી જેલસી થાય એટલું સારું કામ કરી રહી છે. મારા કરતાં પણ તારું કામ ઘણું સારું છે. છ મહિનામાં જ તું વી. પી. બની જવાની, જોજે ને!"

"ના, રે ના..."

"અમૅન્ડા આવી ગઈ." ક્રેગે સહેજ મોટેથી કહ્યું.

ગ્રે આંખોવાળી ગોર્જિયસ બ્લૉન્ડ બારમાં આવી. ગ્રુપમાંના બધા જ, મેલ-ફિમેલ બધા જ, પોતપોતાની વાતો પડતી મૂકીને એના તરફ જોવા લાગ્યા. કર્લી ગોલ્ડન હૅર, સ્મોકી આઇઝ, ઑક્સબ્લડ કલરની લિપ્સ્ટિક અને પરફેક્ટ મેકઅપ.

એ આવીને ક્રેગને ભેટી અને અસોસિયેટ હોવા છતાં થોડીક સેકન્ડ્સ માટે ક્રેગ અહીંનો સુપરસ્ટાર બની ગયો.

મેં ફોન ચેક કર્યો.

'હજુ કામમાં અટવાયેલો છું. સૉરી.' દેબુનો મેસેજ હતો.

'જલદી આવ. બધા આવી ગયા છે.'

ક્રેગે અમૅન્ડા સાથે મારી ઓળખાણ કરાવી. વેઇટર આવીને અમારા માટે શૅમ્પેન ભરેલા બીજા ગ્લાસીસ મૂકી ગયો.

"મેં તારા વિશે બહુ સાંભળ્યું છે." અમૅન્ડાએ કહ્યું.

"ખરેખર?" હું બોલી.

"ક્રેગ ઘણીવાર તારી વાત કરતો હોય છે. ડીલ કરવામાં તું કેટલી ટફ નેગોશિયેટર છે. તારું કામ ખરેખર કેટલું સરસ હોય છે..."

હું હસી.

"ના, એવું કંઇ નથી. ક્યારેક ક્યારેક મારું લક કામ કરી જતું હોય છે." મેં કહ્યું. વેલ, મને કોઈ કૉમ્પ્લીમેન્ટ્સ આપે ત્યારે હું આવું જ બોલતી હોઉં છું. થૅન્ક્સ નથી કહેતી. કૉમ્પ્લીમેન્ટ્સને લાયક નથી એવું જ જતાવવાનું.

"તારી સ્કિનનો કલર મને ખૂબ જ ગમ્યો." અમૅન્ડાએ કહ્યું.

"રિયલી? આય વિશ મારી સ્કિન તારા જેવી હોય." મેં કહ્યું. એ હસી પડી. અમારી આજુબાજુના બધા મેલ્સે એને હસતાં જોઈ.

"સો, મેં સાંભળ્યું છે કે તું ઍક્ટર છે." મેં કહ્યું.

"યા. થિયેટર કરું છું. નાના મોટા પાર્ટ મળે છે અત્યારે તો. ટેલિવિઝન અને મૂવીઝ માટે ઑડિશનિંગ કરતી રહું છું. બહુ ટફ લાઇન છે. પાર્ટ-ટાઇમ પિયાનો ટીચર પણ છું."

"તું કેટલી સુંદર છે. આયમ શ્યૉર તને બિગ બ્રેક મળવાનો જ." મેં કહ્યું.

"ન્યૂ યૉર્કમાં ઢગલો સુંદર છોકરીઓ છે." અમૅન્ડા બોલી.

"પણ તું સૌથી સુંદર છે." ક્રેગે કહ્યું અને એના માથા પર ચૂમી કરી. એ ખિલખિલ હસી પડી. ક્રેગે એની ઓળખાણ જોનાથન સાથે અને બીજા કેટલાક વી.પી.ઝ સાથે કરાવી. અમૅન્ડા કંઈ પણ બોલતી, બધા જ મેલ્સ કાન દઈને એને સાંભળતા.

મારે અમૅન્ડા જેવું બનવું હતું. ખબર નહીં કેમ. આવું વિચારવા બદલ મેં મારી જાતને ટોકી. અમૅન્ડા પાસે કોઈ રિયલ જૉબ નહોતી. અમૅન્ડાને ફાઇનાન્શ્યલ મૉડલ્સ બનાવતાં નહોતું આવડતું. અમૅન્ડાને ફાઇનાન્શ્યલ ડીલમાં કોઈ ગતાગમ નહોતી પડવાની. પણ અમૅન્ડા કેટલી હૉટ હતી. અમૅન્ડાની આસપાસ પુરુષો માખીની જેમ બણબણતા હતા, એના માટે ડ્રિન્ક લાવવા ખડે પગે ઊભા રહેતા હતા. મારો એકનો એક બૉયફ્રેન્ડ કેમ મને ટાંગ આપી રહ્યો હતો.

'દેબુ, ક્યાં છે તું?' મેં ફરી એને મેસેજ મૂક્યો.

એણે કલાક સુધી રિપ્લાય આપ્યો નહીં. દરમ્યાન, ડિસ્ટ્રેસ્ડ ડેટ ટીમના દરેકે દરેકનાં બેટર હાફને હું મળી ચૂકી હતી. શૅમ્પેનના ત્રણ ગ્લાસ ગળા નીચે ઉતારી ચૂકી હતી. મગજ જે રીતે ચકરભમર કરતું હતું તે જોતાં મને લાગ્યું કે હું જરા ફાસ્ટ જઈ રહી હતી.

દેબુએ સાડા નવે ફોન કર્યો.

"તું ક્યાં છે, દેબુ? બધાં છૂટાં પડી રહ્યાં છે. તને મારો મેસેજ મળ્યો?"

"યા. અહીં વાટ લાગી ગઈ છે મારી. પછી મળીશ ત્યારે હું કહીશ તને."

મને ફોન પર ટોળાંનો ઘોંઘાટ સંભળાયો.

"અત્યારે તું ક્યાં છે?" મેં પૂછ્યું.

"હું મારી ટીમ સાથે નીચે ઊતર્યો છું – ડ્રિન્ક માટે."

"દેબુ? તારે આજે મારી ઑફિસ પાર્ટીમાં ડ્રિન્ક માટે આવવાનું હતું. બધાની સાથે ઓળખાણ કરાવવાની હતી. ત્યાં તું શું કરી રહ્યો છે?"

"એવું એવું પૉલિટિક્સ ચાલે છે ને અહીં. તું વાત જ જવા દે. આ બધા લોકોની સાથે નીપટાવીને હું હમણાં જ આવ્યો."

"કેટલી વાર થશે?"

"બસ, કલાકમાં જ."

"ત્યાં સુધી તો બધા પોતપોતાના ઘરે પહોંચી ગયા હશે. દેબુ, તારે કંઈ નહીં ને આજે જ આ બધું માથે લેવાનું હતું?"

"અરે, શું કરું, યાર? ફસાઈ ગયો છું. અહીં કેવી કેવી રીતે લોકો એકબીજાની પીઠમાં ખંજર ભોંકે છે એનો તને કોઈ અંદાજ નથી."

"દેબુ," શૅમ્પેન પીધા પછી મારા અવાજમાં ભરપૂર કૉન્ફિડન્સ આવી ગયો હતો. મેં કડક શબ્દોમાં કહ્યું, "તારી ઑફિસ અત્યારે ભાડમાં જાય. તેં કહ્યું હતું કે તું આવવાનો છે."

"અરે, પણ હું શું કરું? લિસન, આમેય તારાવાળા બધા બૅન્કર્સ જ છે ને. મારે એ ટાઇપના લોકોની સાથે શું લેવાદેવા?"

"રિયલી? અને મારી સાથે? હું પણ બૅન્કર જ છું ને?"

"તારી વાત જુદી છે. એ લોકો તો બધા ખાલી પૈસાની ને ડીલ્સની ને એવી બધી જ વાતો કરતા રહેવાના…'

"દેબુ, એ લોકો પણ માણસ છે. આજે બધા પોતપોતાના સ્પાઉઝની સાથે આવ્યા છે. મેં ક્રેગને તો કહી પણ દીધેલું કે તું આવવાનો છે. શું જવાબ આપું એને?"

"કહી દે કે હું કામમાં અટવાઈ ગયો છું. બીજું તે વળી શું કહેવાનું હોય?"

"જેથી એ લોકોને એમ લાગે કે મેં કોઈ મારા ઉપજાવી કાઢેલા બૉયફ્રેન્ડ વિશે વાત કરી હતી."

"શું?"

"કંઈ નહીં. બાય."

"તો હું કલાકમાં આવું કે ના આવું?"

"કંઈ જરૂર નથી. તારી પીઠ પર ખંજર ભોંકતા કલીગ્સ સાથે ઢીંચ્યા કર. ઇટ્સ ઓકે. બાય."

મેં ફોન કાપી નાખ્યો. શૅમ્પેનનો ગ્લાસ ઉઠાવ્યો અને એક શ્વાસે બૉટમ્સ અપ કરી ગઈ. જોનાથને મને જોઈ લીધી. એણે મારી પાસે આવીને કહ્યું,

"અહીં કોઈક તો એવું છે જેને ધીમે ધીમે પીવાની મઝા નથી આવતી!"

"હે, જોનાથન," મેં કહ્યું.

"ક્રેગે મને કહ્યું કે તારો બૉયફ્રેન્ડ આવવાનો છે. આવી ગયો? અમારે જોવો છે એને."

"એ ઑફિસના કામમાં ભરાઈ પડ્યો છે બિચારો."

"ઓહ, ધેટ્સ અન્ફૉર્ચ્યુનેટ. શું કરે છે એ?"

જખ મરાવે છે, મારે કહી દેવું હતું. એક તો એ આવવાનો નહોતો, ઉપરથી હું ચાર ગ્લાસ શૅમ્પેન પેટમાં પધરાવી ચૂકી હતી અને અધૂરામાં પૂરું અમૅન્ડા જેટલી હું રૂપાળી નહોતી. આ બધાનો ધૂંધવાટ મારી અંદર ફૂંફાડા મારતો હતો. મેં શાંત થવા ઊંડો શ્વાસ ભર્યો.

"એ ઍડ્વર્ટાઇઝિંગમાં છે. મેડિસન એવન્યુમાં." હું શબ્દો ગોઠવી ગોઠવીને બોલી.

"ઓહ, ધેટ્સ નાઇસ. એકદમ ક્રિએટિવ ટાઇપ!"

"યા."

"બૅન્કર અને ક્રિયેટિવ. ઇન્ટરેસ્ટિંગ કૉમ્બિનેશન."

"યા... તમારી વાઇફ ક્યાં છે?"

એણે મને ક્લેરાની ઓળખાણ કરાવી. ક્લેરાએ કહ્યું કે તમે લોકો બધાં કેટલું હાર્ડ વર્ક કરતાં હો છો, માન્યામાં ના આવે.

પોણો કલાક પછી બધા હૅરિઝમાંથી છૂટાં પડવાં માંડ્યા. નાનાં નાનાં ગ્રુપમાં બધાં પોતપોતાના ડિનર પ્લાન્સ બનાવીને વિખેરાવાં લાગ્યાં. મારી સાથે કોઈ નહોતું. થિજાવી નાખે એવી ઠંડીમાં ચાલીને હું કૅબ ગોતવા નીકળી. ના મળી. ફ્રાઇડે નાઇટ હતી. હું સબવેમાં ગઈ. ફોન જોયો. દેબુએ ફોન પણ નહોતો કર્યો, એનો મેસેજ પણ નહોતો. આલ્કોહોલને કારણે માથું ભારે થઈ ગયું હતું. સડનલી ખ્યાલ આવ્યો કે મેં કેટલા વખતથી કંઈ ખાધું નહોતું. સબવેના સ્ટેશનની બહાર નીકળીને ઘરે જતાં રસ્તામાં એક નાનકડી દુકાનમાંથી મેં પિત્ઝાની એક સ્લાઇસ બંધાવી. નશામાં ધૂત હતી છતાં મને પેલા ઇડિયટ દેબુનો વિચાર આવ્યો. એ સાલાએ પણ ડિનર નહીં કર્યું હોય. મેં એના માટે બીજી સ્લાઇસ પણ બંધાવી દીધી, જસ્ટ ઇન કેસ.

હું ઘરે પહોંચી ત્યારે દેબુ સોફા પર પડ્યો પડ્યો ઇએસપીએન જોવામાં આખેઆખો ઘૂસેલો હતો.

"વૉટ ધ... યુ આર હિયર?" હું જાણી જોઈને વચ્ચેનો શબ્દ ખાઈ ગઈ. એ ઊભો થયો. એણે મારી પાસેથી પિત્ઝાનાં બૉક્સ લઈને મારી હૅન્ડબૅગ પણ ઠેકાણે મૂકી દીધી. મેં મારો વિન્ટર કોટ ઉતારીને હૅન્ગરમાં લટકાવ્યો.

"હું હમણાં જ આવ્યો. દસ મિનિટ થઈ. સાચું કહું છું. " એ બોલ્યો.

"તું જમ્યો?" મેં પૂછ્યું.

"ના. ખાસ નહીં. થોડું મંચિંગ ખાધું, દારૂ જોડે."

"આવ. થોડું ખાઈ લે. હું પિત્ઝા લાવી છું."

"થૅન્ક્સ, બેબી."

"ખબરદાર જો મારી સાથે બેબીગીરી કરી છે તો. ચૂપચાપ ખાઈ લે."

"શું થયું? તું અપસેટ કેમ છે? બધું બરાબર તો છે ને?"

આ ઉલ્લુના પઠ્ઠાને આવો સવાલ પૂછવાની હિંમત કેમ થઈ?

હું કંઈ બોલી નહીં. અમે લિવિંગ રૂમમાંના નાનકડા વ્હાઇટ ડાઇનિંગ ટેબલ પર સામસામે બેઠાં રહ્યાં. મેં બેઉ ખોખામાંથી પિત્ઝાની એક એક સ્લાઇઝ કાઢીને પ્લેટમાં મૂકી. પીગળેલા ચીઝના જાડા તાંતણા સ્લાઇસમાંથી નીતરતા હતા.

"ટેસ્ટી દેખાય છે."

મેં ચીઝથી છલોછલ પિત્ઝા સ્લાઇસ જોઈને અમૅન્ડાને યાદ કરી. શરત મારીને કહું કે એ આવું કંઈ ખાતી નહીં હોય એટલે જ આવી રૂપકડી દેખાય છે. એકદમ ઢિંચક છે સાલી. મારી સામે પડેલા કૅલરી બૉમ્બને જોઈને મને ચીતરી ચડી. મેં પ્લેટ દૂર હડસેલી દીધી.

"શું થયું, બેબી?" દેબુએ મોઢામાં પિત્ઝાનો ટુકડો ચાવતાં ચાવતાં મને પૂછ્યું.

"ભૂખ નથી."

"કેમ?"

"હું નહીં ખાઈ શકું. કેટલું ચીઝ છે."

"તું જ તો લઈ આવી, બેબી?"

"યા. મૂર્ખી છું ને? એટલે લઈ આવી. હવે મારી સાથે બેબી-બેબી કહીને વાત કરવાનું બંધ કર, સમજ્યો?"

દેબુએ એની પિત્ઝાની સ્લાઇસ નીચે મૂકી દીધી.

"લિસન, મને ખબર છે તું અપસેટ છે. હું તારી પાર્ટીમાં ના આવ્યો, પણ મારો દિવસ ઘણો એટલે ઘણો જ ખરાબ હતો."

"એટલે ફરી એકવાર તું અને તારી લાઇફ, તારું કામ. મારી તો કોઈ વિસાત જ નહીં?"

"એવું નથી. મને અને મારા બે જુનિયરોને અન્ડર આર્મરના અકાઉન્ટમાંથી કાઢી મૂકવામાં આવ્યા."

"શું? કેમ? એ તો તારું અકાઉન્ટ હતું ને?"

"મેં તને કહેલું. પૉલિટિક્સ. એ લોકો એને રિશફલ કહે છે, પણ હકીકત મને ખબર છે. મારી પાસેથી છીનવી લીધું એ અકાઉન્ટ."

"આજે જ બન્યું આ બધું?"

"આજે એ લોકોએ ઍનાઉન્સ કર્યું. પણ ઘણા દિવસથી, મહિનાઓથી, રંધાતું હતું."

"બહુ ખરાબ થયું. તારી પાસે એ સિવાય પણ બીજા સારાં અકાઉન્ટ્સ છે ને. એના પર કૉન્સન્ટ્રેટ કર."

"મારી તો મા... પરણાવી દીધી સાલાઓએ."

મને ખબર નહોતી પડી રહી કે હવે મારે શું કહેવું જોઈએ એને. ઘણા મહિનાથી એ ઑફિસ પૉલિટિક્સની વાતો કર્યા કરતો હતો. ઍડ્વર્ટાઇઝિંગના ફિલ્ડમાં કામ કરવાનું શરૂઆતનું ઍક્સાઇટમૅન્ટ એનામાંથી ક્યારનું પરવારી ગયું હતું. એની ટીમના ઘણા લોકો એને ક્લાયન્ટ મિટિંગ્સમાં સાથે નહોતા રાખતા. વૉર્નિંગ સાઇન હતી આ.

"તો પછી તું ઑફિસની બહાર શું કરતો હતો?"

"હું મારા માણસો સાથે વાતો કરતો હતો. જાણવાની કોશિશ કરતો હતો, વાત કઢાવતો હતો કે આ બધું કેવી રીતે બન્યું?"

"શું ખબર પડી તને?"

"એ લોકોએ મારી... ઠોકી દીધી... બીજું શું જાણવા મળવાનું હતું, એ સિવાય?"

"તો તું મારી ઑફિસ પાર્ટીમાં આરામથી આવી શક્યો હોત. એ લોકો સાથે પીવા બેસી જવાની કંઈ જરૂર નહોતી."

"રાધિકા, તને હજુય તારી ઑફિસ પાર્ટીની જ પડી છે?"

"ના. પણ તને મારી કંઈ જ પડી નથી."

"તું કહેવા શું માગે છે, હં? હું તારી સ્ટુપિડ જેવી બૅન્કર્સ પાર્ટીમાં ન આવી શક્યો એમાં એવું તે શું ખાટુંમોળું થઈ ગયું? જરા કહે તો ખરી મને?"

મેં ઊભાં થઈને જોરથી ટેબલ પર મુઠ્ઠી પછાડી.

"એ કોઈ સ્ટુપિડ જેવી બૅન્કર્સ પાર્ટી નહોતી. અમારા સેલિબ્રેશન માટેની પાર્ટી હતી. આ વીકમાં મને મસમોટું બોનસ મળ્યું. અમારા બધાના માનમાં પાર્ટી હતી. મારે મારી ટીમ સાથે તારી ઓળખાણ કરાવવી હતી. હું ચાહતી હતી કે એ લોકો બધા જ તને જુએ, તને મળે, તારી સાથે વાતો કરે. તું સમજે છે કંઈ?"

"બેસી જા. આપણે પહેલાં ખાઈ લઈએ?" એણે કહ્યું.

"મારે... નથી... ખાવું..." હું રાડ પાડી ઊઠી.

"ટૅન્ટ્રમ નહીં બતાવ. તેં બહુ પીધું છે?"

"ના."

"તને ચડી ગઈ લાગે છે."

"કંઈ ફરક નથી પડતો. હું હજુય તારા કરતાં વધારે ક્લિયરલી વિચારી શકું છું."

"વૉટ?"

"તારે નોકરી બદલી નાખવી જોઈએ. રોજ ઊઠીને તું ઑફિસ પૉલિટિક્સનો તંબૂરો વગાડ વગાડ કરે છે. તું શું કરી લેવાનો છે એમને?"

"ખબર નથી."

"કંઈક કર, જલદી કર. તને આ નોકરી કરવાની મઝા આવે છે?"

"બિલકુલ નહીં."

"તો પછી શું કામ એને ચીટકીને પડી રહ્યો છે. ફક ધિસ જૉબ. બહાર આવી જા એમાંથી. બીજે ઍપ્લાય કર."

"બીબીડીઓ બહુ પ્રેસ્ટિજિયસ જગ્યા છે. એ કેવી રીતે છોડાય?"

"આ પ્રેસ્ટિજની તો હું હમણાં કહું એ. તારા ગ્રૂપમાં મઝા નથી તો છોડી દે. ડિજિટલ ઍડ્વર્ટાઇઝિંગ તરફ નજર કર. હેપનિંગ ફિલ્ડ છે. તું જ તો મને કહેતો હતો. એમાં જૉબ લઈ લે."

"નહીં લેવાય. ઇઝી નથી તું માને છે એટલું. અને એ તો બધાં સ્ટાર્ટ અપ્સ છે. એમના ભવિષ્યનું કંઈ કહેવાય નહીં..."

"તદ્દન સડી ગયો છે તું, દેબુ! રહેજે, અહીં ને અહીં જ રહેજે. પણ પછી મારી આગળ આવીને રોજ કકળાટ નહીં કરતો."

"હું તારી સાથે આ બધું શેર નહીં કરું તો કોની આગળ જઈને વરાળ કાઢું?"

"મારી આગળ જ કાઢ પણ ક્યારેક તો તારે આના વિશે વિચારવું પડશે, દેબુ. તું કંઈ સમજતો જ નથી. જે જૉબ તને ગમતી નથી, જ્યાં તું સુખી નથી, જ્યાં રોજેરોજ તને કંકાસ સિવાય બીજું કંઈ મળતું નથી, એ જૉબ વિશે તું ફરીવાર વિચારતો કેમ નથી?"

"મારે શું કામ વિચારવાનું હોય? હું શું કામ આટલી સારી જૉબ છોડી દઉં?"

"કારણ કે મારી મા દર અઠવાડિયે મને ગોદા મારીને પૂછ્યા કરે છે. તારા માટે છોકરો શોધવાનું શરૂ કરું? શરૂ કરું? એ જેટલી વાર આવું કહે છે એટલી વાર મેં તને પણ કહ્યું છે. ક્યારેક તો તું સમજ કે હું શું કહેવા માગું છું તને?"

એ ચૂપ થઈ ગયો. મેં બધા જ સેન્સિટિવ મુદ્દા એક સાથે એની સામે ખુલ્લા કરી દીધા હતા.

"તને તો ખબર છે કે અત્યારે મારી કરિયર કેવી ડામાડોળ હાલતમાં છે. બધું સમુંસૂતરું ચાલતું હોત તો મેં જરૂર આ વિશે વિચાર કર્યો હોત."

"તો તું કંઈક કરને તારી કરિયર વિશે, દેબુ," મેં કહ્યું.

હું ત્યાંથી ઊભી થઈને જતી રહી. શાવર લઈને બેડમાં પડી. બધી લાઇટ્સ બંધ કરી દીધી.

દેબુ કપડાં બદલીને આવ્યો. મારી બાજુમાં સૂઈ ગયો. મારા ગળા પર હાથ સેરવ્યો. મેં એને દૂર કરી દીધો.

"આવી જા, બેબી." એણે કહ્યું.

"સૂઈ જા, ચૂપચાપ." હું બોલી.



14

“આપણું ઇન્વેસ્ટમેન્ટ ટેન મિલિયન ડૉલરનું હતું. એની સામે આપણને થર્ટી સિક્સ મિલિયન મળશે.” મેં કહ્યું.

મારા પ્રેઝન્ટેશનની લાસ્ટ સ્લાઇડની ફાઇનલ કમેન્ટ્સ મેં પૂરી કરી. અમે ફડચામાં ગયેલી ‘સિટી પ્રૉપર્ટીઝ’ નામની રિયલ ઍસ્ટેટ ફર્મમાં ઇન્વેસ્ટમેન્ટ કર્યું હતું. લકીલી, પ્રૉપર્ટી માર્કેટ ઊંચકાયું અને અમારા પૈસા વધીને ત્રણ ગણા થઈ ગયા.

“ફૅન્ટાસ્ટિક. હવે આપણે આને વેચીને રોકડી કરીને બહાર નીકળી જવું જોઈએ. આને કહેવાય રિયલ ડીલ. વેલ ડન, રાધિકા.” જોન બોલ્યો.

“જોનાથન અને ક્રેગ થ્રુઆઉટ આ ડીલમાં મારી સાથે હતા.” મેં કહ્યું.

હું મારી સીટ પર પાછી આવી ગઈ. મેં દેબુને ફોન કર્યો. જોને મારાં જે રીતે વખાણ કર્યાં તે વાત મારે એને કહેવી હતી.

“હે...” એનો અવાજ સંભળાયો.

“વૉટ્સ અપ?” મેં પૂછ્યું.

“જસ્ટ ક્લાયન્ટ આગળ પ્રેઝન્ટેશન કરવા માટે થોડી તૈયારી ચાલી રહી છે. જોકે, આ અકાઉન્ટ અમને મળે એવું લાગતું નથી. તારા શું ખબર?” દેબુએ પૂછ્યું.

“કામ પર છું. બીજું એક ડીલ ફાઇનલ કર્યું.”

“કંઈ કામ માટે તેં ફોન કર્યો કે અમસ્તો જ?”

“યા...” હું બોલી. પછી અટકી ગઈ. આ ઘડીએ હવે મારે મારી સક્સેસ સ્ટૉરીનાં ગાણાં એની આગળ ગાવાં નહોતાં. મારી આ બધી વાતો સાંભળીને એનો સાવ મુડદાલ જેવો રિસ્પોન્સ મારે સાંભળવો નહોતો.

“શું હતું, બોલ ને.”

“બસ, આજે દિવસ બહુ સારો ગયો.” મેં કહ્યું.

“અરે વાહ! બહુ પૈસા બનાવ્યા ને કંઈ?” એ હસ્યો.

એ મજાક કરતો હતો, છતાં એ જે રીતે બોલ્યો તે મને નહીં ગમ્યું. મેં એની વાતને ઇગ્નોર કરી.

“ના જસ્ટ... આય ડોન્ટ નો. બસ, બહુ સારું ફીલ થઈ રહ્યું છે એટલું જ કહેવું હતું. આપણી પાસે કેટલું બધું છે, નહીં! આપણે ભગવાનનો આભાર માનવો જોઈએ. બધું જ આપ્યું છે. આપણે આપણી મરજીથી જીવી શકીએ છીએ, આપણી પાસે જૉબ્સ છે, હેલ્થ છે, ફૅમિલી છે, ગ્રેટ સિટીમાં રહીએ છીએ અને એકબીજાનો લવ છે આપણી પાસે. આનાથી વધારે બીજું શું જોઈએ?”

“યા, બેબી. સાચી વાત છે તારી.” એનો અવાજ સાંભળીને લાગતું હતું કે હમણાં જ એક મોટું બગાસું ખાશે. “ધેટ્સ સ્વીટ. ઍનીવે, હું મૂકું હવે. મારે પેલું પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું છે.”

“શ્યૉર, સૉરી તને ડિસ્ટર્બ કર્યો.”

“બાય, બેબી,” એણે ફોન મૂકી દીધો.

હું પાછી મારી ડેસ્ક પર ગઈ અને કૉમ્પ્યૂટર સામે ગોઠવાઈ ગઈ.

“મસ્ત ડીલ થઈ ગયું.” ક્રેગે મારી ડેસ્ક પાસે આવીને મારી સાથે હાય-ફાઇવ કર્યું.

"આપણે લોકો બધાં સાથે હોઈએ ત્યારે કોઈ પહોંચી વળે આપણને?" કહીને મેં એની સામે આંખ મિચકારી.

* * *

"હાય, ધિસ ઇઝ રાધિકા મહેતા ફ્રોમ ધ ન્યૂ યૉર્ક ઑફિસ." મેં કહ્યું. મેં હૉંગકૉંગની અમારી એશિયન ઑફિસ સાથે વાત કરવા કૉન્ફરન્સ કૉલ જોડ્યો હતો. ટાઇમ ડિફરન્સને કારણે મારે અત્યારે અહીંના રાતના દસ વાગ્યે એ લોકોની સાથે વાત કરવાની હતી. ઘરમાં લિવિંગ રૂમના સોફા પર બેઠાં બેઠાં હું વાત કરી રહી હતી. દેબુ બેડરૂમમાં બુક વાંચી રહ્યો હતો. હું વાત પૂરી કરું એની રાહ જોઈ રહ્યો હતો.

"હાય, રાધિકા. ધિસ ઇઝ પીટર વુ ફ્રોમ ધ હૉંગકૉંગ ઑફિસ." ફોનમાં અવાજ સંભળાયો.

"જોશ ઍન્ગ ફ્રોમ હૉંગકૉંગ." બીજા અવાજે કહ્યું.

"જોનાથન ફ્રોમ ન્યૂ યૉર્ક ઑફિસ." જોનાથને એના ઘરેથી કહ્યું.

મેં ફોન સ્પીકર મૉડ પર મૂકી દીધો જેથી મારા બેઉ હાથ ફ્રી રહે. મેં મિન્ટ ટી બનાવી હતી. બેઉ હાથે કપ પકડીને હું વાત કરી રહી હતી.

જોનાથને ડીલ વિશે સમજ પાડી.

"આપણે લક્સવિઝન નામની કંપની સાથે ડીલ કરી રહ્યા છીએ. એ લોકો ચશ્માંની ફ્રેમ અને સનગ્લાસીસ બનાવે છે. રાધિકાએ તમને લોકોને ઑલરેડી વિગતવાર નોંધ મોકલેલી જ છે. અત્યારે એ કંપની ટ્રબલમાં છે. કૅશ ફ્લો ઝીરો છે. ઍસેટ્સમાં માત્ર ચાઇનામાં જે ફૅક્ટરીઓ છે તે જ છે."

ગોલ્ડમન સાક્સ દુનિયાભરમાં પથરાયેલી એની ઑફિસોની મદદ લઈને કામ કરવામાં એક્સપર્ટ હતી. આ ડીલ ન્યૂ યૉર્ક ઑફિસ કરી રહ્યું હતું પણ એમાં હૉંગકૉંગ ઑફિસને વચ્ચે રાખવામાં આવી હતી જેથી કામકાજ સહેલું બને. જોશ અને ઍન્ગે ચાઈના જઈને જોવાનું છે કે ત્યાં ખરેખર કંપનીની ફૅક્ટરીઓ છે કે નહીં અને હોય તો એની વેલ્યુ કેટલી છે તે નક્કી કરવાનું છે.

"ક્લાયન્ટ કહે છે કે શેન્ઝ્ઝેનમાં ફૅક્ટરી છે, જસ્ટ હૉંગકૉંગની બૉર્ડરની પેલે પાર." મેં કહ્યું.

"ઇઝી ધેન. અમે એક દિવસમાં જઈને પાછા આવી જઈશું." પીટરે કહ્યું.

"ધૅટ વુડ બી ગુડ." મેં કહ્યું. "એ લોકો કહે છે કે ફૅક્ટરી શહેરની વચ્ચોવચ્ચ પ્રાઇમ એરિયામાં છે. જો ડીલ પાકું થાય તો આપણે એ જગ્યાને રેસિડેન્શ્યલ યુઝ માટે રિઝોન કરાવીને ત્યાં અપાર્ટમેન્ટ્સ બાંધીને વેચી શકીએ."

મારું વાક્ય પૂરું થાય ત્યાં જ દેબુ દબાતા પગલે લિવિંગ રૂમમાં આવ્યો. મેં એને મારા મોઢા પર આંગળી મૂકીને ચૂપ રહેવાનું કહ્યું. એણે માથું હલાવીને ફ્રિજ તરફ આંગળી ચીંધી. ફ્રિજમાંથી એણે સ્ટ્રોબેરી યોગર્ટનો કપ કાઢ્યો. મને ધર્યો. મેં ના પાડી અને હું મારી ચા પીતી રહી. દેબુને ફ્રિજમાંથી યોગર્ટ કાઢતાં જોઈને અને આ બાજુ મને સોફા પર બેસીને ઑફિસનો કૉન્ફરન્સ કૉલમાં બિઝી જોઈને એક વિચાર મને આવી ગયો. અમે બંને જાણે હસબંડ ઍન્ડ વાઇફ હોઈએ એમ એકબીજાથી કેવાં ટેવાઈ ગયાં હતાં, એકદમ કમ્ફર્ટેબલ ફીલ કરી રહ્યાં હતાં. મેં એને ફ્લાઇંગ કિસ કરી. એણે મારી સામે જોઈને પ્યારું સ્માઇલ આપ્યું. મેં ફરી કૉન્ફરન્સ કૉલમાં ધ્યાન પરોવ્યું.

"નો-શ્ઝેન બહુ ફાસ્ટ વધી રહ્યું છે. લોકેશન ઍક્ઝેટ કયું છે અને લોકલ પરમિશન કેવી રીતે મળે છે એની તપાસ કરીને ચોક્કસ આગળ વધાય. પણ ફૅક્ટરીઓ બંધ કરીએ તો વર્કર્સનું શું?" જોશે પૂછ્યું. એ હૉંગકૉંગના ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપનો વી.પી. હતો.

દેબુ ડાઇનિંગ ટેબલ પર બેઠાં બેઠાં યોગર્ટ ખાઈ રહ્યો હતો. અમારી વાતચીત સ્પીકર ફોન પર ચાલી રહી હતી.

"બસો વર્કર્સ છે. આપણે જો મેન્યુફેક્ચરિંગ ચાલુ રાખતા હોઈએ તો એ બધાની નોકરી ચાલુ રહે." મેં કહ્યું.

આ તબક્કે જોનાથને પોતાનો ઓપિનિયન આપતાં કહ્યું, "બિઝનેસ ચાલુ રાખવામાં માત્ર ચાળીસ મિલિયન મળે છે. એ જમીન પર અપાર્ટમેન્ટ બાંધીને વેચીશું તો સિત્તેર મિલિયન મળે."

"વાઉ," પીટર બોલ્યો, "વેલ્યુમાં હ્યુજ ડિફરન્સ થઈ જાય."

"યા. એટલે આપણે તો એ જ ઑપ્શન લેવાનો છે કે વર્કર્સને છૂટા કરીને એ જગ્યાને કેવી રીતે વેચવી," મેં કહ્યું.

"ઓકે, થોડા દિવસ લાગશે. અમે વિઝિટ કરી આવીએ. પછી આપણે વાત કરીએ." જૉને કહ્યું.

"હોપ વી ગેટ ગુડ ન્યૂઝ," મેં કહ્યું.

કૉલ પૂરો થયો. મેં લૅપટૉપ બંધ કર્યું. મારી નજર દેબુ પર ગઈ.

"ઊંઘ નથી આવતી?" મેં પૂછ્યું.

એણે યોગર્ટના કપને સફાચટ કરીને ચમચી ચાટી.

"યા. હું તારી વાતચીત સાંભળતો હતો."

"બોરિંગ બૅન્કર સ્ટફ ને?"

"હા, પણ મને થોડું થોડું સમજાયું ખરું."

મેં બેઉ હાથ ઉપર લઈ જઈને લાંબી આળસ મરડી.

"નવું ડીલ છે. કંપનીએ દેવાળું ફૂંક્યું છે, ફૅક્ટરીઓ ચાઇનામાં છે," મેં કહ્યું.

"યા. અને તમે લોકો એને તાળાં મારીને અપાર્ટમેન્ટ્સ બનાવવા માટે એની જમીન વેચી મારશો."

"એકદમ બરાબર. ફૅક્ટરીનું મકાન જૂનું થઈ ગયું છે પણ એનું લોકેશન જબરજસ્ત છે. ચાઇના ફાસ્ટ પ્રોગ્રેસ કરી રહ્યું છે અને આ જગ્યા એકદમ પ્રાઇમ થઈ ગઈ છે. સૂઈ જવું છે? બહુ મોડું થઈ ગયું ને?"

"ના, એક મિનિટ. પણ પછી વર્કર્સનું શું થશે?" એ મારી નજીક આવીને સોફા પર બેઠો.

"એમને તો છૂટા જ કરવા પડે ને. જે કંઈ વળતર આપવાનું થશે તે આપી દઈશું." મેં કહ્યું.

"અને એમનાં ફૅમિલીઝનું શું થશે? આ લોકોને નવી નોકરીઓ કોણ અપાવશે?"

"દેબુ, એ લોકો એમનું ફોડી લેશે. અમે બધાને થોડા મહિનાનો પગાર કૉમ્પેન્સેશન પેટે આપીશું. એ દરમ્યાન તેઓ બીજી નોકરી શોધી લેશે."

"એટલું સહેલું નથી. આ તે કઈ જાતનો મૂડીવાદ છે?"

મને શૉક લાગ્યો. મેં દેબુ સામે જોયું.

"શું?" મેં કહ્યું, "તું કહે છે કે આ કૅપિટાલિઝમ છે?"

"તમે લોકો ગરીબ મજદૂરોના ભોગે, એમના લાચાર પરિવારોનું શોષણ કરીને લાખો ડૉલર કમાવવાનું ષડયંત્ર કરી રહ્યા છો."

"ષડયંત્ર? તું બોલી શું રહ્યો છે? અમે અમારું કામ કરી રહ્યા છીએ. અમે ઇન્વેસ્ટમેન્ટ કર્યું છે અને હા, એનું સારામાં સારું વળતર મળે એ જોવાની ફરજ છે અમારી. ધૅટ્સ ઑલ. આમાં ખોટું શું છે? શોષણ, ષડયંત્ર, મૂડીવાદ – આખી વાતને તું ક્યાંથી ક્યાં લઈ જઈ રહ્યો છે?"

"પણ તમારે લોકોએ વર્કર્સને શું કામ છૂટા કરવા જોઈએ?"

મેં મારી અકળામણ ઘડીભર ઢાંકી રાખી પછી ના રહેવાયું એટલે હું બોલી,

"આ તારું બંગાળી કમ્યુનિસ્ટપણું બોલી રહ્યું છે? બંગાળીઓ સામ્યવાદના ગળાડૂબ પ્રેમમાં હોય છે નહીં?"

"મને નથી ખબર. હું તો એટલું જ જાણું કે તમે જે કંઈ કરી રહ્યા છો તે ખોટું છે. તમારી કમાણી માટે કોઈની રોજીરોટી છીનવી ના લેવાય."

"હું કંઈ ખોટું કરતી નથી. અમે લોકો એ જ કરી રહ્યા છીએ જે કાયદેસર થતું હોય. અને જેમાં મેક્સિમમ વળતર મળે."

"તમે લોકો બસ ગોલ્ડમન સાક્સના થોડાક રિચ પાર્ટનર્સને હજુ વધારે રિચ બનાવવા સિવાય બીજું કંઈ કરતા નથી. મજદૂર વર્ગની તમને કંઈ જ પડી નથી."

"દેબુ, ગોલ્ડમન સાક્સે કંઈ આ વર્કર્સ માટે મુસીબત ઊભી નથી કરી. કંપનીની મૅનેજમેન્ટે વાટ લગાડી છે. ચિક્કાર પૈસા ઊછીના લીધા, ન લેવા જોઈએ એટલા બધા, પછી ધંધો કરતાં આવડ્યું નહીં, છેવટે દેવાળું ફૂંકવું પડ્યું. બૅન્કની લોન્સ ભરપાઈ કરી શક્યા નહીં. આને કારણે વર્કર્સ રખડી પડ્યા. અમે એ લોન્સની જવાબદારી લઈને કંપનીને એમાંથી બહાર કાઢી. કંપનીએ જે કારનામા કર્યા તેનો કચરો વાળી રહ્યા છીએ અમે."

"વલ્ચર્સ છો તમે. ગીધડાં પણ કહી શકે કે મડદાં ખાઈને અમે ગંદકી સાફ કરીએ છીએ, જ્યારે હકીકતમાં મડદું જોઈને પોતાનું પેટ ભરવા માટે આવી જતાં હોય છે."

"તું બહુ સારી કમ્પેરિઝન નથી કરી રહ્યો. પણ હા, અમે એવા જ છીએ. આ આખી ફાઇનાન્શ્યલ સિસ્ટમમાં કોઈએ તો મડદાંનો નિકાલ કરવાની જવાબદારી ઉપાડવી જ પડે."

"અને તમે લોકો એમાંથી પૈસા બનાવો છો."

"તેથી શું થઈ ગયું? અમે લોકો હ્યુજ રિસ્ક લેતા હોઈએ છીએ. અધરવાઇઝ આવી કંપનીઓને હાથ લગાડવા પણ કોઈ તૈયાર નથી હોતું."

મેં ચા પૂરી કરી. હું કિચનમાં ગઈ અને કપ ધોવા લાગી.

દેબુ મારી પાછળ પાછળ આવ્યો.

"તને તારી જૉબ ગમે છે?"

હું એના તરફ ફરી.

"હા, દેબુ. આય લવ ઇટ. આયમ ગુડ ઍટ ઇટ. ઇટ્સ ઍક્સાઇટિંગ. કેટલું બધું શીખવા મળે છે. ગ્રેટ કંપની છે. મને સારા પૈસા આપે છે. ક્યારેક મારી પાસે સખત કામ કરાવીને કમર મારી તોડી નાખે છે પણ મને ગમે છે."

"મને લાગે છે કે આ કામ તારા માટે ઠીક નથી. અહીં રહીને તું એકદમ રીઢી બની જવાની, એકદમ જડ, સંવેદનહીન."

"શું વાત કરે છે તું?"

"તને મળ્યો ત્યારે તું કેટલી ઇનોસન્ટ, સ્વીટ ગર્લ હતી. એકદમ મૃદુ સ્વભાવની હતી તું."

"હજુ પણ છું. હું એ જ છોકરી છું. જરાય બદલાઈ નથી. આ મારું કામ છે. મારા કામ કરતાં મારી જિંદગી ઘણી વિશાળ છે. હું કામ કરું છું અને ઘરે આવીને તારી સોડમાં લપાઈ જાઉં છું, નહીં?"

“હા.” એ બોલ્યો. પણ બોલવા ખાતર બોલ્યો એવું લાગતું હતું.

“તેં ડિજિટલ ઍડ એજન્સીઝમાં ઍપ્લાય કર્યું?”

“કરીશ, બહુ જલદી કરીશ.”

“મને હતું કે તેં કરી દીધું હશે.”

“કરીશ ને, રાધિકા. આખો વખત મને ઘોંચપરોણા ના કર્યા કર. જોયું, હું તને આ જ કહું છું. તું એકદમ રૂથલેસ બની ગઈ છે.”

“મને ખાલી તારી ચિંતા છે એટલે કહ્યા કરું છું,” હું બોલી અને હવામાં બે હાથ ફંગોળીને મેં કહ્યું, “તું પણ તારી જૉબમાં ખુશ હોય એવું મને જોઈએ છે. તું જલદી સેટલ થઈ જાય તો આપણે ભવિષ્યનું પ્લાનિંગ કરી શકીએ.”

“શેનું પ્લાનિંગ કરવાનું છે?”

એને ખબર હતી કે હું શું વાત કરી રહી છું છતાં જાણે એ સમજતો જ ન હોય એવી રીતે વર્તતો હતો. દર વખતે આ વાત નીકળે ત્યારે આવું જ કરતો. એને બરાબર ખબર હોય છે કે હું શેના પ્લાનિંગની વાત કરતી હોઉં છું. મહામહેનતે મેં મારી જાત પર કન્ટ્રોલ કર્યો. હું બોલી,

“આપણા મૅરેજનું. મારે કેટકેટલી વાર આ વાત આપણી વચ્ચે ઉખેળ્યા કરવાની?” મેં કહ્યું, “મને લાગે છે કે જાણે હું તારી પાસે ભીખ માગતી હોઉં.”

“તારે કંઈ મારી આગળ ભીખ માગવાની ના હોય.”

“તો હું ક્યાં સુધી મારી મૉમને ટાળતી રહું?”

“મેં તને કહી દીધું છે. અત્યારે મારી કોઈ તૈયારી નથી.”

મારું બ્રીધિંગ ફાસ્ટ થઈ ગયું. આનાથી વધારે હું સહન કરી શકું એમ નહોતી.

“આપણે કંઈ કાલે ને કાલે જ પરણી જવાનું નથી, દેબુ. પણ કંઈક તો પ્લાનિંગ કરવું પડશે ને. મારે મારાં પૅરન્ટ્સને કહેવું પડશે કે મારી લાઇફમાં કોઈક છે જેથી એ મારા માટે છોકરો શોધવા વેસ્ટ દિલ્હીના દરેક ઘરનો દરવાજો ના ખટખટાવે. મારે બહુ જલદી એમને કહેવું પડશે.”

“તને શું જોઈએ છે મારી પાસેથી?”

“મને કહે કે તારા મનમાં શું છે? તારે એક વર્ષ પછી લગ્ન કરવાં છે? બે વર્ષ? ત્રણ વર્ષ? કંઈક તો ફોડ પાડીને કહે મને.”

“મને લાગે છે કે એ બધા વિશે વિચારવાનો હજુ સમય થયો નથી.”

“આપણે ડેટિંગ કર્યું, બે વર્ષથી લિવ-ઇનમાં છીએ. આનાથી વધારે વિચારવાનો આપણને કેટલો સમય જોઈએ?”

“હજુ થોડો સમય જોઈએ.”

“આ જ સમય છે.”

અમે એકબીજા સામે ઘૂરતાં રહ્યાં.

“અચ્છા તો હવે મારે તું કહે છે એમ જ કરવાનું.” દેબુ બોલ્યો, “આ ઘરમાં વધારે પૈસા તો તું જ લાવે છે.”

મને જબરજસ્ત ધક્કો લાગ્યો. મેં મારો હાથ ઊંચકીને એના તરફ આંગળી ચીંધી. હું બોલી,

“વૉટ ધ ફક! શું બોલ્યો તું?”

“કંઈ નહીં,” એણે કહ્યું. કદાચ એને આવેશમાં જે નહોતું બોલવું તે બોલાઈ ગયું એવું સમજાઈ ગયું હતું.

“આપણા મૅરેજની વાતમાં તું મારી કમાણીને શું કામ ઘસડી લાવે છે?”

"હું નથી લાવ્યો."

"તું જ લઈ આવ્યો. મને કોઈ દિવસ એનો ખ્યાલ નથી આવતો. તારા મગજમાં ભમરાયા કરે છે."

"ના. મને કોઈ નિસબત નથી તારી ઇન્કમ સાથે."

"આર યુ શ્યૉર? હું તને મળી ત્યારે તારા માટે જેવી સ્વીટ અને ઇનોસન્ટ ગર્લ હતી એવી જ રીતે તું પણ મારા માટે બહુ સ્વીટ બૉય હતો જે મેનહટનમાં ચાલતાં ચાલતાં મારી સાથે ફૅમિનિઝમની વાતો કરતો. યાદ કર... તું બીજી છોકરીઓ માટે પ્રેરણા બનવાની, રાધિકા! સ્ત્રીઓએ બતાવી આપવું પડશે કે એ પુરુષ સમોવડી છે... યાદ છે? તારા જ શબ્દો છે."

"મને તારા પૈસા સાથે જરા સરખી પણ લેવાદેવા નથી, સમજી તું? વાત એની છે જ નહીં."

"તો શેની વાત છે, સમજાવીશ મને? આપણે ઑલમોસ્ટ બે વર્ષથી દિવસરાત એકબીજાંની સાથે રહ્યાં પછી હવે ભવિષ્ય વિશે વિચારવાનું હોય તો એમાં ખોટું શું છે?"

"હું અવઢવમાં છું."

"કઈ બાબતમાં?"

"ખબર નથી. સપોઝ આપણે પરણી ગયાં અને આપણને બાળકો થયાં, રાઇટ?"

"યસ અફકોર્સ."

"તો હું વિચારતો હતો કે... મારાં કિડ્સની મધર મારે હિસાબે એવી હોવી જોઈએ જે..."

"તારાં કિડ્સની મધર? આપણાં નહીં?" હું બોલી. દેબુ ક્યારેક ક્યારેક એવી રીતે બોલતો હોય છે કે લાગે કે કોણ જાણે ઍડ્ એજન્સીની ઑફિસોમાં એ ચરસીઓ સિગરેટને બદલે શુંનું શુંય ફૂંકતા હશે.

"મારા માટે એ બહુ જરૂરી છે એ નક્કી કરવું કે મારે મારાં બાળકો માટે કેવી મધર જોઈએ છે." એ બોલ્યો.

"શ્યૉર. મને પણ મારાં સંતાનો માટે સારો બાપ જોઈએ છે. તું મુદ્દાની વાત કરીશ હવે?"

"તો તું આ જ રીતે જૉબ ચાલુ રાખવાની કે પછી બાળકોના જન્મ પછી છોડી દેવાની?"

"મને ખબર નથી. કંઈ નક્કી કર્યું નથી મેં. અત્યારે તો મારી ઇચ્છા છે કે શક્ય હોય તો જૉબ ચાલુ રાખું."

"તને લાગે છે કે તું ચાલુ રાખી શકીશ?"

"લેટ્સ સી. કંઈક ગોઠવવું પડશે. અત્યારે મને જે મળે છે એમાંથી આરામથી ફુલ ટાઇમ હેલ્પ રાખી શકીએ, ઘર ઑફિસની નજીક લઈ શકીએ, આપણાં પૅરન્ટ્સને અહીં બોલાવી લઈએ..."

એણે મને અધવચ્ચે જ ટોકી. "જોયું મને આ બાબતની જ ખાતરી નહોતી."

"કઈ બાબતની?"

"કે તું હજુ પણ પહેલાં જેટલી જ ઇનોસન્ટ છે કે પછી કમાણીના ચક્કરમાં સાવ રૂથલેસ થઈ ગઈ છે?"

"તું ફોડ પાડીને કહે ને કે તારા મનમાં શું છે?"

"વર્કર્સ પાસેથી એમની જૉબ છીનવી લેવા જેટલી ક્રુઅલ તું થઈ ગઈ છે. શું કામ? તારી કમાણી વધે એટલે, તને વધારે બોનસ મળે એટલે. એ જ રીતે લગ્ન પછી તું તારાં બાળકોને તારી કમાણીના જોરે કોઈ અજાણી હેલ્પના ભરોસે છોડી દેવા માગે છે. તારામાં લાગણીનો એક છાંટો પણ બચ્યો નથી."

"વૉટ ધ ફક, દેબુ!" મેં ઘાંટો પાડીને કહ્યું.

"જોયું? તું જ તારી જાત આગળ ઉઘાડી પડી ગઈ એટલે હવે બરાડા પાડવા માંડી. તો પછી આવું ડિસ્કશન કરવું જ શું કામ?"

"આ ડિસ્કશન નથી, બુલશિટ છે. તું મનઘડંત આક્ષેપો કરી રહ્યો છે. ક્યાંથી ભરાયું આ બધું ભૂસું તારા દિમાગમાં?"

"આ મારું એકદમ ટ્રાન્સપરન્ટ થિન્કિંગ છે. ભૂસું-બૂસું કંઈ નથી. બાકી, તું મને ગમે છે. હું તને ચાહું છું. પણ હું ઇચ્છું છું કે મારાં બાળકોની મા એમને સારી રીતે ઉછેરવા માટે, એમને સંસ્કાર આપવા માટે, એમની સગવડો સાચવવા માટે ઘરમાં રહેતી હોવી જોઈએ."

"જરૂર પડે હું એ પણ કરવા તૈયાર છું ને?"

"જરૂર પડે તો. જોયું, તું હજુ પણ મક્કમ બનીને કંઈ કહેવા નથી માગતી. તારાં ઑપ્શન્સ ખુલ્લાં રાખવા માગે છે કારણ કે તારી પાસે જબરજસ્ત ઇન્કમ આપતી હાઇ-ફાઇ જૉબ છે."

"મારી જૉબને એક મા તરીકેની મારી જવાબદારી સાથે કોઈ દેવાદેવા નહીં હોય. તું સમજે છે હું શું કહેવા માગું છું તે?"

ત્રીસ સેકન્ડ સુધી અમે બંને કંઈ પણ બોલ્યાં વિના એકબીજા સામે તાકતાં રહ્યાં. ફાઇનલી એ બોલ્યો,

"આય ડૉન્ટ થિન્ક હું આ રીતે રહી શકું. રિયલી, આય કાન્ટ."

મારા માથા પર આભ તૂટી પડ્યું. આ હું શું સાંભળી રહી હતી? એ બ્રેક-અપ માટે કહી રહ્યો હતો? મારા જેવી અનલવેબલને ચાહનારો એકમાત્ર પુરુષ મને છોડી દેવાની ધમકી આપી રહ્યો હતો?

મેં મારો અવાજ ટોનડાઉન કર્યો. એકદમ શાંત સ્વરે હું બોલી, "દેબુ, તને શું થઈ રહ્યું છે? તું કેમ આમ બોલી રહ્યો છે?"

એનો મિજાજ હજુય ગરમ હતો.

"કામનું સ્ટ્રેસ છે?" મેં પૂછ્યું.

"ના."

"મેં કૉન્ફરન્સ કૉલ પર કરેલી વાતોથી તું અકળાઈ ગયો છે? એ તો કામ છે. કામ કામની જગ્યાએ હોય. એનાથી આટલું બધું અકળાવાનું ન હોય."

"એ વાત નથી."

મેં ટાઇમ જોયો. મધરાત થઈ ગઈ હતી. સવારે સાડા છએ ઊઠી જવાનું હતું. ઑફિસમાં વહેલી સવારની એક મિટિંગ હતી.

"દેબુ, શાંત થઈ જા. સૉરી, હું તારા પર વરસી પડી. હવેથી હું એવું નહીં કરું, ઓકે?"

હું એની પાછળ જઈને એને ભેટી.

"અત્યારે આ બધી વાતો કરવાનો વખત નથી. મારી ભૂલ થઈ ગઈ." હું બોલી.

"ઠીક છે." એણે મારાથી અળગા થતાં કહ્યું.

"આપણે સૂઈ જઈએ?" મેં કહ્યું.

એણે હા પાડી.

અમે રજાઈ તાણીને સૂઈ ગયાં. મેં મારો નાઇટસૂટ કાઢીને એને નજીક લીધો.

"હું થાકી ગયો છું. ગુડનાઇટ, બેબી." એ બોલ્યો અને પડખું ફરી ગયો.

થોડી જ મિનિટોમાં એ ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. હું જાગતી રહી. મને ઊંઘ નહોતી આવી રહી. આખી રાત હું વિચારતી રહી કે મને પ્રેમ કરનારો આ એકનો એક પુરુષ જો મને તરછોડી દેશે તો હું કરીશ શું?

*   *   *

આખી રાત હું સૂતી નહોતી એટલે સવારે પાંચ વાગ્યે પથારીમાંથી ઊભી થઈ ગઈ. પછીનો એક કલાક મેં બ્રેકફાસ્ટ બનાવવામાં ગાળ્યો. મેં પૅનકેક્સ બનાવી, દેબુને બહુ ભાવે. થોડાં ફ્રુટ્સ સમાર્યાં અને એગ્સ બોઇલ કર્યાં. ટોસ્ટ બનાવ્યા. હું શું કામ આ બધું કરતી હતી? ઊંઘ નહોતી આવતી એટલે? કે પછી મારે દેબુનો ગુસ્સો શાંત પાડવો હતો? કે પછી મારે પુરવાર કરવું હતું કે વખત આવ્યે હું એક આદર્શ ગૃહિણી પણ બની શકતી હોઉં તો એક આદર્શ માતા પણ બની શકીશ. કે પછી મારે એ પુરવાર કરવું હતું કે હું હજુય એવી જ સ્વીટ અને ઇનોસન્ટ છું જેનો બીજો અર્થ થાય કે હું હજુય એવી ગભરુ અને દબાયેલી છું.

હું ચાહતી હતી કે દેબુ જાગે ત્યારે એ ખુશ થઈ જાય. મારે મન ચાઇનાનું ડીલ, બોનસ, બીજું કંઈ પણ એટલું ઇમ્પૉર્ટન્ટ નહોતું. દેબુ મારા માટે બધું હતો. મેં મારી જાતને ઠપકો આપ્યો આવું વિચારવા બદલ. પણ શું કરું, મને અત્યારે આવા જ વિચારો આવતા હતા. મારામાં આદર્શ માતા બનવાની ત્રેવડ નથી એ મતલબના એના શબ્દોએ મન અંદરથી હચમચાવી નાખી હતી.

જાગ દેબુ, જાગીને બ્રેકફાસ્ટ ટેબલ પર આવ. જો, મેં તારા માટે પૅનકેક્સ બનાવી છે. તું નાસ્તો કર અને મને કહે કે હું તારા માટે લવેબલ છું.

દેબુ પોણા સાતે લિવિંગ રૂમમાં આવ્યો. મેં ટેબલ સજાવી દીધું હતું. ઑરેન્જ જ્યૂસનો જગ ભરીને ટેબલ પર મૂકી દીધો હતો. પેનકેક્સ બનાવવા સૉસપૅન પણ ગરમ કરવા મૂકી દીધી હતી.

“વાઉ...” એણે આંખો ચોળતાં ચોળતાં કહ્યું.

“ગુડ મૉર્નિંગ!” મેં મારાથી બને એટલો ઉત્સાહ મારા અવાજમાં ઉમેરીને કહ્યું.

“શું બનાવી રહી છે તું?”

“તારા માટે પૅનકેક્સ બનાવું છું. તને બહુ ભાવે છે ને. એના પર તને મેપલ સિરપ જોઈએ છે કે પછી હની નાખી આપું?”

“મેપલ સિરપ. આજે વીક એન્ડ શરૂ થઈ ગયો?” એના અવાજમાં મૂંઝવણ હતી. ચેર નજીક લાવીને એ નાસ્તો કરવા બેઠો.

“ના, બુધવાર છે. મને થયું કે આજે કંઈક સરસ બ્રેકફાસ્ટ બનાવું.”

નૉર્મલી વીકડેઝમાં અમે બંને મિલ્કમાં કોર્ન ફ્લેક્સ કે એવું કંઈક નાખીને ઝટપટ બ્રેકફાસ્ટ પૂરો કરી ઘરની બહાર નીકળી જતાં હોઈએ.

મેં દેબુની સામે બ્લ્યુબેરીઝ, રાસ્બેરીઝ અને બ્લૅકબેરીઝની પ્લેટ મૂકી.

“ફેન્સી!” એ બોલ્યો.

“બેરીઝ સારી તારા માટે. શરૂ કર ત્યાં સુધીમાં તને પૅનકેક્સ ઉતારી આપું.”

એણે મને પૂછ્યું, “આજે તારે કામ પર નથી જવાનું?”

“જવાનું છે ને.”

“તારે સવાર સવારમાં કોઈ ઇમ્પૉર્ટન્ટ મિટિંગ હતી ને?”

“હા. તારી સાથે બ્રેકફાસ્ટ કરી લઉં પછી તૈયાર થઈને નીકળું.”

સૉસપૅનમાં પૅનકેક્સ તૈયાર થઈ રહી હતી. એની સુગંધ આખા લિવિંગ રૂમમાં પ્રસરી ગઈ. ગોલ્ડન બ્રાઉન થઈ ગઈ એટલે મેં ડિશમાં કાઢીને એના પર મેપલ સિરપ રેડ્યું. એક બનાનાની થિન સ્લાઇસીસ કરીને એને પૅનકેક્સની ફરતે ગોઠવીને પ્લેટ સજાવી દીધી.

“તું નહીં ખાય?” દેબુને મેં પ્લેટ આપી ત્યારે એણે પૂછ્યું.

"હું બીજી બનાવું છું ને. તું ગરમાગરમ ખાતો થા."

શું એને હવે વિચાર આવશે કે હું હવે એટલી હાર્ડકોર નથી રહી, જરા માઇલ્ડ થઈ છું, સૉફ્ટ બની છું. એ ચૂપચાપ ખાવા લાગ્યો. કદાચ એને આ બધું સપના જેવું લાગતું હશે. હું મારી પૅનકેક્સ બનાવીને એની સામે બેસી ગઈ.

"એકદમ ટેસ્ટી છે." એ બોલ્યો.

"થૅન્કયુ."

"મારે તને થૅન્કયુ કહેવું જોઈએ. કેટલી બધી મહેનત કરી છે તેં. આ બધું બનાવવા તું કેટલા વાગ્યે જાગી ગઈ?"

"પાંચ વાગ્યે. નૉર્મલ કરતાં કલાક જ વહેલી." હું જુઠ્ઠું બોલી. એને ખબર નહોતી કે હું આખી રાત સૂતી જ નથી.

"તું બહુ થાકી ગયેલી લાગે છે."

"ઇટ્સ ઓકે. આય વિલ બી ફાઇન." મેં પૅનકેકનો પીસ કાપીને મોઢામાં મૂક્યો.

"રાધિકા, મારે તને કંઈક કહેવું છે." દેબુ બોલ્યો.

મને ખબર છે કે તારે મને સૉરી કહેવું છે. ઇટ્સ ઓકે. અત્યારે મને એની આટલી બધી કાળજી કરતાં જોઈને એને ગિલ્ટી ફીલ થતું હશે.

"બોલ ને, શું કહેવું છે તારે?" મેં પૂછ્યું.

"યુ આર સ્વીટ. તેં આટલી મહેનત કરીને બ્રેકફાસ્ટ બનાવ્યો."

"યુ આર સ્વીટ, દેબુ. તું કેટલો સારો છે. તને ખરેખર મારી કદર છે."

"થૅન્કયુ, રાધિકા. પણ વાત કંઈક બીજી જ છે..."

"બોલ ને તો. શું છે?"

"આજે તું આ રીતે બ્રેકફાસ્ટ બનાવી લાવી. ગ્રેટ. પણ હું ખુશ નથી."

"ખુશ નથી? કોનાથી ખુશ નથી, બેબી?"

"આપણાથી."

"કેમ? ગઈ કાલે આપણી વચ્ચે જે કંઈ થયું એટલે? આપણે બંને ગુસ્સામાં હતાં." મેં કહ્યું પણ બનાનાની સ્લાઇસ મારા ગળે નહોતી ઊતરી રહી.

"ગઈ કાલની વાત નથી, આપણે ગુસ્સામાં એકબીજાં સાથે ગમેતેમ બોલી જઈએ છીએ એની પણ વાત નથી. ઘણા દિવસથી હું વિચારતો હતો, ઍક્ચ્યુલી તો ઘણાં અઠવાડિયાંથી..."

"શું વિચારતો હતો? મારી સાથે ડિસ્કસ કેમ નહીં કર્યું તેં?" મેં કહ્યું. મને થયું કે હું કેટલી મૂર્ખી કે સવારથી કિચનમાં ભરાઈને બ્રેકફાસ્ટ બનાવતી રહી.

"આમાં ડિસ્કસ કરવા જેવું કંઈ છે જ નહીં. મને ખબર છે કે હું હૅપી નથી."

"તું મારાથી કંટાળી ગયો છે?"

"સ્ટુપિડ જેવી વાત નહીં કર."

"તો?"

"હું અત્યારે એકદમ શાંત છું." બિલકુલ ગુસ્સામાં નથી, ઓકે? પણ મારા મનમાં મારે કેવી વાઇફ જોઈએ છે, મારાં બાળકો માટે કેવી મધર જોઈએ છે, એની એક ઇમેજ છે. હું તારી કોઈ ટીકા નથી કરતો. પણ મને ગૃહિણી જોઈએ, ઑફિસ ગર્લ નહીં."

"શું?" મારા હાથમાંથી છરીકાંટો પડતાં પડતાં રહી ગયો.

"મેં નાનપણથી એ જ કલ્પના કરી છે. હું કામ પર જઉં, કમાઉં. વાઇફ મારું ઘર સંભાળે, બાળકોને ઉછેરે. સિમ્પલ લાઇફ, હૅપી ફૅમિલી. બસ."

"તું શું વાત કરી રહ્યો છે, દેબુ? તેં જ તો કહ્યું હતું ને કે આજના જમાનામાં સ્ત્રી ધારે તે

અચીવ કરી શકે છે. તેં જ મારે ડિસ્ટ્રેસ્ડ ડેટમાં ઍપ્લાય કરવાનું હતું ત્યારે મારો ઉત્સાહ નહોતો વધાર્યો?"

"વધાર્યો હતો. અને આજની તારીખે પણ મને માન છે તારા માટે. જે જે સ્ત્રીઓ કંઈક અચીવ કરી બતાવે છે એ બધી મારા માટે ખૂબ આદરણીય છે. પણ..."

"... પણ તું એવી કોઈ સ્ત્રી સાથે રહેવા નથી માગતો."

"ખબર નહીં. કદાચ ના. નથી રહેવા માગતો. કદાચ રહી પણ શકું. તેં મને મૅરેજ વિશે વિચારવાનો ફોર્સ કર્યો એટલે મેં વિચાર્યું. મેં ભવિષ્યના મારા પરિવાર વિશે કલ્પના કરી. મારી વાઇફ મારું ઘર સંભાળતી હોય, મારાં બચ્ચાંઓને, મને સંભાળતી હોય એવું મને જોઈએ છે."

"અને હું એ બધું નહીં કરી શકું એવું તને લાગે છે?"

"તું જૉબ છોડી શકવાની છે?"

"શું કામ, દેબુ? મારે જૉબ શું કામ છોડી દેવી પડે? મને આ કામ ગમે છે. મારા માટે રિવૉર્ડિંગ છે, ફુલફિલિંગ છે."

"તો પછી ઘર કોણ સંભાળશે?"

"કોણે સંભાળવાનું હોય વળી? તું પણ નોકરી નથી કરતો? તો હું કેમ ના કરી શકું?"

"ઓહ, તો તારે નોકરી ચાલુ રાખવી છે અને હું જૉબ છોડીને ઘર સંભાળું?"

"મેં એવું ક્યાં કહ્યું? પણ મારે એકલીએ જ ઘર કે નોકરી બેમાંથી એકની પસંદગી કરવી એવું શું કામ?"

"મને સમજ પડી ગઈ."

"શું સમજ પડી ગઈ, દેબુ?"

"તું તારે વધારે ને વધારે કમાણી કર્યા કરવાની અને મારે મારી જૉબ છોડીને ઘર સંભાળવાનું. કારણ કે હું કંઈ તારી જેમ હાય ફ્લાઇંગ કરિયર નથી ધરાવતો."

"વિલ યુ સ્ટૉપ ઇટ નાઉ? અને સ્ટૉપ કૉલિંગ મી હાય-ફ્લાઇંગ. આ શું લઈને તું બેઠો છે. મારી કમાણી, તારી કમાણી. તારી જૉબ સારી રીતે ચાલતી હોય છે ત્યારે હું ખુશ હોઉં છું. હોઉં છું કે નહીં? તો પછી તું મારા માટે ખુશ કેમ નથી?" મેં કહ્યું.

એણે મારી સામું જોઈને નજર ફેરવી લીધી. મેં ઊંડો શ્વાસ લઈને મારી વાત પૂરી કરતાં કહ્યું

"જૉબ છોડવાની મારે કે તારે કોઈએ જરૂર નથી. એવું કર્યા વિના પણ આપણું હર્યુંભર્યું ફૅમિલી હોઈ શકે છે."

દેબુ ચૂપ હતો. મને લાગતું હતું કે મારી દલીલોની એના પર કોઈ અસર થઈ નહોતી.

"કંઈક તો જવાબ આપ." મેં છરીકાંટા પ્લેટમાં મૂકી દીધા.

એ ચૂપચાપ ખાતો રહ્યો. મારી આંખો ભરાઈ ગઈ. મેં ટિશ્યુથી આંસુ લૂછી નાખ્યાં.

એણે મારા હાથ પર હાથ મૂકીને કહ્યું, "રડ નહીં."

"તું મને રડાવ્યા પછી નહીં કહે કે – રડ નહીં." હું માંડ માંડ બોલી. મારો અવાજ તૂટતો હતો.

"આ સવાર સવારની મિટિંગ્સ અને બૅન્કિંગ બધું છોડી દે. એને કારણે તું સખત સ્ટ્રેસમાં રહે છે."

"આયમ ફાઇન," મેં કહ્યું. મારું રડવાનું ચાલુ હતું. હું ફરી બોલી, "આયમ ફાઇન."

"તું એક સિમ્પલ ઇન્ડિયન ગર્લ છે. તને પ્રેમ કરવા માટે કોઈક જોઈએ છે, તને પ્રેમ કરે એવું કોઈક જોઈએ છે."

"હા, સાચી વાત છે." મેં કહ્યું અને નાક સાફ કર્યું. હવે હું થોડીક શાંત થઈ.

"હું આપણા બેઉની સંભાળ રાખીશ. તું મારી અને આપણાં છોકરાંઓની સંભાળ રાખજે!"

મેં ટાઇમ જોયો.

"સાત ને વીસ. મારે ભાગવું પડશે."

હું બાથરૂમ તરફ ચાલી. દેબુ ત્યાં બેઠાં બેઠાં બોલી રહ્યો હતો,

"જોયું. તું આવું જ કરતી હોય છે. હું તારી સાથે કંઈક ડિસ્કસ કરવા માગું છું..."

હું બાથરૂમ સુધી પહોંચી ગઈ હતી. મેં એના તરફ ફરીને કહ્યું, "મારે ઇમ્પૉર્ટન્ટ મૉર્નિંગ મિટિંગ છે. એક ડીલ માટે પ્રેઝન્ટેશન કરવાનું છે. મેં તને કહેલું."

"પણ અત્યારે હું તારી સાથે એક ખૂબ અગત્યની વાત ડિસ્કસ કરી રહ્યો છું. આજની મિટિંગ પડતી મૂક."

"નહીં થાય કૅન્સલ. મારે ચાઇનાના ડીલ માટે પ્રેઝન્ટેશન આપવાનું છે."

મેં બાથરૂમમાં જઈને શાવર નીચે ઝટપટ ખંખોળિયું ખાઈ લીધું અને વ્હાઇટ શર્ટ – બ્લૅક ટ્રાઉઝર્સ પહેરીને તૈયાર થઈ ગઈ. હું તૈયાર થઈને બહાર આવી ત્યારે દેબુ હજુ ડાઇનિંગ ટેબલ પર બેઠો હતો.

"બસ, આ જ ડર મને હતો. મા બન્યા પછી પણ તું આવું જ કરવાની. ત્યારે શું કરીશું?" એ બોલ્યો.

હું કંઈ બોલી નહીં. પાંચ સેકન્ડ સુધી એને ઘૂરતી રહી. એ જરા અંદરથી ધ્રૂજી ગયો એવું લાગ્યું. એણે વિચાર્યું હશે કે હવે હું શુંનું શું કરવાની હોઈશ. હું અપાર્ટમેન્ટના દરવાજા સુધી ગઈ. ડોર ઉઘાડ્યો. ઘરની બહાર નીકળી. ફરી એકવાર એની સામે તાકીને જોયું અને ધડામ્ દઈને દરવાજો બંધ કરી દીધો.



15

“અરે, વાહ! કાલે રાત્રે કંઈ મોડી રાત સુધી પાર્ટી ચાલી લાગે છે.” જોનાથન બોલ્યો. અમે મિટિંગરૂમમાં બીજા લોકો આવે એની રાહ જોતાં હતાં.

“ના, ઘરે જ હતી. રાત્રે ચાઇનાના ડીલ માટે કૉન્ફરન્સ કૉલ પર વાત તો કરી…” મેં કહ્યું.

“પણ તો પછી તારી આંખો આટલી સૂઝેલી કેમ દેખાય છે?”

“ઊંઘ બરાબર થઈ નથી.”

“ડીલનું ટેન્શન છે?”

“લાઇફમાં ટેન્શન છે.”

જોનાથને સ્મિત કર્યું અને કહ્યું, “એ ટેન્શન કેવું હોય એની મને બરાબર ખબર છે.”

થોડી જ વારમાં ક્રેગ, જોન અને ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રૂપના કેટલાક વી.પી.ઝ. અને અસોસિયેટ્સ આવી પહોંચ્યા. મેં બધાંની સમક્ષ લક્ઝવિઝનના ડીલની વિગતો આપતું પ્રેઝન્ટેશન કર્યું.

“હું એક કામ કરું છું. ચાઇનાના કોઈ લોકલ પ્રૉપર્ટી ડેવલપરને આ ડીલમાં ઇન્વોલ્વ કરું છું.” જોને કહ્યું.

એવું કરવામાં જ ડહાપણ હતું. ચાઇનામાં જાતજાતના અટપટા નીતિનિયમો અને કાયદાઓની જંજાળ છે. એમાં જો સ્મૂધલી કામ પાર પાડવું હોય તો કોઈ મજબૂત સ્થાનિક ભાગીદારની જરૂર પડવાની.

“શ્યૉર”, મેં કહ્યું, “હૉંગકૉંગ ઑફિસમાંથી ફૅક્ટરીની વિઝિટ નક્કી થઈ ગઈ છે. એમને પણ આપણે કહીશું કે થોડા પ્રૉપર્ટી ડેવલપર્સના કાનમાં આ વાત નાખે.”

પ્રેઝન્ટેશન પૂરું કરીને હું બેસી ગઈ. બીજી ટીમે એ લોકોના કોઈ ડીલ વિશે પ્રેઝન્ટેશન આપવાનું શરૂ કર્યું. આખી રાતના ઉજાગરા પછી મારું માથું ફાટફાટ થતું હતું. હું મિટિંગમાં ધ્યાન આપવાની ખૂબ કોશિશ કરી રહી હતી. ત્યાં જ મારા ટ્રાઉઝરના ખિસ્સામાં રાખેલો ફોન બઝ થયો. પહેલાં તો મેં ઇગ્નોર કર્યો પણ પછી વારંવાર બઝ થવા લાગ્યો. આટલા બધા મેસેજ? મિટિંગ રૂમમાં અંધારું હતું કારણ કે સ્લાઇડ્સનું પ્રોજેક્શન થઈ રહ્યું હતું. મેં આસ્તેથી ફોન બહાર કાઢીને ટેબલ નીચે મારા હાથમાં રાખ્યો. ઘણા મેસેજ હતા. બધા દેબુના.

‘રાધિકા, આનાથી વધારે મારાથી સહન નહીં થાય.’

‘તારે મારા માટે જે વિચારવું હોય તે, આ રીતે તો મારે આગળ નથી જ વધવું.’

‘તારી સાથે રહેવાનું બહુ ડિફિકલ્ટ છે, સિરિયસલી કહું છું તને.’

‘મારે એક સાદીસીધી જિંદગી જોઈએ છે. આય જસ્ટ વૉન્ટ એ સિમ્પલ ઇન્ડિયન ગર્લ.’

‘મારે તારાથી છૂટા પડવું છે. હું જઉં છું.’

‘ફ્રિજની ઉપર આ મહિનાનું ભાડું મૂકી દઈશ. બાય.’

હું થીજી ગઈ. સ્ટેચ્યુની જેમ સ્થિર થઈ ગઈ. જાણે મને પેરેલિસિસ થઈ ગયો. મારી ટીમના મેમ્બર્સ મારી આસપાસ હતા. હું કોઈ રીતે રિએક્ટ કરી શકતી નહોતી. મારી આંખમાંથી ગંગાજમના વહેવા માંડે એ પહેલાં મેં દાંત ભીંસીને આંસુ રોકી રાખ્યાં.

“એક્સક્યુઝ મી,” ધીમેકથી બાજુમાં બેઠેલા જોનાથનને કહીને હું ઊભી થઈ ગઈ.

“મારે જરા બહાર જવું પડે એમ છે.” કહીને હું ધીમા પગલે મિટિંગ રૂમના અંધારાની બહાર નીકળીને મારી લાઇફમાં છવાઈ રહેલા અંધકારનો સામનો કરવા તૈયાર થઈ.

રેસ્ટરૂમમાં જઈને મેં ફરીથી એકેએક મેસેજ વાંચ્યા.

દેબુને ફોન કર્યો. એણે કટ કરી નાખ્યો. મેં ફરી બેવાર ફોન કર્યો.

છેવટે મેસેજ નાખ્યો, 'કૅન યુ કૉલ મી?'

એણે કોઈ રિપ્લાય આપ્યો નહીં. હું મારી ક્યુબિકલ પાસે ગઈ અને બે હાથે મારો ચહેરો ઢાંકીને ત્યાં બેસી પડી. અમારા ગ્રૂપની એક ટ્રિશા નામની સેક્રેટરી મારી પાસે આવી. એ અમેરિકન હતી. ઑલમોસ્ટ સાઠ વર્ષની હતી. મારા તરફ જોઈને પૂછવા લાગી,

"આર યુ ઓકે?"

મેં માથું ધુણાવીને હા પાડી પણ મારો ચહેરો ચાડી ખાતો હતો. છતાં મેં કહ્યું,

"બસ જરા થાકી ગઈ છું."

મેં ફરી મેસેજ મૂક્યો : 'આર યુ ગોઇંગ ટુ કૉલ મી?'

'હવે વાત કરવા જેવું કંઈ બાકી નથી રહ્યું.' એનો જવાબ આવ્યો.

મેં એને ફોન લગાડ્યો. એણે ફરીથી કાપી નાખ્યો.

'બિઝી છું.' એનો મેસેજ આવ્યો.

'આના કરતાં બીજું કયું મોટું ઇમ્પૉર્ટન્ટ કામ છે અત્યારે?' મેં લખ્યું.

'મને ડિસ્ટર્બ નહીં કર.' એણે જવાબ આપ્યો.

મારી આંખો છલકાઈ ગઈ. મારે ઑફિસમાં રડવું નહોતું. મેં ઊંડો શ્વાસ ખેંચીને આંસુ રોકી રાખ્યાં.

'આપણે બે વરસ સાથે રહ્યાં છીએ. આટલી આસાનીથી છૂટી શકે આ બધું?' મેં મેસેજ મોકલ્યો.

'આટલું બધું લાંબું ખેંચીને મેં ભૂલ કરી. ઘણા વખત પહેલાં મારે આ નિર્ણય લઈ લેવાનો હતો.' એણે લખ્યું.

મેં એને ફોન કર્યો. આ વખતે એણે ઉપાડ્યો.

"કહ્યું તો ખરું કે અત્યારે વાત નહીં થઈ શકે. સ્ટૉપ કૉલિંગ મી, પ્લીઝ."

"તો પછી નિરાંતે વાત કરીએ, પ્લીઝ?" મેં ધ્રૂજતા અવાજે કાકલૂદી કરી.

"મારે સખત કામ છે, બાય." એણે કહ્યું.

બસ, પૂરું.

મારો ચહેરો તમતમી ગયો. હું સાવ વેરવિખેર થઈ જાઉં એ પહેલાં મારી ઑફિસની બહાર નીકળી જવું હતું.

"હું જરા વૉક માટે બહાર જઉં છું." ટ્રિશાને કહીને હું ઊભી થઈ, "સહેજ અનઇઝી જેવું લાગે છે."

"બહારની તાજી હવામાં ફરી આવ, સારું લાગશે." ટ્રિશા બોલી.

"જોનાથનને કહેજે કે કંઈ કામ હોય તો મારા સેલ પર વાત કરે."

હું એઇટીફાઇવ બ્રોડ સ્ટ્રીટ પર આવી. ઠંડીમાં ચમકતા સૂરજને લીધે જરા હૂંફ લાગતી હતી. મોસમની દૃષ્ટિએ આજે બ્યુટીફુલ દિવસ હતો. પણ મારા માટે ન્યૂ યૉર્કમાં આવ્યા પછીનો આ ખરાબમાં ખરાબ દહાડો હતો. મને ફરી એને ફોન કરવાનું મન થયું પણ મેં લાલચ રોકી રાખી. હું ફોનના સ્ક્રીનને તાકતી રહી, કદાચ એ સામેથી ફોન કરે. પણ ન આવ્યો.

હું વારંવાર વૉલ સ્ટ્રીટના એક છેડાથી બીજા છેડા સુધી આંટાફેરા કરતી રહી. દેબુ જેવું બીજું કોઈ જ મારું આ શહેરમાં નહોતું. મારી જિંદગીમાં જ નહોતું. જે હતાં તે બધાં ઑફિસમાંના અને ઑફિસ બહારના થોડા મિત્રો હતા. પણ દેબુ વિના ન્યૂ યૉર્કમાં રહેવાની કલ્પના કરવી પણ મારા માટે અશક્ય હતી. મેબી, એ જરા અપસેટ હશે, મેં મારી જાતને કહ્યું.

પણ વાત કરતો હતો ત્યારે તો કેટલો કઠોર અવાજ હતો એનો. એકદમ ઠંડો અને મક્કમ.

કલાક પછી હું ઑફિસે પાછી ગઈ. જેમતેમ કરીને દિવસ પૂરો કર્યો. લંચ પણ નહીં કર્યું. સાંજે પાંચ વાગ્યે હું નીકળી ગઈ અને સબવે પકડીને ઘરે પાછી આવી.

લિવિંગ રૂમમાં લાઇટ કરીને બાથરૂમમાં ગઈ. બાથરૂમમાં દેબુનું પરફ્યુમ નહોતું. એનું બિયર્ડ ટ્રિમર નહોતું. જ્યાં એનાં કપડાં લટક્યાં કરતાં તે ક્લોથ્સહુક બધાં ખાલી હતાં. બેડરૂમમાં જઈને વૉર્ડરોબનું બારણું ખોલ્યું. એમાં પણ એનાં કપડાં નહોતાં.

સડનલી મને લાગ્યું કે કોઈએ મને કચકચાવીને પેટમાં લાત મારી છે.

ના, આ કોઈ નાઇટમેર લાગે છે. આખી રાત ઊંઘ નથી આવી એટલે કોઈ ભૂતાવળ સતાવી રહી છે મને.

બેડ પર બેસીને હું એના ખાલીખમ વૉડરોબને તાકતી રહી. પછી રડી. રડતી રહી. ખૂબ રડી. એના ખાલીખમ વૉર્ડરોબની જેમ મારી આંખો ખાલીખમ થઈ જાય ત્યાં સુધી રડી.

* * *

“પ્લીઝ, દેબુ. તારા વગર ઘર કેટલું ખાલી ખાલી લાગે છે.” મેં કહ્યું.

સબવે ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં એક સળિયો પકડીને હું ઊભી હતી. દેબુને ઘરેથી નીકળી ગયાને પાંચ દિવસ થઈ ગયા હતા. હું રોજ એને ફોન કરતી. પાછા આવી જવા માટે મનાવતી, રીતસરના કાલાવાલા કરતી.

“એ તારું ઘર છે. તું મારા પહેલાં પણ ત્યાં એકલી જ રહેતી હતી.” દેબુએ કહ્યું.

“હા, પણ હવે એ આપણું ઘર છે.”

“ના, ઘર નથી. ભાડાનો અપાર્ટમેન્ટ છે. ભાડુંય બહુ મોંઘું છે.”

ટ્રેને પાટા બદલ્યા અને એ વધારે હાલકડોલક થઈ. મેં માંડ બૅલેન્સ જાળવ્યું.

“તને ખબર છે હું તને શું કહેવા માગું છું.” મેં કહ્યું.

“ઇટ્સ ઓકે. થોડા વખતમાં તું ટેવાઈ જઈશ.” એ બોલ્યો.

“ના, નહીં થાય એવું, દેબુ. પ્લીઝ. તને મારી યાદ નથી આવતી?” મેં કહ્યું. આ રીતે ભાઈબાપા કરતાં મારો જીવ કપાઈ જતો હતો. ટ્રેનના ડબ્બામાં બધાંની વચ્ચે મારી આંખ ભરાઈ આવી.

“તને માત્ર મારી આદત પડી ગઈ હતી. છૂટી જશે.” દેબુએ કહ્યું.

“મારું સ્ટેશન આવી ગયું. હું ઘરે જઈને પાછી તને ફોન કરું છું.” કહીને મેં ફોન પૂરો કર્યો. શક્ય છે કે આ છેલ્લી વખત ફોન કરું ને દેબુ માની જાય.

તું કેટલી ડેસ્પરેટ થઈ છે? મેં મારી જાતને કહ્યું. હા, થોડી તો થઈ છું જ. પ્રેમમાં ડેસ્પરેટ થવામાં ખોટું શું, હં?

ઘરે જઈને બેડ પર બેસીને મેં ફરી એને ફોન કર્યો. એણે ઉપાડ્યો. બૅકગ્રાઉન્ડમાં ખૂબ ઘોંઘાટ સંભળાતો હતો.

“હું બહાર ડ્રિન્ક્સ માટે આવ્યો છું. મારી ઑફિસના લોકો સાથે. પછી વાત કરીએ?”

“બે મિનિટ વાત કર મારી સાથે, પ્લીઝ.” મેં કહ્યું. આ ઘર મને ખાવા ધાતું હતું. મને અત્યારે એ મારી બાજુમાં જોઈતો હતો. ફિઝિકલી નહીં તો કમ સે કમ ફોન પર.

“ઠીક છે, ચૅટ કર. બે જ મિનિટ.” એણે કહ્યું. આજ્ઞાંકિત ગુલામની જેમ મારી સામે જે કંઈ ટુકડા ફેંકાય તે મેં ઉપાડી લીધા.

‘બોલ, શું હતું?’ એણે પહેલો મેસેજ મોકલીને ચૅટ શરૂ કરી.

‘તારો દિવસ કેવો ગયો?’ મેં લખ્યું.
‘સારો. આ જ પૂછવા માટે તેં ફોન કર્યો હતો?’
‘આખી રાત મને ઊંઘ નથી આવતી.’
‘સૂવું જોઈએ તારે.’
‘હું તારી સામે હાથ જોડું છું, તને પગે પડું છું. પાછો આવી જાને.’
‘પ્લીઝ, રાધિકા. ફરી પાછું બધું શરૂ નહીં કર. મેં તને મારો નિર્ણય જણાવી દીધો છે.’
‘મારો શું વાંક છે કહીશ મને? તું કહીશ એ રીતે હું બદલાઈ જઈશ, બસ?’
‘જરૂર નથી.’
‘હું કામ ન કરું એવું તને જોઈએ છે? હું જૉબ છોડી દઉં? તું જસ્ટ કહે મને.’
‘તારે જે કરવું હોય તે કર. તારી લાઇફ છે.’
‘દેબુ, પ્લીઝ!’
‘લિસન, ઑફિસના લોકો આવી ગયા છે. હું જઉં છું એમની સાથે. બાય.’
એ પછી એનો કોઈ જવાબ આવ્યો નહીં. મેં ફ્રિજ ખોલીને વ્હાઇટ વાઇનની બૉટલ બહાર કાઢી અને એક મોટો ગ્લાસ ભર્યો. પછી બીજો. પછી હજુ એક.
નશામાં ને નશામાં મેં એને મેસેજ મોકલ્યો.
‘આય લવ યુ, દેબુ.’
એનો કોઈ જવાબ આવ્યો નહીં.
‘તું કહે એ કરવા તૈયાર છું. મારા માટે તારા સિવાય બીજું કંઈ જ અગત્યનું નથી.’ મેં બીજો મેસેજ મૂક્યો.
‘લવ યુ, દેબુ. આખી દુનિયામાં મારા માટે એક તું જ છે.’ હું મેસેજ પર મેસેજ મોકલતી રહી. મારી અંદરનો વાઇન મને રોકવાને બદલે વધુ ને વધુ ડેસ્પરેટ બનાવી રહ્યો હતો. અને હવે તો હું ડેસ્પરેટમાંથી સાવ ભિખારણ બની ગઈ હતી. દયાની ભીખ માગી માગીને હું થાકી ગઈ ત્યાં જ મેં વૉટ્સઍપ પર ‘ટાઇપિંગ...’નું નોટિફિકેશન જોયું. એ જવાબ લખી રહ્યો હતો. એનો જવાબ વાંચવા હું ઊછળી રહી હતી.
‘હવે મારે તને કયા શબ્દોમાં કહેવાનું કે તું મારો પીછો છોડ.’ એણે લખ્યું હતું.
મેં ચોથો ગ્લાસ ભર્યો. મારે નશામાં હોશકોશ ગુમાવી દેવા હતા જેથી એને ડિસ્ટર્બ કરતી બંધ થઈ જઉં.



16

દેબુને ગયે એક મહિનો થઈ ગયો. અમારું લક્સવિઝનવાળું ડીલ ફાઇનલ થઈ ગયું. ચાઇનાની ફૅક્ટરી સાઇટમાં રિયલ ઍસ્ટેટનું મોટું પોટેન્શ્યલ હતું. પ્રૉપર લોકલ કૉન્ટેક્ટ્સને સાથે રાખ્યા હોય તો બે જ વર્ષમાં સારો પ્રૉફિટ હતો. ખૂબ જ મગજમારીવાળું ડીલ અમે પાર પાડ્યું હતું. જોનાથન સેલિબ્રેટ કરવા માગતો હતો.

"ચાલો, હું તમને લોકોને પીવા લઈ જઉં! હૅરિઝમાં. સાત વાગે." એણે બપોરે મને અને ક્રેગને કહ્યું.

ક્રેગે એની ક્યુબિકલમાંથી થમ્સઅપ કર્યું.

"રાધિકા, તું આવે છે ને?" જોનાથને પૂછ્યું. મેં ખાલીખમ નજરે એની તરફ જોયું. છેલ્લા એક મહિનાથી હું અહીં યંત્રવત્ કામ કરતી હતી. સવારના ગોલ્ડમનની ઑફિસે આવવાનું, મારી સીટ પર જઈને બેસવાનું, કૉમ્પ્યૂટર પર કામ પતાવવાનું અને સાંજે મોડેથી, આઠ પછી ઘરે જવાનું. હું ઘરે બને એટલું મોડું અને બને એટલી થાકીને લોથ થઈ ગયા પછી પહોંચવા માગતી. મારી પાસે જો થોડોઘણો પણ ટાઇમ બચતો કે એનર્જી બચતી તો હું દેબુને મેસેજ કરતી કે ફોન કરતી. છેલ્લા થોડા વખતથી એણે મારો ફોન ઉપાડવાનું કે ઇવન મેસેજનો જવાબ આપવાનું પણ બંધ કરી દીધું હતું. પણ મેં એને ફોન કરવાનું અને મેસેજ નાખવાનું બંધ નહોતું કર્યું.

હું ભાગ્યે જ કોઈની સાથે હળતીભળતી. સવારે બ્રેકફાસ્ટમાં ટેટ્રાપેકમાંથી દૂધ કાઢીને એમાં કૉર્નફ્લેક્સ કે બીજું કોઈ સિરિયલ નાખીને ખાઈ લેતી. રાત્રે ડિનરમાં પણ એ જ. બપોરે લંચ સ્કિપ કરતી. મૉમ સાથે પણ બહુ ઓછી વાત થતી. વાત થાય ત્યારે પણ કેમ છો–કેમ નહીં, જમવામાં શું બનાવ્યું, ત્યાં ઠંડી કેવી છે એટલું જ.

રાત્રે બેત્રણ કલાક કરતાં વધારે ઊંઘ નહોતી આવતી. બાકીનો વખત કાં તો બેડરૂમની સીલિંગને તાક્યા કરતી નહીં તો પછી ટીવી ચાલુ કરીને ફિટનેસનાં સાધનો વેચતી લાંબી લાંબી જાહેરાતો જોયા કરતી. આજે જ ઑર્ડર કરો. હમણાં ને હમણાં મગાવશો તો આટલું ડિસ્કાઉન્ટ. ઉપરથી આ ફ્રી ને પેલું પણ ફ્રી. જલદી કરો. અમારો નંબર ડાયલ કરો. મશીનની જેમ હું જોયા કરતી, સાંભળ્યા કરતી પણ મને કશું યાદ રહેતું નહીં.

એટલે જ જોનાથને મને સાદોસીધો સવાલ પૂછ્યો તો પણ મારા મગજમાં કંઈ જ રજિસ્ટર થયું નહીં કે એ શું પૂછી રહ્યો હતો.

"આજે રાતનો તારો કોઈ પ્રોગ્રામ નથી ને?" જોનાથન પૂછી રહ્યો હતો.

મેં માથું ધુણાવ્યું. કોઈ પ્રોગ્રામ નહોતો મારો. શું ખાક પ્રોગ્રામ હોવાનો? "તો પછી હૅરિઝમાં મળીએ. લક્સવિઝન ડીલના માનમાં ડ્રિન્ક્સ!"

"શ્યૉર," હું માંડ બોલી શકી.

હાર્ટબ્રેક, આલ્કોહોલ અને હું – એકદમ એક્સ્પ્લોઝિવ કૉમ્બિનૅશન હતું. બધાં લોકો ચાઇના ડીલની ઉજવણીમાં શૅમ્પેન અને માર્ટિની પી રહ્યાં હતાં. હું મારો વાઇનનો ગ્લાસ લઈને મંડી પડી હતી. પણ મારા ગમમાં, મારા દર્દમાં જરાય કમી નહોતી થતી. હું માની શકતી નહોતી કે એને હું આટલો બધો પ્યાર કરતી હતી. એને ધિક્કારવાનાં કારણો હું શોધ્યા કરતી. એ કેવી રીતે ઘણી વખત આખો દિવસ પડ્યા પડ્યા ટીવી જોયા કરતો. શનિ-રવિ હોય તો સાંજ સુધી નહાતો પણ નહીં. બહાર ખાવા જઈએ તો સારી રેસ્ટોરાંમાં પણ મેનુમાંથી શોધી શોધીને

સસ્તામાં સસ્તી ડિશ મગાવતો. એ તારે લાયક જ નથી, રાધિકા. હું મારી જાતને કહેવા માગતી. પણ હું જેટલું આ બધું યાદ કરતી એટલો એ મને વધારે વહાલો લાગવા માંડતો. વાઇનનો બીજો ગ્લાસ ભરીને હું બારના એક ખૂણે સરકી ગઈ. દૂરથી જોતી રહી કે મારા કલીગ્સ હસીહસીને ગપ્પાં મારી રહ્યા હતા. કેટલા ખુશ હતા એ લોકો.

બારમાં સૅડ રોમૅન્ટિક ગીતો વાગતાં હતાં. દેબુને ભૂલી જવાના પ્રયત્નોમાં એ મને વધારે ને વધારે યાદ આવવા લાગતો હતો. મારે હજુય મારી જિંદગીની એકેએક રાત એના પડખામાં સૂઈને ગાળવી હતી. ભાડમાં જાય મારી સ્ટુપિડ જેવી જૉબ અને માઈ જાય ચાઇનાની ડીલ. દેબુ સિવાય મારે બીજું કશું જ નહોતું જોઈતું.

“વૉટ્સ અપ, રાધિકા.” જોનાથન મારી પાસે આવ્યો. “એકલી એકલી શું કરે છે? આવ, બધાની સાથે બેસ.”

“બસ, આવું જ છું. આ એક સૉન્ગ પૂરું થાય એટલે.”

જોનાથને એનો ગ્લાસ ઉપર કર્યો. મેં પણ કર્યો અને એની સાથે ટકરાવ્યો. આ નોકરી ગઈ જહન્નમની ખાડીમાં. નથી જોઈતી મને. દેબુની પણ એ જ ઇચ્છા છે.

“ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાં મઝા આવે છે ને?” જોનાથન પૂછી રહ્યો હતો.

મેં બેફિકરાઈથી ખભા ઉલાળીને મોઢું બગાડ્યું.

“શું વાત કરે છે? ખરેખર?” જોનાથને પૂછ્યું.

“નથી મઝા.” હું બોલી.

જોનાથન મારો કલીગ હતો, મારો બૉસ હતો. મારાથી એની સાથે આ રીતે વાત ના કરાય. એકાએક હું રડી પડી. ફક, આજકાલ હું કેમ આટલું બધું રડ્યા કરું છું? મેં આંસુ ખાળવાની બહુ કોશિશ કરી પણ ધોધમાર ચાલુ જ રહ્યાં. મારા ઑફિસવાળાઓની હાજરીમાં મારે તમાશો નહોતા બની જવું, પણ હું લાચાર હતી.

“કંઈ કરી શકીએ અમે, તારા માટે?” જોનાથને થોડા આશ્ચર્યથી અને થોડી ચિંતાથી મને પૂછ્યું.

મેં ના પાડી. હું એની સાથે આંખ મિલાવી શકતી નહોતી. જમીન પર જ જોયા કરતી હતી.

અમેરિકનોની આ એક વાત ઘણી સારી કે કોઈની પ્રાઇવેટ લાઇફમાં ઝાઝું માથું ના મારે. જોનાથન પામી ગયો કે કંઈક તો ગરબડ હતી. મને એકલી મૂકીને જતાં પહેલાં કહેતો ગયો,

“ભલે, તું તારી રીતે એકલી રહે. ઠીક લાગે ત્યારે અમને જૉઇન કરજે. ઓકે?”

મેં હા પાડી. ‘થૅન્ક્સ,’ હું બબડી.

મેં આ જૉબ છોડવાનું નક્કી કરી નાખ્યું. જિંદગીમાં કોઈ ડીલ, કોઈ કંપની, કોઈ જૉબનું મહત્ત્વ નહોતું રહ્યું. દેબુ સાથે હતો ત્યારે આ બધામાં મઝા આવતી. મારી જરૂરિયાત હતી પ્રેમ અને કમનસીબે ગોલ્ડમન સાક્સવાળા બોનસની સાથે પડીકામાં પ્રેમ વીંટાળીને નથી આપતા. મેં વિચાર્યું કે અત્યારે ને અત્યારે જ જોનાથનને કહી દઉં કે પછી કહું. હમણાં એ ક્રેગની સાથે ખૂબ આનંદથી વાતો કરી રહ્યો છે. મારે અત્યારે કોઈનો મૂડ ખરાબ કરવાની જરૂર નથી.

મેં ત્રીજો ગ્લાસ ખતમ કર્યો, પછી ચોથો, પછી પાંચમો. જૉબ છોડી દેવાનો મારો નિર્ણય જણાવવા મેં દેબુને ફોન કર્યો. એણે ના ઉપાડ્યો. મેં વિચાર્યું કે એને રૂબરૂ મળીને જ આ સમાચાર આપું. જોનાથનને ઇશારો કરીને મેં કહી દીધું કે હું નીકળું છું. એ સમજી ગયો.

હૅરિઝમાંથી બહાર નીકળીને વૉલ સ્ટ્રીટના એક ફૂલવાળા પાસેથી ડઝન ડાર્ક રેડ રોઝીસનો બુકે લીધો. સાડા સાત વાગ્યા હતા. યલો કૅબ પકડીને હું ફિફ્થ એવન્યુ પરના ટિફનીઝના શોરૂમ પર પહોંચી. બંધ થવાની તૈયારીમાં જ હતો.

"બૉયફ્રેન્ડ માટે વીંટી ખરીદવી છે." મેં કહ્યું.

સેલ્સપર્સને ઘણી બધી ગોલ્ડ અને પ્લેટિનમ રિંગ કાઢીને મારી સામે મૂકી દીધી. એમાંથી મેં ક્લાસિક ડિઝાઇનર મૅન્સ પ્લેટિનમ બૅન્ડ પસંદ કરીને બાજુએ મૂકતાં પૂછ્યું, "કેટલા?"

"બે હજાર ડૉલર."

મેં ક્રેડિટ કાર્ડથી બિલ ચૂકવીને ગિફ્ટ પેક કરાવી લીધી. હું ઝડપથી સ્ટોરની બહાર નીકળી. બીજી કૅબ પકડીને 40 મિનિટમાં બ્રુકલિન દેબુના અપાર્ટમેન્ટ પર આવી ગઈ. એ ફરી પાછો અહીં જ આવીને રહેવા લાગ્યો હતો. એ જ રૂમમૅટ્સ સાથે. એના બિલ્ડિંગની લિફ્ટ બગડી ગઈ હતી. હું પાંચ માળ ચડીને ઉપર ગઈ. બેલ મારવા ગઈ પણ પછી વિચાર આવ્યો કે એને સરપ્રાઇઝ આપું. હું એના માટે મારા રાજીનામાના ન્યૂઝ લાવી હતી, રોઝીસનો બુકે લાવી હતી અને રિંગ લાવી હતી. મને એની જરૂર હતી. એને હું જેવી જોઈતી હતી એવી બનવા તૈયાર હતી. મેં ઘરની બહારના કૂંડાને હટાવ્યું. એની નીચે ચાવીનો ઝૂડો હતો.

દરવાજો ખોલીને હું અંદર આવી. લિવિંગ રૂમમાં અંધારું હતું. મેં લાઇટ ચાલુ કરી. ઘડીભર મને લાગ્યું કે ઘરમાં કોઈ નથી. બે બેડરૂમનાં બારણાં અધખુલ્લાં હતાં. એ દેબુના રૂમમૅટસના રૂમ હતા.

હું ત્રીજા બેડરૂમ તરફ આગળ વધી. અંદરથી મ્યુઝિકનો ધીમો અવાજ સંભળાતો હતો. હં. દેબુ અંદર જ લાગે છે. મેં બેવાર નૉક કર્યું પણ કદાચ એણે સાંભળ્યું નહીં હોય, કે પછી મ્યુઝિક સાંભળતાં સાંભળતાં ઊંઘી ગયો હશે? મેં ચાવીના ઝૂમખામાંથી જમણા હાથે એક પછી એક ચાવી ટ્રાય કરી. ડાબા હાથમાં બુકે અને રિંગનું બૉક્સ હતાં. છેવટે એક ચાવી લાગી ગઈ. મેં ધીમેકથી દરવાજો ઉઘાડ્યો. મારે ચૂપકેથી એના પલંગમાં જઈને એના પડખામાં ભરાઈ જવું હતું. બેડની બાજુનો નાનકડો લૅમ્પ ચાલુ હતો. એના આછા પ્રકાશમાં મેં જે જોયું તેને મારા દિમાગ સુધી મહામહેનતે પહોંચાડી શકી. એક સેકન્ડ રહીને મને ખ્યાલ આવ્યો કે દેબુ અને કોઈ ગોરી છોકરી એકબીજામાં વીંટળાઈને ઓતપ્રોત હતાં. મારો શ્વાસ થંભી ગયો. મારે તે વખતે દરવાજો પાછો બંધ કરીને ત્યાંથી દોડી જવું હતું. એને બદલે હું ત્યાંની ત્યાં જ ખોડાઈ ગઈ.

"વૉટ ધ ફક..." મને જોતાં જ દેબુના મોઢામાંથી ગંદી ગાળ સરી પડી.

"હં... હં... આયમ... સૉરી."

"ઓહ ફક," પેલી ગોરી પણ મને જોઈને બોલી ઊઠી. એની ડાબી છાતીની ઉપર પંખીનું મોટું ટેટુ ચીતરેલું હતું. એના ઉપલા હોઠ પીઅર્સ કરીને એમાં નાની રિંગ ભેરવેલી હતી. મને ખબર નથી કે હું શું કામ ત્યાં ઊભી રહી, શું કામ મેં આ બધું જોયું અને હું શું કામ ત્યાંથી ભાગી ન ગઈ.

"રાધિકા?" દેબુ બરાડ્યો.

હું એકદમની ધ્રૂજી ગઈ.

"તું ઓળખે છે આને?" પેલી બોલી.

"હં?" દેબુ એકદમ સ્તબ્ધ હતો. એને ખબર નહોતી પડતી કે પેલીને શું કહેવું. "ઓળખતો હતો," એ બોલ્યો. પછી મને પૂછ્યું, "તું અહીં શું કરવા આવી?"

"આમ જ..." હું હેબતાઈ ગઈ હતી. હું છોભીલી પડી ગઈ. ગુસ્સામાં મારો ચહેરો તમતમી ગયો. હું શું કામ અહીં આવી હતી? બુકે અને ટિફનીની રિંગનું ગિફ્ટ બૉક્સ લઈને હું અહીં જખ મરાવી રહી હતી?

બીજી જ ક્ષણે મારી શરમ અને મારો ગુસ્સો બેઉ જતાં રહ્યાં અને હું પણ બેડરૂમના ખુલ્લા દરવાજામાંથી દોડીને ઘરની બહાર નીકળી ગઈ. મને ખબર નથી કે એ મારી પાછળ

દોડ્યો કે નહીં. કદાચ નહીં, મેં કંઈ ચેક કરવા પાછળ નજર નહોતી કરી. હું દોડી, ખૂબ દોડી, દોડતી જ રહી. દાદરા ઊતરીને ખાલી રસ્તા પર દોડી. મારે અદૃશ્ય થઈ જવું હતું, હવામાં ઓગળી જવું હતું. મારે આ પૃથ્વી પરથી મટી જવું હતું. અડધે રસ્તે પહોંચ્યા પછી મેં વિચાર્યું કે હવે ટૅક્સી મળી જાય તો સારું. ના મળી.

"ડોન્ટ ક્રાય, રડ નહીં, રાધિકા," મેં મારી જાતને આશ્વાસન આપવાની કોશિશ કરી. ઘરે પહોંચતાં સુધી મારે સ્વસ્થતા જાળવી રાખવાની હતી. મારે અકબંધ રહેવાનું હતું, પછી ભલે વેરવિખેર થઈ જઉં. કમ સે કમ ટૅક્સી મળી જાય ત્યાં સુધી તો મારે હિંમત જાળવી રાખવાની હતી. મારા હાથ ધ્રૂજતા હતા, પગ સીધા પડતા નહોતા.

'રાધિકા, નહીં!' મેં મોટેથી બોલીને મારી જાતને કહ્યું. મારા પગમાંની બધી શક્તિ નીચોવાઈ ગઈ હતી. હું રસ્તા વચ્ચે ઘૂંટણિયે બેસીને રડવા લાગી. હું રડતી નહોતી, ભેંકડો તાણતી હતી. મને ધ્રુસકે ધ્રુસકે રડતાં સાંભળીને આજુબાજુમાં ગ્રાઉન્ડ ફ્લૉર પર રહેતા લોકોએ એમની બારીની બહાર ડોકિયાં કરીને જોયું. મને કોઈની પરવા નહોતી. મેં શું ખોટું કર્યું હતું? મેં ઉપર જોયું, આકાશ તરફ. આયમ સૉરી, ભગવાન. પણ મને કહો તો ખરા કે મેં કંઈ ખોટું કર્યું હતું?

ટેટુ ચીતરેલી ગોરી છોકરી સાથેના દેબુનું દૃશ્ય મારી આંખ સામેથી ખસતું નહોતું.

ત્યાં જ એક પોલીસકાર આવી. ઉપર એન.વાય.પી.ડી.ની સાઇન હતી. ન્યૂ યૉર્ક પોલીસ ડિપાર્ટમેન્ટની ગાડી મારી નજીક આવીને ઊભી રહી ગઈ.

"કંઈ થયું છે તમને? મે આય હેલ્પ યુ, લેડી?" કારમાંથી ઊતરેલા એક યુનિફૉર્મધારી પોલીસે મને પૂછ્યું.

મેં એની સામે જોઈને માથું ધુણાવ્યું. હા.

"તમે અહીં રહો છો?"

"ના. ટ્રાયબેકા."

"તમારે ઘરે જવું છે?"

મેં હા પાડી.

"આવો, અમે તમને સબવે સ્ટેશન સુધી છોડી દઈએ."

હું જિંદગીમાં પહેલવહેલીવાર પોલીસ કારમાં બેઠી. પાંચ મિનિટ પછી એ લોકોએ મને ક્લાર્ક સ્ટ્રીટના સબવે સ્ટૉપ પર મૂકી. મેં મારું મેટ્રોકાર્ડ સ્વાઇપ કરીને ચેમ્બર્સ સ્ટ્રીટ જવા માટેની નંબર ટુ ટ્રેન પકડી. હરતીફરતી લાશની જેમ હું ઘેર પહોંચી. ઘરે આવીને સોફા પર ફસડાઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે પેલો બુકે અને પેલું ખોખું હજુય મારા હાથમાં જ છે. મેં એનો છુટ્ટો ઘા કર્યો અને મારા ઘરે ફોન કર્યો.

"આય મિસ યુ, મૉમ."

મારા મધરને ખબર પડી ગઈ કે હું અત્યારે દુઃખી છું, થાકી ગઈ છું, ભાંગી ગઈ છું.

"શું થયું, બેટા?"

"કંઈ નહીં."

"બોલ તો ખરી શું થયું?"

"કંઈ નહીં. બસ, તમારા લોકોની બહુ યાદ આવે છે."

"અમે પણ તને બહુ યાદ કરીએ છીએ."

"આય લવ યુ, મૉમ!"

"લવ યુ ટૂ, બેટા. બહુ મોડી રાત થઈ ગઈ છે. સૂઈ જા."

"ગુડનાઇટ, મૉમ."

મેં સોફા પર લંબાવ્યું.

થાકીને ચૂર થઈ ગઈ હતી. ઇમોશનલી નીચોવાઈ ગઈ હતી. હૅરિઝમાં પાંચ ગ્લાસ વાઇન પી ચૂકી હતી અને હવે હોશ ખોઈ ચૂકી હતી.

* * *

"હે, રાધિકા! આવ, આવ!" જોનની કૅબિનના દરવાજા પર મેં નૉક કર્યું અને તરત એણે મને આવકાર આપ્યો.

હું અંદર આવીને એની સામે ગોઠવાઈ.

"જોનાથને મને વાત કરી," જોન બોલ્યો.

"હા, મને ખબર છે."

"પર્સનલ રિઝન્સ?" જોને પૂછ્યું.

મેં હા પાડી. મેં મારું રાજીનામું મોકલી આપ્યું હતું.

મેં નવેસરથી મારી જિંદગી ગોઠવવાની ભરપૂર કોશિશ કરી, પણ ન્યૂ યૉર્ક મને ખાવા ધાતું હતું. મેનહટનની એક એક ગલીનો દરેક કૉર્નર, અહીંની એક એક ઇંચ જગા મને એની યાદ અપાવતી હતી. હું એવી તો તૂટી ગઈ હતી કે કોઈ ઍડ્વર્ટાઇઝમૅન્ટનું હૉર્ડિંગ જોઉં ને મને એની યાદ આવતી અને મારા દિલમાં ઊભી તિરાડ પડી જતી. કોઈ પણ રેસ્ટોરાંનું મેનુ વાંચતાં મને એની સાથે લીધેલાં ડિનર યાદ આવતાં. મારા ઘરમાં કિચન, સોફા, બેડ દરેકેદરેક જગ્યાએ જાણે કોઈ ચીસ પાડી પાડીને કહ્યા કરતું હતું – દેબુ નથી, દેબુ નથી, દેબુ નથી હવે. મારી પાસે ફ્યુચરનું કોઈ પ્લાનિંગ નહોતું. મને માત્ર એટલી જ ખબર હતી કે જે સિટીમાં મેં મારા એક માત્ર પ્રેમીને દિલ નીચોવીને ચાહ્યો હતો અને ખોઈ નાખ્યો હતો એ શહેરમાં હવે મારે એક પળ પણ રોકાવું નથી. મેં જોનની ઑફિસની બારીની બહાર નજર કરી. હડસન રિવર દેખાતી હતી, બ્રુકલિનની સ્કાયલાઇન દેખાતી હતી. બ્રુકલિન યાદ આવતાં જ મારી આંખ ભરાઈ આવી.

હું આંસુ ગળી ગઈ. મને ઑફિસમાં રડી પડતી છોકરીઓ નથી ગમતી. અને એમાંય ગોલ્ડમન સાક્સના પાર્ટનરની સામે તો રડાય જ કેમ. બિલકુલ રડવાનું નથી તારે, મેં મારી જાતને ઠપકો આપ્યો : તું રડકુ નથી, રાધિકા.

"હું પાણી પી લઉં?" હું બોલી.

"શ્યૉર," જોને કહ્યું.

મેં પાણીનો ગ્લાસ ભરીને ધીમેથી ઘૂંટડો ભર્યો પણ મારી આંખમાંથી આંસુ ગાલ પર સરી પડ્યાં. મેં ગ્લાસ સહેજ ઊંચો કરીને મોઢે માંડ્યો જેથી મારો ચહેરો ઢંકાઈ જાય. પણ એનાથીય કંઈ વળ્યું નહીં. હું ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને મારું શરીર ધ્રૂજવા માંડ્યું. થોડું પાણી છલકાઈને એના ટેબલ પર ઢોળાયું.

"આયમ સૉરી," હું બોલી.

"ઇટ્સ ઓકે," કહીને જોને ટિશ્યુઝનું બૉક્સ મારા તરફ ધકેલ્યું. આ જો કોઈ ઇન્ડિયન ઑફિસ હોત તો અત્યાર સુધીમાં બૉસે પાંચ વખત પૂછી નાખ્યું હોત કે શું થયું, કેવી રીતે થયું, ક્યારે થયું, કોની સાથે થયું અને શું કામ થયું. પણ અહીં અમેરિકામાં કોઈ એવી લપ્પનછપ્પનમાં પડતું નથી. તમારી પર્સનલ લાઇફમાં ડોકિયાં કરવાનાં અહીં કોઈને હેવા નથી.

"આર યુ ઓકે, નાઉ?" મેં ટિશ્યુઝથી ચહેરો લૂછી લીધો એટલે જોને પૂછ્યું.

મેં માથું હલાવીને હા પાડી.

"સી, હું તને કહેતો નથી કે તારે શું કરવું ને શું ન કરવું. પણ એટલું જરૂર જણાવીશ કે

અમને તારી ઘણી વેલ્યુ છે." જોને કહ્યું.

"યા..." મેં એની સાથે આંખ મેળવીને વાત ના કરવી પડે એટલે સામે પડેલા પાણીના ગ્લાસને તાકતાં કહ્યું.

"એટલે અમારા પક્ષે અમે તને અહીં રોકી રાખવા માટે કંઈ કરી શકતા હોઈએ તો પ્લીઝ કહેવામાં સંકોચ નહીં રાખતી... તારે થોડા વખત માટે બ્રેક લેવો હોય કે આરામ કરવા માટે..."

મેં માથું ધુણાવીને ના પાડી.

"આગળ શું કરવાનો પ્લાન છે?"

"કોઈ આઇડિયા નથી. બસ, ન્યૂ યૉર્ક છોડી દેવું છે. કદાચ ઇન્ડિયા પાછી જતી રહું – મૉમ–ડૅડ પાસે."

"તને વાંધો ન હોય તો મને કહીશ કે આટલું મોટું ડિસિઝન તું શું કામ લઈ રહી છે?" જોને પૂછ્યું.

હું ચૂપ રહી.

"સૉરી, આવું મારે પૂછવું ન જોઈએ. તારે મને કહેવાની પણ જરૂર નથી. મેં એટલા માટે પૂછ્યું કે અમે આ બાબતમાં તને કંઈ હેલ્પફુલ થઈ શકતા હોઈએ તો..."

"મારે ન્યૂ યૉર્કમાં નથી રહેવું."

"ઓકે. તો બીજી કઈ સિટીમાં સેટલ થવું છે એવું વિચાર્યું છે?"

"ના, પણ ન્યૂ યૉર્ક છોડી દેવું છે મારે. અહીં મારો પાસ્ટ મારો પીછો નથી છોડતો."

જોને સહાનુભૂતિ જતાવતાં માથું નમાવ્યું. એની એક્સપેન્સિવ હર્મન મિલર ચેર સહેજ હાલી.

"મારી એક રિલેશનશિપમાંથી હું બહાર આવી રહી છું. મને ખ્યાલ નહોતો કે આ કામ એટલું કપરું હોવાનું. અત્યારે હું બીજું કશું જ વિચારી શકું એમ નથી."

"હંમમમ..."

જોન કદાચ વિચારી રહ્યો હશે કે એની ફેવરિટ અસોસિયેટ એવી તે કેવી ચમ્પુ કે કોઈ હાર્ટબ્રેકને લીધે નોકરી અને સિટી બેઉ છોડી દેવા તૈયાર છે.

"મેનહટનનો એક એક કૉર્નર હવે મને એની યાદ અપાવે છે." મેં કહ્યું.

"તો પછી બ્રુકલિન રહેવા જતી રહે ને..." એણે સ્મિત કરીને બારીની બહાર આંગળી ચીંધી.

એ મને હળવાશથી જે સૂચવી રહ્યો હતો તે વાત મારા માટે સૌથી ક્રૂર હતી એની એને ખબર નહોતી. એણે અજાણતાં જ બ્રુકલિનનું નામ લઈ લીધું. એ મારી સામે જોવા લાગ્યો, જાણે પૂછતો હોય ઃ કેમ, મેં કંઈ ખોટું કહ્યું.

"એ હવે પાછો બ્રુકલિન રહેવા જતો રહ્યો છે." મેં બને એટલી સ્વસ્થતા જાળવીને કહ્યું.

"સૉરી, સૉરી. હું તો જસ્ટ લાઇટલી તને કહેવા ગયો પણ મને ખ્યાલ નહીં કે... આયમ સૉરી." જોને કહ્યું.

"તમને કદાચ એમ લાગતું હશે કે હું પાગલ થઈ ગઈ છું. આવી રીતે કોઈની પાછળ ખુવાર થઈ જવું, એ પણ એવી વ્યક્તિની જે હવે મારી પાસે નથી..."

"હું લોકો વિશે ગમેતેવા અભિપ્રાયો બાંધી લેતો નથી, પણ એક વાત ખરી કે તું પાગલ તો નથી જ નથી."

"થૅન્ક્સ, જોન. એનીવે, મારે તમને તો ખાસ થૅન્ક્યુ કહેવું જોઈએ. અહીં કામ કરવાની મને ખૂબ જ મઝા આવી અને..." હું આગળ બોલું તે પહેલાં જ એણે મને રોકી.

“એક મિનિટ, એક મિનિટ... અમારે તને ના જવા દેવી હોય તો! તને ટ્રાન્સફર આપીએ તો?”

“ટ્રાન્સફર?”

“હા. ગ્રુપની બીજી કોઈ ઑફિસમાં.”

“ક્યાં?”

“જ્યાં જ્યાં આપણી ઑફિસો હોય એમાંથી કોઈપણ જગ્યાએ. તારું લાસ્ટ ડીલ ચાઇનાવાળું હતું, રાઇટ?”

“હા. લક્સવિઝન.”

“એ ડીલ સાઇન ભલે થઈ ગયું પણ એમાંથી આપણે પરવારી ન જઈએ ત્યાં સુધી એના પર દેખરેખ રાખવાની જરૂર પડવાની. તું હૉંગકૉંગ જઈને એ કામ વધારે સારી રીતે કરી શકીશ. ત્યાં જઈને તરત કામે લાગી જવાશે. પ્લસ, ત્યાં બીજી ડિલ્સ પણ એક્સ્પ્લોર થઈ શકશે. એશિયા ઇઝ ગ્રોઇંગ.”

“હૉંગકૉંગ?” હું બોલી.

“ન્યૂ યૉર્કથી દૂરમાં દૂર ભાગી જવું હોય તો એ બેસ્ટ જગ્યા છે.” એણે હસીને કહ્યું.

“યુ મીન ટુ સે કે હૉંગકૉંગના ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપમાં મારી ટ્રાન્સફર કરવી શક્ય છે?”

“મારે બેચાર લોકો સાથે વાત કરી લેવી પડશે.” એણે કહ્યું, “પહેલાં જોઈ લઈએ કે ત્યાં તારા માટે જગ્યા છે કે નહીં?”

મને ખબર હતી કે જોન પોલાઇટ બની રહ્યો છે. એની કક્ષાનો પાર્ટનર હૉંગકૉંગ ઑફિસને ફોન કરે એટલે અડધી સેકન્ડમાં એનું કામ થઈ જાય.

“હૉંગકૉંગ વિશે હું કંઈ જાણતી નથી.”

“બહુ બધા ચાઇનીઝ લોકો ત્યાં છે.” જોને કહ્યું, “હું જ્યારે જ્યારે એ બાજુ ગયો છું ત્યારે મને એ એક્સાઇટિંગ જગ્યા લાગી છે.”

“પણ મેં ઑલરેડી મારું રાજીનામું તમને સબમિટ કરી દીધું છે. મેં તમને ઇમેલ કર્યો હતો.”

“અને મેં ઑલરેડી ડિલીટ કરી નાખ્યો છે.” કહીને જોને માઉસ ફેરવીને એના કૉમ્પ્યૂટર પર ક્લિક કરી નાખ્યું.

અમે બંનેએ સામસામું સ્માઇલ કર્યું.

“થૅન્કયુ, જોન. થૅન્કયુ સો મચ.”

“હું નીલને ફોન કરું છું. ત્યાંની ઑફિસમાં પાર્ટનર છે. તું જાણે છે એને?” જોને પૂછ્યું.

“ખાસ નહીં. અસોસિયેટ ટ્રેનિંગ વખતે એણે એક સેશન લીધી હતી, એ જ ને?”

“હા. સ્માર્ટ માણસ છે. હું એની સાથે વાત કરી લઈશ. તું વહેલામાં વહેલી ક્યારે જઈ શકે?”

“નેક્સ્ટ ફ્લાઇટ કેટલા વાગ્યાની છે?”



17

"જે.એફ.કે. પ્લીઝ," મેં કૅબ ડ્રાઇવરને સૂચના આપી.

સાંજના પાંચ વાગ્યે યલો કૅબમાં હું ઍરપૉર્ટ જઈ રહી હતી. ફાઇનલી, મૂવર્સ ઍન્ડ પૅકર્સવાળાઓ મારો સામાન બાંધીને લઈ ગયા અને હું મારા ભાડાના અપાર્ટમેન્ટની ચાવી પાછી સોંપીને ઍરપૉર્ટ જવા નીકળી ગઈ.

મારા નવા જૉબનું નક્કી થઈ ગયું હતું. નીલ સાથે માત્ર એક જ વાર ઇન્ટરવ્યૂના નામે ફોન પર વાત કરવી પડી હતી. જોનના રેકમેન્ડેશન પછી નીલ માટે મારો ઇન્ટરવ્યૂ માત્ર એક ફૉર્માલિટી જ હતી. નીલે કહ્યું પણ ખરું કે આમ તો આ ફોન તને હૉંગકૉંગમાં વેલકમ કરવા જ કર્યો છે એવું માનજે. હ્યુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટમાંથી મને નવો લેટર મળી ગયો. હૉંગકૉંગમાં ઘરનાં ભાડાં ચીરી નાખે એવા હોય છે. મારી બેઝ સૅલરીમાં એ લોકોએ હાઉસિંગ એલાવન્સ પેટે વરસના સાઠ હજાર ડૉલર ઉમેરી દીધા હતા.

મેં તો જૉબ છોડીને ઝીરો સૅલરી સાથે વેસ્ટ દિલ્હી પાછા જતાં રહેવાનું નક્કી કરી નાખેલું. શક્ય છે કે જલદી પરણી જવાની મારી માની સતત કચકચને હું શરણે પણ થઈ ગઈ હોત. મને જોવા આવનારા મુરતિયાઓ માટે હું ટ્રેમાં ચા-નાસ્તો લઈને શરમાતાં પગલે ડ્રોઇંગ રૂમમાં પ્રવેશતી હોત. એને બદલે મારા હાથમાં ગોલ્ડમન સાક્સ એશિયા-પેસિફિક રિલોકેશન ગ્રૂપનું વેલકમ બ્રોશર હતું. મારી જિંદગીમાં ભલે પ્યારબ્યાર જેવું કંઈ ન હોય પણ મારી જિંદગીની દેખભાળ કરવા માટે અન્કલ ગોલ્ડમન સાક્સ તો છે જ. બ્રોશરમાં લખ્યું હતું કે મારા નવા અપાર્ટમેન્ટનું નક્કી થાય ત્યાં સુધી મારા માટે હૉંગકૉંગની શાન્ગ્રિલા હોટેલમાં રૂમ બુક કરાવવામાં આવી હતી.

ટૅક્સી બ્રુકલિન બ્રિજના મેનહટનવાળા છેડાના ટ્વીડ કોર્ટહાઉસ પાસેથી પસાર થઈ. છેક દૂરથી મને ફાઇનાન્શ્યલ ડિસ્ટ્રિક્ટનાં સ્કાય સ્ક્રેપર્સ દેખાતાં હતાં. મારે વહેલામાં વહેલી તકે ન્યૂ યૉર્ક છોડી દેવું હતું. છતાં અત્યારે મનમાં એક ટીસ ઊઠતી હતી. આ શહેરમાં ઘણું બધું પહેલવહેલીવાર મેં કર્યું હતું. જિંદગીની સૌથી પહેલી નોકરી, સૌથી પહેલો બૉયફ્રેન્ડ, સૌથી પહેલું પોતાનું ઘર અને અફકોર્સ સૌથી પહેલું બ્રેક-અપ.

ટૅક્સી બ્રિજ નજીક આવી અને મેં ડ્રાઇવરને કહ્યું, "એક સેકન્ડ પ્લીઝ, જરા રોકજો..."

ટૅક્સી ધીમી પડી.

"આ બ્રિજ પર મારે ચાલીને જવું છે. તમે બ્રિજના સામેના છેવાડે વેઇટિંગમાં ઊભા રહેશો?"

"ચાલીને આખો બ્રિજ પાર કરતાં અડધો કલાક લાગશે..."

"વાંધો નહીં. મારી પાસે હજુ ઘણો ટાઇમ છે. મને તમારો નંબર આપી દો."

એણે મને એનું વિઝિટિંગ કાર્ડ આપ્યું.

"મારું મીટર ચાલુ રહેશે, હં..."

એણે ચ્યુંઇગમ ચાવતાં ચાવતાં કહ્યું.

"વાંધો નહીં. હું સામે પાર પહોંચીને તમને ફોન કરું છું."

હું ટૅક્સીની બહાર નીકળીને બ્રિજ પર બનાવાયેલી ફૂટપાથ પર આવી ગઈ. બ્રુકલિન બ્રિજ ન્યૂ યૉર્કનો સૌથી જૂનો કેબલ-સસ્પેન્શન પુલ છે. 1883માં બંધાયો. ઇસ્ટ રિવર પરથી પસાર થઈને મેનહટનને બ્રુકલિન સાથે જોડે છે. લગભગ એક માઇલ લાંબો છે. વાહનો પસાર

થવાના રસ્તાની ઉપર ચાલવા માટેની ફૂટપાથ છે. હું ચાલવા લાગી. બ્રિજને નિહાળવા લાગી. મને કલકત્તાનો હાવડા બ્રિજ યાદ આવ્યો. કલકત્તાની સાથે મને દેબાશિષ સેન યાદ આવ્યો. કલકત્તા દેબુનું ગામ હતું. મેં નક્કી કરેલું કે દેબુનું નામ મગજમાંથી ભૂંસી નાખવું છે. આ શહેરમાં એક છેલ્લી વાર મારે પગપાળા ચાલી લેવું છે. શાંત ચિત્તે. સંધ્યાનાં સોનેરી કિરણો જોતાં જોતાં. બસ આ જ દૃશ્ય મારા ચિત્તમાં કાયમ માટે ચોંટી જાય એવું હું ઇચ્છતી હતી. પણ આ દેબુ ક્યાંથી દિમાગમાં ઘૂસી ગયો? હું બ્રુકલિન તરફ જઈ રહી હતી. બ્રુકલિનમાં દેબુ રહેતો હતો. દેબુ ઘરે પાછો આવી ગયો હશે? કે પછી પેલી ટેટુ ચીતરેલી ગોરી છોકરી એની રાહ જોઈને એના બેડરૂમમાં, એની પથારીમાં બેઠી હશે? દેબુના એક રૂમપાર્ટનરે અવિનાશને કહ્યું હતું અને અવિનાશે મને માહિતી આપી હતી કે એ છોકરી એક મેક્સિકન ફાસ્ટ-ફૂડની દુકાનમાં વેઇટ્રેસ હતી. મેં વધારે પૂછપરછ નહોતી કરી. મને થયું કે એ શું પેલીને એટલું ચાહતો હશે કે એણે મારો આટલો સરખો પણ વિચાર ન કર્યો. કે પછી અત્યારે એ મને મિસ કરતો હશે?

હું અડધો બ્રિજ પસાર કરી ચૂકી હતી. ટૂરિસ્ટો અહીંથી દેખાતા ભવ્ય વિશાળ વ્યૂના ફોટા પાડી રહ્યા હતા. મેં પણ ન્યૂ યૉર્કની મારી છેલ્લી મેમરીને તસવીરરૂપે સાચવી લેવા ફોન કાઢ્યો.

પિક્ચર ક્લિક કરીને વૉટ્સઍપ ખોલ્યું. ખબર નહીં કેમ પણ મેં દેબુનું પ્રોફાઇલ પિક્ચર ચેક કર્યું. એનું એ જ હતું. બદલાયું નહોતું. એ ઑનલાઇન હતો. મેં ઊંડો શ્વાસ લઈને ‘હાય’ લખ્યું અને એક સેકન્ડ વિચારીને સેન્ડ કર્યું.

એણે મેસેજ વાંચ્યો પણ જવાબ ના આપ્યો. મને નહોતું જોઈતું કે એને એવું લાગે કે હું ફરી એને હેરાન કરવા માગું છું. એટલે મેં લખ્યું :

“હું ન્યૂ યૉર્ક છોડીને જઈ રહી છું.”

આ દુનિયામાં સૌથી મોટો જો કોઈ ત્રાસ હોય તો તે છે વૉટ્સઍપ પર તમને વંચાય કે ‘ટાઇપિંગ...’ અને પછી તરત જ ‘ટાઇપિંગ...’ વંચાતું બંધ થઈ જાય. મારો ટૅક્સીવાળો ત્યાં રાહ જોઈ રહ્યો હશે, દેબુ. તારે જે કહેવું હોય તે જલદી મોકલ, પ્લીઝ...

‘ગુડ,’ એનો જવાબ આવ્યો. આનાથી વધારે હલકટાઈ કોઈ દેખાડી શકે? ઠીક છે, હું એના અપાર્ટમેન્ટમાં ચોરીછૂપીથી ઘૂસી ગઈ હતી. એના બેડરૂમ સુધી પહોંચી ગઈ હતી. પણ એવું કરવામાં મારો કોઈ બદઇરાદો તો નહોતો જ ને. એને મારા પર ગુસ્સો આવ્યો તો આવ્યો. ભોગ એના. એમાં હું શું કરું. પણ અત્યારે હવે રહી રહીને તો એનામાં અક્કલ આવવી જોઈએ ને કે હું શું કહી રહી છું એને. એ જેની જોડે બબ્બે વરસ સુધી દિવસરાત જીવ્યો છે તે છોકરી હવે આ શહેર છોડીને, આ દેશ છોડીને, એને પોતાને છોડીને દૂર, ખૂબ દૂર જઈ રહી છે એનું એને ભાન છે કે નહીં?

મેં બીજો મેસેજ મૂક્યો : ‘મારો મતલબ છે કે હું અત્યારે જઈ રહી છું. ઍરપૉર્ટ પહોંચી રહી છું.’

એક હલકટ વર્તન ઓછું હોય એમ એણે બીજી નફ્ફટાઈ કરી. મારા મેસેજના જવાબમાં એણે મને થમ્સઅપનું ઇમોજી મોકલ્યું. આ સ્ટુપિડ સાઇનનો મતલબ શું સમજવાનો મારે. તદ્દન માદર... એવો જ માણસ છે આ.

હું પણ ઇડિયટની જેમ મેસેજ પર મેસેજ મોકલવા માંડી. મને એમ કે કંઈ નહીં તેથી એના હૃદયમાં મારા માટે જો કોઈ બચીખૂચી લાગણી સચવાઈ હોય અને પ્રગટ થઈ જાય તો જતાં જતાં મને સારું લાગે. પણ આ અહંકારના પૂતળામાં તો પળભરમાં મને બે બદામની કરી નાખવાની તાકાત હતી. મેં એને લખ્યું કે, ‘હું હૉંગકૉંગ શિફ્ટ થઈ રહી છું’ ત્યારે આટલે બધે

દૂર... કે એવું કંઈક કહેવાને બદલે આ નિર્લજ્જ માણસ મને લખે છે : ‘સરસ. ત્યાં જવામાં વધારે કમાણી થવાની હશે તને.’

મેં એની આ ગંધાતી કમેન્ટને ઇગ્નોર કરીને લખ્યું :

‘હું કાયમ માટે ન્યૂ યૉર્ક છોડી રહી છું.’

મારે એને જતાવવું હતું કે જો સાલા, હું તને એટલું બધું ચાહતી હતી કે તારી સાથે બ્રેકઅપ થયા પછી તને ભુલાવવા માટે શું શું કરવું પડે છે. હું એકલી છું, મારા દિલમાં ધ્રાસકો છે; પ્લીઝ, પ્લીઝ હું એક અજાણ્યા દેશમાં જઈ રહી છું તો જતાં જતાં મને સારું લગાડવા પણ બે સારા શબ્દો લખીશ તું? આટલી તો મહેરબાની કર મારા પર. કેટલા ભાઈબાપા કરું તને?

એક મિનિટ સુધી એનો કોઈ જવાબ આવ્યો નહીં. મેં ટાઇમ ચેક કર્યો. મારે બ્રિજને પેલે પાર પહોંચી જવું જોઈએ, નહીં તો મોડું થઈ જશે. મેં ફરી એક મેસેજ નાખી જોયો. આ વખતે તો એણે જવાબ આપવો જ પડશે.

‘મારે જે જણાવવાનું હતું તે તને જણાવી દીધું. હવે હું તને વધારે હેરાન કરવા માગતી નથી.’ અંદરખાનેથી હું ચિલ્લાઈ રહી હતી : હવે તો કંઈક બોલ. કંઈક સારું લખીને મને સરખી વિદાય તો આપ.

‘થૅન્કયુ ફૉર ધેટ. હવે તું જિંદગીમાં તારે જે કરવું છે તે કરી શકીશ. અને હું પણ મને અને ઘરને સાચવી શકે એવી કોઈ શોધી શકીશ.’

સાવ હરામખોર નીકળ્યો આ માણસ તો. પડતા પર પાટુ મારવામાં પિશાચી આનંદ આવે છે એને. હું ફરી કોઈ મેસેજ મોકલી ના બેસું એટલે મેં ફોન એકદમ ટાઇટ પકડી રાખ્યો. મને કદાચ મારું અપમાન કરાવવાની મઝા પડતી હતી. પણ હવે એની પણ લિમિટ આવી ગઈ હતી.

બસ, હવે નહીં. બિલકુલ નહીં. મેં ઊંડો શ્વાસ ભર્યો અને ક્ષણિક આવેશમાં આવીને મારા ફોનને ઇસ્ટ રિવરમાં ફંગોળી દીધો. મારી આસપાસના ટૂરિસ્ટો મને જોતા જ રહ્યા. હમણાં તો આ છોકરી ફોનથી ફોટા પાડતી હતી અને મેસેજ મોકલતી હતી. એકાએક આને શું થયું કે ફુલ્લી વર્કિંગ કન્ડિશનવાળો આઇફોન પાણીમાં પધરાવી દીધો. બીજી જ મિનિટે મને હું સ્ટુપિડ જેવી લાગી. આમ જુઓ તો એક રીતે સારું જ થયું કે હવે પછીના થોડાક કલાક મારી પાસે ફોન નહીં હોય, ખાસ કરીને ઍરપૉર્ટ પર પણ નહીં હોય. દેબુનું નામ અને એનો નંબર ડિલીટ કરીને પણ મારું કામ ચાલી ગયું હોત. હું એને બ્લૉક પણ કરી શકી હોત. પણ તોય મને મારા કોઈ છાને ખૂણે આશા રહેત કે એનો મેસેજ આવશે, એ મારી સાથે વાત કરશે અને હું વારેઘડીએ ફોન ચેક કર્યા કરતી હોત. એના કરતાં આ સારું થયું. જેનાથી હું વારંવાર હડધૂત થયા કરતી હતી એ ફોન જ આખેઆખો પધરાવી દીધો. જે લોકો પોતાની લાગણીઓને કાબૂમાં ના રાખી શક્તા હોય એમણે આવાં અંતિમ પગલાં જ લેવાનાં હોય. હું બ્રુકલિન તરફ ચાલવા લાગી. લાકડાની પગથી પર ચાલતાં ચાલતાં સડનલી મને વિચાર આવ્યો :

હાય, હાય. ફોન વિના હું ટૅક્સીવાળાને શોધીશ કેવી રીતે?

* * *

ટૅક્સી ડ્રાઇવરનું કાર્ડ મારી પાસે હતું. કોઈ ટૂરિસ્ટનો ફોન વાપરીને મેં એનો કૉન્ટેક્ટ કર્યો. વીસ મિનિટમાં હું જેએફકે પહોંચી ગઈ.

ઍરપૉર્ટના ડ્રાઇવ વે પર પહોંચીને મેં ડ્રાઇવરને કહ્યું ‘ટર્નિમલ સેવન, પ્લીઝ. કૅથે

પેસિફિક.'

મેં ચેકઇન કર્યું અને કૅથે પેસિફિકની લાઉન્જમાં બેસીને બોર્ડિંગ થવાની રાહ જોતી રહી. એક રીતે મને બહુ જ સારું લાગતું હતું કે મેં ફોનથી છુટકારો મેળવ્યો. નહીં તો અત્યારે પણ હું દેબુને મેસેજ મોકલતી હોત અથવા કોને ખબર, ફોન જોડીને વાત કરવાની કોશિશ કરતી હોત. એના તોછડા મેસેજ મને યાદ આવતા રહ્યા. એનામાં એટલુંય લખવાની અક્કલ ના ચાલી કે, 'ઑલ ધ બેસ્ટ, બેબી. આયમ સૉરી કે આપણે આ રીતે છૂટાં પડ્યાં.' એણે ધાર્યું હોત તો એ લખી શક્યો હોત. 'ટચમાં રહીશું. અહીંનું કંઈ કામકાજ હોય તો કહેજે.' હું કંઈ એવી તો હિડિમ્બા જેવી નહોતી. મારાથી છુટકારો પામીને શું ખરેખર એ રિલેક્સ થઈ ગયો હશે?

વિચારો કરતાં કરતાં હું ડાર્ક ગ્રીન ઇન્ટિરિયર ધરાવતા કૅથે પેસેફિકના પ્લેનમાં પ્રવેશી. મારી કંપનીએ મારા માટે બિઝનેસ ક્લાસમાં ટિકિટ બુક કરાવી હતી. આખી દુનિયામાં ખાલી મારી કંપનીને જ મારી પડી હતી.

એક ચાઇનીઝ ઍર હૉસ્ટેસે આવીને મને શૅમ્પેનનો ગ્લાસ ધર્યો. મેં ન લીધો. હું કોઈ સેલિબ્રેશનના મૂડમાં નહોતી. પ્લેન રનવે પર દોડવા લાગ્યું અને મારી આંખો ભરાઈ આવી. પ્લેન ટેક ઑફ થયું. મારી બારીની બહાર દેખાતું ન્યૂ યૉર્ક નાનું ને નાનું થતું ગયું. હું વધારે ને વધારે રડતી રહી.

ફ્લાઇટ ઍટેન્ડન્ટે મારાં આંસુ જોયાં. સીટબેલ્ટ બાંધી રાખવાની સાઇન ઑફ થઈ એટલે એ મારા માટે હૉટ ટૉવેલ અને ટિશ્યૂઝ લઈને આવી.

"થૅન્કયુ," મેં કહ્યું.

"કંઈક ખાવાનું લઈ આવું તમારા માટે મૅ'મ?" એણે પૂછ્યું.

હું સવારની ભૂખી હતી. મેં પેટ ભરીને ખાધું. ડિઝર્ટ પણ ખાધું. મને ઊંઘ આવવા માંડી. અટેન્ડન્ટે આવીને મારી સીટને ઍડજસ્ટ કરીને મને વ્યવસ્થિત પથારી બનાવી આપી. હું ઓશીકા પર માથું નાખીને લાંબી થઈ. એ મને રજાઈ ઓઢાડી ગઈ. ઘસઘસાટ ઊંઘ સિવાય હવે મારે બીજું કશું જ નહોતું જોઈતું, દેબુ પણ નહીં.



18

મારી જમણી આંખના ખૂણે બાઝેલું આંસુનું ટીપું મેં લૂછી નાખ્યું. મારી આંગળીના ટેરવે સહેજ કાજલ લાગી ગયું. ગોવાની મૅરિયટના જિમમાં હું લેગ-રેઇઝ મશીન પર બેસી પડી. દેબુ ઊભો ઊભો પસ્તાતો હોય અને માફી માગતો હોય એવો ચહેરો કરીને મારી તરફ જોઈ રહ્યો હતો.

"હું કંઈ કરતાં કંઈ જ ભૂલી નથી, દેબુ. અને મને કશું જ યાદ કરાવવાની જરૂર નથી."

"આયમ સૉરી, બેબી." કહીને એ મારી કોણીને અડક્યો. મેં એનો હાથ તરછોડી દીધો. હું ઊભી થઈને જવા લાગી.

"મને મોડું થાય છે. અને મને બેબી કહેવાનું તું બંધ કર." મેં પગલાં ઉપાડ્યાં પણ એણે મને રોકી.

"શું કરે છે તું?" મેં કહ્યું.

"પ્લીઝ. થોડી વાર. મારી પૂરી વાત સાંભળ. પ્લીઝ."

"હવે શું ફાયદો? અને ઉપર બધા મારી રાહ જુએ છે."

મારો ફોન વાગ્યો.

"જો, મારી બહેનનો ફોન છે."

"એને કહી દે કે તું દસ મિનિટમાં આવે છે."

"શું કામ કહું?" બોલીને મેં મારા હોઠ પર આંગળી મૂકીને એને ચૂપ રહેવાનું કહ્યું અને ફોન લીધો.

"હા, દીદી. હું વૉશરૂમમાં છું. ના, રૂમમાં નહીં. આવું છું. પાંચ મિનિટમાં... ના, મને લેવા આવવાની કોઈ જરૂર નથી, મારી મેળે આવી જઉં છું."

મેં ફોન પૂરો કર્યો. દેબુ સામે જોયું. એની ભોળી, મોટી, ઇન્ટેલિજન્ટ આંખો મને તાકી રહી હતી.

"બોલ." મેં કહ્યું.

"મારી લાઇફની એ મોટામાં મોટી ભૂલ હતી, રિયલી. બિગેસ્ટ મિસ્ટેક" દેબુ બોલ્યો.

"ઠીક છે હવે." મેં કહ્યું. હું આવું બોલી ભલે પણ મને અંદરથી સારું લાગ્યું કે છેવટે રહી રહીને તો એને અફસોસ થતો હતો.

"મારી લાઇફમાં તારા જેટલી સારી છોકરી મેં બીજી કોઈ નથી જોઈ. સિરિયસલી." દેબુ બોલ્યો.

"કેમ? પેલી ગોરી ઠોકી સાથે નહીં જામ્યું?"

"કોણ?"

"પેલી. હું આવી ત્યારે જેની સાથે તું..."

"ના. અમે ટ્રાય કર્યો પણ ઇન્ટેલેક્ચ્યુઅલી ના જામ્યું એની સાથે."

"ઓહ, અચ્છા! તો તું હવે છોકરીની ઇન્ટેલેક્ટની કદર કરતો થઈ ગયો છે, એમ?"

"હું તો પહેલેથી જ કરું છું, એટલે જ તો તું મને ગમતી હતી."

"અને એટલે જ તેં મને ડમ્પ કરી."

"મેં તને કહ્યું ને કે મેં ભયંકર મોટી ભૂલ કરી. જબરજસ્ત ભૂલ થઈ ગઈ મારાથી."

"તેં મને કહેલું કે મારી જૉબ મને ક્રુઅલ બનાવી દેશે, રીઢી બનાવી દેશે. બીજું શું શું

બોલ્યો હતો તું? તારાં બચ્ચાંઓ માટે તેં કોઈ આદર્શ મધરની કલ્પના કરી હતી. તું ચાહતો હતો કે હું કામ કરવાનું છોડીને તારું ઘર સંભાળતી થઈ જાઉં."

"આયમ સૉરી. હું જરા ઇન્સિક્યોર્ડ થઈ ગયો હતો."

"અચ્છા? હવે રહી રહીને તને એવું લાગે છે! તું જરા નહીં, પૂરેપૂરો ઇન્સિક્યોર્ડ થઈ ગયો હતો."

મેં માર્ક કર્યું કે મારો અવાજ એક્સાઇટમેન્ટમાં લાઉડ થઈ ગયો છે. જિમમાં એક્સરસાઇઝ કરી રહેલા એક ગોરાએ ત્રાંસી નજરે અમારી તરફ જોઈને સાઇલન્ટલી ટકોર કરી.

"તને કોઈ અંદાજ પણ છે કે હું તને કેટલું ચાહતી હતી?" હું બોલી.

એ ચૂપ રહ્યો. એનું માથું ઝૂકી ગયું. મેં એના વાંકડિયા વાળ નોટિસ કર્યા. મેં કહ્યું,

"હું જૉબ છોડી દેવા તૈયાર થઈ ગઈ હતી, જસ્ટ તને ખુશ જોવા. હું રિઝાઇન કરું છું એ કહેવા બ્રુકલિન તારા ઘરે આવી હતી. એ રાત્રે હું તને પ્રપોઝ કરવાની હતી. તને સિમ્પલ ફૅમિલી લાઇફ જોઈતી હતી. હું તૈયાર હતી. તારા માટે રિંગ પણ લાવી હતી."

"ખરેખર?" એણે ઉપર જોઈને કહ્યું. એની આંખો પહોળી થઈ ગઈ હતી.

મેં માથું ધુણાવીને હા પાડી.

"આ બધી વાતોનો હવે કંઈ અર્થ નથી, દેબુ. મારું ફૅમિલી ઉપર છે. હું જઉં છું અને તું પણ ગોવા છોડીને ભાગ ફટાફટ."

હું જવા ગઈ ત્યાં જ એણે મારો હાથ પકડી લીધો અને મેં તરત જ એક ઝાટકા સાથે છોડાવી દીધો.

"કંઈ અક્કલ છે તારામાં? મારાં ઈન-લૉઝ આ જ હોટેલમાં છે."

"મને ખબર છે. મારે ખાલી તને..." અને પછી એણે એવું કર્યું જે મેં ક્યારેય જોયું નહોતું. એ રડવા લાગ્યો. એના રડવાનો અવાજ સાંભળીને જિમ ટ્રેનરે અમારી તરફ જોયું. ટ્રેનરને નવાઈ લાગી હશે કે કોઈ માણસને એક્સરસાઇઝ શરૂ કરતાં પહેલાં જ રડવું કેવી રીતે આવે?

"તમાશો નહીં કર, દેબુ." મેં કહ્યું. એના રડવાની મારા પર કોઈ અસર ન થાય એવા મેં ભરપૂર પ્રયત્નો કર્યા પણ એને આ રીતે રડતો જોઈને મારું હૃદય પણ ભરાઈ આવ્યું. એ ઘૂંટણિયે બેસી ગયો હતો.

"પ્લીઝ, બેબી. પ્લીઝ. તને હાથ જોડું, પગે પડું." કહીને એ બોલ્યો, "તારા માટે છેક ન્યૂ યૉર્કથી હું દોડી આવ્યો છું."

મેં આજુબાજુ જોયું. આ હાલતમાં કોઈ અમને જોઈ જાય તો ભારે થાય. મેં દેબુના ખભા પકડીને એને ઊભો કર્યો, "ઊભો થઈ જા, પ્લીઝ."

જિમમાં રાખેલી નાના ટુવાલોની થપ્પીમાંથી એક ટુવાલ લઈને મેં એને આપ્યો. એ ચહેરો લૂછીને જરા સ્વસ્થ થયો.

"અહીં આવીને એવું જતાવવાનું બંધ કર કે તેં કેટલું સહન કર્યું છે. સહન તો મેં કર્યું છે. બધું જ. કેટલી હડધૂત કરી છે તેં મને. મારો ફોન ઉપાડતો નહોતો. મેસેજનો રિપ્લાય આપે તો પણ કેટલી ઉતારી પાડતો મને."

આ બધું કબૂલ કરતો હોય એમ એણે માથું હલાવ્યા કર્યું. મારો ગુસ્સો બેકાબૂ થઈ રહ્યો હતો.

"તું છે ને તે સાવ, સાવ..." મારે એને ગાળ આપવી હતી પણ મારી જીભ પર અત્યારે એ શબ્દ આવી રહ્યો નહોતો. એ જ બોલ્યો,

"હું સાવ ઍસહોલ હતો."

"બિલકુલ. એ જ. તો હવે તું આ રોનાધોના પતાવ અને જા અહીંથી."

"પ્લીઝ..."

"મને જરાસરખી તારી દયા નથી આવતી. કેટલી ખરાબ રીતે તેં મને ટ્રીટ કરી છે, યાદ કર. મારા છેલ્લા દિવસે પણ તેં એવું હલકટ વર્તન કર્યું મારી સાથે. હજુ યાદ છે મને. તેં મને થમ્સ-અપનું ઇમોજી મોકલ્યું હતું, યાદ છે?"

"પણ દસ જ મિનિટમાં મેં તને – આય વિલ મિસ યુ – લખેલું, તેં જવાબ જ નહીં આપ્યો."

"તેં એવું લખેલું?"

"હા. તેં રિપ્લાય કેમ નહીં આપ્યો?"

"મેં ફોન નદીમાં પધરાવી દીધો હતો."

"શું?"

મેં હા પાડીને મારા બેઉ હાથ હવામાં ઉલાળ્યા.

"ભૂતકાળને ફંફોસવાની કોઈ જરૂર નથી."

"કેમ નહીં? તારા પછી હું ઘણા લોકોની સાથે રહ્યો, બીજી છોકરીઓને ટ્રાય કરી, પણ તારી સાથે રહેવામાં જે મઝા આવતી તે આમાંની કોઈ સાથે ના આવી. તું કમ્પ્લીટ ગર્લ છે. સ્માર્ટ છે, કૅરિંગ છે, હમ્બલ પણ છે. તારી સાથે કોઈ જ કૉમ્પ્લિકેશન્સ વિના જીવી શકાય. આપણા નાનકડા ઘરને તું કેટલું સાચવતી. મને હજુ યાદ છે, મને પ્રમોશન મળ્યું ત્યારે તેં કેવી સરપ્રાઇઝ પાર્ટી આપી હતી. આવું કરવાનું કોઈ બીજીને તો સૂઝે પણ નહીં."

મારું મગજ હવે ગુસ્સાથી ફાટવાની તૈયારીમાં હતું. મારે એક તમાચો ફટકારી દેવો હતો. મારો હાથ સળવળી રહ્યો હતો.

"તારે મને લાફો મારવો છે ને? તો માર ને. રાહ શેની જુએ છે?"

એ બોલવાનું પૂરું કરે એ પહેલાં જ મારો હાથ ઊપડ્યો અને સટાક દઈને સીધો એના ગાલ પર પડ્યો. આજુબાજુના બધા જ લોકો ચોંકી ઊઠ્યા.

"આઉ," એના મોઢામાંથી ઉંહકારો નીકળી ગયો, "તેં ખરેખર મને લપડાક મારી દીધી?"

મેં મારી આંગળીઓ એકબે વખત વાળીને પાછી સીધી કરી. મારો હાથ સમસમી ગયો હતો.

"અત્યારે તને આ બધું કહેવાનું સૂઝે છે? પહેલાં અક્કલ નહોતી તારામાં? મેં તને સરપ્રાઇઝ પાર્ટીઓ આપી ને બદલામાં તેં મને શું આપ્યું? મને પહેલીવાર બોનસ મળ્યું ત્યારે તેં કેવી રીતે બીહેવ કરેલું?"

"તદ્દન ઍસહોલની જેમ."

"ઍક્ઝેટલી. તું એ જ હતો. અને વાતો બધી મોટી મોટી સ્ત્રી સ્વાતંત્ર્યની કરતો હતો. તે વખતે ક્યાં ગયું હતું તારું એ ફેમિનિઝમનું દોઢ ડહાપણ?"

"મારું ફેમિનિઝમ ક્યાંય નહોતું ગયું. મારી મર્દાનગી પાણીમાં બેસી ગઈ હતી. મેં તને કહ્યું, હું ઇન્સિક્યોર ફીલ કરતો હતો. મારા કરતાં મારી ગર્લફ્રેન્ડ ત્રણગણું વધારે કમાય!"

"એમાં શું થઈ ગયું? હું બૅન્કમાં કામ કરું છું. ફાઇનાન્સના ફિલ્ડમાં પગારો વધારે જ હોવાના. તેં તારી પૅશનનું ફિલ્ડ પસંદ કર્યું. ઍડ્વર્ટાઇઝિંગમાં એની રીતના પગારો હોવાના. એમાં સરખામણી શું કામ કરવાની? છેવટે તો આપણા બંનેની સહિયારી આવક હોવાની."

મારો ફોન ફરી વાગ્યો. મારી મા હતી.

"બાય, દેબુ."

"બે મિનિટ, પ્લીઝ."

મેં ફોન કાપી નાખ્યો.

"પાછું શું છે?" હું બોલી.

"મેં તારી કદર ના કરી. હું ખરેખર બહુ શરમિંદો છું. તું કેટલી એમેઝિંગ છે તેની જાણ મને તારા ગયા પછી જ થઈ." એ ગળગળો થઈ ગયો. મને પણ એની યાદમાં હું કેટલું તડપડતી હતી એ દિવસો, એ રાતો યાદ આવી. મારે કહેવું હતું આ બધું એને, પણ હું ચૂપ રહી. ઊંડો શ્વાસ લઈને મેં મારી લાગણીઓ પર કન્ટ્રોલ કરી લીધો. રાતના ડિનર માટે મારે સ્વસ્થ રહેવાનું હતું. ભજન-સંધ્યા પછી કોઈ ઇન્ડિયન બ્રાઇડ રડતી હોય એ કેવું લાગે.

"વેલ, બહુ ખરાબ થયું તારી સાથે. બીજું શું કહું તને? ન્યૂ યૉર્ક પાછો જા અને ઑલ ધ બેસ્ટ." હું બોલી.

"મારી પાસે એક પ્લાન છે." એ બોલ્યો.

"પ્લાન?"

"હા. લગ્ન ભલે ચાલુ રહેતાં, ખાલી વરરાજા બદલાવી નાખીએ!"

"શું બકે છે તું?"

"જો, મને ખબર છે કે તારો આખો પરિવાર અહીં છે. લગ્ન તો તું રોકી શકે એમ છે નહીં, પણ હું તૈયાર છું. મારે અહીં ગોવામાં જ તારી સાથે પરણી જવું છે. કલકત્તાથી હું મારાં પૅરન્ટ્સને બોલાવી લઈશ, બીજાં થોડાં સગાંવહાલાં આવી શકે એમ હોય તો એમને પણ..."

"તારું ખસી ગયું છે? શું બોલ્યો, શું બોલ્યો તું? આપણે પરણી જઈએ? અહીંયા?"

"તારી જાતને પૂછી જો, રાધિકા. હું તારો ફર્સ્ટ લવ છું. હા, મેં ભૂલ કરી નાખી, પણ હવે હું એ ભૂલ સુધારી લેવા માગું છું. આ દુનિયામાં બસ, એક તું અને તું જ મને જોઈએ છે. હું અત્યારે ને અત્યારે જ તારી સાથે લગ્ન કરવા તૈયાર છું. તારાં પૅરન્ટ્સને શૉક લાગશે પણ એમના માટે આશ્વાસન એ હશે કે તું પરણે તો છે જ, વેડિંગ કૅન્સલ તો નથી થતાં. રહી વાત છોકરાવાળાઓની તો એ લોકોને સમજાવી લેવાની જવાબદારી મારી."

"તું તો જાણે એમ કહે છે કે તેં બધું પ્લાનિંગ વિચારી રાખ્યું હોય."

"ફ્લાઇટમાં આખે રસ્તે આ જ ધંધો કર્યો છે. કોઈ પણ ભોગે હું તને જતી કરવા દેવા તૈયાર નથી."

"અને તેં માની લીધું કે હું આ રીતે તારી સાથે પરણવા તૈયાર થઈ જઈશ?"

"હું તને ઓળખું છું. તને હજુય ઊંડે ઊંડે મારા માટે એ જ પ્રેમ છે. હું તને ખૂબ સુખી કરીશ, રાધિકા. તારે જે કરવું હોય તે તું કરજે, પણ મારી સાથે રહીને કર."

હું ફરી પાછી લેગ પ્રેસ મશીન પર બેસી ગઈ. મેં મારો ચહેરો બે હાથ વડે ઢાંકી દીધો. આ બધું શું થઈ રહ્યું છે મારી સાથે. કોઈ દુઃસ્વપ્ન છે કે શું? મારો હાથ હટાવું ત્યારે દેબુ મારી નજરોથી દૂર થઈ ગયો હોય તો સારું.

પણ એ ત્યાં જ ઊભો હતો, મારા તરફ જોયા કરતો, વર્ષો અગાઉ અમે પહેલીવાર એકબીજાનાં પ્રેમમાં પડ્યાં ત્યારે જે રીતે જોયા કરતો એમ જ.

"તું ખાલી હા પાડ, બાકીનું બધું હું સંભાળી લઈશ."

"આ કોઈ મજાકની વાત નથી, દેબુ. મારું આખું ફૅમિલી, બ્રિજેશનું ટોટલ ફૅમિલી અહીં છે."

"તું જેની સાથે પરણી રહી છે એનું નામ બ્રિજેશ છે?"

"હા." મેં કહ્યું.

મારા બોલવામાં કંઈ એવો રણકો તો નહોતો ને કે જાણે હું દેબુના આઇડિયા પ્રમાણે ચાલવા તૈયાર થઈ ગઈ હતી. બેઉ ફૅમિલીઝને કેવી રીતે મનાવી લેવાં એનો જ ખાલી સવાલ

હતો, બાકી હું તો દેબુ સાથે ભાગી જવા તૈયાર હતી એવી તો મારી બીહેવિયર નહોતી ને?

"તારા માટે જ તો હું આવ્યો છું. આપણે ફરી એકવાર જેવાં હતાં એવાં થઈ જઈએ. યાદ છે આપણો નાનકડો અપાર્ટમેન્ટ?"

"અફકોર્સ," મેં કહ્યું. મારો અવાજ એકદમ નરમ પડી ગયો હતો.

મારો ફોન ફરી વાગ્યો.

"હવે નહીં જઉં તો આખી હોટેલમાં શોધાશોધ થઈ જશે."

"હું તારી રાહ જોઉં છું. તું મને શાંતિથી વિચારીને કહે કે કેવી રીતે આપણે કરવું છે." દેબુ બોલ્યો.

"મને ખબર નથી. મારું દિમાગ કામ કરતું અટકી ગયું છે. હું જઉં છું."

"હું રસ્તાની પેલે પાર જે રિસોર્ટ છે ત્યાં ઊતર્યો છું. અહીં મૅરિયટમાં જગ્યા નહોતી."

"મને ખબર છે." હું બોલી પછી મનોમન ઉમેર્યું : સારું છે, નહોતી.

* * *

ચોથો દિવસ

"કેમ છે?" બ્રિજેશે મને સ્માઇલ આપ્યું.

અમે વહેલી સવારે બીચ પરની રેતીમાં ટહેલી રહ્યાં હતાં. ગઈ કાલે રાત્રે એણે મને કહેલું કે બધાં ઊઠી જાય એ પહેલાં આપણે મૉર્નિંગ વૉક માટે જઈએ, થોડી વાતો કરીએ.

ચાલતાં ચાલતાં મને બગાસું આવ્યું. મેં ટાઇમ જોયો. સાડા છ વાગ્યા હતા. "હજુય ઊંઘ આવે છે." હું બોલી.

"સૉરી. મારે તને આટલી વહેલી નહોતી બોલાવવી જોઈતી."

"ના, ના. બરાબર જ છે. એક વખત બધાં જાગી જાય પછી ઘણી દોડધામ થઈ જાય." મેં કહ્યું.

અમે બંને ખુલ્લા પગે ચાલતાં હતાં. ભીની રેતીમાં ક્યારેક ભરતીનું મોજું આવીને પગને સ્પર્શી જતું.

"બહુ ઊંઘી લાગતી નથી." એણે પૂછ્યું.

"ચાર કલાક. પણ ચાલે." મેં કહ્યું. ઓછી ઊંઘને લીધે અત્યારે મને શું બોલવું તે સૂઝતું નહોતું. દેબુના મેસેજ આખી રાત આવતા રહ્યા. અમારી ફર્સ્ટ ડેટ યાદ અપાવવાથી માંડીને હું ક્યારે હવે ફાઇનલ નિર્ણય લેવાની છું એવા મેસેજ પર મેસેજ એ છોડતો હતો. એમાં ને એમાં આ ઉજાગરો થયો. બ્રિજેશને ક્યાંથી કહું આ બધું.

"ભજનસંધ્યામાં મઝા આવી. બહુ સારો આઇડિયા હતો." બ્રિજેશ બોલ્યો.

"મારી મધરનો આઇડિયા હતો." મેં કહ્યું.

"અચ્છા? એને કારણે વાતાવરણ કેવું એકદમ પવિત્ર બની ગયું નહીં?" બ્રિજેશે કહ્યું.

હા. એકદમ પવિત્ર. એવું પવિત્ર કે તારી પરણેતર ત્યાંથી સીધી જિમમાં ગઈ. એના જૂના બૉયફ્રેન્ડને મળવા. તને પડતો મૂકીને એની સાથે ભાગી જવાનો પ્લાન બનાવવા.

"આજે મહેંદી ને?" બ્રિજેશે પૂછ્યું.

"યા." મેં કહ્યું, "તારે આજે કંઈ કરવાનું નહીં હોય..."

"કરવાનું છે ને. મારી પીઠી ચોળવાની છે." કહીને એણે મારો હાથ એના હાથમાં લઈ લીધો. મેં ના ન પાડી. કેવી રીતે પાડું? અમે લગ્ન કરી રહ્યાં હતાં. એણે મારો હાથ વધારે મજબૂતીથી પકડ્યો. અને ભલે જરા વિચિત્ર લાગે, મેં પણ એનો હાથ છોડાવી લેવાને બદલે

પકડી લીધો. કદાચ મને સહારાની જરૂર હતી, મારે જે નિર્ણય લેવો જોઈએ તે લેવા માટે.

"તું ખુશ છે?" બ્રિજેશે પૂછ્યું.

મેં એની સામે જોયું. એણે બાળકની જેમ મારી સામે સ્મિત કર્યું. મારો હાથ પકડીને એને ખરેખર રોમાંચ થઈ રહ્યો હતો.

"હા, હું ખૂબ જ ખુશ છું." મેં કહ્યું. બીજાઓને સારું લગાડવા સ્ત્રીઓએ હંમેશાં પોતાની ખરી લાગણીઓ છુપાવવી પડતી હોય છે. અમારા લોકો માટે આ કેટલું સાહજિક હોય છે.

"મેં તને મેલ્નો પાર્ક વિશે કહ્યું હતું ને? મને લાગે છે કે આપણે નવું ઘર ત્યાં કે પછી ગોલ્ડમનની ઑફિસની નજીક લઈશું. એ રીતે કમસે કમ આપણા બેમાંથી એક જણ તો જરૂર પડ્યે જલદીથી ઘરે પહોંચી જાય."

"તારી વાત બરાબર છે." મેં શૂન્યમનસ્ક બનીને કહ્યું.

"પણ જો મારી સ્ટાર્ટ અપવાળી વાત મટીરિયલાઇઝ થઈ તો મારે મેલ્નોમાં રહેવાની જરૂર નથી. તો આપણે તારી ઑફિસ નજીક પડે ત્યાં રહેવા જઈશું. જો એવું કંઈ બન્યું તો-ની વાત છે..."

"આયમ શ્યૉર બનશે જ." મેં કહ્યું.

એણે ભવિષ્યની કલ્પના કરીને ખભા ઉલાળ્યા. સવારના સૂરજનાં કુમળાં સોનેરી કિરણો અમારા ચહેરાને ચમકાવી રહ્યાં હતાં. લગ્ન પહેલાં હું મહાપરાણે ડાયેટ અને રેગ્યુલર એક્સરસાઇઝ કરી રહી હતી. મારા શરીર પર સો ગ્રામ પણ વધારાનું વજન હોવું ન જોઈએ.

"યુ આર બ્યુટીફુલ," બ્રિજેશ બોલ્યો, જાણે મારા મનની વાત પામી ગયો હોય!

ખબર નહીં કેમ પણ હું હસી પડી. આમેય મને કોઈ મારા દેખાવનાં વખાણ કરે એ ગમતું નથી. અને કોઈ કરે ત્યારે એના મોઢા પર જ તમે હસી કાઢો તો વાત ત્યાંની ત્યાં પૂરી થઈ જાય અને બીજે ફંટાઈ જાય.

"મેં કંઈ ખોટું કહ્યું?" બ્રિજેશ છોભીલો પડી ગયો હતો.

"ના, ના," મેં સ્માઇલ કરીને કહ્યું, "થૅન્ક્યુ."

"આવું મેં પહેલાં કોઈ છોકરીને નથી કહ્યું. ક્યારેય નહીં." એ બોલ્યો.

મેં એની સામે જોયું. એ ભલે દુનિયાની સૌથી કૉમ્પ્લિકેટેડ કૉમ્પ્યૂટર સિસ્ટમ્સ પર કામ કરતો હશે પણ અત્યારે એકદમ સાદો-સિમ્પલ સ્કૂલબૉય જેવો ભોળો, નિર્દોષ લાગતો હતો.

"અચ્છા, તો હું ઘણી નસીબદાર છું." હું બોલી.

અમે ચૂપચાપ ચાલતાં રહ્યાં. થોડી વાર પછી મેં મારો ફોન ચેક કર્યો. દેબુનો મેસેજ હતો.

'ગુડ મૉર્નિંગ, બ્યુટીફુલ.'

"કોણ છે?" બ્રિજેશે એકદમ સાહજિકતાથી પૂછ્યું.

"હં? કોઈ નહીં. દીદી ઊઠી ગઈ લાગે છે. પૂછે છે કે હું ક્યાં છું?"

"આટલી જલદી."

"હા, મારે પાછા જવું પડશે."

"મને એમ કે આપણે બ્રેકફાસ્ટ ક્યાંક બહાર કરીશું. બીચ પરની કોઈ શૅકમાં. બે એકલા જ." બ્રિજેશે કહ્યું.

મારો ફોન ફરી બઝ થયો.

'આય લવ યુ,' દેબુનો બીજો મેસેજ આવ્યો.

મેં બ્રિજેશનો હાથ છોડાવ્યો. મારા ભાવિ પતિનો હાથ પકડીને હું મારા એક્સના લવ મેસેજ કેવી રીતે ચેક કરું.

"ચાલો, આપણે પાછાં જઈએ." મેં કહ્યું.

"કંઈ થયું?"

મેં આમ જ હા પાડી. એ પછી બ્રિજેશ કંઈ બોલ્યો નહીં. અમે હોટેલ પાછાં ફર્યાં. હું એનાથી સહેજ દૂર ચાલતી હતી જેથી એ ફરીથી મારો હાથ પકડે નહીં. મેં મારો ફોન ટાઇટ પકડી રાખ્યો અને એમાં પડતા એકપણ મેસેજ જોયા નહીં.

અમે મારી વિન્ગની લિફ્ટ પાસે આવી પહોંચ્યાં. લિફ્ટમાં દાખલ થતાં પહેલાં હું એના તરફ વળી અને બોલી,

"સૉરી, બ્રિજેશ. મને ખબર છે આપણે લગ્ન પહેલાં એકબીજાને સારી રીતે ઓળખતાં થઈ જઈએ એ માટે તું કેટલો આતુર છે. હું પણ એ જ ઇચ્છું છું. પણ જોને, નથી થઈ શકતું. દિમાગમાં કંઈક કંઈક વિચારો એકસાથે ચાલે છે."

એ કંઈ બોલ્યો નહીં. ખાલી સ્માઇલ કર્યું. પછી કહ્યું

"લગ્ન પછી આપણી પાસે ટાઇમ જ ટાઇમ હશે."

"યુ આર વેરી સ્વીટ." મેં કહ્યું.

એના મોઢા પર સ્મિત છવાઈ ગયું પણ એને છુપાવવાના પ્રયત્નોમાં એ શરમાઈ ગયો. આવા માણસની પીઠ પાછળ ખંજર ભોંકીને બીજા કોઈની જોડે ભાગી જવા કરતાં તો હું મરવાનું પસંદ કરું. બ્રિજેશ, બ્રિજેશ, તું કેમ આટલો બધો સારો છે. હિન્દી ફિલ્મોના વિલનીશ દુલ્હાઓની જેમ તને તારી મોજ માટે ભોળાં કબૂતરોનો શિકાર કરવાનો શોખ કેમ નથી?

મેં એને બાય કહ્યું અને એ બોલ્યો, "મહેંદીમાં મળીએ છીએ!"

"એમાં છોકરાઓ માટે નો એન્ટ્રી હોય, મિસ્ટર!" મેં કહ્યું.

એણે ફરી સ્મિત કર્યું. મેં એને બદલામાં બેઉ હોઠ એકદમ પહોળા કરીને તદ્દન કૃત્રિમ સ્માઇલ આપ્યું. થૅન્કફુલી, લિફ્ટનો દરવાજો બંધ થયો. બ્રિજેશ દેખાતો બંધ થતાં જ મેં છુટકારાનો દમ લીધો.

"ભગવાન બચાવે મને," લિફ્ટ ઉપર ચડવા લાગી અને મેં પ્રાર્થના કરી.



19

"તારો ફોન બાજુએ મૂકી દે, રાધિકાદીદી. મહેંદી મૂકવાની છે." મારી અઢાર વરસની કઝીન સ્વીટીએ મને કહ્યું.

ફંક્શન રૂમમાં મહેંદીવાળાના ચાર સ્ટૉલ હતા. સૂરજે એક બંગડી-ચૂડીનો સ્ટૉલ પણ રાખ્યો હતો. મહેંદી મુકાવવા અને બંગડીઓ પસંદ કરવા ઊમટી પડેલી તમામ ઉંમરની સ્ત્રીઓ ગૉસિપ કરવામાં ગળાડૂબ હતી. લહેંગાની ડિઝાઇનમાં લેટેસ્ટ ટ્રેન્ડ શું ચાલે છેથી માંડીને સૌથી લંપટ અંકલ કોણ છે અને બૉલિવુડમાં કોણ કોની સાથે સૂઈ જાય છે ત્યાં સુધીની ગૉસિપથી ફંક્શન રૂમ ધમધમતો હતો. વેઇટરો ગરમ મસાલા ચાની સાથે મિનિ સમોસા અને જલેબી ફેરવી રહ્યા હતા.

મારા માટે પુરનસિંહ નામનો એક અલગ મહેંદીવાળો બુક કરવામાં આવ્યો હતો. બ્રાઇડલ મહેંદીનો એ સ્પેશ્યાલિસ્ટ ગણાતો.

"આટલી સરસ મહેંદી તમે કોઈ દુલ્હનના હાથ પર જોઈ નહીં હોય." પુરનસિંહે ધીમેથી, હળવે હાથે એનું કામ શરૂ કર્યું. બીજા મહેંદીવાળાઓ આના કરતાં ત્રણગણી સ્પીડે મારી કઝીનોને પતાવતા જતા હતા.

"હું એક હાથે તો ફોન વાપરી જ શકું છું, જો." મેં સ્વીટીને કહ્યું.

મારા ડાબા હાથે મહેંદી મુકાતી હતી અને મેં જમણા હાથે ફોન પકડ્યો હતો.

"કોને મેસેજ કરે છે તું? બ્રિજેશભૈયાને?" મારી સેકન્ડ કઝીન જ્યોતિએ પૂછ્યું અને બધાં ખડખડાટ હસી પડ્યાં.

"ફર્સ્ટ નાઇટ વિશે વિચારીને તને કંઈક કંઈક થાય છે? તું શું કરવાની છે એ રાતે?" સ્વીટીએ પૂછ્યું અને ફરી બધી જણીઓના ચહેરા પર શરારતી હાસ્ય છલકાયું.

"મારી બહેન એકદમ ઇનોસન્ટ છે. તમે લોકો એને બગાડો નહીં." અદિતિદીદી બોલી. એને એમ જ હતું કે છોકરાઓ વિશે મને કંઈ ગતાગમ જ નથી. આવી ઇમ્પ્રેશન ઊભી કરવામાં મારો જ વાંક હતો. મેં એને મારી રિલેશનશિપ્સ વિશે ક્યારેક કંઈ કહ્યું જ નહોતું. કહી શકી નહોતી. ન અદિતિદીદી કે ન મારી મૉમ – બેમાંથી એકેય મને સમજી શક્યું ન હોત. એમના માટે રિલેશનશિપનો અર્થ એક જ થાય – બને એટલું જલદી પરણી જવું.

અદિતિદીદીની બેસ્ટ ફ્રેન્ડ સલોનીએ મારી ચિન પકડીને પૂછ્યું,

"તને ખબર છે, ફર્સ્ટ નાઇટે શું થતું હોય છે? કોઈ ઍક્સપીરિયન્સ છે તને એનો?"

વેલ, વર્ષો સુધી રેગ્યુલર સેક્સનો અનુભવ હોય તો એ ગણાય!

મેં ના પાડી. મારે કમ સે કમ એક નવવધૂની જેમ શરમાળ તો દેખાવું જ પડે.

"જો, હું તને સમજાવું." કહીને સલોની મારા કાન પાસે એનું મોઢું લાવીને સાવ ધીમેથી બોલી, "પાગલ બનાવી દેજે એને. એનાં કપડાં ફાડી નાખજે, એને ક્રેઝી કરી નાખજે."

સલોનીના શબ્દો બીજું કોઈ સાંભળે તો એના માટે સાવ ઉઘાડા કહેવાય. મારે સાંભળીને શરમાવાનું હોય. હું જાણી જોઈને લજામણીના છોડની જેમ શરમાઈ જેથી મારી કઝિન્સ અને ફ્રેન્ડ્ઝને આ તમાશો જોવાની મઝા આવે. મેં મારો ચહેરો સલોનીના ખભા પર છુપાવી દીધો. ખબર નથી કેમ હું આવું કરતી હોઈશ. લોકોને મઝા કરાવવા? કે પછી એ લોકોમાં એવી છાપ ઊભી કરવા કે હું 'ઇનોસન્ટ' છું? શું કામ મારે આવા દેખાડા કરવા પડે છે?

છોકરીઓએ માંડ મને એકલી છોડી. એ બધાયના મહેંદી મૂકવાના વારા આવી ગયા

હતા. મેં ફોન ચેક કર્યો.

'બેબી, હું રાહ જોઉં છું.' દેબુએ મને વૉટ્સઍપ મોકલ્યો હતો.

'મને ખબર છે.' મેં જવાબ નાખ્યો.

'બહુ કંઈ અઘરું કામ નથી. એ લોકોને તારે એટલું જ કહેવાનું છે કે તારી લાઇફમાં બીજું કોઈક છે.'

'કોને કહું હું?'

'કોઈને પણ તારી મધરને, સિસ્ટરને.'

'આ સારું કહેવાય, દેબુ? હું રિયલી કન્ફ્યુઝ્ડ છું.'

'આ પ્યાર છે, બેબી. પ્રેમમાં માણસ કન્ફ્યુઝ્ડ જ હોય. પહેલાં હું તારા માટે કન્ફ્યુઝ્ડ હતો, પણ હવે નથી. મારે તને મિસિસ રાધિકા સેન બનાવવી છે.'

મિસિસ રાધિકા સેન નામ સાંભળીને મને એક કંપારી છૂટી ગઈ.

"મૅડમ, આટલું બધું હાલહાલ નહીં કરો." પુરનસિંહે કહ્યું. મારો જમણા હાથ ફુલ સ્પીડમાં ફોન પર ટાઇપિંગ કરી રહ્યો હતો.

'લગ્ન પછી હું અટક બદલીશ કે નહીં, નક્કી નહીં.'

'નહીં બદલતી,' એણે લખ્યું.

મેં કોઈ જવાબ આપ્યો નહીં. થોડી વાર રહીને એણે લખ્યું,

'આને હું તારી હા માનું?'

'મને ખબર નથી, દેબુ. હું અત્યારે મહેંદીમાં છું. ફોન વાપરવાની પણ તકલીફ પડે છે.'

'બેબી, પ્લીઝ, ખાલી એક 'હા' પાડી દે.'

મેં ફોન બાજુએ મૂકી દીધો.

"વીસ વરસથી હું આ કામ કરું છું." પુરનસિંહ બોલતો હતો, "પણ આટલા સુંદર હાથ આજે પહેલીવાર જોયા."

"બધી જ બ્રાઇડને તમે આવું કહેતા હશો નહીં!" મેં કહ્યું.

એણે મારી સામું જોઈને પાનના ડાઘવાળા દાંત દેખાડીને સ્મિત કર્યું પછી કહ્યું, "હા."

મેં માથું હલાવીને સામે સ્મિત કર્યું. મારો ફોન ફરીથી બઝ થયો.

"તમારો ડાબો હાથ ઑલમોસ્ટ પૂરો થઈ ગયો છે. હવે મને જમણો હાથ જોઈશે." પુરનસિંહે કહ્યું.

મેં માથું ધુણાવીને હા પાડી અને મારો ફોન ચેક કર્યો. મેસેજ હતો, પણ દેબુનો નહોતો. કોઈ અજાણ્યા ઇન્ટરનૅશનલ નંબર પરથી હતો. +852થી શરૂ થતો હતો. આ તો હૉંગકૉંગનો કોડ હતો.

'હાય, ઇટ્સ નીલ.' મેસેજમાં લખ્યું હતું.

"મૅડમ, તમારો બીજો હાથ આપશો? અને ડાબો હાથ અત્યારે બહુ હલાવતા નહીં. મહેંદી તાજી જ લાગેલી છે." પુરનસિંહે કહ્યું.

"એક મિનિટ," મેં મહેંદીવાળાને કહ્યું.

'હાય, નીલ,' મેં જવાબ નાખ્યો.

'મેં સાંભળ્યું કે તારાં લગ્ન છે. ગોવામાં.'

'યા...'

'કૂલ. ઑફિસના લોકોએ મને કહ્યું.'

'હા. વૉટ્સ અપ?'

'હું અત્યારે શ્રીલંકા આવ્યો છું. એક ડીલના સિલસિલામાં.'

'ઓકે.'

'તને ફોન કરું?'

"રાધિકા, મહેંદી પર ધ્યાન આપ નહીં તો તારો ફોન ફરીથી લઈ લઈશુ હં..." અદિતિદીદીએ ધમકી આપી.

"બસ, દસ જ સેકન્ડ." મેં અદિતિદીદીને આજીજી કરી.

'અત્યારે બહુ જ અટવાયેલી છું.' મેં મેસેજ લખ્યો. સેન્ડ કર્યો અને મારી બાજુના તકિયા પાસે મૂકી દીધો. પુરનસિંહે મારો જમણો હાથ લઈને મહેંદી મૂકવાનું શરૂ કર્યું. મારા ડાબા હાથે ફુલપત્તીની બારીક ડિઝાઇન બનાવવામાં એણે બે કલાક લગાડ્યા હતા. જમણા હાથ માટે પણ એને એટલો જ ટાઇમ જોઈતો હતો.

મારા ફોનના સ્ક્રીન પર ફરીથી લાઇટ થઈ. બીજો મેસેજ.

'ઇટ્સ અર્જન્ટ,' નીલે લખ્યું હતું.

હું જવાબ આપી શકું તેમ નહોતી. મારા બંને હાથ રોકાયેલા હતા.

એણે ફોન કર્યો. મેં ટચલી આંગળીથી ડિસ્કનેક્ટ કરી નાખ્યો.

એણે બીજો મેસેજ મૂક્યો, 'લિસન, પ્લીઝ, માત્ર બે જ મિનિટ મારી સાથે વાત કર.'

શક્ય જ નહોતું. પણ હું કહું કેવી રીતે એને? એ મને મેસેજ પર મેસેજ મોકલવા લાગ્યો.

"રાધિકાજી, પ્લીઝ હાલતાં નહીં." પુરનસિંહે કહ્યું.

નીલના મેસેજ ચાલુ જ હતા.

'મારે તને ઘણી વાતો કરવાની છે.'

'બને એટલું જલદી મળવું છે તને.'

'કમ સે કમ જવાબ તો આપ.'

કેવી રીતે આપું? હું મારા મનમાં ચીસ પાડીને બોલી ઊઠી. અહીં પુરનસિંહ મારી જમણી હથેળી પર હીના પેસ્ટ વડે કંઈક અટપટું વર્તુળ દોરી રહ્યો હતો. મેસેજ આવ્યા કરતા હતા.

'આ બધી વાતો ચૅટ પર થઈ શકે એમ નથી.'

'ફોન પર પણ શક્ય નથી.'

'કેટલીક વાતો મોઢામોઢ જ કહેવી પડે.'

'એટલે મારે રૂબરૂ જ તને મળવું પડશે.'

'બરાબર?'

'ભલે તો પછી. તું મારા મેસેજ વાંચે છે પણ જવાબ નથી આપતી.'

'તો હું મળું છું તને.'

હું નિઃસહાય બનીને ધૂંધવાતી બેસી રહી.

"ભૈયા, જરા જલદી કરશો?" મેં પુરનસિંહને કહ્યું.

"શાદીની મહેંદી છે. ઉતાવળ કેવી રીતે કરું? ડાબો હાથ જોયો ને તમે? આ હાથે પણ એટલી જ સારી મહેંદી મૂકવાની કે નહીં?"

મેં જોયું કે દર થોડીક સેકંડે ફોનમાં મેસેજ આવ્યાનું ઝબૂક ઝબૂક થતું હતું.

આ માણસ કંઈક ભળતુંસળતું કરી બેસે એ પહેલાં મારે કંઈક કરવું પડશે. ઇનફ ઝમેલો હતો મારી પાસે.

"ચાલો, પૂરું થઈ ગયું." પુરનસિંહે પૂરા બે કલાક લીધા હતા.

"થૅન્કયુ. થૅન્કયુ સો મચ. હવે હું ભાગું?"

"હા, પણ મને તમારા તરફથી કોઈ બક્ષિસ..."

મેં મારી બહેનને ઇશારો કર્યો. એણે એના હાથમાં બે હજાર રૂપિયા પકડાવી દીધા. પૈસા

લઈને એણે બે હાથ જોડીને મારો આભાર માનતું સ્મિત કર્યું.

"ચાર કલાક સુધી હાથ ધોવાના નથી. હનીમૂન પછી પણ ચાલે એટલો ગાઢો કલર આવશે." પુરનસિંહે કહ્યું.

"ચાર કલાક!" હું છળી મરી.

* * *

મારી કઝિન્સને મેં કહ્યું કે મારે બાથરૂમ જવું છે અને હું દોડીને મારા રૂમ તરફ ગઈ. અદિતિદીદી મારી પાછળ પાછળ આવી.

"તારા બંને હાથે તો મહેંદી છે. તું કેવી રીતે બાથરૂમ જઈશ? અહીં આવ." કહીને અદિતિદીદીએ મારી સલવારનું નાડું છોડી નાખ્યું અને પૂછ્યું, "હું આવું તારી સાથે અંદર?"

"રહેવા દે. હું હાથ જ ધોઈ નાખું છું."

"ના, ઊભી રહે..."

હું બાથરૂમમાં દોડી ગઈ. વૉશબેઝિનનો નળ ચાલુ કરીને મારા બંને હાથ વહેતા પાણીની નીચે મૂકી દીધા. મેં જો જરા ધીરજ ધરી હોત તો ડીપ ડાર્ક બ્રાઉન કલર નીખર્યો હોત, એને બદલે અત્યારે ડાર્ક ઑરેન્જ કલર આવ્યો હતો. પણ શું કરું. મને મારી આંગળીઓની જરૂર હતી. મારે નીલને જવાબ આપવો પડે એમ હતું. મારી જિંદગીની આ ધમાચકડીમાં મારે હવે બીજો કોઈ ઉમેરો કરવો નહોતો.

'હે, સૉરી. તને જવાબ ના આપી શકી.' મેં ઉતાવળે ટાઇપ કરીને મેસેજ મોકલી દીધો.

'ઇટ્સ ઓકે.' નીલે તરત જ લખ્યું.

'શું ખબર છે બીજા?' મેં લખ્યું.

એણે ફોન કર્યો. મેં બાથરૂમમાં જ રહીને ફોન ઉપાડ્યો.

"હાય..." મેં કહ્યું.

"કેટલા વખતે તારો અવાજ સાંભળ્યો."

"નીલ, કેમ અચાનક?"

"તું કેમ છે?"

"તું જલદી વાત પૂરી કરશે? શું હતું?"

"એક બહુ જ ઇમ્પૉર્ટન્ટ વાત મારે તને કહેવાની હતી."

"શું?"

"મેં તને લખેલું ને કે પર્સનલી કહેવી પડે એમ છે."

"શક્ય નથી. ફોન પર જ કહે."

"તું અત્યારે ગોવામાં છે ને? કયા રિઝોર્ટમાં?"

"નીલ, અત્યારે હું બસો લોકોની સાથે છું. પછી વાત કરીએ તો?"

"કયા રિઝોર્ટમાં? કે પછી હું તારી ઑફિસમાં ફોન કરીને જાણી લઉં?"

"તારે જે કહેવું હોય તે મને ફોન પર કહે. હું અત્યારે મારાં લગ્નમાં બિઝી છું અને તું તારા ડીલના કામકાજમાં બિઝી છે."

"યા, શ્રીલંકાની સાઉથમાં આવેલા કોઈ દૂરદરાજના ઇલાકાની કૉપરની ખાણનું ડીલ પતાવવાનું છે. વાત જ નહીં પૂછ અહીંયાની. અહીંથી ત્યાં આવવા માટેની કોઈ સીધી ફ્લાઇટ પણ નથી. પણ વેઇટ, મને કૉમ્પ્યૂટર પર ચેક કરી લેવા દે..."

અદિતિદીદીએ બાથરૂમનો દરવાજો ખટખટાવ્યો.

"સિરિયસલી, નીલ. મારે ફોન મૂક્વો પડશે. બાય."
"ઓકે, બાય. કૉન્ગ્રેચ્યુલેશન્સ." એણે કહ્યું.
"ઓહ, વેલ. ઠીક છે, ચાલ. બાય."
હું બાથરૂમની બહાર આવી.
"આ શું? તેં મહેંદી ધોઈ નાખી?" અદિતિદીદી બોલી.
"તો ય તે જોને કેટલો સરસ કલર આવ્યો છે." કહીને મેં કપડાં બદલવા માંડ્યાં.
"તારાં લગ્નની મહેંદી છે. થોડા કલાક રાહ જોતાં શું થતું હતું?"
"સૉરી, દીદી. હું તારા જેટલી સારી છોકરી નથી, બસ?" મેં ચિડાઈને કહ્યું.
"તો એમાં મારી સામે આટલી બગડે છે શું કામ? અને આ કપડાં બદલીને તું ક્યાં ચાલી?"
"સૉરી, તારા પર ગુસ્સે થઈ ગઈ. મારે જરા ખુલ્લી હવામાં જવું છે. અહીં ખૂબ ગૂંગળામણ થાય છે. હું બીચ પર વૉક માટે જઉં છું."
"કોની સાથે?"
"એકલી."
"કેમ? હું આવું તારી સાથે?"
"ના, દીદી," મેં એકદમ કડક અવાજે કહ્યું, "મારે એકલા રહેવું છે. નો બ્રિજેશ, નો યુ. નો મૉમ ઍન્ડ ડૅડ. મને એક કલાક માટે છૂટી મૂકીશ તું? મારે થોડી શાંતિ જોઈએ છે."
અદિતિદીદી મારી પાસે આવી. મારા ગાલ થપથપાવીને બોલી,
"શું થયું?"
"કંઈ નહીં. આ લગ્નની દોડધામથી જરા થાકી ગઈ છું. જસ્ટ, એક કલાક."
એ મને ભેટી પડી. બોલી,
"તું તારે જા, હું સંભાળી લઈશ અહીં."

* * *

મૅરિયટની બહારના દરિયાકિનારે હું ચાલતી હતી. હોટેલ દેખાતી બંધ થઈ ગઈ ત્યાં સુધી હું ચાલી. મેં જોયું કે બ્રિજેશનો એક મેસેજ હતો. મેં નક્કી કર્યું કે મારે એ ખોલીને વાંચવો નથી. હવે બહુ થયું. મારામાં આ બધાની સાથે ડીલ કરવાની કોઈ તાકાત રહી નહોતી. હું દૂર ક્ષિતિજ ભણી જોવા લાગી. દરેક પળે સૂરજ થોડો થોડો પાણીમાં સરકી જતો હતો. મારું દિમાગ વિચારોથી ફાટફાટ થતું હતું. નીલને ક્યાંથી ખબર પડી હશે? વેલ, એક જ કંપનીમાં હોઈએ તો ખબર પડવાની જ. ભલે ને પછી બેઉ જુદી જુદી ઑફિસોમાં હોઈએ. એ શ્રીલંકામાં શું કરતો હતો? નવું ડીલ. હજુ વધારે કમાણી. પણ એણે મને શું કામ ફોન કર્યો? એણે જે કહેવું હતું તે મને ફોન પર કેમ ના કહ્યું? આટલું બધું સસ્પેન્સ શું કામ?
"રાધિકા!" મારી પાછળથી કોઈએ મને બોલાવી.
"દેબુ?" મેં પાછળ ફરીને જોયું. બર્મ્યુડા અને વ્હાઇટ પ્રિન્ટેડ ટી-શર્ટ પહેરીને એ દોડતો-હાંફતો આવી રહ્યો હતો.
"તું મારો પીછો કરી રહ્યો છે?"
"ના, હું ત્યાં જ તો રહું છું." એણે દૂરની એક હોટેલ તરફ આંગળી ચીંધી.
"આ રીતે મારી પાછળ નહીં પડ..."
"હું ક્યાં કંઈ એવું કરું છું."

"તો આ શું છે?"

"તારા જવાબની રાહ જોતાં આખો દિવસ દરિયાકિનારે ભટકતો રહું છું. સાચું કહું, અત્યારે તને એકલી જોઈ તો રહેવાયું નહીં મારાથી. સૉરી."

મેં આગળપાછળ જોયું.

"કોઈ આપણને સાથે કોઈ જોઈ ન જાય તો સારું."

"પેલી બાજુએ એક શૅક છે. ત્યાં આપણને કોઈ નહીં જુએ. મારે વાત કરવી છે."

"ના, દેબુ."

"પ્લીઝ."

મેં ફોનમાં ટાઇમ જોયો.

"ઓકે. દસ મિનિટ."

અમે મિરામાર બીચના કિંગ્સ શૅકમાં ગયાં. નેતરની ખુરશીઓ પર દરિયો જોતાં જોતાં બેઠાં. સાંજનો ઠંડો પવન વાતો હતો. એણે એક બિયર મગાવ્યો. મેં પાણીનો ગ્લાસ લીધો.

"દિવસ કેવો રહ્યો તારો?" એણે પૂછ્યું.

મેં મારા મહેંદીવાળા હાથ બતાવ્યા.

"મસ્ત છે."

"થૅન્ક્સ. તેં શું કર્યું?"

એણે પોતાના ટી શર્ટની ડાબી બાંય એકદમ ઉપર સુધી ઊંચી કરી. એના બાવડા પર બે ઈંચનું ટેટુ ચીતરાવ્યું હતું. લખ્યું હતું : 'રાધિકા.'

"આ શું પાગલપન છે, દેબુ?" મેં કહ્યું.

"આખો દિવસ નવરો જ હતો. તો થયું કે કંઈક કરીએ. ઘણા વખત પહેલાં કરાવી લેવાનું હતું."

"હું અહીં કોઈની સાથે લગ્ન કરી રહી છું અને ત્યાં તું મારા નામના છૂંદણાં છૂંદાવે છે? તારી અક્કલ તો ઠેકાણે છે ને?"

"આય લવ યુ, રાધિકા. તું આને પાગલપન કહે તો ભલે કહે."

દેબુના આવા શબ્દો પર નહીં પણ જે અદાથી એ આવું બોલતો હોય છે એના પર હું વારી જતી હોઉં છું. એક હાથ છાતી પર મૂકીને એ મારી સામે મદહોશ આંખોએ જોતો રહેતો હોય છે. એણે હાથ લાંબો કરીને મારો હાથ પકડવાનું ધાર્યું. મેં ના પાડી. એણે હાથ પાછો ખેંચી લીધો.

"પ્લીઝ, બેબી," દેબુ બોલ્યો, "વન મોર ચાન્સ."

"મારે પાછા જવાનું છે." મેં કહ્યું અને વેઇટર પાસે બિલ મંગાવ્યું.

"મેં પ્લાન બનાવી નાખ્યો છે. લગ્નના આગલા દિવસે તું તારા ફૅમિલી આગળ આ ન્યૂઝ બ્રેક કરજે. હું મારાં પૅરન્ટ્સ, કાકાઓ-કાકીઓ કઝિન્સ બધાંને અહીં બોલાવી લઉં છું. મારાં પૅરન્ટ્સ તારાં મૉમ–ડૅડ સાથે વાત કરી લેશે. તું જરાય ચિંતા ના કરતી. તું ખાલી છોકરાવાળાઓને સંભાળી લેજે."

"હું?"

"યા. એમને રિએક્ટ કરવાનો ઝાઝો ટાઇમ આપવાનો જ નથી. બસ એટલું જ કહેવાનું કે આ શાદી નહીં થાય અને એ લોકોએ પાછા જવું હોય તો જઈ શકે છે. આપણાં લગ્ન પતી જાય ત્યાં સુધી તારે એમને મારા વિશે કહેવાનું જ નહીં."

મારું હાર્ટ ડબલ સ્પીડમાં ધડકવા લાગ્યું હતું.

"દેબુ," મેં કહ્યું.

"સાંભળવામાં એકદમ ક્રેઝી લાગે છે ને? પણ બેબી, આ જ એક રસ્તો છે. તારાં સગાંવહાલાંમાં થોડો વખત ગુસપુસ થશે પણ એ લોકો એમ તો નહીં કહી શકે ને કે લગ્ન કૅન્સલ થયાં. લગ્નમાં મહાલવાનું તો એમને મળવાનું જ છે ને. અને રહી વાત છોકરાવાળાઓની તો આપણે શું કામ ફિકર કરવાની એમની? કંઈ થાય એ પહેલાં તો આપણે ન્યૂ યૉર્ક પહોંચી ગયા હોઈશું."

"શું?"

"તું ફરીથી ટ્રાન્સફર લઈને ન્યૂ યૉર્ક આવી શકે છે ને? અને જો તારે લંડન જ રહેવું હોય તો હું ત્યાં આવી જઈશ. શોધી લઈશ કોઈ જૉબ. તું કહેશે એમ આપણે કરીશું. હવે બધું તારી ઉપર છે."

"દેબુ, આ બધું તું શું બકી રહ્યો છે? ભળતુંસળતું પ્લાનિંગ કરીને દિમાગ ખપાવી રહ્યો છે. હવે હું જઉં છું અહીંથી." કહીને હું ઊભી થઈને રેસ્ટોરાંની બહાર ચાલી. એ મારી પાછળ આવ્યો. એકદમ નજીક આવીને મારા કાનમાં કહે: "મારા પર વિશ્વાસ રાખ, બેબી."

મારો ફોન વાગ્યો. બ્રિજેશ હતો. હું જરા દૂર જઈને ફોન પર વાત કરવા લાગી.

"હે." મેં કહ્યું.

"મેં તને મેસેજ મૂક્યો હતો."

"સૉરી, મેં જોયો નહીં."

"ક્યાં છે તું?"

"હં..." મેં કહ્યું. મને સમજ ના પડી કે શું કહું, "બસ અહીં જ છું."

"એક ઓર સનસેટ વૉક માટે જવું છે? ગઈ કાલના જેવો જ!" એ બોલ્યો.

દેબુ જઈને બિલ ચૂકવી આવ્યો પછી દૂરથી મારી સામું જોઈને સ્માઇલ આપ્યું. મેં બ્રિજેશને કહ્યું, "ના, આજે વૉક પર જવાનો મૂડ નથી."

"ઓહ, ઓકે." બ્રિજેશે નારાજગીના સૂરમાં કહ્યું.

"પણ મારે ડ્રિન્ક લેવું છે." મેં કહ્યું.

"મૅરિયટમાં ઓપન ઍર લાઉન્જ છે ત્યાં..." બ્રિજેશ સજેસ્ટ કરી રહ્યો હતો પણ મેં એને અધવચ્ચે જ રોક્યો.

"ના. મૅરિયટમાં નહીં. ક્યાંક બીજે જઈએ. મારે અહીંથી દૂર જવું છે." મેં કહ્યું.

"કાર મગાવી લઉં?"

"મારે તાજી હવા ખાવી છે અને ડ્રાઇવર સાથે નથી જવું. તને બાઇક ચલાવતાં આવડે?"

"યુ મીન અહીં જે ભાડે મળે છે તે ઍક્ટિવા?"

"યા. ફાવે તને?"

"વેલ, ફાવે ને. કૉલેજમાં ચલાવતો જ હતો."

"ગુડ. પંદર મિનિટમાં મને મૅરિયટની બહાર મળ."

મેં ફોન પૂરો કર્યો.

"બધું બરાબર તો છે ને, બેબી?" દેબુએ શૅકની બહાર નીકળતાં કહ્યું.

"હું બ્રિજેશ સાથે બહાર જાઉં છું." મેં કહ્યું.

"ઓહ," એનું મોઢું પડી ગયું.

"તને હર્ટ કરવા કંઈ એની સાથે નથી જઈ રહી."

"તું મને હર્ટ કરી શકે છે. મેં તને કેટલી બધી હર્ટ કરી છે. પણ પ્લીઝ વિચારી જોજે. આપણા ફ્યુચરની આ વાત છે. તું જેને ચાહતી નથી એની સાથે આખી જિંદગી કેવી રીતે રહી શકવાની છે?"

"આ બધી વાતોથી હું મૂંઝાઈ ગઈ છું, દેબુ. મને શાંતિથી વિચાર કરવા દે."

"શ્યૉર, બેબી. ટેક યૉર ટાઇમ."

"થૅન્ક્સ અને હવે મારી નજીક નહીં આવતો. હું જઉં પછી પાંચ મિનિટ સુધી અહીંનો અહીં જ ઊભો રહેજે."

એણે હા પાડી. બે હાથ ખુલ્લા કરીને મને ભેટવાનું આમંત્રણ આપ્યું. મેં આજુબાજુ જોયું. કોઈ જોતું નહોતું. મેં એને આલિંગન આપ્યું. એ મને છોડવા તૈયાર નહોતો.

"તને ભેટીને એટલું સારું લાગે છે." એણે મારા કાનમાં કહ્યું.

"બહુ થયું હવે. મને જવા દે, પ્લીઝ." મેં હળવેકથી કહ્યું.



20

"જરા સંભાળીને," હું બોલી. ઍક્ટિવા પર મૅરિયટના ડ્રાઇવ વેથી બહાર નીકળ્યા કે તરત ખાડાટેકરાવાળો રસ્તો શરૂ થયો.

"પાંચ વર્ષથી મેં ચલાવ્યું નથી." બ્રિજેશ કહેતો હતો.

"આપણે કઈ તરફ જઈએ છીએ?" મેં પૂછ્યું.

"એન્જુના. કૉલેજની ટ્રિપ પર આવ્યા ત્યારે એક આખો દિવસ ત્યાં જ પડ્યાપાથર્યા રહેલા."

ત્રીસ મિનિટમાં અમે એન્જુનાના પથરાળ દરિયાકિનારે પહોંચી ગયાં. બાઇક પાર્ક કરીને પાંચેક મિનિટ ચાલીને કર્લીઝ નામના શૅકમાં ઘૂસી ગયાં.

"બિયર?" બ્રિજેશે પૂછ્યું.

"શ્યૉર." મેં કહ્યું. એણે વેઇટરને બે કિંગફિશર લાવવાનું કહ્યું. અમારાથી બે ટેબલ દૂર બીજું એક ઇન્ડિયન કપલ બેઠું હતું. છોકરીએ બેઉ હાથમાં લાલ-સફેદ ચૂડીઓ પહેરી હતી. નવાં નવાં લગ્ન થયાં હશે. હનીમૂન પર આવ્યાં હશે. બેઉએ એકબીજાના હાથ પકડી રાખ્યા હતા પણ ઑકવર્ડ ફીલ કરતા હતા. અરેન્જ્ડ મૅરેજ હોવાં જોઈએ, મને વિચાર આવી ગયો. મેં બ્રિજેશ તરફ જોયું. અમે પણ આ વીકએન્ડમાં મેરીડ કપલ બની જવાનાં. બ્રિજેશે સ્માઇલ કરીને મારા હાથમાં કિંગફિશરની પાઇન્ટ પકડાવી.

"તું શું કહીને આવી?"

"અદિતિદીદીને મેં કહ્યું કે હું તારી સાથે વૉક પર જઉં છું."

"એ લોકોને ખબર નથી ને કે તું એન્જુના ગઈ છે?"

"ના, રે. મારી માને ખબર પડે તો એ છળી જ મરે." મેં બિયરની બૉટલમાંથી એક સિપ લઈને વિચાર્યું કે એન્જુના બીચ શેના માટે ફેમસ છે એની ખબર ગોવા આવનારા સૌ કોઈને હોવાની, મારી માને પણ.

શૅકમાં બિયર પીતાં પીતાં અમે સૂર્યાસ્ત જોયો. કર્લીઝમાં એક યંગ ગિટારિસ્ટ કોઈ સૅડ રોમૅન્ટિક ગીત ગાઈ રહ્યો હતો.

"સરસ જગ્યાએ લઈ લાવ્યો. થૅન્ક્સ, બ્રિજેશ." મેં કહ્યું.

મને હજુય બ્રિજેશનું નામ ગમતું નહોતું. ગમતું નહોતું એટલું જ નહીં સાવ ડૂચા જેવું લાગતું હતું. આવું જુનવાણી નામ આજના જમાનામાં કોણ રાખે? 'મીટ માય હસબન્ડ દેબાશિષ સેન' બોલવામાં કેવું સરસ લાગે. અને એની સામે 'મીટ માય હસબન્ડ બ્રિજેશ ગુલાટી.' જમીન પર આળોટવાનું મન થાય.

છોકરી, બંધ કર, બંધ કર, દીવા સ્વપ્નો જોવાનું બંધ કર.

"અમે મિકેનિકલ એન્જિનિયરિંગ કૉલેજના છોકરાઓ ગોવામાં ફિલ્ડ ટ્રિપ પર આવ્યા હતા."

"ગોવામાં એન્જિનિયરિંગની ફિલ્ડ ટ્રિપ!"

"વેલ, અમે કૉલેજવાળાને પટ્ટી પઢાવી હતી કે ગોવામાં ઘણી બધી ઇન્ડસ્ટ્રીની મશીનરીનો સ્ટડી કરવા મળશે."

"અચ્છા, બિયર બનાવવાની ફૅક્ટરીઓની મશીનરીનો!" મેં કહ્યું.

એ હસ્યો અને બોલ્યો, "આમ તો સાવ જુઠ્ઠું જ બોલીને આવ્યા હતા પણ તોય અમે

ગોવા શિપયાર્ડ અને વેદાન્તની ખનીજની ખાણોની મુલાકાત લીધી હતી.”

“કેટલી, દસ-દસ મિનિટની?”

“ના, ખાસ્સી પંદર-પંદર મિનિટની!”

“અને બાકીનો ટાઇમ?”

“બીચ પર. પણ પાછા જઈને વ્યવસ્થિત લાંબો રિપૉર્ટ સબમિટ કરેલો હં…”

મેં બિયરનો એક ઓર ઘૂંટ ભરીને કહ્યું, “એન.આઇ.ટી.માં તમે લોકો ભણવાને બદલે આ જ ધંધા કરતા હતા? ઇન્ડસ્ટ્રી વિઝિટ્સના નામે ગોવા ફરી આવવાનું?”

“સાવ તો એવું નહીં. અમારા ક્લાસમાંથી થોડા છોકરાઓ કૉલેજમાંથી ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ જોવા ગયા હતા. એમને ખબર પડી કે અમે ગોવા જઈને આવ્યા ત્યારથી આજ દિન સુધી અમારી સાથે એમનો પંગો ચાલુ છે!”

અમે બંને હસતાં રહ્યાં. ચાલો, મને ખડખડાટ હસતાં આવડે છે. બ્રિજેશ ભલે મારી લાઇફનો મોસ્ટ ઇન્ટરેસ્ટિંગ છોકરો ન હોય પણ એન્જિનિયરિંગ કૉલેજનાં વર્ષોની એની વાતો પરથી એટલી તો ખબર પડતી ગઈ કે એ સાવ બોરિંગ માણસ નથી.

“તમે લોકો કૉલેજમાં બહુ જલસા કરતા હતા.” મેં કહ્યું.

“તું ધારે છે એવો ઘોંચું હું નથી.”

“આલ્લે, મેં ક્યારે કહ્યું એવું!”

“ઍક્ચ્યુલી, સાચું કહું? હું છું. ખાસ કરીને છોકરીઓ સાથે વાત કરવાની આવે ત્યારે હું સાવ એવો જ બની જઉં. છોકરાઓની વાત જુદી છે. એમની સાથે જલસા પડે.”

“અચ્છા? તારો એવો ટેસ્ટ છે? મને ખબર નહીં!” મેં એની ટાંગ ખેંચી.

“અરે ના, ના, એ રીતે નહીં. તું પણ…” એ જરા શરમાયો.

“મજાક કરું છું તારી,” હું ફરી હસી પડી.

“સમજું છું,” એ પણ હસ્યો.

“તને એવું લાગે ખરું કે છોકરાઓ કરતાં છોકરીઓ જુદી હોય છે?” મેં પૂછ્યું.

“નથી હોતી? છોકરીઓ કંઈ છોકરાઓ જેવી નથી જ હોતી ને? એણે કહ્યું.”

“વેલ, અમુક બાબતોમાં નથી હોતી. પણ બીજી ઘણી બાબતોમાં સરખી જ હોય છે.” મેં કહ્યું.

“અફકોર્સ, સ્ત્રી હોય કે પુરુષ છેવટે તો માણસ જ હોય છે ને. અને માણસો તો બધા જ સરખા હોવાના.” એણે કહ્યું અને ઉમેર્યું, “અને માણસ તરીકે દરેકને ઇક્વલ હક્ક પણ હોવા જોઈએ. એમાં સ્ત્રીઓને ઓછા હક્ક, પુરુષોને વધારે એવું ના હોઈ શકે.”

“એકદમ સાચી વાત.” મેં કહ્યું અને એની સામે જોઈને સ્માઇલ કર્યું.

વેઇટર બીજી બે પાઇન્ટ લઈ આવ્યો. સૂરજ દરિયામાં ડૂબી ચૂક્યો હતો. આકાશ ઘેરું થઈ ગયું હતું. દરિયાકિનારે મોજાં ઊછળી ઊછળીને રેતી સુધી આવી જતાં હતાં.

“ગોવાની ફિલ્ડ ટ્રિપ પર તમે લોકોએ બીજું શું શું કર્યું હતું?” મેં પૂછ્યું.

“ઘણું બધું, પણ તને એ બધામાં રસ નહીં પડે.”

મને રસ પડતો હતો, “શું શું કર્યું, કહે તો ખરો.”

“કંઈ નહીં…”

“કહે ને.”

“ઓકે. બીચ પર સૂતેલી અડધી નાગી ફિરંગનોને નિહાળી…”

“યુ મીન ઘૂરી…”

“ના. માત્ર ધ્યાનપૂર્વકનું ઑબ્ઝર્વેશન, યુ નો!” એણે હસીને કહ્યું.

“એન્જિનિયર્સ આ બાબતમાં તદ્દન ભૂખ્યા ડાંસ જેવા હોવાના.”
“અમારે ત્યાં છોકરીઓ હોઈ હોઈને કેટલી હોય?”
“બીજું શું કર્યું?”
“ચિલમ ફૂંકી!”
“ચરસ, ગાંજો!”
એણે હા પાડી.
“અહીં ગોવામાં મળે?” મેં પૂછવા ખાતર પૂછ્યું.
“યા. ભોળી નહીં બન. એન્જુના એના માટે તો ફેમસ છે. આ શૅકની પાછળ થોડી દુકાનો છે. ખબર નહીં આટલાં વર્ષો પછી હજુ પણ હશે કે નહીં, પણ અમે લોકો ત્યાંથી લઈ આવ્યાં હતાં.”
“મિસ્ટર બ્રિજેશ ગુલાટી, તમારો ભૂતકાળ બહુ ખરડાયેલો છે!”
એ હસ્યો.
“ચાલ, આપણે ટ્રાય કરીએ.” મેં કહ્યું.
“શું? તારે ગાંજો ફૂંકવો છે? અત્યારે?” એની આંખો પહોળી થઈ ગઈ.
“હા, કેમ? લગ્નને આડે થોડાક જ દિવસ બાકી રહ્યા હોય ત્યારે ગુડ ઇન્ડિયન બ્રાઇડથી ગાંજો ન પીવાય?”
“ના, ના. એવું નહીં. પણ અત્યારે કેવી રીતે? આપણાં સગાંવહાલાં અહીં છે.”
“ત્યાં મૅરિયટમાં છે. અહીં એન્જુનામાં કોણ જોવાનું છે? જો તો ખરો. મળે તો લઈ આવ.”
એણે મારી સામું જોયું. મેં એના તરફ શરારતી નજરે જોયું. એ ઊભો થયો અને બોલ્યો,
“આ ગયો ને આ આવ્યો. તું અહીં જ બેસ.”

* * *

“આ ખડકની પાછળ આવી જા. અહીં આપણને કોઈ નહીં જુએ.” બ્રિજેશે કહ્યું. મેં એક લાંબો કશ ખેંચ્યો.
અમે બંને કર્લીઝમાંથી નીકળીને એન્જુના બીચના એક એકાન્ત ખૂણે આવી ગયાં હતાં. બ્રિજેશ ગાંજો ભરેલી ત્રણ સિગરેટ લઈ આવ્યો હતો.અમે પહેલી શરૂ કરી.
“તેં અગાઉ ગાંજો પીધો છે?”
“ના. પણ મન બહુ થતું.”
“ધીમેથી કશ લેજે.”
દરેક કશની સાથે મારું દિમાગ વધારે ને વધારે શાંત થતું જતું હતું, મારી સૂધબૂધ બુઠ્ઠી થતી જતી હતી. દેબુ મૅરિયટની આસપાસ ભમરાયા કરતો હતો. એનું ટેન્શન ધુમાડા સાથે ઓગળી ગયું. બ્રિજેશ પણ હવે સાવ અજાણ્યો નહોતો લાગી રહ્યો.
“વાઉ, કૉલેજના દિવસો યાદ આવી ગયા.” એ બોલ્યો.
“યુ આર સ્વીટ!” મેં કહ્યું.
“કોઈ છોકરીને છોકરો બહુ ગમતો ન હોય પણ એને હર્ટ કરવા ન માગે ત્યારે છોકરી એને આવું જ કહે ને : યુ આર સ્વીટ!”
“સ્માર્ટ યુ આર, મિસ્ટર ફેસબુક! છોકરીઓની બાબતમાં સાવ કંઈ લલ્લુ નથી તું!”
“વેલ, ધીમે ધીમે ઇમ્પ્રુવ થઈ રહ્યો છું. બાકી આખી જિંદગી મિસ્ટર સ્વીટ જ રહ્યો છું!”

"એ જ સારું છે." મેં કહ્યું અને છેલ્લો કશ ખેંચીને ધુમાડો કાઢ્યો.

એ હસ્યો અને બોલ્યો,

"હવે પાછાં જઈએ? બહુ મોડું થઈ જશે."

"હા. આ બાકીની બે મૅરિયટ માટે રાખી મૂકીએ. ત્યાં જરૂર પડવાની."

અમે ઍક્ટિવા પર બેઠાં અને એક ચાર રસ્તા પર આવીને ભૂલાં પડ્યાં.

"અહીંથી રાઇટ જવાનું છે, આય થિન્ક." મેં કહ્યું.

"હા. બરાબર." એણે કહ્યું.

જેવો અમે રાઇટ ટર્ન લીધો કે તરત જ ચેક પોઇન્ટ પર ઊભેલા બે પોલીસે અમને રોક્યાં.

"લાઇસન્સ?" એકે કહ્યું.

બ્રિજેશે ઍક્ટિવા પરથી ઊતરીને પોતાનાં ખિસ્સાં ફંફોસ્યાં. પાકીટ કાઢ્યું. અંદર ચેક કર્યું. લાઇસન્સ મળ્યું નહીં.

"ઓહ, મને લાગે છે કે મેં હોટેલની સેફમાં મૂકી દીધું છે." એણે કહ્યું.

"શું?" પોલીસે પૂછ્યું.

"મારું કેલિફોર્નિયાનું લાઇસન્સ છે. અમેરિકાથી આવું છું. લાઇસન્સ હોટેલમાં રહી ગયું છે, સૉરી."

બેઉ પોલીસવાળા એકબીજા સામે જોવા લાગ્યા.

"ફાઇન ભરવો પડશે." બેમાંના એકે ચલાનબુક કાઢી. બીજો મારી તરફ જોઈને કહેવા લાગ્યો,

"મૅડમ, આ ખોટું કહેવાય. તમારે લોકોએ લાઇસન્સ સાથે રાખવું જોઈએ."

"અમે ટૂરિસ્ટ છીએ. સૉરી." મેં કહ્યું.

અમારે 400 રૂપિયાનો ફાઇન ભરવાનો હતો. બ્રિજેશે પાકીટમાંથી 500ની નોટ કાઢી. પોલીસવાળાએ બાકીની રકમ પાછી આપી. બ્રિજેશ પાકીટ પાછું ખિસ્સામાં મૂકવા જતો હતો ત્યાં જ કાગળની એક પડીકી નીચે પડી.

"તમારું કંઈક પડી ગયું." પોલીસવાળાએ નીચેથી પડીકી ઉપાડી અને બ્રિજેશને આપવા જતો હતો ત્યાં જ જરા ખચકાઈને સૂંઘી. ફરીથી સૂંઘી. બીજા પોલીસવાળાને આપી.

મરી ગયા.

"તમે બંને બાજુમાં આવી જાઓ. ઍક્ટિવાની ચાવી સોંપી દો."

"કેમ શું થયું?" મેં પૂછ્યું.

એણે પેલા કાગળની પડીકીમાં બાંધેલી બે સિગરેટ દેખાડીને કહ્યું,

"આમાં મારુઆના છે. ગાંજો અહીં ઇલ્લીગલ છે. તમને બંનેને અરેસ્ટ કરવા પડશે. ચાલો પોલીસ સ્ટેશન."



21

"એન્જુના પોલીસ સ્ટેશન, મૉમ. ચિલ્ડ્રન્સ પાર્કની બરાબર સામે. ડ્રાઇવરને ખબર હશે. જલદી ડૅડને લઈને આવી જા. બીજા કોઈને કંઈ કહેતી નહીં."

"પણ તું ત્યાં પોલીસ સ્ટેશનમાં શું કરે છે?" એના અવાજ પરથી લાગતું હતું કે કોઈ એને પકડી નહીં રાખે તો હમણાં એ ધૂણવા માંડશે.

"ચિલ્લાવાનું બંધ કર, મૉમ. હું બ્રિજેશની સાથે છું."

"બ્રિજેશ? તું અને બ્રિજેશ પોલીસ સ્ટેશનમાં? કેમ? શું થયું?"

"તું અહીં આવ પછી બધું તને સમજાવું. ડૅડને સાથે લઈને આવજે, સમજી?"

"અને બ્રિજેશના પૅરન્ટ્સ?"

"એમને પણ બ્રિજેશે ફોન કર્યો છે. આવતાં જ હશે."

"હે, ભગવાન! આ બધું શું થઈ રહ્યું છે? તને કંઈ થયું તો નથી ને?"

"કંઈ નથી થયું, મૉમ. બ્રિજેશ લાઇસન્સ ભૂલી ગયો હતો."

"લાઇસન્સ? એની શું જરૂર પડી?"

"અમે લોકો ઍક્ટિવા પર ફરવા નીકળ્યાં હતાં."

"ઍક્ટિવા પર? અહીં આટલી ગાડીઓ તો પડી છે..."

"મૉમ, તું જસ્ટ આવી જા."

મેં ફોન કટ કરી નાખ્યો. બ્રિજેશ મારી બાજુમાં બેઠો હતો. સામે સબ-ઇન્સ્પેક્ટર સેમ્યુઅલ ડી'સોઝા હતો.

"ક્યાંથી ખરીદી કરી?"

"એન્જુના બીચની ગલીઓમાં બધે મળે છે. તમને પણ ખબર હશે." બ્રિજેશ બોલ્યો.

"તમે એમ કહેવા માગો છો કે અમારી દેખરેખ હેઠળ આ બધા ધંધા થાય છે?"

"નો સર." મેં કહ્યું, "સૉરી."

મેં બ્રિજેશને કોણી મારીને મોઢું બંધ રાખવાનું કહ્યું.

"લગ્ન ક્યારે છે?" સબ-ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

"શુક્રવારે." મેં કહ્યું.

"બે દિવસ પછી પરણવાનાં છો અને આ રીત છે નવી લાઇફ શરૂ કરવાની? ડ્રગ્સ લઈને?"

"આ ડ્રગ નથી, સર. એકદમ માઇલ્ડ હર્બલ સ્ટફ છે. ઇનફૅક્ટ, કેલિફોર્નિયામાં તો આ લીગલ છે." બ્રિજેશે કહ્યું.

"આ કેલિફોર્નિયા છે?" સબ-ઇન્સ્પેક્ટરે કરડી નજરે અમારી સામું જોયું.

"નો, સર." કહીને બ્રિજેશે માથું ઝુકાવી દીધું.

"આ કઈ જગ્યા છે?"

"ગોવા, સર."

"લોકો અહીં શું કામ આવતા હોય છે?"

"પાર્ટી કરવા, સર." બ્રિજેશે નરમ ઘેંસ જેવા અવાજે કહ્યું.

"ના." સબ-ઇન્સ્પેક્ટર જોરથી બરાડ્યો. "લોકો અહીંયા શાંતિથી રજા ગાળવા આવે છે. આવા બધા ધંધા કરવા નથી આવતા."

"યસ, સર." બ્રિજેશે માફી માગતા ટોનમાં કહ્યું.

મને હસવું આવી રહ્યું હતું. મેં દાંત ભીંસીને માંડ માંડ હસવાનું ખાળ્યું પણ પેલા સબ-ઇન્સ્પેક્ટરની નજર મારા પર પડી ગઈ.

"તમને આ હસવાની વાત લાગે છે?"

"નો, સર." મેં ગંભીર ચહેરો બનાવીને કહ્યું.

બ્રિજેશનાં અને મારાં પૅરન્ટ્સ પોલીસ સ્ટેશનમાં એન્ટર થયાં. એ લોકોએ સબ-ઇન્સ્પેક્ટરની સામે અમને બેઠેલાં જોયા.

"શું થયું, ઇન્સ્પેક્ટરસા'બ?" મારા પિતાએ પૂછ્યું.

"તમે લોકો પૅરન્ટ્સ છો આમનાં? આ જુઓ તમારા છોકરાઓ કેવા ઊંધા ધંધા કરે છે." સબ-ઇન્સ્પેક્ટર ડી'સોઝાએ ટેબલ પર પડેલી કાગળની પડીકીમાં વીંટાળેલી ગાંજો ભરેલી બે સિગરેટ તરફ આંગળી ચીંધીને કહ્યું.

* * *

"તું કમાલ છે, રાધિકા." મારી મા બોલી. હું મારાં પૅરન્ટ્સ સાથે ગાડીમાં બેઠી. બ્રિજેશ એનાં માબાપ સાથે બીજી ગાડીમાં આવતો હતો.

"આયમ સૉરી, મૉમ." મેં સાતમી વખત કહ્યું, "અને થૅન્કયુ, ડૅડ."

મારા ફાધરે બાજી સંભાળી લીધી હતી. ગોવામાં સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાનો કોઈ કૉન્ટેક્ટ એમણે શોધી કાઢ્યો હતો અને એને અહીંના પોલીસ કમિશ્નર સાથે ઘણી સારાસારી હતી. એમનો જૅક લગાવીને ધડાધડ ફોન પર ફોન થયા, ગોવાનો આખો સમંદર ભરાય એટલી માફામાફી ચાલી અને ફુલ પોલીસ સ્ટેશનને વેડિંગમાં ખાવાપીવા માટેનાં નોતરાં અપાયાં ત્યારે જઈને સબ-ઇન્સ્પેક્ટર જરા કૂણો પડ્યો અને અમે રંગે હાથ પકડાયાં હતાં છતાં બાઈજ્જત બરી થઈ ગયાં.

કારમાં મારી માની બડબડ ચાલુ જ હતી, "લગ્ન પહેલાં કોઈ છોકરી દારૂ પીને છાકટી થઈ જાય, ડ્રગ્સના રવાડે ચડી જાય – આવું તે કોઈ દિવસ હોતું હશે?"

હું ચૂપ જ રહી. એ બોલતી રહી,

"આપણાં સગાંમાં કોઈને ખબર પડે તો શું આબરૂ રહે અમારી? છોકરી વંઠેલ છે એવું જ કહેવાનાને લોકો. અમારો જ વાંક કાઢવાના, અમે ફટવી મારી તને..."

મારે સામે દલીલ કરવી હતી પણ હું મુઠ્ઠી સખત ભીડીને ચૂપ રહી. માએ તો ચાલુ જ રાખ્યું.

"છોકરાવાળાઓ શું વિચારશે? આવી છોકરી લીધી અમે? આજે રાત્રે જોજેને, એમને પસ્તાવો થશે કે શું જોઈને એ લોકો તારામાં પડ્યા."

હવે મારાથી રહેવાયું નહીં. "ઓકે, મૉમ. બહુ થયું હવે."

"શું બહુ થયું? બિયરના બાટલાઓ ગટગટાવવાના, ચરસ-ગાંજા ફૂંકવાના. કોઈ છોકરી આવું કરે?"

"એ લોકોના છોકરાએ પણ આવું જ કર્યું છે."

"તો?"

"તો શું? તું એમ કેમ નથી કહેતી કે એ લોકોએ પણ એમના છોકરાના કરતૂતો માટે શરમાવું જોઈએ?"

"એ છોકરો છે, સમજી? એ ગમે એટલાં મસ્તીતોફાન કરી શકે. તારાથી એના રવાડે ન

ચડાય. આવું કહીને તું શું મરદોની સરખેસરખી થઈ ગઈ?"

"મૉમ, પૂરું થઈ ગયું ને. હવે ચોળીને ચીકણું કરવાનું રહેવા દે, પ્લીઝ."

"હું તો મૂંગી મરીશ, પણ તું ફાટીને ધુમાડે જવાનું બંધ કર. તને પગે લાગું. તારાં લગ્ન અમે આટોપી ના લઈએ ત્યાં સુધી આવા વાનરવેડા પર કંટ્રોલ રાખજે, મારી મા!" મૉમે ગુસ્સામાં મને બે હાથ જોડીને કહ્યું.

"અને લગ્ન પછી?" મેં પૂછ્યું, "લગ્ન પછી તારી જવાબદારી પૂરી એમ ને?"

મૉમે મારી સામે ઘૂરકીને જોયું. મેં મોઢું ફેરવી લીધું.

"તું સખણી રહેવાની છે હવે?" એણે ફાઇનલી કહી દીધું.

"ઓકે, ફાઇન." મેં કહ્યું.

"સારું."

અમે હોટેલ પર પહોંચ્યાં. બધાં કારમાંથી ઊતર્યાં. મેં ડૅડને કહ્યું,

"સૉરી, ડૅડ."

"તું મારી ડાહી દીકરી છે, બેટા. અમને નીચાજોણું નહીં કરાવતી."

* * *

હું બેડ પર બેઠી હતી. મધરાત વીતી ચૂકી હતી. અદિતિદીદી મારી બાજુમાં આડી પડી હતી.

"વીડ? ગ્રાસ? તું અને બ્રિજેશ સુટ્ટો મારી આવ્યા?"

"એકમાં જ અમે બે જણાએ શેર કર્યું. બીજી બે રહી ગઈ એમાં તો વાટ લાગી ગઈ."

"તમને લોકોને મારુઆના વેચતી દુકાન મળી કેવી રીતે?"

"બ્રિજેશને ખબર હતી. એન્જુના બીચની કોઈ ગલીમાંથી એ લઈ આવ્યો."

દીદીને નવાઈ લાગી. એ બેઠી થઈ ગઈ, "મને તો એમ કે તમે બેઉ ભણેશરીઓ છો. આ બધી વાતોની તમને કોઈ ગતાગમ નહીં હોય."

"અમે લોકો એટલા પણ કંઈ બોરિંગ ટાઇપ નથી, હં."

"કહેવું પડે, મારી લિટલ સિસ્ટર!"

દરવાજા પર બે વાર ટકોરા થયા. મેં અને દીદીએ એકબીજાની સામે જોયું.

"ઊભી રહે, હું જોઉં છું." દીદી બેડ પરથી નીચે ઊતરતાં કહ્યું. દરવાજા પાસે જઈને એણે કી-હૉલમાંથી જોયું અને મોટેથી બોલી, "કોણ છે?"

"ઓહ, સૉરી. એક્સક્યુઝ મી, રૉન્ગ રૂમ." મેં બહારથી આવતો ધીમો અવાજ સાંભળ્યો.

દીદી પાછી બેડ પાસે આવી ગઈ.

"કોણ હતું?"

"ખબર નહીં. કોઈ માણસ હતો. સૂટમાં. છોડ, જવા દે. તું પોલીસ સ્ટેશનવાળી વાત ચાલુ રાખ ને, મઝા પડે છે."

* * *

"વન-ટુ-થ્રી-ફોર. કમ ઑન સ્ટાર્ટ." કોરિયોગ્રાફર મિકીએ મ્યુઝિક ચાલુ કરીને બધાને સંભળાય એમ કહ્યું. લંડન ઠુમકદા ગીતથી આખો હૉલ ગૂંજવા લાગ્યો. રિચામામી અને

કમલાબુઆ સહિતની મારી પાંચેય આન્ટ્સ સ્ટેજ પર ચડીને કોરિયોગ્રાફર સાથે પ્રૅક્ટિસ કરી રહી હતી.

"હું કરું છું એમ સ્ટેપ્સ કરો." એણે કહ્યું.

મિકીનું પોતાનું બૉડી એકદમ લીન અને ટ્રિમ હતું. બ્લૅક ટાઇટ્સ અને બ્લૅક ટીશર્ટમાં એ મારી જાડીપાડી પંજાબણ આન્ટીઓને આગળ સાવ જંતુ જેવો લાગતો હતો. આન્ટીજીઓ સ્ટેપ્સ કરવા લાગી અને લાક્ડાના સ્ટેજમાંથી કિચૂડ કિચૂડ અવાજ સંભળાવા લાગ્યો.

"આટલા જોરથી પગ પછાડવાની જરૂર નથી. નજાકત રાખો, નમણી રીતે નાચો..." મિકીએ કહ્યું અને જમણો હાથ માથા પાછળ રાખી ઘૂમીને ઠુમકો લીધો.

હું ફંક્શનરૂમના બીજા ખૂણે મારી કઝિન્સ સાથે પ્રૅક્ટિસ કરી રહી હતી. મિકીનો આસિસ્ટન્ટ વિક્રમ અમને સ્ટેપ્સ શીખવાડી રહ્યો હતો.

"ફાસ્ટર, ફાસ્ટર, સૉન્ગના બીટ્સ સાથે સ્ટેપ્સ મૅચ થવા જોઈએ." મિકી તાળીથી તાલ આપતાં આપતાં સ્ટેજ પર ફરીને બધી આન્ટીઝને વારાફરતી જોઈ રહ્યો હતો. આન્ટીજીઓએ આખું ગોળ ચક્કર ફરતાં પહેલાં બે વખત એમની ભારેખમ બૉટમ્સને લેફ્ટ-રાઇટ લેફ્ટ-રાઇટ હલાવવાની હતી. કમલાબુઆએ મોઢું બગાડ્યું. સવાર સવારમાં આટલી કસરત કરીને એનર્જી વેસ્ટ કરવાનું એમને પસંદ નહોતું.

"ગર્લ્સ," વિક્રમે અમારા ગ્રુપને સંબોધીને કહ્યું, "હું તમને સ્ટેપ્સ કરીને બતાવું છું પછી તમે મને ફૉલો કરજો."

વિક્રમે ડીજેવાલે બાબુ ગીત શરૂ કર્યું. આ રૅપ સૉન્ગના ભળતાસળતા જ બીટની સાથે તાલ મિલાવવા અમારે ભારે લટકાઝટકા કરવાના હતા.

ભમ! મેં સ્ટેજ પર મોટો અવાજ સાંભળ્યો. હોટેલનો સ્ટાફ દોડી આવ્યો. કોરિયોગ્રાફર અને બીજી આન્ટીઓ ચત્તીપાટ પડેલી રિચામામીની આસપાસ ટોળે વળ્યાં. એકસો ને દસ કિલોનું વજન ધડામ દઈને લાકડાના સ્ટેજ પર પડે તો મિનિ ધરતીકંપ જ સર્જાવાનો.

"આ અલેલટપ્પુ જેવા ડાન્સ માસ્ટરને કોણ બોલાવી લાવ્યું? અમારી પાસે આટલા અઘરા સ્ટેપ્સ કરાવવાના હોય કંઈ?" રિચામામીનો પગ મોચવાઈ ગયો હતો એટલે એમની ચીસોમાં એ શું બોલી રહી છે તે બધાંને સમજાતું નહોતું.

"સૉરી, મૅડમ, સૉરી." મિકીએ કહ્યું.

"વૉટ સૉરી?" કમલાબુઆ બોલી, "તમારે ધ્યાન રાખવું જોઈએ કે કોને કેવા સ્ટેપ્સ અપાય."

"યસ, મૅડમ."

હોટેલના સ્ટાફમાંથી કોઈ ફર્સ્ટ એઇડ કિટ લઈ આવ્યું. રિચામામીના પગ પર પેઇન રિલીવર સ્પ્રે છાંટ્યો. બે વેઇટરે મામીને પકડીને માંડ ઊભી કરી.

"ચાલો, હવે થોડો આરામ કરી લઈએ," કમલાબુઆએ ઍનાઉન્સમેન્ટ કરી.

"પણ મૅડમ, સંગીત તો આજે રાત્રે છે." મિકીએ યાદ કરાવ્યું.

"તો મૂઆ ગઈ કાલે આવી જતાં શું થતું હતું તને? આજ સવારથી અમે લોકોએ બ્રેકફાસ્ટ પણ નથી કર્યો. ખાધા વિના ડાન્સ કરીશું તો વીકનેસ નહીં આવી જાય?" રિચામામીએ કહ્યું.

મામીની વાત સાચી હતી. પંજાબણોને ખાધા વિના ન ચાલે. દર કલાકે કંઈક ને કંઈક આચરકુચર પેટમાં પધરાવવું જ પડે.

* * *

બુફે બ્રેકફાસ્ટના અમારા માટેના એરિયાના વિન્ડો પાસેના એક ટેબલ પર મારી કઝિન્સ સાથે હું ગોઠવાઈ ગઈ. અમારામાંથી બીજા કેટલાક લોકો હજુય ડાન્સના સ્ટેપ્સના રિહર્સલ કરવામાં જ અટવાયેલાં હતાં. મેં બુફે કાઉન્ટર પર જઈને એક પ્લેટ હાથમાં લીધી.

"મને એક હોલ-વ્હીટ ટોસ્ટ બનાવીને મોકલશો?" મેં એક વેઇટરને કહ્યું.

"પીનટ બટર અને હની સાથે?" મારી પાછળથી એક અવાજ આવ્યો.

હું પાછળ ફરી. ઑલમોસ્ટ બેભાન જ થઈ ગઈ.

"નીલ?" મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ.

"હાય," એણે કહ્યું. હજુય એવો ને એવો જ લાગતો હતો. કાતિલ. જબરજસ્ત હૅન્ડસમ. વાળ જેલ કરેલા. ચહેરા પર ત્રણચાર દિવસની વધેલી દાઢી હતી. થોડી સફેદ, બાકી કાળી અને ઊંચું, છરહરું બૉડી. ક્રિસ્પ વ્હાઇટ શર્ટની ઉપર ક્રિસ્પ બ્લૅક સૂટ પહેર્યો હતો.

"નીલ?" હું ફરીથી એનું નામ બોલી. આ વખતે એકદમ ધીરેથી. મારી આજુબાજુના લોકોને જોઈને મેં કોઈને ખબર ન પડે એ રીતે હોઠ ફફડાવીને કહ્યું, "તું અહીં શું કરે છે?"

"મેં તને કહ્યું હતું. મારે તને રૂબરૂ મળીને વાત કરવી છે. રાત્રે તારા રૂમ પર આવ્યો હતો, પણ બીજી કોઈ છોકરીનો અવાજ સંભળાયો એટલે જતો રહ્યો."

"મારી સિસ્ટર હતી." મેં ધીમેકથી કહ્યું. મારી આંખો આજુબાજુ ફર્યા કરતી હતી. કોઈ જોતું તો નથી ને. "તું જરા અવાજ નીચો રાખ. આટલો જલદી કેવી રીતે અહીં આવી ગયો. તું તો શ્રીલંકાની કોઈ કૉપરની ખાણમાં નહોતો?"

"હતો..." એણે કહ્યું. પછી સહેજ રોકાઈને બોલ્યો, "ચાર્ટર્ડ ફ્લાઇટ કરી લીધી, પણ જવા દે. મારે તારી સાથે વાત કરવી છે. ક્યાં બેસીએ?"

"તું મને મળવા માટે આખું પ્લેન ભાડે કરીને અહીં સુધી લાંબો થયો?" મેં કહ્યું. નીલ મારી સાથે આંખ મેળવતો નહોતો.

ત્યાં જ વેઇટર મારા માટે હોલ-વ્હીટ ટોસ્ટ લઈને આવ્યો.

"મારે જવું પડશે." મેં કહ્યું.

"મને ખબર છે." એ બોલ્યો.

"તારાથી અહીં ના અવાય. આ અમારા ફૅમિલી માટેનો પ્રાઇવેટ ડાઇનિંગ એરિયા છે."

"મને ખબર છે."

"નીલ, મારી સામે જો."

અને ફાઇનલી એણે મારી સામું જોયું. જે આંખોએ મને વારંવાર ઘાયલ કરી હતી એણે ફરી એકવાર મને ઘાયલ કરી.



હૉંગકૉંગ

બે વર્ષ પહેલાં

22

"આ તારી બેસવાની જગ્યા છે." ડિસ્ટ્રેસ્ડ ડેટ ગ્રુપની સેક્રેટરીએ મને નવી ઑફિસની મારી ડેસ્ક બતાડતાં કહ્યું, "અને જો, બારીમાંથી હૉંગકૉંગના હાર્બરનો કેવો સરસ વ્યૂ મળે છે."

મારા માટે આ તદ્દન નવું વાતાવરણ હતું. હું કૌતુકથી બધે નજરે ફેરવવા લાગી.

"નીલે તને નવ વાગ્યે એની ઑફિસમાં બોલાવી છે." કહીને બિયાન્કા નીકળી ગઈ.

મેં મારું કૉમ્પ્યૂટર ચાલુ કર્યું, ડેસ્ક પર સ્ટેશનરી ગોઠવી. મારી ક્યુબિકલના પાર્ટિશન પર મારા ફૅમિલી પિક્ચર્સ લગાડ્યાં. 9 વાગ્યા એટલે હું નીલની કૉર્નર કૅબિનમાં ગઈ.

"આહ, રાધિકા! આવ, આવ." નીલે કહ્યું. એણે મજબૂતીથી મારી સાથે હાથ મિલાવ્યો.

"તમારા લોકોના ગ્રુપમાં મને સમાવી લીધી, થૅન્કયુ," મેં કહ્યું.

"ઇટ્સ અવર પ્લેઝર. ન્યૂ યૉર્ક ઑફિસની ટૉપ ક્લાસ પર્ફોર્મર અમને ક્યાંથી મળે! ગોઠવાઈ ગઈ બરાબર?"

"ઍડજસ્ટ થઈ રહી છું. આ વીકએન્ડમાં જ હું આવી."

"રહેવાનું ક્યાં રાખ્યું છે?"

"શાન્ગ્રિલા."

"નાઇસ. તેં બ્રેકફાસ્ટ કર્યો? ચાલ, કૅન્ટીનમાં જઈને કૉફી પીએ."

"ચાલો..." મેં કહ્યું.

અમે લિફ્ટ પકડીને નીચે એકસઠમા માળે ઊતર્યાં. ગોલ્ડમન સાક્સની કૅન્ટીન વાસ્તવમાં એક કાફે જેટલી સરસ હતી. અહીં કામ કરતા લોકો ધારે ત્યારે અહીં આવીને ચાપાણી નાસ્તો કરી જાય.

નીલ અને હું કાઉન્ટર પર ગયાં. નીલે મને પૂછ્યું, "તું શું લેશે?"

"હોલ-વ્હીટ ટોસ્ટ વિથ પીનટ બટર ઍન્ડ હની." મેં કહ્યું.

ખાવાનું લઈને અમે બારી સામેના એક ટેબલ પર ગોઠવાયાં. એણે મને અમારા ગ્રુપ વિશે જાણકારી આપી.

"આપણા ગ્રુપમાં દસ પ્રૉફેશનલ્સ છે. ન્યૂ યૉર્ક જેટલું મોટું ગ્રુપ નથી. પણ ગોલ્ડમનની બીજી કોઈ પણ ઑફિસ કરતાં આપણે સૌથી ફાસ્ટ ગ્રો થઈ રહ્યાં છીએ."

હું નીલને ધ્યાનથી સાંભળતી રહી. એણે કહ્યું :

"તું જોશ ઍન્ગ અને પીટર વુની સાથે કામ કરીશ. જોશ ચાઈનાનું અને પીટર કોરિયાનું કામકાજ સંભાળે છે. આ ઉપરાંત જ્યારે જ્યારે બીજા કોઈ ડીલમાં જરૂર પડે ત્યારે તને એમાં પણ સાથે લેવામાં આવશે."

"મને ગમશે."

"જરૂર પડે તો તું સીધી મને આવીને મળે તો પણ વાંધો નથી. તારો ઇમિજિયેટ બૉસ જોશ છે પણ અહીં એવી કોઈ હાર્ડ ઍન્ડ ફાસ્ટ ફૉર્માલિટીમાં અમે માનતા નથી. તારા હોઠ પર થોડું પીનટ બટર લાગી ગયું છે."

"ઓહ," કહીને મેં ટિશ્યુથી મારો હોઠ લૂછી નાખ્યો, "આયમ સૉરી."

"ત્યાં નહીં, બીજી સાઇડ પર..."

મેં ટિશ્યુથી પાછું લૂછ્યું. શરમની મારી હું પાણી પાણી થઈ ગઈ. નીલે સ્માઇલ કર્યું. એ સ્માઈલ કરતો ત્યારે વધારે હૅન્ડસમ લાગતો.

“વેલકમ ટુ હૉંગકૉંગ.” એણે કહ્યું.

* * *

“આપણી પાસે બૅન્ક ઑફ ઇસ્ટ એશિયાનું ડીલ આવી રહ્યું છે. એમની પાસે 50 લોન્સનો પૉર્ટફોલિયો છે. એમાંની એક પણ લોનની રકમ પાછી આવી નથી. બધી બૅડ ડેટ્સમાં નાખવાની છે. બે અઠવાડિયાંમાં બિડ્સ શરૂ થાય છે.” જોશે એક મૉર્નિંગ મિટિંગમાં કહ્યું.

“બે વીક? ઓકે.” પીટર બોલ્યો.

દરેક બૅન્કમાં એવું બનતું રહેવાનું કે એમણે કશુંક ગિરવી રાખીને પાર્ટીને લોન આપી હોય પણ બહુ પ્રયત્નો પછી અને ઘણો સમય વીતી જવા છતાં ક્લાયન્ટે રકમ પાછી ન ચૂકવી હોય. ઘણી વાર બૅન્કો એવું કરે કે ક્લાયન્ટની પાછળ દોડવાને બદલે કે કોર્ટના ધક્કા ખાવાને બદલે લોનની રકમ કરતાં ઓછા ભાવે અમારા જેવી કંપનીને વેચી દે. પછી ગિરવે રાખેલી મિલકતમાંથી વસૂલી કરવાની જવાબદારી અમારી અને એમાંથી જે પ્રૉફિટ થાય તે પણ અમારો. કામકાજ ફાસ્ટ થાય એ માટે બૅન્કો આવી એક કરતાં વધુ લોન્સનું પૅકેજ ડીલ બનાવે જેને પૉર્ટફોલિયો કહે. આમ એક ઝાટકે એ લોકો પોતાના માથા પરથી જવાબદારી ખંખેરી નાખે અને ભાગતા ભૂતની લંગોટી ભલી એ ન્યાયે જે હાથમાં આવ્યું તે લઈને છૂટા થઈ જાય. આમાં અમારા માથે રાતોરાત ઘણુંબધું કામ ખડકાઈ જાય, કારણ કે બિડિંગ કરતાં પહેલાં દરેકે દરેક લોનની ફાઇલ વિગતવાર અમારે જોવી પડે કે કેટલી રકમ બાકી છે, એની સામે જે ગિરવે મુકાયું છે તેના માર્કેટમાં કેટલા આવે એમ છે.

“મને લાગે છે કે આ ડીલ આપણે નહીં લઈ શકીએ. અત્યારે આપણી પાસે બીજાં ઘણાં કામ છે.” નીલે કહ્યું.

“વાંધો ન હોય તો હું એમાં ઇન્ટરેસ્ટ લઉં?” મેં કહ્યું. બધાની નજર મારા તરફ વળી. મેં સમજાવ્યું, “અત્યારે મારી પાસે બહુ કામ નથી.”

“પચાસ કંપનીઓ છે. તારે એ બધી ફાઇલો જોવી પડશે. ફાવશે?” જોશે કહ્યું. એના બોલવામાં અમેરિકન અને ચાઇનીઝ બેઉની છાંટ હતી.

“આપણી પાસે બે વીક છે. હું વીકએન્ડમાં પણ કામ કરીશ.” મેં કહ્યું.

“હું પણ બે દિવસ આપી શકું એમ છું.” પીટરે કહ્યું.

“હું પણ...” સાયમને કહ્યું. ગ્રુપનો એ બીજો ઍનલિસ્ટ હતો. તાઇવાનનો હતો.

નીલે કૉન્ફરન્સ રૂમના ટેબલ પર પોતાની આંગળીઓ ટપારી અને કહું, “લેટ્સ ડુ ઇટ.” એ ઊભો થઈ ગયો. મીન્સ કે મિટિંગ પૂરી.

એ પછીનાં બે અઠવાડિયાં હું પ્રૅક્ટિકલી મારી ક્યુબિકલમાં જ પડીપાથરી રહી. ડૉક્યુમેન્ટ્સના બૉક્સ પર બૉક્સ મારી પાસે આવતાં અને હું એમાં ખોવાઈ જતી. હોટેલમાં હું ખાલી ઊંઘવા, શાવર લેવા અને કપડાં બદલવા જ જતી. એ ફ્રાઇડે નાઇટે તો મેં એ પણ ના કર્યું. આખી રાત કામ કરતી રહી અને ઑફિસની બારીમાંથી શનિવારનો સૂર્યોદય જોયો.

“રાધિકા, તું શું કરે છે?” નીલનો અવાજ સાંભળીને હું ચમકી ગઈ. મેં જોયું કે નીલ વર્કઆઉટ ક્લોથ્સમાં હતો. નૉર્મલી ઑફિસનાં ફૉર્મલ્સમાં લાગતો એના કરતાં ઘણો જુદો દેખાતો હતો. એણે અંડર આર્મરનું બ્લૅક ટીશર્ટ પહેર્યું હતું. આ બ્રાન્ડ મને દેબુની યાદ અપાવતી. પૉર્ટફોલિયોના કામના બોજા હેઠળ છેલ્લા ઘણા દિવસથી હું જાણે એને સાવ ભૂલી ગઈ હતી. પણ અત્યારે એકાએક એની યાદનું પૂર ધસમસતું આવ્યું અને મને તાણી ગયું. ક્યારે ભૂલી જઈશ હું એને?

"ગુડ મૉર્નિંગ, નીલ." મેં કહ્યું. "બસ, ડીલને ફાઇનલ ટચ આપી રહી હતી. મન્ડે મૉર્નિંગે રેડી થઈ જશે."

"તારી આંખ નીચે ડાર્ક સર્કલ્સ થઈ ગયાં છે. કાલે રાત્રે તું અહીંથી ગઈ જ નહીં?"

મેં સ્માઇલ કરીને હા પાડી.

"ધિસ ઇઝ ટુ મચ, રાધિકા. કામ કામની જગ્યાએ હોય." એણે મારી ક્યુબિકલના દરવાજા પર હાથ મૂક્યો. મેં એના ટીશર્ટની બાંયમાંથી એના બાયસેપ્સ જોયા.

"જિમમાં જાય છે?" મેં પૂછ્યું.

"અત્યારે માઉન્ટન હાઇક પર જઈ રહ્યો છું. મને આઉટડોર એક્સરસાઇઝ વધારે પસંદ છે."

"મઝા આવતી હશે નહીં?"

"હા. અડધુંઅડધ હૉંગકૉંગ તો કન્ટ્રી પાર્ક્સમાં ફેલાયેલું છે. ત્યાં હાઇક પર જવાની મઝા આવે."

"યા, મેં સાંભળ્યું છે."

"તારે પણ સિટીમાં હરવુંફરવું જોઈએ, ઑફિસની દુનિયામાંથી બહાર નીકળવું જોઈએ."

"શ્યૉર. એક વખત આ પૉર્ટફોલિયાનું કામ પતી જાય એટલે બસ." મેં કહ્યું અને બગાસું રોકવા મોઢા પર હાથ મૂકી દીધો.

"રાધિકા, તું હવે નીકળ અહીંથી."

"બસ, નીકળું જ છું. તું અત્યારે શું કામ અહીં આવ્યો?" મેં નીલને પૂછ્યું.

"કાલે રાત્રે ઘરે જતી વખતે મારો મોબાઇલ ઑફિસમાં જ રહી ગયો. થયું કે હાઇક પર જતી વખતે સાથે હોય તો સારું." એ એની કૅબિન તરફ ગયો અને થોડી વારમાં બહાર આવ્યો. હું કૉમ્પ્યૂટર પર સ્પ્રેડશીટ ખોલીને બેઠી હતી.

"હજુ અહીં જ છે? જા, આરામ કર."

હું હસી.

"વીસ મિનિટ. મૅક્સિમમ." મેં કહ્યું.

"ઓકે! હું નીકળું. ગુડ વર્ક, રાધિકા!"

"થૅન્ક્સ. બાય, નીલ. હૅવ અ નાઇસ હાઇક!" મેં કહ્યું. મારી નજર સ્ક્રીન પર જ હતી.

નીલ આગળ ચાલ્યો પણ સહેજ રોકાઈને પાછો વળ્યો.

"રાધિકા, મારે તને એક વાત કહેવી છે."

"શ્યૉર," મેં કૉમ્પ્યૂટર છોડીને એની સામે જોયું.

"એક ડીલ આવી રહ્યું છે. કૉન્ફિડેન્શ્યલ છે. કેટલીક કંપનીઓ દુનિયાને જણાવવા નથી માગતી હોતી કે એ કેટલી તકલીફમાં છે, કારણ કે ખબર પડી જાય તો એ લોકોના ધંધાને અસર પડે. એટલે વાત ખાનગી રાખવાની હોય છે."

"શ્યૉર, હું સમજું છું." મેં કહ્યું.

"ફિલપીન્સની કંપની છે. ગોલ્ડમન સાક્સના એશિયાના હેડને અને મને – બે જ જણાને ખબર છે. મૉર્નિંગ મિટિંગ્સમાં હું આ વાત ડિસ્કસ ના કરી શકું."

"ઓકે."

"મારે આ ડીલમાં મને મદદ કરવા માટે કોઈ અસોસિયેટની જરૂર છે. તું કરશે કામ?"

અત્યારે જે રીતે હું કામ કરી કરીને થાકી ગઈ હતી તે જોતાં બીજું કોઈ ભારે કામ માથે લેવાની મારી કોઈ તાકાત નહોતી. પણ એક કૉન્ફિડેન્શ્યલ ડીલ પર કામ કરવાનો અનુભવ લેવો અને તે પણ ડાયરેક્ટ પાર્ટનર સાથે કામ કરવું – આવો મોકો વારંવાર નહીં આવે. મેં કહ્યું,

"શ્યૉર, કામ ક્યારે શરૂ કરવાનું છે?"

"તું અત્યારનું બિડ પતાવી લે પછી હું તને બ્રીફ કરું છું. આપણે એ કંપનીના લોકોને પણ મળવું પડશે."

"શ્યૉર. ક્યાં જવાનું છે?"

"એ હું તને કહીશ. બહુ જલદી એ લોકોને મળવાનું થશે. અત્યારે બાય અને તું અહીંથી જલદી નીકળ." કહીને નીલ જતો રહ્યો.

* * *

વૉટ ધ હેલ. દેબુએ મને ફેસબુક પર અનફ્રેન્ડ કરી નાખી હતી. હૉંગકૉંગ આવીને પહેલી વાર હું કામ પતાવીને વહેલી વહેલી પાંચ વાગે હોટેલ પર પહોંચી. પૉર્ટફોલિયો માટે મેં જે પ્રેઝન્ટેશન આપ્યું તે બધાને ગમી ગયું હતું. અમે બૅન્કને એની બાકી નીકળતી રકમના 14 ટકા જેટલી રકમ ઑફર કરી હતી. કામ કરીને થાકીને લોથ થઈ ગઈ હતી. રૂમ પર જઈને લાંબી ઊંઘ ખેંચી કાઢવી હતી. પણ ભૂલ મેં એ કરી કે લૅપટૉપ ખોલીને ફેસબુકમાં લૉગઇન થઈ. ઇડિયટની જેમ દેબાશિષ સેનનો પ્રોફાઇલ ચેક કરવા ગઈ તો ખબર પડી કે મારા ફ્રેન્ડ્ઝ લિસ્ટમાંથી એ નીકળી ગયો છે.

મારી પાસે એનો ફોન નંબર નહોતો. એના બધા જ ઇમેલ મેં ડિલીટ મારી દીધા હતા. મને મન થઈ આવ્યું કે હું અવિનાશને ફોન કરીને દેબુનો નંબર લઉં પણ મેં મારી જાતને રોકી રાખી અને ટીવી ચાલુ કર્યું. મોટા ભાગની ચૅનલો પર ચાઇનીઝમાં જ બોલાતું હતું. એક ચૅનલ પર ફૅમિલી ડ્રામાની સિરિયલ ચાલતી હતી. એકે શબ્દ સમજાતો નહોતો, પણ સ્ક્રીન પર કોઈ છોકરી રડ્યા કરતી હતી. કદાચ એના જૂના પ્રેમીને યાદ કરીને. ખબર નહીં કેમ પણ એની સાથે મેં પણ રડવાનું ચાલુ કરી દીધું. ઓશીકું દબાવીને ખૂબ રડી હું. કેટલા દિવસોથી મેં મારી જાતને રોકી રાખી હતી. હૉંગકૉંગ આવીને તરત હું કામમાં ગળાડૂબ થઈ ગઈ હતી. મને લાગતું હતું કે હું દેબુને સાવ ભૂલી ગઈ છું. પણ અત્યારે લાગતું હતું કે હું એને આટલું પણ નથી ભૂલી.

શું કામ એણે મને અનફ્રેન્ડ કરી હશે? હું વધારે જોરથી રડવા માંડી. રૂમની બધી જ લાઇટો બંધ કરીને મેં મિનિબાર ખોલ્યો. વ્હિસ્કી અને વૉડકાની મિનિયેચર બૉટલો હતી – એક એક પેગ જેટલી. હું ધડાધડ ચાર બૉટલો ઠોકીને પથારીમાં પડી. મારા મગજ પર કોઈ હથોડા મારતું હોય એવું લાગતું હતું. કોણ હતું એ? દેબુ? હું ક્યારે ભૂલી શકવાની એને?

મેં આંખો બંધ કરી લીધી. હું નશામાં સરી પડી. ઘસઘસાટ ઊંઘી ગઈ. કેટલા દિવસોથી પૂરી ઊંઘ નહોતી લીધી. ઊંઘતી જ રહી.

મારા ફોનની રિંગ વાગી અને હું જાગી. માથું સખત ભમતું હતું. મેં એક આંખ જરાક ઉઘાડીને જોયું કે કોનો ફોન હતો. નીલનો હતો.

અરે બાપ. લાઇટ ઑન કરીને હું બાથરૂમમાં દોડી. મોઢા પર પાણી છાંટ્યું અને પછી ફોન લીધો.

"હેલો?" મારો અવાજ અસ્પષ્ટ હતો.

"સૉરી, તું સૂતી હતી? બહુ મોડો ફોન કર્યો મેં?" નીલે પૂછ્યું.

મેં ટાઇમ જોયો. હજુ ખાલી રાતના સાડા આઠ જ થયા હતા.

"ના, ના. આ તો જરા ઝપકી આવી ગઈ હતી. સૂવાને તો હજુ બહુ વાર. સૉરી, આજે ઑફિસેથી જરા વહેલી નીકળી ગઈ." મેં કહ્યું.

"તને આરામની સખત જરૂર છે. સૉરી, તને અડધી ઊંઘમાંથી જગાડી."

"ના, ના. કોઈ વાંધો નહીં. આમેય હું ઊઠવાની જ હતી." હું કંઈ પણ બકી રહી હતી.

"મેં તને એટલા માટે ફોન કર્યો કે તું કાલે સવારે સાડા સાતે ઑફિસે આવી શકે?"

"હં? હા. જરૂર."

"મારે તને ફિલપીન્સના ડીલ વિશે બ્રીફ કરવાની છે. બેટર છે કે બીજા લોકો આવી જાય એ પહેલાં આપણે વાત કરી લઈએ."

"અફકોર્સ," મેં કહ્યું.



23

"ઑરેન્જ જ્યૂસ કે શૅમ્પેન?" કૅથે પેસિફિકની ફ્લાઇટ ઍટેન્ડન્ટ નીલ પાસે ટ્રે ધરીને ઊભી રહી.

"ઑરેન્જ જ્યૂસ, પ્લીઝ. શૅમ્પેન માટે બહુ વહેલું કહેવાય." નીલે કહ્યું.

મેં પણ જ્યૂસ લીધો. મનિલા જતી મૉર્નિંગ ફ્લાઇટના બિઝનેસ ક્લાસમાં અમે બેઠાં હતાં. મારી આ પહેલવહેલી રિયલ બિઝનેસ ટ્રિપ હતી. ઑફિસના કામ માટે બીજી કન્ટ્રીમાં હું ક્યારેય ગઈ નહોતી.

"તો તને અલ કાસા વિશે શું લાગે છે?" નીલે પૂછ્યું.

અલ કાસા સીપ્લેન ઍન્ડ રિઝોર્ટ્સ નામની કંપની ફિલપીન્સના દસ ટાપુઓ પર ટૉપ ક્લાસની હોટેલો ચલાવતી હતી. આડેધડ દેવું કરીને મુસીબતમાં ફસાઈ ગઈ હતી. અધૂરામાં પૂરું ત્યાં સાઇક્લોનને કારણે કુદરતી આપત્તિઓ વધી ગઈ હતી અને ટૂરિસ્ટો ઘડી ગયા હતા.

નીલ મને પૂછી રહ્યો હતો, "આ ડીલ માટેની તારી ગટ ફીલિંગ શું કહે છે?"

"મારી ગટ ફીલિંગ?" મને નવાઈ લાગી. મેં કહ્યું, "એક રીતે જોઈએ તો અલ કાસા પાસે બધી જ પ્રાઇમ પ્રૉપર્ટીઝ છે. એકદમ પ્રીમિયમ જગ્યાઓ છે પણ આ જ એની મુસીબત છે. આટલી મોંઘી જગ્યાઓના ખરીદારો પણ ઘણા ઓછા હોવાના. પ્લસ મને લાગે છે કે ફિલપીન્સના કાયદાઓ, ત્યાંનું પૉલિટિક્સ – આને લીધે ઇન્વેસ્ટરો અહીં આવતાં ડરતા હશે." મેં કહ્યું.

"બરાબર છે. તું જે દિશામાં વિચારે છે એ એકદમ પ્રૉપર છે. બધું વિચારી રાખ્યું છે તેં." નીલે કહ્યું અને પૂછ્યું, "તો હવે ત્યાં જઈને આપણે શું કરવું જોઈએ તારા હિસાબે?"

"કોઈ બાયર શોધવો જોઈએ." મેં કહ્યું.

"મતલબ?"

"આપણે બિગ હોટેલ ચેન્સ સાથે વાટાઘાટ કરવી જોઈએ. આ બિઝનેસ એવો છે જેને ટૉપની ગ્લોબલ બ્રાન્ડ સાથે જોડવામાં જ ફાયદો છે, નહીં તો પૈસાદાર લોકો નહીં આવે આવી જગ્યાએ. મને લાગે છે કે અમન રિઝોર્ટ્સ, ફોર સીઝન્સ કે એવી જ કેટેગરીના કોઈ ગ્રુપ સાથે વાત ચલાવવી જોઈએ."

નીલે મારી તરફ જોયું. મને એની આંખોમાં મારા માટેનો આદર દેખાયો.

"યુ આર સ્માર્ટ." એ બોલ્યો.

"નૉટ રિયલી," હું બેવકૂફની જેમ બોલી પડી.

"એટલે?"

"એટલે કંઈ નહીં. થૅન્કયુ. હું આ ડીલની વિગતો સાથે લાવી છું. બતાવું?"

"શ્યૉર." એણે કહ્યું.

એ પછીના એક કલાક સુધી મેં નીલની સામે આંકડાની મગજમારી પેશ કરી. કંપનીએ પચાસ મિલિયન ડૉલરની લોનો લઈ રાખી હતી. એમાંથી માંડ અડધી રકમ ચૂકવી શકે એમ હતું. નીલ ધ્યાનથી મને સાંભળતો રહ્યો અને જરૂર પડે ત્યાં મને સવાલો પૂછતો રહ્યો.

ફ્લાઇટ અટેન્ડન્ટે અમને બ્રેકફાસ્ટ સર્વ કર્યો : ફ્રૂટ, સિરિયલ, મિલ્ક અને ઑમલેટ.

"આ ઉપરાંત પણ મારી પાસે એક ઑપ્શન છે." મેં કહ્યું. પણ નીલે મને રોકી.

"તું આખો દિવસ કામ, કામ ને કામ જ કરે છે કે બીજું કંઈ વિચારે છે?" એણે કહ્યું.

"ના, આ તો જસ્ટ..."
"શાંતિથી ખાઈ લઈએ. કામની વાતો પછી... હૉંગકૉંગ કેવું લાગ્યું તને?"
"કામ કરવાની મઝા આવે એવું છે. બધું જ કેટલું નજીક નજીક છે નહીં!" મેં કહ્યું.
"તને અપાર્ટમેન્ટ મળી ગયો?"
"હા. ઓલ્ડ પીક રોડ પર લીધો. નેક્સ્ટ વીકથી ત્યાં રહેવા જઉં છું."
"સારો એરિયા છે એ."
હોવો જ જોઈએ. પરદેશથી અહીં સેટલ થનારાઓનો ફેવરિટ વિસ્તાર છે. મારા દોઢ બેડરૂમના અપાર્ટમેન્ટ માટે હું મહિને કેટલું ભાડું ભરવાની હતી ખબર છે? છ હજાર ડૉલર. અમેરિકન ડૉલર. દર મહિને.
"તું ક્યાં રહે છે?" મેં પૂછ્યું.
"રિપલ્સ બે પર. સાઉથ સાઇડ. આવજે ક્યારેક. ઘણી વખત હું ટીમને ડિનર માટે મારે ત્યાં ઇન્વાઇટ કરતો હોઉં છું."
"શ્યૉર." મેં કહ્યું.
એ ટોસ્ટ પર જામ લગાડતો હતો. મારું ધ્યાન એની સુડોળ આંગળીઓ તરફ ગયું. પછી એ જે બોલ્યો તેને લીધે હું ચોંકી ગઈ. એ બોલ્યો,
"કુસુમને ગમશે તને મળવાનું."
"કુસુમ?" મેં પૂછ્યું.
"મારી વાઇફ. અમારે બે કિડ્સ છે. સિયા અને આર્યન. સેવન ઍન્ડ થ્રી."
અફકોર્સ, આટલો ડિઝાયરેબલ પુરુષ ન પરણ્યો હોય તો જ નવાઈ.
"ઓહ, હાઉ નાઇસ." મેં કહ્યું.
"યા. અને તું? તારું ફૅમિલી ક્યાં રહે છે?"
"દિલ્હી. મૉમ અને ડૅડ છે. મોટી સિસ્ટર છે."
"ગ્રેટ. તારાં પૅરન્ટ્સની તું બહુ ક્લૉઝ છે?"
"એક રીતે જોઈએ તો હા. ડૅડ બહુ ઓછાબોલા છે પણ મૉમ સાથે હું બહુ ક્લોઝ છું. અમે આખો વખત ઝઘડતાં જ હોઈએ! મોટેભાગે એ મને પરણી જવાની સલાહ આપે એમાં જ ઝઘડા થતા હોય છે."
"ઓહ, તું તો કેટલી યંગ છે. આટલું જલદી પરણવાનું શું કામ?"
"ઍક્ઝેટલી, હું પણ એને એ જ કહેતી હોઉં છું... તેં ક્યારે ઇન્ડિયા છોડ્યું?"
"બાર વર્ષનો હતો. એ પછી લંડનમાં. ઑક્સફર્ડમાં ગ્રૅજ્યુએશન સુધી. પછી હાર્વર્ડ જઈને MBA કર્યું. કુસુમ મને ત્યાં જ મળી."
"અચ્છા, કૉલેજ સ્વીટહાર્ટ્સ!" મેં કહ્યું. મને લાગ્યું કે મારે બોલવામાં જરા સંયમ રાખવો જોઈતો હતો. આફ્ટરઑલ એ મારા બૉસનો પણ બૉસ હતો.
"કંઈક એવું જ." કહીને એ હસ્યો.
ફ્લાઇટ લૅન્ડ થવાની તૈયારીમાં છે એવી કૅપ્ટનની ઍનાઉન્સમેન્ટ થઈ. અમારી વાતો અધૂરી રહી. પ્લેન મનીલા સિટી પર ચકરાવો લેતું હતું ત્યારે નીલે અમારી વાત સાંધીને કહ્યું,
"તેં ન્યૂ યૉર્ક કેમ છોડ્યું?"
"પર્સનલ રિઝન્સ," મેં ગોખી રાખેલો જવાબ આપ્યો.
"ઓહ, આયમ સૉરી, આય ડિડ્ન્ટ મીન ટુ..." નીલ કહી રહ્યો હતો પણ મેં એને અધવચ્ચે અટકાવીને કહ્યું,
"મારું બ્રેક-અપ થઈ ગયું. બહુ ખરાબ રીતે અમે છૂટાં પડ્યાં હતાં."

નીલે મારી તરફ જોયું. એની લાંબી આઇબ્રો ઊંચકાઈ.
"રિયલી?" એ બોલ્યો.
"હા. કેમ?" મેં પૂછ્યું.
"તું એક બૉયફ્રેન્ડને ભૂલવા માટે છેક આટલે સુધી આવી?"
"હા. એક એવા બૉયફ્રેન્ડને ભૂલવા જેણે મને એની જિંદગીમાંથી કાઢી મૂકી."
ફરી મને લાગ્યું કે હું લાઇન ક્રૉસ કરી રહી હતી. કંપનીના પાર્ટનર સાથે આવી પર્સનલ વાતો ન થાય. નીલ એનો સીટબેલ્ટ સરખો કરવા લાગ્યો. એને ખબર ન પડી કે શું જવાબ આપ્યો.
"વેલ, ઍનીવે. વેલકમ ટુ ફિલપીન્સ." એ બોલ્યો.
એક નાનકડા થડકારા સાથે ફ્લાઇટ લૅન્ડ થઈ.

* * *

"અલ કાસાને બનાવવા મેં મારી જિંદગીનાં કેટલાંય વર્ષો હોમી દીધાં. ખબર નહીં કેમ, પણ મારે દુનિયાને દેખાડવું હતું કે મારો દેશ કેટલો ખૂબસૂરત છે." માર્કોસ કહી રહ્યો હતો. મનિલાથી અમે ફિલપીન્સની દક્ષિણે આવેલા પલાવન આવવાની કનેક્ટિંગ ફ્લાઇટ પકડી હતી. પલાવનમાં અલ કાસાની ઑફિસ હતી. એનો ગોળમટોળ માલિક અને સીઈઓ માર્કોસ સેરિનો ફુલપત્તીની ડિઝાઇનવાળું બ્રાઇટ કલરનું હવાયન શર્ટ પહેરીને અમારી સામે બેઠો હતો.
"તમારો દેશ ખરેખર બ્યુટીફુલ છે. ઍરપૉર્ટથી અહીં આવતાં સુધીમાં અમને ખાતરી થઈ ગઈ." નીલે માર્કોસને કહ્યું.
"આ તો કંઈ નથી. તમારે અમારા રિઝોર્ટ્સ જોવા જોઈએ." માર્કોસે કહ્યું અને ઉમેર્યું, "મારાં સીપ્લેનમાં તમે એ બધા આયલૅન્ડ રિઝોર્ટ્સની મુલાકાત લઈ શકશો."
"શ્યૉર," નીલે કહ્યું. ક્લાયન્ટનું માન જાળવવા ઉપરાંત અમારે ખરેખર ત્યાં જઈને જોવું હતું કે એ બધા રિઝોર્ટ્સ એક દિવસના સ્ટેના થાઉઝન્ડ અમેરિકન ડૉલર ચાર્જ કરે છે તો ખરેખર એટલાં લક્ઝુરિયસ છે કે નહીં. માર્કોસે એની સેક્રેટરીને પેન્ગાલુસિયન આયલૅન્ડના અલ કાસામાં બે રૂમ બુક કરવાનું કહી દીધું. અમારી ટ્રાવેલ ઍરેન્જમેન્ટ માટે સૂચનાઓ અપાઈ ગયા પછી માર્કોસ બોલ્યો,
"નાઉ લેટ અસ ટૉક બિઝનેસ."
"મારી કલીગ રાધિકાએ પેપરવર્ક કર્યું છે, તમને સમજાવશે." નીલે કહ્યું.
મેં ફાઇનાન્શ્યલ મૉડલની કૉપીઝ કાઢીને માર્કોસના હાથમાં મૂકીને કહ્યું,
"જે બૅન્ક્સ પાસેથી તમે લોન્સ લીધી છે એ બધી બૅન્ક્સ આગળ આપણે એવું પિક્ચર ઊભું કરવાનું છે કે તમારી આ દસેય પ્રૉપર્ટીઝ નકામી છે અને બિઝનેસ થઈ શકે એમ જ નથી. તમારે આવું પિક્ચર ઊભું કરવામાં અમારો સાથ આપવાનો છે."
"પણ કેમ?"
"કારણ કે બૅન્કોને જો આવી ખાતરી થશે તો જ અમે એમની પાસેથી સસ્તામાં તમારી લોન્સની જવાબદારી લઈ શકીશું. એ પછી અમે નવો બાયર શોધીશું અને અમને જે મળશે એમાંથી ટ્વેન્ટી પર્સેન્ટ તમને આપીશું."
માર્કોસની આંખો પહોળી થઈ ગઈ. એણે નીલ સામે જોયું.
"એ બહુ એક્સપર્ટ છે આ બધી બાબતોમાં." નીલે કહ્યું.
"નવો માલિક મારા જૂના માણસોને કાઢી મૂકશે તો?" માર્કોસે કહ્યું.

"એ તો નવા ઓનરની મુનસફી છે."

"મારાથી એ નહીં બને. મારા એક પણ માણસને નવો માલિક કાઢી મૂકવાનો હોય તો મારે ડીલ નથી કરવું." માર્કોસે કહ્યું.

મેં નીલ સામે જોયું. મડાગાંઠ સર્જાઈ રહી હતી. નવો ઓનર જૂના સ્ટાફને રિપ્લેસ ન કરી શકે એવી શરત મૂકવાથી કંપનીની વેચાણ કિંમત ઘટી જતી હતી.

"પાંચ વરસ સુધી કોઈને કાઢવામાં નહીં આવે, ઓકે?" નીલે કહ્યું. માર્કોસ વિચારમાં પડી ગયો. પછી તરત માની ગયો.

"લેટ્સ ડુ ઇટ." માર્કોસે કહ્યું. અમે પરસ્પર હાથ મેળવ્યા. પ્રિન્સિપલી ઍગ્રીમેન્ટ પાકો.

"હું કાલે તમને ટર્મ શીટ મોકલું છું." મેં કહ્યું.

"આ છોકરીને કામનું વળગણ લાગે છે." માર્કોસે કહ્યું, "કોઈ ઉતાવળ નથી. થોડા દિવસ પછી મોકલશો તો ચાલશે. આ ફિલપીન્સ છે. અહીં કામ સિવાય પણ જિંદગીમાં બીજું ઘણું કરવાનું હોય છે."

પણ મારી જિંદગીમાં કામ સિવાય બીજું કશું કરવાનું નથી, મેં વિચાર્યું. મેં માર્કોસને સ્માઇલ આપ્યું.

"મારો બિયર ટ્રાય કરો. ફિલપીન્સનો નંબર વન છે." કહીને માર્કોસે એની ડેસ્ક પાછળનું ફ્રિજ ઉઘાડ્યું.

* * *

માર્કોસના ફોર સીટર સીપ્લેનમાં અમે પંદર મિનિટમાં પલાવનથી પેન્ગાલુસિયન આયલૅન્ડ પર પહોંચી ગયાં. ક્રિસ્ટલ બ્લ્યુ સમુદ્ર, સફેદ રેતીવાળા બીચ અને ઘટાટોપ હરિયાળી ફેલાવતાં ઝાડ. ટાપુ અડધો કિલોમીટર લાંબો અને બસો મીટર પહોળો હતો. આવા દસ ટાપુઓ પર માર્કોસની દસ રિઝોર્ટની પ્રૉપર્ટીઓ હતી અને ફિલપીન્સ દેશમાં આવાં નાના મોટા હજારો ટાપુઓ હતા. સીપ્લેને દરિયાનાં પાણી પરથી જ ટેક ઑફ કર્યું હતું અને પાણી પર જ લૅન્ડ કર્યું. અમે પ્લેનમાંથી ઊતરીને પાણીમાં ચાલીને રેતી સુધી પહોંચી ગયાં. બે પૉર્ટરોએ અમારો સામાન ઊંચકી લીધો. રિઝોર્ટના મૅનેજરે અમને આવકાર આપ્યો.

"યુ મસ્ટ બી મિસ્ટર માર્કોસ સેરીનોઝ સ્પેશ્યલ ગેસ્ટ. વેલકમ ટુ અલ કાસા પેન્ગાલુસિયન. મારું નામ કાર્લોસ, રિઝોર્ટનો મૅનેજર છું."

એ અમને અમારી પોતપોતાની રૂમ તરફ લઈ ગયો. દરેક રૂમ પાણીમાં પાયા નાખીને સમુદ્રથી અધ્ધર ઊભી કરેલી કૉટેજ હતી.

"તમે બાલકનીમાં બેઠાં બેઠાં અહીં તમારી કૉટેજ નીચેનાં બ્લ્યુ વૉટર્સમાં માછલીઓ જોઈ શકશો." કાર્લોસે કહ્યું.

મેં મારો સામાન રૂમમાં મૂક્યો. રૂમની ફર્શ લાકડાની હતી અને ઉપર નળિયાનું છાપરું હતું. મને સખત થાક લાગ્યો હતો. હું ફ્રેશ થઈને રિસેપ્શન એરિયામાં આવી. નીલ કાર્લોસ સાથે ગપ્પાં મારી રહ્યો હતો.

"બહુ જ સરસ જગ્યા છે." નીલ કહી રહ્યો હતો.

"થૅન્કયુ, સર." કાર્લોસ બોલ્યો.

હું પણ એ બંને સાથે વાતોમાં જોડાઈ. મેં કાર્લોસને કહ્યું, "મારે તારી સાથે જરા નિરાંતે વાત કરવાની છે. બિઝનેસને લગતી, આ રિઝોર્ટ વિશે."

"હા, મને મિસ્ટર સેરીનોએ જાણ કરી છે."

"પછી નિરાંતે તને મળું છું." મેં કહ્યું. નીલ હસ્યો. કામ કરવાની એક પણ તક હું છોડતી નથી એવું એને લાગ્યું હશે. કાર્લોસ અમને છુટ્ટાં મૂકીને લૉબીમાં એના કામે ગયો. સૂર્યાસ્તને હજુ કલાકેકની વાર હતી.

"બૅન્કને આ લોકોની લોન પેટે શું ઑફર આપવી એનો સર્વે આવતાંની સાથે જ ચાલુ કરી દીધો ને?" નીલ બોલ્યો.

"બિલકુલ. અને આ ડીલ તો કરવું જ પડે એમ છે. કેટલી સરસ જગ્યા છે!" મેં કહ્યું.

"યા. સારું થયું અહીં આવ્યા. મને ખબર નહીં કે આટલી એમેઝિંગ જગ્યા હશે."

"આપણને બાયર તો મળી રહેશે ને આ જગ્યા ખરીદવા માટે?" મેં પૂછ્યું.

"તું પણ કમાલ છે. અહીં આટલો સરસ વ્યૂ જોવાને બદલે તારે બાયરની ચિંતા કરવી છે!"

"સૉરી."

અમે લૉબીમાંથી બહાર નીકળીને બહાર આવ્યા. અમારી સામે ખુલ્લો દરિયો દેખાયો. સમુદ્રની વચ્ચોવચ્ચ દેખાતી ચટ્ટાનોને લીધે વ્યૂ ઓર રોમૅન્ટિક બની જતો હતો.

"આજે બાકીની આખી સાંજ તું શું કરવાનું ધારે છે?" નીલે પૂછ્યું.

"મારે ટર્મ શીટ બનાવવાની છે." મેં કહ્યું.

"કમ ઑન. એ કામ તું ઑફિસ પાછા જઈએ ત્યારે કરજે. રાત્રે ડિનર પહેલાં આયલૅન્ડનું એક ચક્કર મારીએ."

"શ્યૉર." મેં કહ્યું.

"તો કપડાં બદલીને વર્કઆઉટ ક્લોથ્સમાં આવી જઈએ. ત્રીસ મિનિટમાં પાછાં અહીં જ મળીએ." નીલે કહ્યું.

* * *

નીલ અને હું આયલૅન્ડના બે કિલોમીટરના ચક્કરને કાપતાં ચાલતાં હતાં. સમુદ્ર પર જાણે સ્વર્ગ ઊતરી આવ્યું હોય એવા કુદરતી સૌંદર્યને માણતાં માણતાં હું ટહેલવાના મૂડમાં હતી. ત્યાં જ નીલ બોલ્યો,

"આપણે જરા ઝડપથી ચાલીએ. મઝા આવશે." નીલ લાંબા ડગલાં લેવા લાગ્યો. મારાથી આગળ નીકળી ગયો. વર્કઆઉટ ક્લોથ્સમાં એ સોહામણો લાગતો હતો. ઘૂંટણ સુધીના બ્લૅક શૉર્ટ્સની ઉપર નાઇકીનું નિયોન ગ્રીન ટીશર્ટ પહેર્યું હતું.

મેં ગ્રે ટ્રેક પેન્ટ્સ પર વ્હાઇટ ટી શર્ટ ચડાવ્યું હતું.

"તું ખરેખર ફિટનેસમાં માને છે." મેં કહ્યું.

"બહુ નહીં."

"કેમ? તે દિવસે હાઇક, આજે બ્રિસ્ક વૉક."

"જેટલું થાય એટલું કરવાનું. મારી ઉંમરે મેટાબોલિઝમ ઘટી જાય પછી ફિટ રહેવાનું આસાન નથી હોતું."

"યુ લુક સો ફિટ." મેં કહ્યું. મારે આવું બોલવું જોઈએ? પાર્ટનર જેવી ઑફિસની સિનિયર વ્યક્તિના મોઢે એના ફિઝિકલ અપિયરન્સના વખાણ કરવાનું સારું કહેવાય?

"થૅન્ક્યુ," એ બોલ્યો, "આયમ ઓલ્ડ નાઉ. ફોર્ટી ફાઇવ."

"એ કંઈ ઓલ્ડ ન કહેવાય." મેં કહ્યું. પણ શું કામ કહ્યું?

એ હસ્યો, "રિયલી? હાઉ ઓલ્ડ આર યુ. સૉરી, છોકરીઓની ઉંમર ન પુછાય."

"આયમ ટ્વેન્ટી ફાઇવ. છવ્વીસમું ચાલે છે."

"તો તો તું બહુ યંગ કહેવાય. આ ઉંમરે કેવાં મોટાં મોટાં ડીલને સક્સેસફુલી પાર પાડી રહી છે."

"હું લકી છું, એટલું જ."

"માત્ર લકી જ નહીં, ખૂબ ટૅલેન્ટેડ છે તું, સખત મહેનત પણ કરી જાણે છે. લક એ પછી આવતું હોય છે."

મેં એની સામે જોઈને સ્માઇલ કર્યું.

"થૅન્ક્સ." મેં કહ્યું.

"તું તો મારા કરતાં વીસ વર્ષ નાની છે. હવે હું મને વધારે ઓલ્ડ લાગું છું." નીલ બોલ્યો.

"તું પિસ્તાળીસ વર્ષે ગોલ્ડમન સાક્સનો પાર્ટનર છે. આ ઉંમરે ભાગ્યે જ કોઈ અહીં સુધી પહોંચે. પ્લસ, તું દેખાય છે પણ સરસ."

હવે એની માને આવું બધું ભરડવાની શું જરૂર હતી મારે? તું દેખાય છે પણ સરસ! તું તારી કંપનીના એશિયાના ડિસ્ટ્રેસ્ડ ડેટ્સના હેડ સાથે વાત કરી રહી છે. રાધિકા, જબાન કો લગામ દો.

"થૅન્કયુ. આ ઉંમરે આવું મધુર મધુર સાંભળવા ઓછું મળે છે!"

અમે આયલૅન્ડનું ચક્કર લગાવીને રિઝોર્ટ પર પાછાં આવ્યાં.

"ડિનર? કલાક પછી? હું શાવર લઈને તને રેસ્ટોરાંમાં મળું."

"શ્યૉર." મેં કહ્યું.

"પણ એ પહેલાં હું આયલૅન્ડના થોડા ચક્કર દોડી આવું."

"હું તો આળસુની પીર છું."

"આરામ કર. થાકી ગઈ હોઈશ, મળીએ."



24

"શૅમ્પેન, સર, કર્ટસી મિસ્ટર માર્કોસ સેરીનો." કહેતાંક કાર્લોસ આવ્યો અને ડોં પેરિન્યોંની ચિલરમાં મૂકેલી બૉટલ ટેબલ પર ગોઠવીને જતો રહ્યો. અમે રિઝોર્ટની ઓપન એર રેસ્ટોરાંના એક ખૂણે બેઠાં હતાં. સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. સમુદ્રનાં પારદર્શક પાણીમાં આકાશના ઘેરા થતા જતા કેસરી લીસોટાના પ્રતિબિંબ દેખાતાં હતાં. રેસ્ટોરાંમાં છ જ ટેબલ હતાં. દરેક ટેબલ પર થોડીક મીણબત્તીઓ પ્રકાશતી હતી.

આખી રેસ્ટોરાંમાં ખાલી અમે જ હતાં.

"તું લેશે?" નીલે ચિલરમાંથી બૉટલ ઉઠાવતાં કહ્યું.

"યસ, પ્લીઝ." મેં કહ્યું.

નીલે જેન્ટલમૅનને છાજે એ રીતે ઊભા થઈને મારા માટે શૅમ્પેનનો ગ્લાસ ભર્યો.

"થૅન્કયુ." મેં કહ્યું.

"યુ આર વેલકમ." નીલે કહ્યું અને અમે ગ્લાસ ટકરાવીને ટોસ્ટ કર્યો.

"ટુ મેની મોર ડીલ્સ." નીલે કહ્યું.

"એસ્પેશ્યલી એવા ડીલ્સ જેની પાસે ઍસેટ્સમાં આવા પ્રાઇવેટ ટાપુઓ હોય." મેં કહ્યું. અમે બંને હસી પડ્યાં.

વેઇટર્સ અમારા માટે સીફુડની જાતજાતની વાનગીઓ લાવતો રહ્યો. બધી જ વસ્તુઓ દરિયામાંથી તાજી પકડેલી ફિશ વગેરેમાંથી બનેલી. દરેકે દરેક વાનગી સ્વાદિષ્ટ હતી.

એક વેઇટર અમારા માટે હાર્ટ શેપની રેડ વેલવેટ કેક લઈ આવ્યો અને બોલ્યો :

"ફોર ધ લવલી કપલ."

હું ચોંકી ગઈ. મને ખબર ના પડી કે મારે શું કહેવું. હું માંડ માંડ બોલી, "ઓહ, ઍક્ચ્યુલી અમે બંને..."

નીલે બાજી સાચવી લીધી. એણે વેઇટરને કહ્યું,

"થૅન્ક્યુ ફોર ધ કેક. પણ હાર્ટ શેપની ના હોત તોય ચાલત. અમે કપલ નથી."

વેઇટરે આશ્ચર્ય સાથે અમારી સામે જોયું.

"અમે અહીં બિઝનેસ ટ્રિપ પર આવ્યાં છીએ." મેં કહ્યું. વેઇટર ઓર કન્ફ્યુઝ્ડ થઈ ગયો. પેન્ગાલુસિયન આયલૅન્ડ પર બિઝનેસ માટે કોઈ આવતું હશે?

નીલે સ્માઇલ કર્યું.

"થૅન્ક્સ ફોર ધ કેક." નીલે ફરી કહ્યું. વેઇટર જતો રહ્યો. અમે ખડખડાટ હસી પડ્યાં. નીલે ફરીથી અમારા બંનેના ગ્લાસ શૅમ્પેનથી ભર્યા.

બે ગ્લાસ પીધા પછી હું એકદમ મઝામાં થઈ ગઈ.

"વેઇટર પણ કમાલનો હતો." હું બોલી.

"સાચું કહું, મને તો એણે જે કહ્યું તે સાંભળીને સારું લાગ્યું." નીલે કહ્યું.

"રિયલી? કેમ?" મેં પૂછ્યું. આમ તો મને ખબર હતી કે એને શું કામ સારું લાગ્યું હતું. મારે એના મોઢે મારાં વખાણ સાંભળવાં હતાં.

"મારી આ ઉંમરે પણ હું તારી સાથે હોઉં ત્યારે આપણે કપલ છીએ એવું કોઈને લાગે તો મને સારું જ લાગે ને! મારા માટે તો કૉમ્પ્લીમેન્ટ કહેવાય."

"સાચું જ છે ને. તું રનિંગ વગેરેથી તારી જાતને ફિટ રાખે છે એટલે યંગ લાગે છે."

અમે ફરી અમારા ગ્લાસ ટકરાવ્યા. મને ખબર નથી કે મારા પેટમાં ગયેલા શૅમ્પેનને લીધે કે પછી અહીંના બ્યુટીફુલ સરાઉન્ડિંગને કારણે કે પછી નીલ મને કમ્ફર્ટેબલ ફીલ કરાવતો હતો તેને કારણે, હું નિઃસંકોચ બોલ બોલ કર્યા કરતી હતી.

"તારે તારી વાઇફ જોડે અહીં આવવું જોઈએ." મેં કહ્યું.

"હં?" નીલને સહેજ નવાઈ લાગી. પછી બોલ્યો, "યા, કુસુમને આ જગ્યા ગમી જવાની. કોને ના ગમે? તને ગમી?"

"ખૂબ જ. હાર્ટ બ્રેક પછી વૅકેશન માટે આવવાની બેસ્ટ જગ્યા છે આ..." કહીને મેં નાઇફ વડે હાર્ટ શેપની કેક કાપી.

"ક્વાઇટ સિમ્બોલિક!" નીલે કહ્યું, "તારા બ્લીડિંગ રેડ વેલવેટ હાર્ટ પર છૂરી ચલાવી દીધી!"

હું હસી પડી અને બોલી, "ઑલમોસ્ટ આવું જ બનેલું મારી સાથે. વપરાયેલા ટિશ્યુની જેમ ડિસ્કાર્ડ કરી નાખી મને. ટીવીની ચૅનલ બદલે એટલી આસાનીથી બદલી કાઢી."

"આયમ સૉરી, પણ મને નવાઈ લાગે છે."

"શેની નવાઈ લાગે છે?" મેં પૂછ્યું.

"તને કોણ આવી રીતે જવા દે? તું જેને પ્રેમ કરતી હતી એ બ્રૅડ પિટ હતો કે શું?"

હું હસી. "ના રે. રેગ્યુલર જૉબ કરતો હતો. મેડિસન એવન્યુ પર. કેમ?"

"તારા જેવી છોકરીને કોઈ કેવી રીતે જવા દે?" નીલે કહ્યું.

મારા ચૂર ચૂર થઈ ગયેલા દિલને આ શબ્દોએ ઘણી શાતા આપી.

"હું એટલી બધી પણ કંઈ સારી નથી." મેં કહ્યું. કદાચ નીલ પાસેથી હજુ વધારે વખાણ સાંભળવાં હતાં. એના શબ્દોથી મારી સેલ્ફ એસ્ટીમ પાછી આવી રહી હતી.

"હું કંઈ તારાં ખોટેખોટાં વખાણ નથી કરતો. પ્રૉફેશનલી કે પર્સનલી મેં તારા જેટલી ઍમેઝિંગ વ્યક્તિ હજુ સુધી આખી લાઇફમાં ક્યારેય નથી જોઈ." નીલે કહ્યું.

નીલ જેવા હૅન્ડસમ અને મોસ્ટ ડિઝાયરેબલ પુરુષને હું ખરેખર ઍટ્રેક્ટિવ લાગતી હોઈશ? મારા માટે આ બધું ટૂ મચ હતું. મને ખબર નહોતી પડતી કે મારે શું રિસ્પોન્સ આપવો. એઝ યુઝવલ મેં ફરીથી મૂર્ખામી કરી અને હું બોલી ગઈ,

"માર્કોસને ટર્મ શીટ કાલે સાંજે મોકલું તો ચાલે ને?"

* * *

એક મહિના પછી

ગોલ્ડમનની કાફેમાં સવારના સાડા સાત વાગ્યે હું મારા હોલ-વ્હીટ ટોસ્ટ સાથે અને નીલ એની બ્લૅક કૉફી અને ઓટ્સના બૉલ સાથે બેઠાં હતાં. ફિલપીન્સથી પાછા ફર્યે મહિનો થઈ ગયો હતો. ટર્મ શીટ પર સહી-સિક્કા થઈ ગયા હતા. બૅન્ક્સ સાથે સેટલમેન્ટની શરતો પણ નક્કી થઈ ગઈ હતી.

"અત્યારે તારી સાથે ડિટેલ્સ શેર કરી શકું એમ નથી પણ વી હૅવ અ ગુડ ન્યૂઝ." નીલે કૉફી પીતાં કહ્યું.

"બાયર મળી ગયો?" મેં ઉતાવળમાં પૂછી લીધું.

"શ..." કહીને નીલે એના હોઠ પર આંગળી મૂકીને કહ્યું, "હા. આપણે બહુ જલદી માર્કોસને મળીને ડીલ ફિનિશ કરી નાખીશું."

હું ખુશ હતી. નીલ પણ બહુ ખુશ દેખાતો હતો.

અને બીજાં ચાર અઠવાડિયાં પછી અમે ગ્રીનવુડ હૉસ્પિટાલિટી નામના ગ્રુપ સાથે અલ કાસાને વેચવાના ફાઇનલ સ્ટેજ પર પહોંચી ગયા. આ દરમ્યાન ન્યૂ યૉર્કની ઑફિસેથી સમાચાર આવ્યા કે મને પ્રમોશન આપીને વાઇસ પ્રૅસિડેન્ટ બનાવવામાં આવી છે. હજારોનો વર્લ્ડ વાઇડ સ્ટાફ ધરાવતી કંપનીમાં માત્ર બસો જ વી.પી. હતા. અલ કાસાવાળા ડીલમાં અમને વીસ મિલિયન ડૉલરનો પ્રૉફિટ થઈ રહ્યો હતો.

અમે માર્કોસને મળ્યા ત્યારે એ સૌથી વધારે ખુશ હતો. એ દેવાળું કાઢવાની અણી પર હતો, એનો પૂરો સ્ટાફ બેકાર બની જવાની તૈયારીમાં હતો. એને બદલે એ બધાની નોકરી હવે બચી જવાની હતી અને આવતા અઠવાડિયે આ સોદામાંથી પાંચ મિલિયન ડૉલર એના ખાતામાં જમા થવાના હતા. ડીલનાં ફાઇનલ કાગળિયાં એના હાથમાં આવ્યાં ત્યારે એણે કહ્યું,

"આ વખતે તમે અહીં વધારે દિવસ રોકાઈ જાઓ. દરેક આયલૅન્ડ પર એક-એક રાત ગાળો. મઝા આવશે."

"ફરી ક્યારેક." નીલે કહ્યું, "કાલે સવારે પહેલી ફ્લાઇટ પકડીને મનિલાથી પાછા હૉંગકૉંગ પહોંચી જવું પડે એમ છે. કામના ઢગલા પડ્યા છે."

"પણ ફરી ચોક્કસ આવવાનું છે, તમારે બંનેએ. તમે લોકોએ મારા માણસોની નોકરી બચાવી લીધી." માર્કોસ લાગણીવશ થઈને બોલ્યો. મેં માર્કોસે સાઇન કરેલા બધા ડૉક્યુમેન્ટ્સ લઈ લીધા. નીલે માર્કોસ સાથે હાથ મિલાવીને કહ્યું, "તમારી સાથે બિઝનેસ કરવાની મઝા આવી."

અમે બંને માર્કોસથી છૂટા પડીને પેન્ગાલુસિયન રિઝૉર્ટની પોતપોતાની રૂમમાં પાછાં આવ્યાં. આ રાત આ ટાપુ પરની અમારી છેલ્લી રાત હતી.



25

માર્કોસના આયલૅન્ડ રિઝોર્ટ પરની એ છેલ્લી રાતે અમે રેસ્ટોરાંમાં જઈને સેલિબ્રેટ કરવાનું નક્કી કર્યું. નીલ અને હું. પચ્ચીસ મિલિયન ડૉલરની કમાણીમાંથી વીસ ટકા લેખે પાંચ મિલિયન માર્કોસને આપી દીધા પછી પણ અમે ગોલ્ડમન સાક્સને વીસ મિલિયન ડૉલરનો પ્રૉફિટ કરાવી આપ્યો હતો.

રૂમમાં આવીને મેં શાવર લીધો. સૂટકેસમાંથી ફ્લૉરલ પ્રિન્ટવાળો વ્હાઇટ ફ્લોઇંગ ડ્રેસ પહેર્યો. આયલૅન્ડ રિઝોર્ટના ડિનર માટે પરફેક્ટ હતો. ડ્રેસની ડીપ નેકલાઇન કવર થાય એટલે બીડનો નેકલેસ પહેરી લીધો. આંખો ફરતે સ્મોકી ઇફેક્ટ લાવતો મેકઅપ કર્યો. દેબુ સાથેના ન્યૂ યૉર્કના દિવસો પૂરા થઈ ગયા પછી હું આટલી સારી રીતે ક્યારેય તૈયાર નહોતી થઈ. દેબુના નામથી દિલમાં જે ચચરાટ થતો એ પણ હવે બંધ થઈ ગયો હતો. મેં પરફ્યુમ લગાવ્યું, ટ્રાન્સલુસન્ટ સ્ટ્રૉબેરી લિપ ગ્લોસ લગાવ્યું. છેલ્લીવાર મિરરમાં જોઇ લીધું. હું જો થોડીક જ મહેનત કરું તો ક્વાઇટ સારી દેખાઈ શકું.

એને હું આવી ગમીશ? રાધિકાબુન, તું શું વિચારી રહી છે ખબર છે તને? એ તારો બૉસ છે, તારા બૉસનો બૉસ છે અને પરણેલો છે, સમજી?

* * *

હું પહોંચી એ પછી નીલ રેસ્ટોરાંમાં આવ્યો. સનસેટ જોતાં જોતાં અમે શૅમ્પેન પીતાં રહ્યાં. ખામોશી તોડતાં એણે કહ્યું,

"યુ લુક... વેલ, ડિફરન્ટ."

"સારી રીતે ડિફરન્ટ કે ખરાબ રીતે ડિફરન્ટ?" મેં શરારતથી પૂછ્યું.

"યુ લુક સ્ટનિંગ. આ ડ્રેસ તારા પર બહુ સૂટ થાય છે."

નીલે પહેલવહેલીવાર મને મારા લુક્સ માટે ડાયરેક્ટલી કૉમ્પ્લિમેન્ટ્સ આપ્યા. અલ કાસાના ડીલ પર કામ કરતાં કરતાં અમે બંને બોલવામાં એકબીજાં સાથે લેસ ફૉર્મલ થઈ ગયાં હતાં. જોકે, સાવ કંઈ કૉલેજની કૅન્ટીનમાં પીઠ પર ધબ્બા મારીને ગાળાગાળી કરતા ફ્રેન્ડ્સ જેવા નહોતા બની ગયા. પણ સ્ટિલ.

"થૅન્કયુ, નીલ. ધેટ્સ સ્વીટ ઑફ યુ." મેં કહ્યું.

વેઇટરે આવીને અમારા ગ્લાસ ફરીથી શૅમ્પેનથી ભર્યા.

"ટુ અલ કાસા, એશિયાનું તારું ફર્સ્ટ બિગ ડીલ." નીલે ટોસ્ટ માટે ગ્લાસ ઊંચો કર્યો.

"ટુ ગ્રીનવુડ, અલ કાસાના નવા બાયર." કહીને મેં મારો ગ્લાસ એના ગ્લાસ સાથે ટચ કર્યો.

"ગજબનો રિઝોર્ટ છે, નહીં?" નીલે કહ્યું અને આસપાસના કુદરતી સૌંદર્ય પર નજર કરી. સૂર્ય અડધો પાણીમાં ડૂબી ગયો હતો. રેશમી આકાશ ઘેરા કેસરિયા રંગમાં રંગાઈ ગયું હતું.

"આટલી બ્યુટીફુલ જગ્યા મેં હજુ સુધી નથી જોઈ." મેં કહ્યું.

"મેં પણ. અને અત્યાર સુધી મારી લાઇફમાં આવેલા વન ઑફ ધ મોસ્ટ બ્યુટીફુલ માઇન્ડ્સ સાથે આ જગ્યાને હું માણી રહ્યો છું." નીલે કહ્યું.

"હં, ઓન્લી માય માઇન્ડ ઇઝ બ્યુટીફુલ?" હું બોલી. મારે મારાં વખાણ સાંભળવા

હતાં.

"અફકોર્સ નોટ. પણ તારા માઇન્ડ સિવાયની બાબતોનાં હું વખાણ કરું તો એ અપ્રોપ્રિયેટ ના કહેવાય ને? પ્રોટોકોલ તો જાળવવો પડે!" એણે સ્મિત કર્યું અને ઉમેર્યું, "હું તારો સિનિયર છું. તારાથી વીસ વર્ષ મોટો. પરણેલો છું. બે બચ્ચાંનો બાપ છું અને તું..." એ અચકાયો.

"હું?" મેં પૂછ્યું.

"તું યંગ છે, સિંગલ છે. સ્માર્ટ અને અટ્રેક્ટિવ છે."

"અટ્રેક્ટિવ?" હું હસી.

"યા, અફ કોર્સ. યુ આર રિયલી અટ્રેક્ટિવ, રાધિકા. જે હકીકત છે તે જ તો કહું છું."

કેટલું સારું લાગતું હતું મને, આટલા સરસ માણસ પાસેથી મારાં વખાણ સાંભળતાં. આ મોમેન્ટે મને મારી લાઇફ એકદમ પરફેક્ટ લાગી રહી હતી.

"થૅન્કયુ," હું બોલી. પછી કહ્યું, "તું પણ ક્વાઇટ કૂલ છે."

"આ લે, આપણે તો એકબીજાનાં વખાણ કરવામાં પડી ગયાં." નીલે કહ્યું વેઇટર આવીને ફરી અમારા ગ્લાસ ભરી ગયો. અમે હસતાં રહ્યાં.

"વી આર ફ્રેન્ડ્ઝ નાઉ." નીલે કહ્યું, "આય ડોન્ટ સી યુ એઝ અ જુનિયર."

"સંભાળજે હં, હું મારા ફ્રેન્ડ્ઝ સાથે બોલવા કરવામાં સાવ છુટ્ટી જબાન વાપરતી હોઉં છું. ક્યારેક લિમિટ બહાર જઉં તો મને રોકવાની. આફ્ટર ઑલ, યુ આર માય સિનિયર," મેં કહ્યું.

"હું કંઈ એવો ટિપિકલ સિનિયર નથી. તું દિલ ખોલીને મારી સાથે વાત કરી શકે છે."

અમે મેનુમાંથી ડિનર માટે ઑર્ડર આપ્યો. વાતો કરતાં કરતાં શૅમ્પેનની બૉટલ ખાલી થઈ ગઈ. વેઇટર બીજી લઈ આવ્યો. નીલે મને પૂછ્યું,

"ન્યૂ યૉર્કનાં વર્ષોનો ઘણો મોટો બોજ તારા મન પર લાગે છે, નહીં?"

સારું થયું નીલે આવું કહ્યું. કેટલાય વખતથી મારે આ બોજો કોઈની આગળ હલકો કરવો હતો. કેટલા વખતથી આ ભાર નીચે હું ચગદાતી હતી. ન મારી માને કહી શકતી હતી, ન ડૅડને, ન દીદીને કે ન કોઈ દોસ્તારને. રિયલ ફ્રેન્ડ કહેવાય એવું કોઈ હતું જ ક્યાં મારી જિંદગીમાં.

ડિનર લેતાં, શૅમ્પેન પીતાં મેં મારી આખી ન્યૂ યૉર્ક ગાથા નીલને સંભળાવી. બધું જ ઠાલવી દીધું. કોઈ વાત છુપાવી નહીં. એ ખૂબ ધ્યાનપૂર્વક મને સાંભળતો રહ્યો. દરેક સિગ્નિફિકન્ટ વાત વખતે હોંકારો ભણતો રહ્યો. ડિનર પૂરું થયું. શૅમ્પેનનો છેલ્લો સિપ લઈને મેં કહ્યું,

"તો આમ વાત છે. ઇસ્ટ રિવરમાં મારો ફોન પધરાવીને હું આવી ગઈ હૉંગકૉંગ." બોલતાં બોલતાં મારા ગાલ પર ધીમેકથી સરકી આવેલું આંસુનું એક ટીપું મેં લૂછી નાખ્યું.

"ફોન ફેંકી દેવાને બદલે તેં ખાલી સિમકાર્ડ પાણીમાં નાખી દીધું હોત અને ફોનને ફૅક્ટરી સેટિંગમાં રિફોર્મેટ કરી નાખ્યો હોત તો?" નીલે કહ્યું.

મેં નીલ સામે જોયું. એનો ચહેરો એકદમ સપાટ, ભાવવિહીન હતો. એક સેકન્ડ પછી મને ખ્યાલ આવ્યો કે એ મારી ટાંગ ખેંચી રહ્યો હતો. અમે બંને ખડખડાટ હસી પડ્યાં. પછી સહેજ સિરિયસ ટોનમાં નીલ બોલ્યો,

"ચાલે, લાઇફમાં આવું બધું તો થતું જ રહેવાનું. જે કંઈ થતું હોય છે તે સારા માટે જ થતું જ હોય છે."

"મોર શૅમ્પેન, સર?" વેઇટરે આવીને અમારી બીજી ખાલી બૉટલ ઉઠાવતાં પૂછ્યું.

"નો, થૅન્ક્સ. આય એમ પ્રિટી..." નીલે કહ્યું પણ હું એને અધવચ્ચે જ કાપતાં બોલી,

"યસ. હજુ એક બૉટલ, પ્લીઝ."

"રિયલી?" નીલે મારી સામું જોયું. વેઇટર નવી બૉટલ લાવવા ગયો. મેં કહ્યું

"મારી વાત તો તેં સાંભળી. હવે મને તું તારી વાત કર. એ પૂરી થાય ત્યાં સુધી કંઈક તો પીવું પડશે ને આપણે?"

નીલે સ્માઇલ કર્યું અને કહ્યું, "મારી સ્ટૉરીમાં બ્રુકલિન બ્રિજ પરથી આઇફોન પધરાવી દેવા જેવું એક્સાઇટિંગ કંઈ નથી. જસ્ટ રૂટિન વાતો છે. તું બોર થઈ જઈશ."

નીલે એની વાઇફ કુસુમની વાતો કરી. એ લોકોનાં બે બાળકો વિશે વાતો કરી. એણે બોલવાનું પૂરું કહ્યું ને મેં કહ્યું,

"તું ને તારી વાઇફ વીસ વર્ષથી સાથે રહો છો એમ?"

"હા."

"તમે લોકો મળ્યાં ત્યારે હું ખાલી પાંચ વર્ષની હોઈશ!"

"તું આવું બોલે છે ત્યારે હું સાવ ઓલ્ડ થઈ ગયો હોઉં એવું ફીલ કરું છું."

"આટલા લાંબા સમય સુધી સાથે રહીને તમને લોકોને કેવું ફીલ થાય?"

"બહુ જ સારું લાગે. જિંદગીના દરેક ઉતારચડાવમાં એકમેકને સાથ આપ્યો હોય, કેટલી બધી મેમરીઝ શેર કરતાં હોઈએ. બાળકોને જન્મ આપીને એમને મોટાં થતાં જોવાની મઝા આવે."

"કેવું સરસ? આવી જ લાઇફ હોવી જોઈએ." મેં કહ્યું.

"અને આમ છતાં આટલાં બધાં વરસો વીતી ગયાં પછી તમે જે ઓરિજિનલી હતા તે રહેતા નથી. તમારા પોતાનામાં બદલાવ આવે, એ પણ બદલાઈ જાય. એવું તો થવાનું જ. અને એને કારણે ઘણા બધા નવા પ્રૉબ્લેમ ઊભા થાય, જે શરૂઆતમાં હતા જ નહીં કે તમે ક્યારેય એની કલ્પના પણ ના કરી હોય. ઘણા ઘણા પ્રશ્નો ઊભા થાય..."

નીલ ચૂપ થઈ ગયો. મને લાગ્યું કે એની અંદર ઘણું બધું ભરેલું છે પણ એ પ્રગટ કરવા નથી માગતો. મેં એની પ્રાઇવસી જાળવવા વાત ફંટાવી,

"આજે તો ખૂબ ખવાઈ ગયું." મેં કહ્યું.

"અરે હા, મેં પણ બહુ જમી લીધું. એક કામ કરીએ. બીચ પર લટાર મારીએ. થોડું લાઇટ ફીલ થશે."

"સારો આઇડિયા છે." મેં કહ્યું.

નીલે ટેબલ પર પડેલી હોટેલે મૂકેલી ફ્લૅશલાઇટ ઉપાડી. મેં બે ગ્લાસ અને અડધી ભરેલી શૅમ્પેનની ત્રીજી બૉટલ ઉપાડી.

"આ શું?" નીલે કહ્યું.

"સાથે લઈ લઈએ તો કામ આવશે સમંદર કિનારે," હું બોલી.

અમે દરિયાકિનારે ભીની રેતીમાં ચાલવા લાગ્યા. પાણી ક્યારેક અમારી પાની ભીની કરી જતું. નીલની ફ્લૅશલાઇટ અમને આગળ વધવાનો રસ્તો દેખાડતી રહી. રાતના સન્નાટામાં દરિયાનાં મોજાંનું સંગીત સંભળાતું હતું.

આયલૅન્ડના છેક નૉર્થના છેવાડે પહોંચ્યા પછી વળવાનું આવતું હતું. દૂર દૂર બેત્રણ ફિશિંગ બોટ્સ માછલી પકડવા આવી હતી. આ બાજુ બીચ પરની કોરી રેતી જોઈને મેં કહ્યું,

"થોડી વાર બેસીએ?"

"શ્યૉર."

અમે ઠંડી સુંવાળી રેતી પર ચૂપચાપ બેસી ગયાં. એણે ફ્લૅશલાઇટ બંધ કરી દીધી. અમે

એકબીજાનો ચહેરો જોઈ શકીએ એટલી જ ચાંદની હતી. મેં બેઉ ગ્લાસ શૅમ્પેનથી ભર્યા. એ મારી સામું જોઈને હસ્યો. એક સિપ લઈને મેં ઉપર આકાશમાં જોયું. તારાઓથી આટલું ખીચોખીચ આકાશ મેં ક્યારેય જોયું નહોતું. આકાશ સામે હું જોતી જ રહી. થોડીવાર રહીને મારી ગરદન દુખવા માંડી. હું રેતી પર લાંબી થઈ સૂઈને આકાશના તારાઓ જોવા લાગી. નીલ પણ મારી બાજુમાં લેટી ગયો. અમારી વચ્ચે માંડ એકાદ ફૂટનું અંતર હશે.

"તારી સન સાઇન કઈ?" નીલે આકાશ જોતાં જોતાં પૂછ્યું.

"મારી બર્થડે થોડા દિવસ પહેલાં જ ગઈ," મેં કહ્યું.

"ઓહ જેમિની? ઉપર આ બાજુ જો, જેમિની ટ્વિન્સ દેખાય છે તને?" એણે કહ્યું.

"તારી કઈ?" મેં પૂછ્યું.

"ટૉરસ. ત્યાં જો. પેલી તરફ." એણે વૃષભના આકારમાં ગોઠવાયેલું નક્ષત્ર દેખાડ્યું.

"વાઉ," હું બોલી.

અમે બેઉ ચૂપ થઈ ગયાં. એકાન્ત અને મૌનમાં મહાલતાં રહ્યાં. આજુબાજુ પથરાયેલા વાતાવરણને લીધે હું ગાઢ શાંતિ અનુભવતી હતી. શક્ય છે કે આમાં શૅમ્પેનનો પણ ફાળો હોય. મને નીલના શ્વાસોચ્છ્વાસ સંભળાઈ રહ્યા હતા. મેં મારા પગ સહેજ નીચે લીધા ત્યાં જ દરિયાનું મોજું મારા પગ પર આવીને ઓસરી ગયું. પાણીનો સ્પર્શ થતાં જ હું જરા સંકોચાઈ અને આવું કરવામાં મારી પાની નીલની પાની સાથે ઘસાઈ. એણે માથું મારી તરફ ફેરવીને જોયું.

"આય એમ સૉરી." મેં કહ્યું.

"ઇટ્સ ફાઇન, કોઈ વાંધો નહીં." એ બોલ્યો. બોલ્યો નહીં માત્ર ધીમેકથી ગણગણ્યો. અમે એકબીજાંની સામે જોઈને સ્માઇલ કર્યું. મને ખબર નથી કે શું કામ મને એવું લાગ્યું હશે, છોકરીઓમાં કદાચ એવી ઇન્ટ્યુઇશન રહેતી હશે, કે કંઈક અણધાર્યું બનવાનું છે. આ ક્ષણે હું ઊભી થઈને દૂર જઈ શકી હોત, પણ ન ગઈ. કદાચ એટલા માટે કે હું ચાહતી હતી કે જે અણધાર્યું બનવાનું છે તે બને.

એ મારી નજીક આવ્યો. મારા પર ઝૂક્યો. એણે એના લિપ્સ મારા હોઠ પર ચાંપી દીધા. મારી પાની પર થયેલા દરિયાનાં પાણી જેવો જ એ સ્પર્શ હતો. હૂંફાળો અને મૃદુ. મેં આંખો બંધ કરી લીધી. એને મારાથી અળગો કરવા મેં મારા બેઉ હાથ ઊંચક્યા પણ અડધેથી જ પાછા વાળી લીધા. મારે એની કિસ માણવી હતી. દરિયાનાં ડઝનબંધ મોજાં આવી આવીને મારી પાનીને ભીની કરતાં રહ્યાં અને એ મને કિસ કરતો રહ્યો. એણે મને પકડીને વધારે નજીક લીધી. નીલ ગુપ્તા, ગોલ્ડમન સાક્સનો પાર્ટનર, મારાથી ઉંમરમાં વીસ વર્ષ મોટો અને મારા બૉસનો બૉસ અત્યારે મને જોરથી ભેટીને તસતસતાં ચુંબનો કરી રહ્યો હતો. મને આ સારું ન લાગવું જોઈએ. પણ મને સારું લાગી રહ્યું હતું. આ રીતે હજુ સુધી મને કોઈએ કિસ કરી નહોતી. મેં કોઈ વિરોધ કર્યો નહીં. મારે કરવો જોઈતો હતો. પણ કશુંક આટલું ગમી જાય ત્યારે તમે કેવી રીતે ના પાડો. મેં મારી હથેળી એના ચહેરા પર મૂકી દીધી. છેલ્લા કેટકેટલા મહિનાઓથી હું રોજ આ ચહેરો જોતી પણ હું ક્યારેય એને સ્પર્શી નહોતી. મને લાગ્યું કે જાણે આ આખોય આયર્લૅન્ડ માત્ર એક જ કારણસર ભગવાને બનાવ્યો છે – અમારી કિસ માટે.

એક વધારે મોટું મોજું આવ્યું. અમને કમર સુધી પલાળી ગયું.

એ મને આતુરતાથી કિસ કરતો રહ્યો. એની કિસની તીવ્રતા ક્ષણેક્ષણે વધતી જતી હતી. એની આંગળીઓ મારા ગળાની પાછળ ફરવા માંડી. મારા આખાય શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. મારું રોમેરોમ વિવશ બનતું ગયું. એ જો કિસ આટલી સરસ કરી શકતો હોય તો... એનો બીજો હાથ મારા ઘૂંટણની ઉપર થઈને વધુ ને વધુ ઉપર સરકી રહ્યો હતો. મારું દિલ વધુ જોરથી ધડકવા લાગ્યું.

મારે એને રોકવો જોઈએ? એ બેકાબૂ બની જાય એ પહેલાં? હું બેકાબૂ બની જાઉં એ પહેલાં મારે એને રોકવો જોઈએ? મેં એના મજબૂત ખભાને સ્પર્શ કરીને એના સ્નાયુબદ્ધ બાંવડા પરથી મારી આંગળીઓ સરકાવીને એનું ભરાવદાર કાંડું પકડી લીધું.

હું એને રોકવા માગતી હતી પણ ના રોકી શકી. એક બીજું મોજું ઊછળીને આવ્યું અને મારો આખો ડ્રેસ ભીનો થઈ ગયો. એની આંગળીઓ મારી થાઇઝને હળવેથી મસળી રહી હતી.

મારે વધવું છે આગળ? મારા દિમાગે છેલ્લી એકવાર મને આ સવાલ પૂછી લીધો જેના જવાબમાં મેં મીઠો ઊંહકારો કર્યો. આજે રાત્રે દિમાગને છુટ્ટી આપી દેવાની હતી. એના દ્વારા પુછાતા પ્રશ્નો નિરુત્તર રાખવાના હતા. મારો હાથ પાણીથી ભીંજાઈ ગયેલા એના લિનનના શર્ટની અંદર સરક્યો. એની કસાયેલી છાતી પર મારી આંગળી ફરવા લાગી અને મારી પહેલી આંગળીએ એની છાતીની ડાબી નિપલને છેડી. એણે આવેશમાં મારા નીચલા હોઠ પર નાનકડું બટકું ભરી લીધું.

અમે બેઠાં થઈ ગયાં. એણે એનું શર્ટ કાઢી નાખ્યું. મારો ડ્રેસ ઊંચો કર્યો અને કાઢી નાખ્યો. ફરી પાછાં ઠંડી રેતી પર ચત્તાપાટ સૂઈ ગયાં. એણે માથું નીચે લઈ જઈને મારી નેવલ પર કિસ કરી પછી એની ટંગ એના પર ફેરવતો રહ્યો. મારા બેઉ ઘૂંટણ સહેજ ઊંચકાયા. મેં બેઉ હાથે એનું માથું પકડી લીધું.

“નીલ,” હું જમીન પર પીંછું પડે અને જે અવાજ થાય એટલી હળવેકથી બોલી. એણે સાંભળ્યું નહીં. એનું મોઢું, એની આંગળીઓ મારા શરીરને વહાલ કર્યા કરતી હતી. એણે આરામથી મારી પીઠ પાછળ હાથ લઈ જઈને મારી બ્રાના હુક પર આંગળી ફેરવી. જાણે કોઈ જ ઉતાવળ નહોતી. માત્ર આતુરતા હતી. એણે મને થોડીક ઊંચકી અને એક ઝાટકે હુક ખોલીને મારા શરીર પરથી બ્રા દૂર કરી નાખી. મારી ખુલ્લી છાતીને દરિયાના ઠંડા પવનની છાલક વાગી. એ ઘડીભર આછી ચાંદનીમાં મારા ઉન્નત ઉભારો જેટલા દેખાય એટલા જોતો રહ્યો.

એની આંગળીનાં ટેરવાં મારા ફર્મ ઉભારના શિખરને સ્પર્શ્યાં. પછી એણે એની પહેલી આંગળી અને અંગૂઠા વડે મારી નિપલને પંપાળીને સંપૂર્ણ અર્ધગોળાકાર એની હથેળીમાં સમાવી લીધો. હું સાવ ઓગળી ગઈ. મારો હાથ અનાયાસે એના બે પગ વચ્ચે જતો રહ્યો. મેં અનુભવ્યું કે મારા જેટલો જ આતુર એ પણ થઈ ગયો હતો. એનું મોઢું મારી છાતી પર આવી ગયું.

મેં મારી પીઠની નીચેનો ભાગ સહેજ ઊંચો કર્યો અને એણે મારું છેલ્લું આવરણ પણ દૂર કરી નાખ્યું. હવે અમે બંને ખુલ્લા આકાશ નીચે, દરિયાની રેતી ઉપર કુદરતે જેવા આ પૃથ્વી પર અમને મોકલ્યા હતા એવા જ થઈ ગયા. નિર્વસ્ત્ર, નિઃસંકોચ, નિસીમ અને નિઃશબ્દ. એ ફરી મારા પર ઝૂક્યો. મારી થાઇઝને ચૂમવા લાગ્યો અને બીજી જ ક્ષણે મારા પગ સહેજ પહોળા કરીને કિસ કરવા લાગ્યો. હું ઑલરેડી ભીની હતી. એ મને વધારે ને વધારે ભીની કરતો રહ્યો. એની જીભનો સ્પર્શ મને છલકાવી દેતો હતો.

એની બીજી તમામ કિસની જેમ આ પણ એકદમ સ્લો જ હતી, મૃદુ હતી. થોડી જ વારમાં મારામાંથી એક કંપન પસાર થવાની શરૂઆત થઈ. એની જીભ મને વધારે સ્પીડથી વહાલ કરવા માંડી. મારા તમામ બંધનો છૂટી રહ્યાં હતાં. હું નિઃસહાય બનતી જતી હતી. ચાહતી હતી કે આ ક્ષણ અહીં જ થંભી જાય. આખી જિંદગી સુધી હું એને આમ જ સાચવી રાખું. બીજું કશું જોઈતું નથી મને. મારી પીઠ ફરી ઊંચકાઈ. દેબુએ પણ આવું જ કર્યું છે પણ આ તો સાવ અલગ જ હતું. આ સેન્શેસન, આ પ્લેઝર. જાણે જિંદગીમાં આવી ક્ષણો ક્યારેય નહોતી આવી અને ક્યારેય આવવાની નથી એવી આ લાગણી હતી. હા, ન ભૂતો, ન

ભવિષ્યતિ. દેબુ સાથેની મઝા જો બિયરની હતી તો અત્યારે હું શૅમ્પેન માણી રહી હતી. દેબુ જો નાનકડી નૌકા હોય તો આ ક્ષણ લક્ઝરી ક્રુઝ લાઇનર હતી. દેબુ જો... સરખામણી કરવાનું બંધ કર, રાધિકા. શું ગાંડાઘેલા જેવી સરખામણી કર્યા કરે છે. જે માણવાનું છે તે માણ્યા કરને. નીલનો જિહ્વાજાદુ મને ગાંડીતૂર બનાવતો હતો. મેં હજુ મારી પીઠ ઊંચકી અને એના વાળને મારી આંગળીઓમાં જકડી લીધા.

"બધું બરાબર છે." એવું કંઈક એ બોલ્યો.

મેં જવાબ ન આપ્યો. માત્ર સહેજ માથું નમાવીને હા પાડી. બધું બરાબર જ નહોતું, સાતમા આસમાને પહોંચી રહ્યું હતું.

અને પહોંચી ગયું. હું કમ આઉટ થઈ રહી હતી. મને જોરથી કહેવાનું મન થયું, હજુ, હજુ. એનું માથું મેં મારી બંને થાઇઝ વચ્ચે જોરથી દબાવી દીધું. હું એકદમ તંગ થઈ ગઈ. સહેજ ઊછળી. એ મારી ઉપર આવી ગયો. એનું મોઢું મારા મોઢાને સ્પર્શતું હતું. એણે હળવેથી મારા પગ પહોળા કર્યા અને એ મારી અંદર આવી ગયો. ધીમે ધીમે, ઉપરનીચે, એ હલેસાં મારતો હોય એમ મને વધુ ને વધુ બહેકાવતો હતો. હું ફરી પાછી ઉપર ને ઉપર જતી ગઈ. હજુ ઉપર. સાતમા આસમાન પછી શું છે એની કોઈનેય ખબર નહીં હોય. મને ખબર છે. હું બીજીવાર આવી. પહેલી વાર આવી હતી તેના કરતાં અનેકગણી તીવ્રતાથી. મારું આખું ય બૉડી એક મોટા આંચકા સાથે ઊછળ્યું, પછી થોડા નાના નાના ઝટકા સાથે પાછું ધરતી પર આવતું ગયું. મારી આંખો સામે શૂન્યાવકાશ છવાઈ ગયો. હું કમસે કમ ત્રીસ સેકન્ડ સુધી આંખો બંધ કરીને હાંફતી રહી. સાતમા આસમાનની ઉપર બીજાં સિત્તેરેક આસમાન તો કમસેકમ હોવાના.

મને શાંત થતી જોઈને એ સહેજ ધીમે પડ્યો, પછી સાવ અટકી ગયો, બહાર આવી ગયો. મારા ચહેરા નજીક આવીને મારા ગાલ પર એક સાત્ત્વિક ચુંબન કર્યું.

"તું ઓકે છે." એણે એકદમ કોમળ અવાજે પૂછ્યું.

"તું... તું..." મને બોલવા માટે શ્વાસ જોઈતો હતો. "તું કેવી રીતે આટલું વન્ડરફુલ... ગજબ માણસ છે."

જવાબમાં એ માત્ર હસ્યો. મેં શરમના માર્યા મોં છુપાવી દીધું. એણે મારા ચહેરા પરથી મારા હાથ હટાવીને મારી આંખોમાં જોયું.

એ ફરીથી મારામાં એન્ટર થયો. આ વખતે મને એ વધારે મોટો લાગ્યો. મેં એના ખભા પકડી લીધા. અમે દરિયાનાં મોજાં પર સવારી કરતા હોઈએ એમ હિલોળા ખાતાં રહ્યાં. દરિયાનું પાણી વારંવાર તટ પર આવીને અમને છાલક મારીને ઓસરી જતું, ફરી પાછું આવતું. અમે ભીંજાતાં રહ્યાં. અમારા હોઠ એકમેક સાથે ભિડાયેલા જ રહ્યા. ફાયનલી, એક આંચકા સાથે એ અટકી ગયો.

મારી આંખ સામે જોઈને એણે સ્મિત કર્યું. મારી પાંપણો સાથે રમતો રહ્યો. થોડી વાર પછી અમે એકમેકને વળગીને સૂતાં સૂતાં આકાશના તારાઓ જોતાં રહ્યાં. હું ખૂબ થાકી ગઈ હતી. મારી આંખો મીંચાઈ ગઈ.



26

સૂરજના પ્રકાશમાં તમે બધું જ જોઈ શકતા હો છો. તમારી બ્લન્ડર્સ પણ. સૂર્યોદય થતાં જ મારી આંખ ઊઘડી. હું ક્યાં છું એ સમજતાં મને બે સેકન્ડની વાર લાગી. સામે દરિયાનાં પાણી સૂર્યકિરણથી ચળકી રહ્યાં હતાં. મારું મોઢું સુકાઈ રહ્યું હતું. ધસમસતો હૅન્ગઓવર મારા માથા પર સવાર થઈ થઈ ચૂક્યો હતો. મને તરસ લાગી હતી. નીલ મારી બાજુમાં જ પડેલો હતો. ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો.

"કોઈ સવાલ જ નથી." હું મનોમન બબડી, "રાધિકા, ના થાય તારાથી આવું. ના થાય."

મેં માથું કૂટ્યું. મારાં કપડાં મારી બાજુમાં પડ્યાં હતાં. હું સાવ નાગી હતી. રાતના અંધકારમાં ચંદ્રના આછા પ્રકાશમાં બીચ પર સાવ નગ્ન હોવામાં અને સૂરજના ભરપ્રકાશમાં આ હાલતમાં હોવામાં કેટલો મોટો ફરક હતો તે હવે મને રહી રહીને સમજાઈ રહ્યું હતું. મેં ફટાફટ કપડાં પહેરી લીધાં. હું ઊભી થઈ. નીલને જગાડું? ના, નથી જગાડવો. ગઈ કાલ રાતની ભયાનક મોટી દુર્ઘટના માટે જવાબદાર એવી શૅમ્પેનની ખાલી બૉટલ અને બે ગ્લાસ રેતી પરથી ઉઠાવીને હું રિઝોર્ટ તરફ ચાલવા માંડી. સૂરજ વધારે ઉપર ચડતો જતો હતો. મેં ચાલવાની ઝડપ વધારી. મારે અત્યારે, આ ઘડીએ નીલ સાથે કોઈ વાત કરવી નહોતી, એને મળવું પણ નહોતું, એને જોવો સુધ્ધાં નહોતો. હું શું જોઈને એને મારું મોઢું બતાડું. ઇન ફૅક્ટ, હવે પછી ક્યારેય હું એને મોઢું બતાડવાને લાયક રહી નહોતી.

રૂમમાં પાછી આવીને હું બેડ પર પટકાઈ. સીલિંગને તાકતી પડી રહી.

"તદ્દન બેશરમ બની ગઈ છે તું, રાધિકા." હું જોરથી ચિલ્લાઈ, "એકદમ ગટરક્લાસ બની ગઈ છે તું..."

હું કંઈ જ કર્યા વિના ત્યાં ને ત્યાં પડી રહી. મારા દિમાગમાં હજારો વિચારો દોડતા હતા. આ મેં શું કરી નાખ્યું? ગોલ્ડમન સાક્સના પાર્ટનર સાથે હું સૂઈ ગઈ? મારા કરતાં વીસ વરસ મોટા મરદ સાથે? જેની ઉંમર મારા બાપ કરતાં ખાલી દસ જ વર્ષ નાની છે એવા પુરુષ સાથે આ હું શું કરી બેઠી?

તારામાં જ કંઈક ખામી છે, રાધિકા. તું જ લોચાવાળી છે. તું... તું બ્લડી યુઝલેસ ઇડિયટ છે. મૂરખની સરદાર છે. અક્કલની બારદાન છે. બની બનાવેલી તારી જિંદગી તેં તારા હાથે જ રોળી નાખી. હજુ હમણાં તો બધું સરસ રીતે નવેસરથી ગોઠવાઈ રહ્યું હતું. એક મોટું ડીલ તેં ક્લોઝ કર્યું. તને પ્રમોશન મળ્યું. દેબુના આઘાતમાંથી બહાર નીકળી. આ બધાને કારણે તારી સેલ્ફ એસ્ટીમ ઝડપભેર પાછી આવી રહી હતી. પણ હવે એ બધા પર તેં રાતોરાત પાણી ફેરવી દીધું. મારી આંખમાં પાણી છલકાયું. હું ગૂંચળું વળીને બેડ પર તરફડતી રહી.

તને કંઈ ભાન છે કે એ પરણેલો છે, બે બચ્ચાંનો બાપ છે, બૈરી છે. એ બધાં હૉંગકૉંગમાં એની રાહ જોતાં હશે અને તું? તું અહીં એની સાથે આખી રાત રંગરેલિયાં મનાવતી રહી? નીચ. કૅરેક્ટરલેસ. તને ખબર હતી, પહેલેથી જ ખબર હતી. સારી રીતે તું જાણતી હતી કે એ કોણ છે, એની લાઇફમાં કોણ કોણ છે. છતાં તું સમજતી'તી શું તારા મનમાં? આ જિંદગી ફિલિપીન્સના કોઈ પ્રાઇવેટ આયલૅન્ડ જેવી છે? જ્યાં તમે ધારો તે કરો? ધારો તેની સાથે... છી!

હા, મને ખબર હતી. બધું જ જાણતી હતી, પણ જે થઈ ગયું તે થઈ ગયું. શું થાય હવે?

શું થાય? તારી આ જ હલકટવૃત્તિને કારણે દેબુએ તને છોડી. તું તારો જ વિચાર કરવામાંથી ઊંચી નથી આવતી. તારા જેવી સ્ટુપિડ સ્લટી બિચ આ દુનિયામાં શોધી નહીં જડે.

એક નંબરની રંડી નીકળી તું.

હું હીબકાં ભરવા લાગી. મને ખબર નથી કેમ પણ હું રડતી રહી, રડતી જ રહી. લાજશરમને નેવે મૂકીને હું તમામ મર્યાદાઓ ઓળંગી ગઈ હતી. ઓળંગી જ નહોતી ગઈ, કૂદકો મારીને દૂર ખૂબ દૂર ફંગોળાઈ ગઈ હતી. એક માત્ર વાત તારી જિંદગીમાં સડસડાટ ચાલી રહી હતી. તારી કરિયર. હવે તેં એની પણ માબેન કરી નાખી. તારા હાથે જ તેં એની વાટ લગાડી દીધી.

ક્યાંય સુધી હું મારી જાતને કોસતી રહી. એકાએક મને વિચાર આવ્યો કે મારે ઊભા થઈ જવું જોઈએ. મારે શાવર લઈને, પૅકિંગ પતાવીને કલાકમાં સીપ્લેન પકડવાનું છે. મને ખબર નહોતી કે હું કેવી રીતે એને મારું મોઢું દેખાડીશ. મારે નહોતું દેખાડવું. અમારાથી અલગ અલગ ફ્લાઇટ પકડી શકાય? કે પછી શું એવું કંઈક થઈ શકે કે હું રૂમની બહાર નીકળીને દરિયામાં જઈને ડૂબી મરું?

નીલ ક્યાં હશે અત્યારે? બીચ પર જ ઊંઘ્યા કરતો હશે તો? ફોન કરી જોઉં?

ત્યાં જ મારા દરવાજા પર ટકોરા સંભળાયા. હું થીજી ગઈ. દરવાજો ખોલ્યો તો હોટલનો કોઈ માણસ હતો.

“મૅડમ, તમારા શૂઝ. કાલે રાત્રે તમે રેસ્ટોરાંમાં ભૂલી ગયા હતા.”

“ઓહ, થૅન્ક્સ.” મેં કહ્યું.

“સાહેબના શૂઝ પણ હું એમના રૂમમાં મૂકી આવ્યો.”

“સારું થયું. એ હતા રૂમમાં?”

“હા. એમણે તમને અડધો કલાકમાં સીપ્લેનના રિસેપ્શન એરિયામાં આવી જવાનું કહ્યું છે.”

“શ્યૉર.” મને નિરાંત થઈ. મારે અત્યારે ને અત્યારે એની સાથે વાત કરવાની જરૂર નહોતી. શાવર લઈને મેં ચારકોલ ગ્રે સૂટ પહેર્યો. એકદમ ફૉર્મલ હતો અને આ જગ્યા માટે બિલકુલ યોગ્ય નહોતો, પણ મારી દિમાગી હાલતને અનુરૂપ હતો. જાણે એ મને આવાં ઑફિસનાં કપડાંમાં જોશે અને ગઈ કાલે રાત્રે શું થયું એ બધું ભૂલી જશે અને ફરી એક વખત બધું પહેલાં જેવું હતું એવું થઈ જશે. બિલકુલ નૉર્મલ.

અને એ બિલકુલ નૉર્મલ જ હતો, “હે, ગુડ મૉર્નિંગ.” મને મળતાંની સાથે જ એણે કહ્યું. એણે પણ મારી જેમ સનગ્લાસીસ પહેર્યા હતા. આઇ કૉન્ટેક્ટ ન થાય એનો રસ્તો અમે બંનેએ શોધી કાઢ્યો હતો.

“હાય...” હું બોલી.

“તૈયાર? ટાઇમ ટુ સે ગુડબાય ટુ પેન્ગાલુસિયન.” એના અવાજમાં કોઈ ઉચાટ નહોતો, કોઈ સંકોચ નહોતો. એ એકદમ કામ હતો અને આ બાજુ હું તદ્દન મેસ્ડ અપ હતી. અમે સીપ્લેનમાં બેઠાં. પાઇલટે થમ્સ અપની સાઇન સાથે ટેક ઑફ કર્યું. નીચે દેખાતાં મનોહર દૃશ્યો જોવાને બદલે હું મારા મનમાં સર્જાયેલાં વમળોમાં અટવાતી હતી. અત્યાર સુધી મને પારાવાર અફસોસ થતો રહ્યો હતો પણ અત્યારે સાવ જુદો જ વિચાર વીજળીની જેમ ચમકી ગયો.

એ કેમ આટલો બધો નૉર્મલ દેખાય છે? ગઈકાલે રાતે જે કંઈ થઈ ગયું તે શું એના માટે નૉર્મલ હતું, રૂટિન હતું? એની જિંદગીમાં આવું બધું રેગ્યુલરલી થયા કરતું હશે? એક ગઈ ને બીજી આવી, બીજી ગઈ ને ત્રીજી આવી. આજે આની સાથે તો કાલે પેલીની સાથે. મારા માટે ગઈકાલની રાત જેવી હતી એવી એના માટે નહોતી? કેટલી છોકરીઓ હશે આની લાઇફમાં? હું પણ એના માટે શું એક રાત માટે વાપરવાનો માલ હતી? મને નીલ માટે ભયંકર ગુસ્સો આવવા માંડ્યો.

સીપ્લેન લૅન્ડ થયું. અમે બહાર નીકળીને પલાવન ઍરપૉર્ટ જવા માટે કારમાં બેઠાં. એણે મારી તરફ જોયું. મેં નજર ફેરવી લીધી. ઍરપૉર્ટ પહોંચીને અમે હૉંગકૉંગની કનેક્ટિંગ ફ્લાઇટ પકડી. પ્લેનમાં પણ ભાગ્યે જ અમે એકબીજાં સાથે વાત કરી. અમે અમારાં લૅપટૉપ ખોલીને કામ કરતાં રહ્યાં, કામ કરવાનો દેખાડો કરતાં રહ્યાં.

હૉંગકૉંગ ઍરપૉર્ટ પર ઊતરીને છૂટાં પડતી વખતે એણે કહ્યું,

"રાધિકા, મને ખબર છે કે અત્યારે તારા દિમાગમાં હજારો વિચારો દોડતા હશે. મારા દિમાગમાં પણ..."

"તેનું શું છે?"

"ગઈ કાલે રાત્રે જે બની ગયું એના વિશે સવારથી વિચાર્યા કરું છું." એ બોલ્યો.

હું કંઈ બોલી નહીં. એણે કહ્યું,

"મારે તને એટલું જ કહેવું હતું કે કાલની રાત મારા માટે એકદમ સ્પેશ્યલ હતી. જિંદગીમાં અગાઉ આવું ક્યારેય મેં ફીલ નથી કર્યું."

"ઓહ," મારાથી બોલાઈ ગયું. પછી કહ્યું, "ઓકે, વેલ." મારો ચહેરો એકદમ સપાટ હતો. હું બોલી, "મારે મોડું થાય છે. સી યુ."

કારમાં બેસતી વખતે મેં જોયું કે એના ચહેરા પર મારી આ બીહેવિયરને કારણે દર્દ હતું. મને એની આ પીડા સાથે કંઈ લેવાદેવા નહોતી. મારે એ બધું ભૂલી જવું હતું. કંઈ થયું જ નથી, રાધિકા. એ રાતને ડૂચો વાળીને તારી જિંદગીની બહાર ફેંકી દે.



27

બે અઠવાડિયાં પછી

"ઓકે હવે, બહુ થયું. આપણે નિરાંતે બેસીને ત્યાં જે બન્યું એ વિશે વાત કરી લેવી જોઈએ." નીલે કહ્યું.

"કેમ?" હું બોલી. નીલે મને કૅબિનમાં બોલાવી હતી. અમે સામસામાં બેઠાં હતાં.

"કારણ કે આ વાતને અવૉઇડ કરવાથી ગૂંચવાડો વધી રહ્યો છે." નીલે કહ્યું.

"એમાં વાત શું કરવાની છે? જે કંઈ થયું તે ખોટું થયું. તને પણ ખબર છે, મને પણ ખબર છે." મેં કહ્યું.

"વેલ," એ કંઈક કહેવા માગતો હતો પણ અચકાતો હતો. પછી બોલ્યો, "ખોટું કેવી રીતે?"

"ખોટું એટલે ખોટું, નીલ. એમાં વળી ડિસ્કસ શું કરવાનું હોય?"

"ઠીક છે, થોડું ઘણું ખોટું થયું હશે તારા હિસાબે. પણ ફ્રૅન્કલી મને એમાં કશું અજુગતું નથી લાગી રહ્યું."

"એમ? હું અહીં તારા હાથ નીચે નોકરી કરું છું. તું પરણેલો છે, તારે છોકરાં પણ છે."

"મને ખબર છે."

"છતાં કંઈ અજુગતું નથી લાગતું તને? મારી જિંદગીની આ મોટામાં મોટી બ્લન્ડર હતી."

"હું એને બ્લન્ડર નથી માનતો. લાઇફના મોસ્ટ પ્રેશ્યસ એક્સ્પીરિયન્સને બ્લન્ડર ગણાવવાની ભૂલ હું ન કરું."

"તારે એને જે કહેવું હોય અને જે માનવું હોય તેની છૂટ છે તને. ડ્રિન્ક્સ પછી આપણે બહેકી ગયાં, વાતાવરણ પણ એવું હતું કે ભૂલ થઈ જાય. પણ હવે નહીં થાય. ક્યારેય નહીં થાય." મારો અવાજ ગુસ્સામાં સહેજ તરડાઈ ગયો.

નીલ ઊભો થઈને મારી બાજુમાં આવીને બેઠો.

"ઓકે, ઓકે, શાંત થા. જરા ધીરી પડ." એણે કહ્યું, "હું તારી વાત સમજું છું."

"આપણે આડીઅવળી વાતો કર્યા કરવાને બદલે ખાલી ઑફિસના કામ પર ફોકસ કરવું જોઈએ." મેં એકદમ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું.

"ફાઇન. બહુ સરસ. તો આપણે કામ પર જ ધ્યાન આપીએ. એમાં તો કોઈ વાંધો નથી ને તને?"

"કોઈ વાંધો નથી."

"નેક્સ્ટ કોઈ ડીલ હશે તો હું તને એમાં ગણું ને?"

"ઑફ કોર્સ. તું બૉસ છે."

"મારી સાથે કામ કરવામાં તને કોઈ પ્રૉબ્લેમ તો નહીં હોય?"

"મારે તારી સાથે જ કામ કરવું પડે એવું કોઈ ડીલ છે?"

"ગ્રીનવુડવાળાને કોરિયામાં થોડી ફડચામાં ગયેલી હોટેલો ખરીદવી છે. એ લોકોએ આપણને તપાસ કરવાનું કહ્યું છે. એમને તારું કામ ગમ્યું છે એટલે..." નીલે બાકીનું વાક્ય અધૂરું રાખ્યું.

"તું જેમ કહે એમ..." મેં કહ્યું.

"તારે જો મારી સાથે આ ડીલમાં ન રહેવું હોય તો કોઈ જબરજસ્તી નથી. હું શું કહું એ

લોકોને? ના પાડું કે હા પાડું?"

"મારે સામે ચાલીને કોઈ ક્લાયન્ટ ગુમાવવા નથી." મેં કહ્યું.

"સરસ. તો આપણે એના પર કામ શરૂ કરી દઈએ. કોરિયાના કેપિટલ સોલમાં એક હોટેલ દેવાળું કાઢી રહી છે. આપણે બહુ જલદી ત્યાં જવું પડશે."

* * *

"મારે એક ટુ સીટર સોફા જોઈએ છે." મેં કહ્યું.

"સાદો સોફા જોઈએ કે સોફા-કમ-બેડ?" સેલ્સપર્સને મને પૂછ્યું.

"સોફા-કમ-બેડ," ઇન્ડિયાથી કોઈ ગેસ્ટ આવે તો કામ લાગે એમ વિચારીને મેં કહ્યું. સેલ્સ પર્સન મને વિશાળ શોરૂમના બીજા ખૂણે લઈ ગઈ. એક ડઝન કરતાં વધારે ઑપ્શન્સ હતા.

"કોઈ ખાસ કલર જોઈએ?" મને પૂછવામાં આવી રહ્યું હતું. હું બોલવા જતી હતી કે કોઈપણ કલર ચાલશે. આ સ્ટીલ ગ્રે સારો છે એમ કહીને નજીક પડેલો સોફા બતાવવા જતી હતી ત્યાં જ કોઈએ દૂરથી મને બોલાવી.

"હાય!"

અવાજ એકદમ પરિચિત હતો.

"નીલ?"

સોફાવાળા સેક્શનની પેલે પાર એ ઊભો હતો. સાથે એની પત્ની પણ હતી. બેઉ બાળકો પણ હતાં. નીલે ફરી કહ્યું,

"હાય!"

હું ત્યાં ગઈ. નીલે કહ્યું, "ગુડ ટુ સી યુ હિયર. અમે લોકો ઇઝી ચેર્સ લેવા નીકળ્યાં હતાં. હિયર, મીટ કુસુમ. કુસુમ, મીટ રાધિકા, ફ્રોમ માય ઑફિસ."

ચાળીસેક વર્ષની પણ માંડ ત્રીસની લાગે એવી કુસુમની આંગળી એ એનો ત્રણેક વર્ષનો દીકરો હતો. મોટી સાતેક વર્ષની દીકરી કોઈ નવાનક્કોર સોફા પર બેઠાં બેઠાં આઇફોન સાથે રમતરોળાં કરી રહી હતી. અને હું છવ્વીસ વર્ષની ઢગી ધરતી માર્ગ આપે તો સમાઈ જવાની તૈયારી કરી રહી હતી.

"રાધિકા, સો નાઇસ ટુ મીટ યુ." કુસુમે પ્રેમથી કહ્યું અને હાથ લાંબો કરીને શેકહૅન્ડ કરી.

"ઓહ, ઓકે." મારાથી બોલાઈ ગયું પછી ભૂલ સુધારીને કહ્યું, "આય મીન, હાય કુસુમ!"

નીલે એનાં બાળકોની ઓળખાણ કરાવી આર્યન અને સિયા. કુસુમ મારી સાથે વાતોએ વળગી. ક્યારેક ઇન્ડિયન જમવાનું મન થાય તો ઘરે ટપકી પડવાનું, એ કહી રહી હતી. હું એને જોઈ રહી હતી. ફોર્ટીની ઉંમરે હું આટલી યંગ દેખાઈશ? પણ એની બૂબી મારા કરતાં ઘણી નાની હતી. મારી વધારે ભરાવદાર હતી. પણ મારે શું કામ મારી બૉડીની સરખામણી એની સાથે કરવી જોઈએ? બધી સ્ત્રીઓ શું એકબીજાની છાતી જોઈને કોની નાની અને કોની મોટી એવું વિચાર્યા કરતી હશે?

કુસુમના કહેવાથી અમે બહાર નીકળીને ફુડ કોર્ટમાં લંચ લેવા ગયાં. મારે અહીંથી સટકી જવું હતું પણ શું કહીને નીકળી જઉં એ સૂઝ્યું નહીં. ત્યાં સુધીમાં કુસુમે સૌના માટે ઑર્ડર આપી દીધો. કુસુમ મને જોઈને શું વિચારતી હશે. નીલે એને અમારા વન નાઇટ સ્ટૅન્ડ વિશે

કહી દીધું હશે. એટલે જ શું એ પતિની ગર્લફ્રેન્ડ સાથે દોસ્તી કરી લેવા માગતી હશે. પતિની ગર્લફ્રેન્ડ કે પતિની રખાત? શું બોલી તું, રાધિકા? તું રખાત છે નીલની? હા, હા, હા. એક નહીં હજારવાર. તું મિસ્ટ્રેસ છે એની. ના બિલકુલ નહીં. હું ગોલ્ડમન સાક્સની વાઇસ પ્રૅસિડેન્ટ છું. અચ્છા? તો એ રાતે આયર્લૅન્ડના બીચ પર શું ગુલ ખિલાવતી હતી તારા બૉસ સાથે.

હું શૂન્યમનસ્ક બનીને લંચ ખાતી રહી.

* * *

મોટા ભાગની સ્ત્રીઓ માટે મહિને એક વાર એવો વખત આવે. મારી મધરને દર અઠવાડિયે એકવાર એવો વખત આવતો જ્યારે એનો પિત્તો જાય, જાય ને જાય જ. દર રવિવારે એ ફોન પર મારાં મૅરેજ કરવાની વાત કરતી અને અચૂક એ મારી વાત સાંભળીને ઊકળી ઊઠતી.

"ના, આજે નહીં, મૉમ, પ્લીઝ. બીજા કોઈ દિવસે," મેં કહ્યું.

"આજે કેમ નહીં? આજે રવિવાર છે. આજ તો એક દિવસ મળે છે જ્યારે તું રિલેક્સ્ડ હોય ને તારી પાસે ટાઇમ જ ટાઇમ હોય." મૉમ કહી રહી હતી.

"આજે હું રિલેક્સ્ડ નથી." મેં છણકો કરતાં કહ્યું. હું લૅપટૉપ ખોલીને ફેસબુક પર લોગ થઈ રહી હતી.

"કેમ? આજે ઑફિસ છે તને?"

"ના."

"તો? તું ઘરે જ છે ને? સોફા-કમ-બેડ લેવા જવાની હતી તેનું શું થયું?"

"સવારે ગઈ હતી. એક પસંદ પણ કર્યો, પણ ખરીદવાનો ચાન્સ ન મળ્યો."

"કેમ?"

"જવા દે ને, મૉમ. આજે મારો દિવસ જ ખરાબ છે."

"તું સોફા-કમ-બેડ નહીં વસાવે તો અમે લોકો તારે ત્યાં રહેવા કેવી રીતે આવીશું?"

"લઈ લઈશ, કહ્યું ને?"

"પણ એમાં તું મારા પર આટલી ચિડાય છે કેમ?"

"કારણ કે મને ખબર છે કે હવે બીજો સવાલ તું શું પૂછવાની છે?"

"શું?"

"શાદીડૉટકૉમ પર પ્રોફાઇલ રજિસ્ટર કરાવ્યો? છોકરાઓ જોવાનું શરૂ કર્યું? મૉમ, તને આટલી ઉતાવળ કેમ છે મને પરણાવી દેવાની?"

"હું તારી ફિકર નહીં કરું તો કોણ કરશે? આખી જિંદગી તું એકલી એકલી જ સોફા ખરીદવા જવાની? આ કંઈ સ્ત્રીઓનું કામ છે? ફર્નિચર ખરીદવા આપણે જવાનું હોય કે એ લોકોએ?"

"ફરી પાછું શરૂ નહીં કર, મૉમ." મેં દેબુનું નામ સર્ચ કર્યું. એણે એનો પ્રોફાઇલ પ્રાઇવેટ કરી નાખ્યો હતો. ખબર નહીં કેમ, મને એનું પ્રોફાઇલ પિક્ચર જોવાનું મન થઈ આવ્યું હતું. શક્ય છે કે એ ફરી પાછો સિંગલ થઈ ગયો હોય.

"ઓકે, સાંભળ એક પ્રપોઝલ આવી છે."

"જોયું? મને ખબર જ હતી. તું આ જ બધી વાત માટે ફોન કર્યા કરતી હોય છે."

"કેમિસ્ટ છે."

"કેમિસ્ટ?"

"મને ખબર છે, તું શું વિચારતી હોઈશ. પણ જરા વિચાર કર. એ લોકોના ફૅમિલીની દિલ્હીના મેઇન એરિયાઓમાં છ કેમિસ્ટ શૉપ્સ છે. એમાંની એક તો 'એઇમ્સ'ની બરાબર સામે જ છે. તને કોઈ અંદાજ પણ નહીં હોય કે ત્યાં કેટલો મોટો ધંધો થતો હશે?"

"મૉમ, તું મને દવાની દુકાનવાળા જોડે પરણાવવા માગે છે?"

"તે કંઈ છોકરો દુકાનમાં બેઠાં બેઠાં ક્રોસિન નથી વેચતો. એ બધું કામ તો એમના માણસો કરે. આ લોકોએ તો ધંધો મૅનેજ કરવાનો, બસ."

"ક્યાં સુધી ભણ્યો છે એ?"

"તને તો જ્યારે જુઓ ત્યારે છોકરાના ભણતરની જ ફિકર હોય છે."

"મૉમ, એમાં ખોટું શું છે? એનું ક્વૉલિફિકેશન શું છે એટલું તો જાણવું જોઈએ કે નહીં? હું એમ.બી.એ. છું."

"તો એ બી. ફાર્મ. છે અને એમ.બી.એ. કરવાનું વિચારે છે." મૉમ બોલી. પછી ધીમેથી ઉમેર્યું, "કરસ્પૉન્ડન્સ કોર્સમાં."

"કરસ્પૉન્ડન્સ?"

"આજકાલ તો લોકો ઑનલાઇન પણ કરતા હોય છે."

"મૉમ, બાય."

"બેન્ગોલી માર્કેટમાં એ લોકોની મોટી કોઠી પણ છે. છોકરાના ભાગે જે ફ્લૉર છે એમાં ચાર બેડરૂમ છે, ચાર."

"એમાં મારે શું? હું કંઈ પ્રૉપર્ટી બજારમાં છું?"

"એક વખત એની જોડે વાત તો કરી જો."

"કેમ? મૉમ, તને ખબર છે કે હું અહીં અબ્રૉડમાં જૉબ કરું છું. હું શું કામ મારી નોકરી છોડીને ત્યાં આવું?"

"તો તને કોણ, એન.આર.આઈ. જોઈએ છે? હું શોધું છું ને..."

"મને કોઈ નથી જોઈતો. પ્લીઝ, તું મારો પીછો છોડ."

"આજે તને થઈ શું ગયું છે?"

"મારે બહાર જવાનું છે, બાય."

મેં ફોન મૂક્યો, લૅપટૉપ બંધ કર્યું અને ઘડિયાળ જોયું. મધરાત થવાની હતી. સૂવાનાં કપડાં પહેરીને હું પથારીમાં આડી પડી. મેં કલ્પના કરી કે કુસુમ પણ ડિઝાઇનર નાઇટવેર પહેરીને એના હસબન્ડના પડખામાં ભરાઈ હશે. હું શું કામ આવા આવા વિચારો કરતી હતી. મને શું કામ પડી હોય એ લોકોની? પહેલેથી જ હું જાણું છું કે નીલ ફૅમિલીવાળો માણસ છે.

મારો ફોન વાઇબ્રેટ થયો. નીલનો વૉટ્સઍપ હતો.

'અચાનક મળી જવાના શૉકમાંથી બહાર આવી ગઈ હોઈશ. સૉરી.'

સારું, ચાલો. અત્યારે એ એની વાઇફને પથારીમાં લઈને એને દબાવતો નહીં હોય. એનો બીજો મેસેજ ટાઇપ થઈ રહ્યો હતો. એ આવે તે પહેલાં મેં લખી નાખ્યું,

'એમાં તારો કોઈ વાંક નહોતો.'

'કેવી નવાઇની વાત છે. તું મારાં છોકરાઓને મળી! મને ખૂબ ગમ્યું.'

'રિયલી?'

'હા. બેઉ બાળકોથી હું બહુ ક્લોઝ છું. સારું થયું તું એમને મળી.'

'ધેટ્સ સ્વીટ ઑફ યુ ટુ સે. ધે આર અમેઝિંગ કિડ્સ.'

'તું આજકાલ મારી સાથે વાત કેમ નથી કરતી!'

'શું અર્થ છે વાત કરવાનો?'

'આપણે વાત કરીએ તો ખબર પડે ને કે શું કહેવું છે એકબીજાને?'
'ઇટ્સ ફાઇન. એમાં હવે કંઈ કહેવાનું નથી. ભૂલ થઈ જાય.'
'તું એને ભૂલ-બૂલ કહેવાનું બંધ કર, પ્લીઝ.'
'ઓકે.'
'તો હું ફોન કરું?'
'ના. મૂડ નથી.'
'શું થયું?'
'કંઈ નહીં. પછી વાત કરીશું.'
'નેક્સ્ટ વીક આપણે ડીલ માટે સોલ જવાનું છે. ત્યાં નિરાંતે વાત કરીશ તું મારી સાથે?'
'ભલે.'
'મને અવૉઇડ નહીં કરતી તું.'
'હું કોઈને અવૉઇડ નથી કરતી. રવિવારની રાત્રે પણ તારી સાથે ચૅટ પર છું.'
'થૅન્કયુ, ગુડનાઇટ.'
'ગુડનાઇટ. બાય ધ વે, કુસુમ રિયલી સ્વીટ છે.'
'થૅન્ક્સ. એને પણ તું ગમી.'
'કારણ કે એને હજુ આપણી એ ભૂલ વિશે ખબર નથી.'
'એવું શું કામ તું કહ્યા કરતી હોઈશ?'
મેં અમસ્તું જ એક સ્માઇલી નાખ્યું. જવાબમાં એણે લાંબું લાંબું લખ્યું :
'ઍનીવે, કુસુમ સારી જ છે. એ હૉરિબલ પર્સન છે એવું હું કહેવા નથી માગતો, રાધિકા. પણ મારી અને એની વચ્ચે પહેલાં જેવું કંઈ રહ્યું નથી. આપણા બેની વચ્ચે જે છે એના દસમા ભાગનું પણ નહીં હોય. કશું જ નહીં.'
મેં મેસેજ ફરી વાંચ્યો. જવાબ ન આપ્યો.
'કંઈ કહે તો ખરી.' છેવટે એનો મેસેજ આવ્યો.
'હું શું કરું આમાં? જા, જઈને મૅરેજ કાઉન્સેલરની સલાહ લે અને ધ્યાન આપ જરા તારી મેરિડ લાઇફ પર. બીજું શું?' મેં લખ્યું.
'બીજું કંઈ નહીં. આ તો હું મારા તરફથી જે હકીકત છે તે તને જણાવવા માગતો હતો. મારી લાગણી તારી આગળ ઠાલવવા માગતો હતો.'
'એવી તે શું જરૂર પડી એની?' મેં લખ્યું.
'જરૂર પડી કારણ કે આ ખોટું હોય તો ખોટું ને તે દિવસે ભૂલ થઈ હોય તો ભૂલ. પણ હકીકત એ છે કે આય લવ યુ. ગુડનાઇટ.' નીલનો છેલ્લો મેસેજ આવ્યો.

* * *

સોલમાં અમે વાત નહીં કરી. માત્ર પ્રેમ કર્યો. ખૂબ પ્રેમ કર્યો, જ્યારે તક મળી ત્યારે. પાગલની જેમ એકબીજાને ચીપકીને પ્રેમ કર્યો. આખી આખી રાત પ્રેમ કર્યો. ટીનએજર્સની જેમ પ્રેમ કર્યો. નવાં નવાં પરણેલાંઓ હનીમૂન પર કરે એવો પ્રેમ કર્યો.
સોલમાં જ નહીં એ પછીની તમામ બિઝનેસ ટ્રિપ્સમાં પ્રેમ કર્યો. નેક્સ્ટ ત્રણ મહિનામાં દસગણો પ્રેમ કર્યો. દરેક વખતે અમારી ઇન્ટિમસી વધુ ને વધુ ઊંડી થાય ત્યાં સુધી પ્રેમ કર્યો. મારી એકલતા ભૂંસાઈ જાય ત્યાં સુધી પ્રેમ કર્યો. શું સારું છે ને શું ખરાબ એવા સવાલો ઓગળી જાય ત્યાં સુધી પ્રેમ કર્યો.



28

ત્રણ મહિના પછી

“કોણ છે?” મેં પૂછ્યું. મારા અપાર્ટમેન્ટની ડોરબેલ વાગી હતી. હું ઘરમાં બેઠાં બેઠાં નાઇટક્લોથ્સમાં ટીવી પર ફિલ્મફેર અવૉર્ડ્સનો શો જોઈ રહી હતી. ફરી ડોરબેલ વાગી.

મેં દરવાજો ખોલ્યો.

“નીલ?” મેં ટાઇમ જોયો. અગિયાર વાગી ગયા હતા.

“સૉરી, તને ડિસ્ટર્બ કરી.” એ બોલ્યો.

નીલ અને મારી વચ્ચે એક વણલખ્યો કરાર હતો કે એ ક્યારેય મારા અપાર્ટમેન્ટમાં નહીં આવે, હું ક્યારેય એના ઘરે નહીં જાઉં, હૉંગકૉંગમાં અમે એકલાં ક્યારેય બહાર નહીં દેખાઈએ. બહારગામની બિઝનેસ ટ્રિપમાં અમને જે ઇન્ટિમસી મળતી હતી તેમાં ઓછું ગિલ્ટ ફીલ થતું હતું.

“શું થયું?” મેં પૂછ્યું.

“આજની રાત તારે ત્યાં રોકાઈ શકું?”

“કેમ? આય મીન, એકાએક શું જરૂર પડી?”

“મારી અને કુસુમ વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો.”

“મારે કારણે?”

“ના. પણ વાત વધતાં વધતાં એટલી વધી ગઈ કે વધારે વણસે એ પહેલાં મેં એને કહી દીધું કે મારે બિઝનેસ ટ્રિપ પર જવાનું છે. અને હું બૅગ લઈને ઘરમાંથી નીકળી ગયો. મને હતું કે હું હૉંગકૉંગમાં જ કોઈ હોટેલમાં જઈને રહીશ પણ...” એણે મારી સામે જોયું.

પણ શું? તને એમ કે હોટેલમાં રૂમ રાખવાનો ખર્ચો કરવો એને બદલે અહીં તને પથારી પણ મફત મળશે અને પથારી ગરમ કરવાવાળી પણ ફ્રીમાં મળશે એમ જ ને? મેં વિચાર્યું પણ કહ્યું,

“યા, અફકોર્સ. આવને. તું આરામથી અહીં રહે.”

“થૅન્ક્સ.”

“ભૂખ લાગી છે?”

એણે ના પાડી. મને ખભેથી પકડી, પછી ચૂમી. એણે સ્માઇલ કર્યું. મેં સ્માઇલ ન કર્યું.

“હું તારા માટે શું છું, નીલ? કોઈ રમકડું છું? મન થયું ત્યારે રમ્યા ને પછી ઉપર ચડાવી દીધું? કે પછી સેફ્ટી વાલ્વ છું? તારી મેરીડ લાઇફની વરાળ કાઢી આપવાનો મેં ઇજારો લીધો છે? હું છું શું તારા માટે?”

“ના, રાધિકા. એવું કંઈ નથી – તું ખોટું સમજે છે મને.” એને મારું કહેવાનું સાંભળીને શૉક લાગ્યો હતો.

“તો પછી તું અહીંયાં શું કામ છે? આપણી વચ્ચે સમજૂતી છે ને કે હૉંગકૉંગમાં મળવાનું નહીં?”

“એવું ક્યારે નક્કી કર્યું આપણે? અને શું ફરક પડે છે?”

“મને ફરક પડે છે. બિઝનેસ ટ્રિપમાં મને... મને ઓછું ખરાબ લાગે છે. આપણી ક્લિયર બાઉન્ડ્રી નક્કી કરી છે...”

“પણ કેમ?”

"કારણ કે હૉંગકૉંગમાં હોઈએ તો મારા મનમાં સ્પષ્ટ હોય છે કે આપણે મળવાના નથી. મારે તારી રાહ જોવાની નથી. તું ક્યારે આવીશ ને ક્યારે નહીં એવી અકળામણ મને થવાની નથી. આજે તું વાઇફ સાથે ઝઘડો થયો એટલે અહીં આવી ગયો. આવતી કાલે એ તારા માટે સજીધજીને તૈયાર થશે તો તું એની સાથે હોઈશ. હું કોણ છું તારી? સ્ટૅન્ડબાય? સ્ટેપની?"

એણે પોતાના માથે હાથ ફેરવ્યો અને કહ્યું, "મારે બસ એ વાતાવરણમાંથી છૂટવું હતું. થોડી તાજી હવા... આય થૉટ કે હું અહીં આવી જઉં અને તને પૂછું કે આજની રાત... આયમ સૉરી જો મેં તને..."

"આજની રાત પૂરતું કોઈ વાંધો નથી."

"તું ઠીક તો છે ને, રાધિકા? મેં અગાઉ તને ક્યારેય આવા મિજાજમાં નથી જોઈ." નીલે કહ્યું.

"ચાલો સૂઈ જઈએ."

અમે લાઇટ્સ બંધ કરીને પથારીમાં પડ્યાં. એણે એનો હાથ મારા પર લપેટ્યો. હું કોઈ રિસ્પોન્સ આપ્યા વગર પડી રહી. એ નાના બાળકની જેમ ઘસઘસાટ સૂઈ ગયો. કદાચ એ ખરેખર મને પ્યાર કરતો હતો. કદાચ અમે જે કરી રહ્યાં હતાં તે ખોટું હતું. કદાચ આમાંથી કંઈક સારું પણ બને કોને ખબર? "આય લવ યુ, નીલ ગુપ્તા," મારા મોઢામાંથી શબ્દો નીકળી ગયા. "મેં સાંભળી લીધું," કહીને નીલ મને જોરથી વળગીને ઊંઘી ગયો.

* * *

ઑફિસમાં પર્ફૉર્મન્સ રિવ્યુની વિધિ પૂરી થઈ અને બોનસ અનાઉન્સ થયું. આ વર્ષનું મારું બોનસ હતું સાડા ત્રણ લાખ ડૉલર! બેઝ સૅલરી ઉમેરતાં આ વર્ષે મારી ટોટલ કમાણી પાંચ લાખ ડૉલર જેટલી થઈ.

મેં ઑફિસેથી જ મારી મૉમને ફોન કર્યો. એ તો સાવ બાઘી જ બની ગઈ. ડૅડ સાથે વાત કરી.

"ત્રણ કરોડ રૂપિયા? એક વર્ષમાં?" એ બોલ્યા.

"ડૅડ, આપણે એક નવું ઘર લઈ લઈએ ગુડગાંવમાં. સ્વિમિંગ પુલ અને જિમ હોય એવા બિલ્ડિંગમાં."

"ના, બેટા. અમે જ્યાં છીએ ત્યાં ઠીક છીએ."

"અહીંથી હું શું મોકલું તમારા લોકો માટે?"

"બધું જ મળે છે અહીં. બસ, તું વહેલી વહેલી અમને મળવા આવ."

"આવીશ, જલદી આવીશ, લવ યુ, ડૅડ."

ઇન્ડિયા વાત કર્યા પછી હું નીલની કૅબિનમાં ગઈ. જઈને મેં સીધું જ પૂછ્યું,

"આ બોનસમાંથી મને મારા કામના કેટલા મળ્યા અને તારી સાથે સૂવાના કેટલા મળ્યા?"

"કેવી વાત કરી છે, રાધિકા? તને ખબર છે કે તેં જે ડીલ્સ કર્યાં છે એમાં કેટલો પ્રૉફિટ મળ્યો છે."

"ખબર છે. મારે ખાલી ખાતરી કરવી હતી."

"તને ખબર છે, તને જે બોનસ મળ્યું છે તેના કરતાં પણ વધારે મળવું જોઈતું હતું તને. પણ વી. પી. તરીકેનું ફર્સ્ટ યર હોય તો કેટલા અપાય એની એક લિમિટ હોય છે. આ લિમિટ હું ન્યૂ યૉર્ક એક ફોન કરીને હટાવી શક્યો હોત."

“પ્લીઝ, એવું કંઈ નહીં કરતો.”

“નથી જ કર્યું. હું આવું કંઈ કરું એવું તું વિચારે છે એનાથી હર્ટ થાય છે મને. તારો પ્રેમ મેળવવા માટે મારે તને ઑફિસમાંથી વધારે પૈસા અપાવવાની જરૂર નથી, સમજી?”

“સમજી. થૅન્ક્સ.”

“ખોટેખોટી કલ્પના નહીં કર્યા કર. હું મારાં લગ્નમાં ફસાયેલો છું. મારી પાસે કોઈ સોલ્યુશન નથી. પર્સનલ લાઇફમાં અત્યારે હું જે રીતનો અટવાયેલો છું એવું ન હોત તો સારું થાત.” એનો અવાજ તીખો બનતો જતો હતો. થોડી વાર રહીને એ શાંત થયો અને બોલ્યો, “બટ આય લવ યુ. એટલે હું તારી સાથે છું. આયમ પ્રાઉડ ઑફ યુ. તને જે અહીં મળે છે તેને તું લાયક છે એટલે મળે છે. ઇનફૅક્ટ એના કરતાં પણ તું વધારે ડિઝર્વ કરે છે.”

“આયમ સૉરી,” હું બોલી.

“ઇટ્સ ફાઇન,” એણે કહ્યું.

“તને કેટલું બોનસ મળ્યું?” મેં પૂછ્યું.

“ખાનગી છે. કોઈને કહેવાય નહીં! ઑફિસનો નિયમ છે!” એ હસી પડ્યો.

“ઑફિસના બીજા ઘણા નિયમો તેં મારી આગળ તોડી નાખ્યા છે.”

“થ્રી.”

“થ્રી વૉટ?”

“થ્રી બક્સ.”

“યુ મીન થ્રી મિલિયન ડૉલર?” મારી આંખો પહોળી થઈ ગઈ. “ત્રીસ લાખ ડૉલર,” હું બોલી અને મનોમન વિચાર્યું કે મારી મા હોત તો એણે રૂપિયામાં ગણતરી કરી નાખી હોત. અઢારથી વીસ કરોડ રૂપિયાનું ખાલી બોનસ!

“એટલે જ હું તને કહેવા નહોતો માગતો. બહુ મોટી રકમ લાગે.”

“લાગે શું? બહુ મોટી રકમ છે જ!” સમહાઉ, મને મારા સાડા ત્રણ લાખ ડૉલરનું બોનસ આની સામે સાવ નાનું લાગવા માંડ્યું.

“એટલે જ કહું છું, માય ડિયર. ડ્રીમ બિગર. યુ ડિઝર્વ મોર.” કહીને નીલે મારી સામે જોઈને આંખ મિચકારી.



ચાઈનીઝ ન્યુ યર નિમિત્તે હૉંગકૉંગમાં ચાર દિવસનું વીકએન્ડ હતું. રજામાં હું દિલ્હી આવી ગઈ. ડૅડ, મૉમ, અદિતિદીદી અને હું ઇન્ડિયા ગેટ ફરવાં ગયાં. લૉન પર ચાલ્યા પછી રાજપથ થઈને છેક રાષ્ટ્રપતિભવન સુધી ચાલ્યાં. વાતો થતી રહી, મૉમના ફેવરિટ ટૉપિક વિશે.

“તું આટલા પૈસા કમાય છે. કંપનીએ તને વાઇસ પ્રેસિડેન્ટ બનાવી દીધી છે. હવે શેની રાહ જોવાની છે?”

“મૉમ, હજુ હું મેન્ટલી રેડી નથી.”

“તારી લાઇફમાં કોઈ છે?” મૉમ પૂછી બેઠી. હું અનકમ્ફર્ટેબલ થઈ ગઈ. હા, છે. તારા કરતાં પાંચ જ વરસ નાનો હોય એવો પુરુષ છે મારી લાઇફમાં... હું કહી દેવા માગતી હતી, પણ ચૂપ રહી.

“દરેક વાતની ઉંમર હોય. તું ઑલરેડી છવ્વીસની તો થઈ. છોકરીઓની ઉંમર વધતી જાય એમ એમના માટે ચૉઇસ ઓછી થતી જાય.”

“મૉમ, હું કંઈ કારનું મૉડલ છું કે દર વર્ષે મારી વેલ્યુ ડેપ્રિશ્યેટ થતી જાય?”

"તારી સાથે તો વાત જ કરવી નકામી. નથી બોલતી જા." મૉમ રૂઠી ગઈ. મેં એને મનાવતાં કહ્યું.

"તારી શું મરજી છે, કહે."

"તું કહે છે કે અત્યારે તું રેડી નથી. તો મને કહે કે તું ક્યારે રેડી હોઈશ. ટાઇમ નક્કી કર. તું ક્યારે છોકરા જોવાનું શરૂ કરીશ?"

"ખબર નથી. ત્રણ વર્ષ. કદાચ ચાર."

"ત્યાં સુધીમાં તું ત્રીસની થઈ જઈશ. પછી તને કોઈ ડિવોર્સી જ મળશે નહીં તો પછી બીજવર."

"તો?"

"એક વર્ષ. હું એક વર્ષ રાહ જોઈશ. ત્યાં સુધીમાં તેં કોઈ સારો છોકરો ન જોયો તો અમે સારું ઠેકાણું શોધીને તને પરણાવી દઈશું."



29

“તો એક વર્ષ છે મારી પાસે. મારી મૉમ એક વર્ષથી વધારે રાહ નથી જોવાની.” મેં ઇન્ડિયા ગેટ પાસે ફરતાં ફરતાં થયેલી બધી વાતચીત નીલને સંભળાવી. અમે હૉંગકૉંગની પૉશ ચાઇનીઝ રેસ્ટોરાંમાં લંચ માટે મળ્યાં હતાં.

“ટૂંકમાં તું પરણી જવાની.” નીલે કહ્યું.

મેં એની સામે જોયું. બોલતાં પહેલાં વિચાર કર્યો. પછી કહ્યું, “હું પરણી જવાની નથી. મારી મા ઉતાવળી થઈ છે. એની બકબકથી ત્રાસી ગઈ છું. અને જિંદગીમાં ક્યારેક ને ક્યારેક તો મારે એ જે કહે છે તે કરવું જ પડવાનું ને?”

“તો પછી આપણું શું? આપણી વચ્ચે જે છે તેનું શું?”

“નીલ, મારી લાઇફનો તેં કદી વિચાર કર્યો છે?” મારા અવાજમાં સખતાઈ હતી. અમે બંને એકબીજા સામે ઘૂરતાં હતાં.

“અફકોર્સ, કેમ નહીં? સવાલ તારા એકલાનો કે મારા એકલાનો નથી. આપણા બેઉનો છે.”

“અને આપણે બેઉએ આખું વરસ માત્ર છાનગપતિયાં જ કર્યાં છે. આપણે ઑફિસમાં એકબીજાના કલીગ હોવાનો ખાલી દેખાવ કર્યો છે. જ્યારે રિયાલિટી એ છે કે આપણે ઑફિસની બિઝનેસ ટ્રિપ્સમાં એકબીજાની સાથે સૂઈ જઈએ છીએ, અને હવે તો મારા ઘરે પણ.”

“તારો અવાજ સહેજ નીચો રાખીશ તું?” નીલે ધીમેથી કહ્યું.

મારું છટક્યું.

“જોયું. ઇવન અહીં, રેસ્ટોરાંમાં પણ મારે તારી કલીગ હોવાનો દેખાડો ચાલુ રાખવાનો. આપણા વિશે કોઈને ખબર પડી જશે એ બીકે મારે કંઈ બોલવાનું પણ નહીં, તારો હાથ પણ નહીં પકડવાનો. આખી રાત તું પથારીમાં મને ભેટીને સૂઈ જાય એનું કંઈ નહીં પણ અહીં આવ્યાં હોઈએ તો હું કોણ ને તું કોણ?”

નીલે આજુબાજુ જોયું. સૌથી નજીક બેઠેલા લોકો અમારાથી ત્રણ ટેબલ દૂર હતા.

મારે બોલવાનું બંધ કરવું પડ્યું. હું વૉશરૂમ ગઈ. મોઢું ધોઈને પાછી આવી.

નીલે વહાલથી મારી તરફ જોયું.

મેં કહ્યું, “સૉરી.” પણ મારે શું કામ એને સૉરી કહેવું જોઈતું હતું.

“તારે સૉરી કહેવાની કોઈ જરૂર નથી.” નીલ બોલ્યો, “તારી જે લાગણી છે, એ મારી સાથે શેર કરવામાં કંઈ ખોટું નથી. મારે તને સૉરી કહેવું જોઈએ કે તારી આ ફીલિંગ મેં અત્યાર સુધી ઓળખી નહીં. આય લવ યુ, રાધિકા.”

હું કંઈ બોલી નહીં. માત્ર સહેજ મોઢું મચકોડ્યું. પછી કહ્યું,

“આ બધાનો કંઈ મતલબ નથી.”

“તને શું જોઈએ છે, રાધિકા?”

હું ચૂપ રહી.

“ફ્યુચર? હું તારા કરતાં વીસ વર્ષ મોટો છું.” એણે કહ્યું.

“તેં કહ્યું હતું કે પ્રેમ કરવામાં ઉંમર આડે ન આવે. કહ્યું'તું કે નહીં?”

“હું મૅરીડ છું. કિડ્સ છે મને. જવાબદારીઓ છે.”

"ઍક્ઝેટલી. તો પછી સવાલ એ થાય છે કે હું તારી સાથે શું કરી રહી છું. તું મારી સાથે શું કરી રહ્યો છે? ટાઇમપાસ?"

"તું હૅપી નથી મારી સાથે? આપણી વચ્ચે જે કંઈ છે, જેટલું પણ કંઈ છે, એનાથી ખુશ નથી તું?" નીલે કહ્યું. મને લાગ્યું કે એ મૂંઝાઈ ગયો હતો અને કદાચ થોડો ફફડી પણ ગયો હતો.

"તું હોત ખુશ? જો તું મારી જગ્યાએ હોત તો?" મેં સીધું એની નજર સાથે નજર મેળવીને પૂછી નાખ્યું.

"આપણા બેઉની પાસે આપણું મનગમતું કામ છે. આપણા બેઉની પાસે આપણે ચાહી શકીએ એવી એકએક વ્યક્તિ છે. લાઇફમાં એક્સાઇટમૅન્ટ છે, ફ્રેન્ડશિપ છે અને લવ પણ છે. આપણી વચ્ચે મેરીડ કપલમાં હોય એવી કોઈ મોનોટોની નથી, એવી કોઈ પ્રેડિક્ટેબિલિટી નથી."

"આપણી વચ્ચે મૅરેજ નથી."

"તારે ખરેખર મૅરેજ કરવાં છે કે પછી તારી મધર તારા પર પ્રેશર લાવે છે એટલે તું જલદી પરણવા માગે છે?"

"છેવટે તો મારે પરણવું જ છે ને, નીલ? તું એવું કેવી રીતે વિચારી શકે કે હું આખી જિંદગી એકલી રહીશ? મારે મૅરેજ જોઈએ છે, કિડ્સ જોઈએ છે, ફૅમિલી જોઈએ છે."

"રિયલી?"

"વૉટ ડુ યુ મીન, રિયલી? મારે ખરેખર જોઈએ છે આ બધું. અને એથીય વધુ. મારે રવિવારની બપોરે મારા હસબન્ડ સાથે, મારાં ખૂબ બધાં બાળકો સાથે સોફા-કમ-બેડ ખરીદવા જવું છે. મારે મારાં છોકરાંઓને લંચ ખવડાવતાં ખવડાવતાં એમનું મોઢું લૂછવું છે. મારે એમના માટે કૂકીઝ બેક કરવી છે. હા, હા, મારે કરવું છે આ બધું."

"ખરેખર, રાધિકા?" નીલનો ચહેરો જાણે એવો થઈ ગયો હતો કે એણે મંગળ પરથી આવેલો કોઈ એલિયન જોઈ લીધો હોય.

"હા, કેમ?"

"આય થોટ કે તું કરિયર માઇન્ડેડ છે."

"એટલે? તું કહેવા શું માગે છે?" મેં એકદમ ઠંડા અવાજે પૂછ્યું.

"કંઈ નહીં. પછી વાત કરીશું. હું બિલ મગાવું છું." કહીને નીલે વેઇટરને ઇશારો કર્યો.

* * *

"ના, નીલ. નૉટ ટુનાઇટ." મેં કહ્યું.

અમે પથારીમાં એકબીજાના પડખામાં સૂતાં હતાં. નીલે મારી ડોક પર નાક ઘસ્યું. એ આગળ વધવા જતો હતો પણ હું સહેજ દૂર જતી રહી.

"રાધિકા, આવ ને."

"ના, નીલ." મેં કહ્યું, "હું થાકી ગઈ છું."

આ વીકમાં એ લાગલગાટ ચાર દિવસ મારા અપાર્ટમેન્ટ પર આવ્યો હતો. મને ખબર નહોતી કે એના ઘરે એ શું પટ્ટી પઢાવતો હશે. ફ્રૅન્કલી, મને કંઈ પડી પણ નહોતી. દરેક રાત્રે હું એને આવવા દેતી. અમે થોડી વાર સાથે ટીવી જોતાં પછી બેડ પર જતાં.

એણે એના નાઇટસૂટના શર્ટનાં બટન બંધ કરી લીધાં.

"આજે ચોથી વાર તેં મને રિજેક્ટ કર્યો." એણે કહ્યું. એની વાત સાચી હતી. આ આખુંય

અઠવાડિયું અમે સેક્સ કર્યું નહોતું. નીલ બેડ પર બેસી ગયો.

"એક વાત પૂછું?" એણે કહ્યું.

"હા, બોલ."

"મને લાગે છે કે તું તારા મગજમાં ક્લિયર નથી. તને હજુય તારી લાઇફ માટે, તારા ફ્યુચર માટે અવઢવ છે."

"એવું કેવી રીતે લાગ્યું તને?"

"આપણે પેલી ચાઇનીઝ રેસ્ટોરાંમાં લંચ માટે ગયાં ત્યારે તેં જે બધી વાતો કરી હતી એના પરથી."

"મેં તને કહ્યું હતું કે મને ફૅમિલી જોઈએ છે. કિડ્સ જોઈએ છે. મારે એક સારી મધર બનીને મારાં છોકરાંઓને ઉછેરવા છે. આને તું અવઢવ કહે છે?"

"તું તારા કામમાં એકદમ એક્સપર્ટ છે. આ બધી નકામી વાતોમાં તારે શું કામ તારી જાતને ઉલઝાવી દેવી છે? આ બધું તો કોઈપણ સ્ત્રી કરી શકે."

"તો હું કેમ ના કરી શકું?"

"હું ક્યાં એવું કહું છું કે તું ન કરી શકે."

"તો?"

"હું તને કહેવા માગું છું કે તું એક્સેપ્શનલ છે અને સ્પેશ્યલ છે. ભવિષ્યમાં તું મૅનેજિંગ ડિરેક્ટર, પાર્ટનર કંઈ પણ બની શકે."

"યા. હું બનીશ, બનવાની જ. મને મારું કામ ખૂબ જ ગમે છે."

"પણ તો પછી તું શું કામ કહે છે કે તારે લગ્ન કરવાં છે, બાળકો ઉછેરવાં છે?"

"હા, એ બધું તો જોઈએ જ છે મને."

"રાધિકા, તું બીજાઓને જોઈને દોરવાઈ ગઈ છે. તે દિવસે તેં કુસુમને મારી સાથે જોઈ તો તું ઇન્સિક્યોર્ડ થઈ ગઈ. તને એના જેવા બનવાનું મન થઈ આવ્યું."

હું પણ બેડ પર બેઠી થઈ ગઈ. મારી અંદરનો ગુસ્સો હવે ભભૂકવા લાગ્યો હતો. મેં કહ્યું :

"દર વખતે તમે તમારી જાતને કેન્દ્રમાં ન રાખો, મિસ્ટર નીલ ગુપ્તા. હું મારી વાત કરી રહી હતી, મારી ઇચ્છાઓની. સમજ પડી તમને, મિસ્ટર આય-એમ-સો-સ્માર્ટ ગોલ્ડમન સાક્સ પાર્ટનર?"

"એમાં એવું છે ને કે..." કહીને નીલ ચૂપ થઈ ગયો.

"શું છે?" મેં કહ્યું. નીલ ચૂપ રહ્યો.

"જે કહેવું હોય તે બોલી નાખ. એમાં એવું શું છે?"

"મેં તને ક્યારેય હાઉસવાઇફ ટાઇપની છોકરી તરીકે જોઈ જ નથી. મેં ક્યારેય વિચાર્યું પણ નથી કે તને મધર બનવાનાં અરમાન હશે."

મારો ચહેરો તમતમી ગયો. મારું શરીર ગુસ્સાથી કંપવા માંડ્યું. આ માણસ મને શું એની રંડી સમજી બેઠો હતો? નીલને ખ્યાલ આવી ગયો કે એણે બોલવામાં, કંઈક ખૂબ જ મોટો લોચો કરી નાખ્યો છે. એ બોલ્યો,

"એટલે કે હું તને એમ કહેવા માગતો હતો કે..."

"હમણાં ને હમણાં તું મારા ઘરની બહાર નીકળી જા."

"પણ..."

"જસ્ટ, ગેટ આઉટ."

એ સહેજ પણ હાલ્યો નહીં.

“પ્લીઝ લીવ માય અપાર્ટમેન્ટ, મિસ્ટર નીલ ગુપ્તા. સંભળાય છે કંઈ. ગેટ આઉટ નાઉ.”

“અહીં તો આવ. મારી પાસે આવી જા. તને સારું લાગશે.” નીલે મારી નજીક આવીને મને કિસ કરવાની કોશિશ કરી.

સટાક.

એક તમાચો પડ્યો એના ગાલ પર. મારી આંગળીઓ ગરમ થઈ ગઈ. નીલ ગુપ્તા જે હોય તે, એના ઘરે, એની ઑફિસમાં, માઈ જાય.

“તારી હિંમત કેવી રીતે ચાલી મને આવું કહેવાની? હું તારી રખૈલ છું? કેપ્ટ છું? તું સમજી શું બેઠો છે મારા વિશે?”

“આયમ સૉરી.”

“અબઘડી ઊભો થા અને ફુટ અહીંથી. નહીં તો મારું સટક્યું છે ને તો ગોલ્ડમન સાક્સમાં બધાને કાલે ઇમેલથી આપણા વિશે બધું જણાવી દઈશ. બોલ, કરું એવું?”

એ ધીમે ધીમે ખસકીને બેડ પરથી નીચે ઊતર્યો. હું કડક નજરે એને જોતી રહી. એણે કપડાં બદલ્યાં, લૅપટૉપ બૅગ લીધી અને દરવાજો ખોલીને બહાર જતો રહ્યો.

હું બેડ પર ગૂંચળું વળીને રડવા લાગી. ખૂબ રડી, ખૂબ રડી. મારું માથું ઓશીકામાં નાખીને રડી. નીલની સુગંધ જેમાંથી આવતી હતી એ ઓશીકામાં માથું નાખીને રડી. રડતી જ રહી. મારું પેટ દુખવા આવે ત્યાં સુધી રડી. બાથરૂમ જવા ઊભી થઈ. મારો પિરિયડ શરૂ થઈ ગયો. આજે પહેલો દિવસ હતો.

* * *

બીજે દિવસે ઑફિસમાં જઈને મેં રાજીનામું મોકલી આપ્યું. કારણો આપવાની જરૂર નહોતી. નીલે મને એની કૅબિનમાં બોલાવી. મનાવી. મારું મન અહીંથી ઊઠી ગયું હતું. હું રાજીનામું પાછું ખેંચવા નહોતી માગતી. છેવટે એણે કહ્યું, “તારે લંડન ઑફિસમાં ટ્રાન્સફર જોઈએ છે?”

ગઈ કાલ રાતના બનાવ પછી હું પણ જરા હોશમાં આવી હતી. મેં કહ્યું, “તારી સાથે સીધો યા આડકતરો કોઈ સંપર્ક ન થવાનો હોય તો, હા. હું તૈયાર છું લંડન જવા.”

“પણ એવું કેવી રીતે બને? આપણે બે તો?”

“નીલ, હું સિરિયસ છું. જો તેં કોઈ રીતે પણ મારો કૉન્ટેક્ટ કર્યો તો તને ખબર છે કે શું થશે. આપણી વાત જગજાહેર થશે. આ કંપનીમાં તું મુસીબતમાં મુકાઈ જઈશ, હું નહીં. બૉસ તું છે.”

“તું મને ધમકી આપે છે?”

“હું તને કહું છું કે હું સિરિયસ છું. મને ખબર નથી કે આ બધા ઉકરડામાંથી હું કેવી રીતે બહાર આવીશ. પણ એક વાત ક્લિયર છે. તું મારી જિંદગીમાં નથી. આજથી. આ ઘડીથી.”

“ઓકે.” નીલે ભારે અવાજે કહ્યું.

“થૅન્ક્સ.”

“લંડન ઑફિસથી સાંજે તને ફોન આવી જશે.”

“ફાઇન. હવે હું જઉં?”

“યા,” એણે કહ્યું. પછી ઉમેર્યું, “રાધિકા...”

“હં?”

“આયમ સૉરી.”

“શેના માટે?”
“હું તને સાચવી શક્યો નહીં.”
હું ઊભી થઈ. બોલી,
“હું મને સાચવી શકી નહીં, નીલ.”



30

હૉંગકૉંગની યાદોમાં ખોવાઇને પાછી બહાર આવી ત્યારે મારા ગળામાં ડૂમો હતો. મારા હાથમાં બ્રેકફાસ્ટની પ્લેટ હતી અને મારી સામે નીલ ઊભો હતો. મારાં સગાંઓ બ્રેકફાસ્ટ માટે આવી રહ્યાં હતાં. મારે શું કહેવું ને શું કરવું એ વિચારવા થોડો ટાઇમ મળી જાય એટલે બાજુમાં મૂકેલો પાણીનો ગ્લાસ ઉઠાવ્યો અને ધીમે ધીમે પીવા લાગી.

"આપણે પ્રાઇવેટમાં જઈને થોડી વાત કરીએ? પ્લીઝ." નીલ કહી રહ્યો હતો.

"કેવી રીતે, નીલ? તું જોતો નથી? હું મારાં લગ્નમાં આવી છું."

"મેં એક રૂમ બુક કર્યો છે અહીં. થોડી વાર માટે તો આવ. પ્લીઝ."

"તને કેવી રીતે એ લોકોએ રૂમ આપ્યો? મને તો કહ્યું'તું કે બધું ફુલ છે."

"એ ઇમ્પૉર્ટન્ટ નથી. તું પ્લીઝ કંઈ નહીં તો છેવટે પંદર મિનિટ માટે તો મારી સાથે વાત કરવા આવ."

"પણ તને રૂમ કેવી રીતે મળ્યો?" મારે લૉબી મૅનેજરને ધોઈ નાખવો હતો.

"પ્રેસિડેન્શ્યલ સ્વીટ છે. એ જ એમની પાસે હતો. હવે તું આવીશ? રૂમ નંબર વન ઝીરો વન."

અચ્છા, તો મિસ્ટર પાર્ટનર, પ્રેસિડેન્શ્યલ સ્વીટમાં છે. એમના હોદ્દાને તો એ જ શોભે ને. મારી કઝિન્સ મને દૂરથી હાથ કરીને બોલાવી રહી હતી.

"મારે એ લોકોની સાથે બ્રેકફાસ્ટ લેવાનો છે. ત્રીસ મિનિટમાં આવું છું ઉપર." મેં કહ્યું.

* * *

"તેં મને કહ્યું હતું કે તું મારો ક્યારેય કૉન્ટેક્ટ નહીં કરે." એના રૂમમાં દાખલ થતાં જ મેં કહ્યું. ત્રણ હજાર સ્ક્વેર ફીટનો લૅવિશ પ્રેસિડેન્શ્યલ સ્વીટ હતો. હું લિવિંગ રૂમના એક સોફા પર બેઠી. એ કંઈ બોલ્યો નહીં. રૂમના કૉર્નર પર જઈને એક ઇલેક્ટ્રિક કિટલીમાં પાણી રેડીને એણે પૂછ્યું,

"ચા?"

"નીલ, મારી પાસે ટાઇમ નથી. તેં મને કહ્યું હતું કે હવેથી તું મને ક્યારેય હેરાન નહીં કરે."

"હું માત્ર ચા બનાવતાં તારી સાથે વાતો કરી રહ્યો છું. કરી શકું, પ્લીઝ?"

"શ્યૉર." મેં કહ્યું.

"આપણે એક વર્ષથી મળ્યાં નથી. લંડન કેવું લાગ્યું? યાદ છે મેં તને કહ્યું હતું કે હું બાર વર્ષનો હતો ત્યારે અમે લોકો ઇન્ડિયાથી આવીને લંડન સેટલ થયા હતા?"

"યાદ છે."

"તો કેવું લાગ્યું અમારું લંડન?"

હું જવાબ આપ્યા વિના એને તાકી રહી.

"શું થયું?" એણે પૂછ્યું.

"હું અહીં લંડનપુરાણ ઉખેળવા નથી આવી."

"એક મિનિટ. મારે તને કંઈક બતાવવું છે." કહીને એ અંદર બીજા રૂમમાં જતો રહ્યો. મેં

બારીની બહાર નજર કરી. ડબલ ગ્લેઝ્ડ ગ્લાસની પેલે પાર ગોવાનો દરિયો ચૂપચાપ ઘૂઘવી રહ્યો હતો. નીલે લંડનનો ઉલ્લેખ કર્યો અને મારી સામે લંડનના એ દિવસોની સ્મૃતિઓ તાજી થઈ ગઈ.



લંડન

એક વર્ષ પહેલાં

31

ગોલ્ડમન સાક્સની લંડન ઑફિસ 133, ફ્લીટ સ્ટ્રીટ પર આવેલી છે. એક જમાનામાં આ ફ્લીટ સ્ટ્રીટ પર ઇંગ્લૅન્ડનાં ટૉપ મોસ્ટ ડેઇલી પેપર્સની ઑફિસો હતી. ગોલ્ડમનની ઑફિસ જ્યાં હતી તે પીટરબરો કોર્ટના બિલ્ડિંગમાં જ ડેઇલી ટેલિગ્રાફની ઑફિસ હતી. અમારા ગ્રુપની સેક્રેટરી પેટ્રિશ્યાએ મને મારી નવી ક્યુબિકલ દેખાડી હતી. લંડન ઑફિસમાં હું બ્રિટિશ ઍક્સેન્ટ વારંવાર સાંભળતી અને મને વારંવાર નીલની યાદ આવી જતી. એક બ્રેક અપ પછી બીજું બ્રેક અપ થઈ જાય ત્યારે જૂના અનુભવને કારણે અત્યારની સિચ્યુએશનને હૅન્ડલ કરવાનું આસાન બની જતું હશે એવું કોઈને લાગે. પણ હકીકત ઊંધી જ હોય છે. વધારે ડિફિકલ્ટ બની જતું હોય છે. ઑલરેડી જે જગ્યાએ જખમ હોય એના પર ફરીથી ઘા થાય ત્યારે એ દર્દ સહન કરવું વધારે ડિફિકલ્ટ હોવાનું. જોકે, આ વખતે સારું એ હતું કે મેં એને છોડી દીધેલો. જ્યારે દેબુ વખતે એણે મને પડતી મૂકેલી. લંડન ઑફિસમાં પહેલા દિવસે આવીને મને નીલને ઇમેલ કરવાનું મન થયેલું કે હું પહોંચી ગઈ છું અને મેં કામ શરૂ કરી દીધું છે. પણ એ ઇચ્છાને મેં ઊગતાં જ ડામી દીધી.

પછી વિચાર આવ્યો કે એ મને ઇમેલ કરશે. શું કામ ન કરે? વેલ ન જ કરે. હું જ એને ધમકી આપીને આવી હતી.

મને એનો અવાજ યાદ આવતો. એની આંખો યાદ આવતી. એનો સ્પર્શ યાદ આવતો. એની સુગંધ યાદ આવતી. મારી સાથે એણે જે જે કંઈ કર્યું, બેડમાં અને બેડની બહાર, એ બધું જ યાદ આવતું. એ પરણેલો છે તેથી શું થઈ ગયું? એ મને પ્રેમ કરે છે અને પ્રેમની જ તો મને જરૂર છે, બરાબર?

મન સતત તમારી સાથે રમત કરતું રહે છે. એને કંઈક જોઈતું હશે તો એ મેળવવાનાં હજાર બહાનાં એની પાસે હશે. કંઈક નહીં કરવું હોય તો નહીં કરવાનાં પણ હજાર બહાનાં એને મળી આવશે. મેં મારી ડેસ્ક પરનો ફોન ઉઠાવીને નીલ સાથે વાત કરવાનું નક્કી કર્યું ત્યાં જ મારો સેલફોન વાઇબ્રેટ થયો. મૉમનો મેસેજ હતો. ત્રણ મહિના પહેલાં જ એ વૉટ્સઍપ વાપરતી થઈ હતી.

'પ્રોફાઇલ ચેક કર્યો?'

તું મને છોડવાની નથી મારે લખવું હતું. પણ લખ્યું :

'કરું છું, હમણાં જ કરું છું.'

મેં ઑફિસના લૅપટૉપ પર શાદી ડૉટ કૉમની સાઇટ ખોલી. મૉમે મારા માટે જે અકાઉન્ટ ખોલ્યું હતું તેમાં લોગઓન થઈ. મારો પ્રોફાઇલ અને ફોટો દેખાયાં.

મારી માએ કોઈની હેલ્પ લઈને મારો પ્રોફાઇલ તૈયાર કર્યો હતો. હું ક્વાઇટ ગોરી છું, હસબન્ડ સાથે કોઈ પણ જગ્યાએ સેટલ થવા તૈયાર છું, ફૅમિલી માઇન્ડેડ છું, જોઇન્ટ ફૅમિલીમાં રહેવાનો મને કોઈ વાંધો નથી, રસોઈ બનાવતાં સરસ આવડે છે અને અમારું ફૅમિલી લગ્નમાં સારો એવો ખર્ચો કહી શકે એવું છે એવું બધું લખેલું. છેલ્લે ઉમેરલું કે ઇચ્છુક ઉમેદવારે જન્મપત્રિકા અથવા જન્મનો સમય અને સ્થળ મોકલવાં.

હું મૉમ પર ગુસ્સે થઈ ગઈ. મેં એને ફોન લગાડ્યો.

"મૉમ, આ બધું શું લખ્યું છે તેં?"

"કેમ, શું થયું?"

"હું ગોરી છું?"

"ઘઉંવર્ણી લખ્યું હોત તો લોકો માનત કે તું કાળી છે અને કાળી લખ્યું હોત તો લોકો માનત કે તું હબસણ કે નીગ્રો જેવી છે." મૉમ બોલી.

"અને મારો ફોટો તેં કેવો ખરાબ યુઝ કર્યો છે?"

"મારી પાસે જે હતો તે મૂક્યો. તું બદલી નાખજે, પણ ઇન્ડિયન ડ્રેસવાળો મૂકજે."

"મૉમ, યુ આર ટૂ મચ."

મેં મારું માથું કૂટ્યું. મારી માને હું શું સમજાવું? કેટલું સમજાવું? મને થયું કે નીલને છોડીને મેં મારી લાઇફની બિગેસ્ટ મિસ્ટેક કરી હતી. નીલની વાત સાચી હતી. હું કંઈ આ શાદીબાદીના ચક્કર માટે કે બાલબચ્ચાંઓને ઉછેરવા જન્મી નથી. હું નીલને મિસ કરતી હતી. મને એની સાથે ફોન પર વાત કરવાની જબરજસ્ત ઇચ્છા થઈ આવી.

"હેલો, હેલો, તું ફોન પર છે." મૉમનો અવાજ સંભળાયો.

"હા,"

"ક્યાં ખોવાઈ ગઈ'તી તું?"

નીલના વિચારોમાં. મારે નીલ વિશે મૉમને બધું જ કહી દેવું હતું ત્યાં જ એ બોલી,

"હું ત્યાં આવું છું."

"ક્યાં?"

"લંડન. તારે ત્યાં. તારી સાથે રહીને આ બધું પતાવીને એક વખત ઊંચું મૂકી દઈએ."

અને મૉમ ખરેખર લંડન આવી ગઈ. મને ખૂબ ગમ્યું. સવારે બ્રેકફાસ્ટમાં એ મને ગરમાગરમ ગોબી પરાઠા બનાવીને ખવડાવતી. મેં મેટ્રિમોનિયલ સાઇટ પરનો મારો પ્રોફાઇલ મારી રીતે ચેન્જ કરી નાખ્યો હતો અને ફોટો પણ બીજો સારો નાખી દીધો હતો. અફકોર્સ ઇન્ડિયન ડ્રેસમાં.

પહેલે ધડાકે જ પચાસ રિપ્લાય આવ્યા હતા. મૉમ કહે કે ઘણો સારો રિસ્પોન્સ કહેવાય. અમે એક પછી એક રિપ્લાય વાંચ્યા. પહેલો જવાબ કોઈ મોહિત આહુજાનો હતો. દિલ્હીમાં એના ફૅમિલીની ત્રણ રેસ્ટોરાં હતી. એમાંની એક એ ચલાવતો હતો. કોઈ નકામી યુનિવર્સિટીમાંથી બી.એ. થયો હતો. નેક્સ્ટ. અગ્લી હતો. નેક્સ્ટ. બુલંદશહરમાં રહેતો હતો. નેક્સ્ટ. એણે પહેરેલું પ્રિન્ટેડ હવાયન શર્ટ મને ન ગમ્યું. નેક્સ્ટ. નેકસ્ટ. નેક્સ્ટ.

પચાસમાંથી ચાળીસને રિજેક્ટ કરીને બાકી બચેલા દસ સાથે વાત આગળ ચલાવવી એવું નક્કી થયું.

"તું જોજે ને આ દસમાંથી હું તારા માટે કેવો રાજાનો કુંવર શોધી કાઢું છું તે!" મારી મા ખુશ થતાં થતાં બોલી.

પ્રિન્સ ચાર્મિંગ નંબર વન હતો રાજ બક્ષી. અમેરિકામાં રહેતો હતો. બૉસ્ટનમાં. ડૉક્ટર હતો. સ્કાઇપ પર અમારી વાત થઈ. મૉમ ચોરીછૂપીથી બધું સાંભળતી હતી. વાત થતાં થતાં આવક પર આવી. વર્ષે એક લાખ ડૉલર એ કમાતો હતો. એણે મારી આવક પૂછી. હું શું કહું? મેં ટાળવાની ખૂબ કોશિશ કરી પણ છેવટે કહેવું પડ્યું ઃ હાફ અ મિલિયન ડૉલર.

એનું મોઢું ખુલ્લું રહી ગયું.

"યુ મીન પાંચ લાખ ડૉલર."

"હાફ અ મિલિયન એટલે પાંચ લાખ જ થયા ને?"

"ઓકે."

શું ઓકે? હું પૂછવા માગતી હતી. પણ મેં પૂછ્યું

"કામ સિવાય બીજું શું કરે છે તું?"

"એક્સક્યુઝ મી. મારે મોડું થાય છે. જવું પડશે." એ બોલ્યો.

"ઓહ, રિયલી? શું થયું?" મને કોઈ રિજેક્ટ કરે તો મારો ઇગો ઘવાતો હતો.

"નથિંગ, ઓકે. હું પછી જવાબ આપીશ. આમાં નહીં ફાવે મને. તારી સૅલરી ઘણી વધારે છે."

"ઘણી વધારે એટલે?"

"મારા કરતાં ખૂબ વધારે છે."

મેં જોયું કે વાત ડેડ એન્ડ પર પહોંચી ગઈ છે. તો પછી ચાલ ને થોડી મસ્તી કરી લઉં, મેં કહ્યું,

"જાનુ, તેરે ખાતિર મૈં નૌકરી તો ક્યા દુનિયા ભી છોડ દૂં, લેકિન તૂ મેરે કો અપના લે..."

પેલો બાય કર્યા વગર જ બહાર નીકળી ગયો. લો, એક પ્રિન્સ ચાર્મિંગ તો ગયો મારા હાથમાંથી.

એ પછીના ત્રણ વીકમાં બાકીના નવેનવ પ્રિન્સ ચાર્મિંગ એમના સફેદ પાંખાળા ઘોડા પર આવ્યા અને એ બધાને મેં તબડક તબડક ભગાડી મૂક્યા.

"મૉમ, આ રીતે તો મારાં લગ્ન થવાં ઇમ્પોસિબલ છે." મેં મારી માને કહ્યું.

"તારી આ નોકરીને કારણે જ બધે અડચણ આવે છે. વળી તારી ઉંમર પણ જો વધતી જાય છે..." મૉમે કહ્યું.

"મૉમ!"

"શું થયું?"

"મારી જૉબ મારા માટે બધેબધું જ છે. તું એને આ રીતે ઉતારી નહીં પાડ."

"અને તું મને આ રીતે ઉતારી પાડે તે ચાલે." માની આંખમાંથી ડબક ડબક આંસુ પડવા લાગ્યાં. મેં એને ટિશ્યુનું બૉક્સ ધર્યું. એણે આંસુ લૂછીને કહ્યું,

"તને જન્મ આપતી વખતે મેં કેટલું પેઇન સહન કર્યું છે તને ખબર છે?"

એ લેબર પેઇન કહેવાય, મૉમ. મેં કંઈ એ પેઇન તને નથી આપ્યું. બાળક એ જ રીતે જન્મે. મારાથી આવું મૉમને કહેવાય જ નહીં. છતાં એટલું તો હું બોલી,

"તું તો મને અબોર્ટ કરાવી નાખવા માગતી હતી."

એણે મારી સામું જોયું.

હું બોલી, "ડૉક્ટરે તને ભૂલથી ગર્લને બદલે બૉય કહ્યું એટલે તેં અબોર્શન નહોતું કરાવ્યું."

મારી મા ચૂપ થઈ ગઈ. પછી બોલી,

"એ જમાનો અલગ હતો. અદિતિ તો હતી જ. તારી દાદીને દીકરો જોઈતો હતો."

"અને તને પણ."

"હા."

"સૉરી, મૉમ. પણ દીકરાને બદલે હું ટપકી પડી."

"સ્ટુપિડ જેવી વાત ન કર. આય લવ યુ."

એ મને ભેટી પડી. હું પણ જોસથી એને ભેટી પડી.

"મૉમ, છોકરો મળે કે ન મળે. તું મને છોડીને ક્યાંય નહીં જતી." મારી આંખમાંથી એક ટીપું સરકી ગયું. મેં માની છાતીમાં માથું ખોસી દીધું.

મૉમ બોલી, "તું ચિંતા નહીં કરતી. કાલે થોડા બીજા છોકરાઓના પ્રોફાઇલ જોઈ લઈશું. તારો રાજકુંવર ના મળે ત્યાં સુધી હું તને છોડીને ક્યાંય જવાની નથી."

*   *   *

ત્રણ મહિના પછી મારી મા વાંચવાનાં ચશ્માં પહેરીને મારા ફોન પર શાદી ડૉટ કૉમની ઍપ ખોલીને વાંચી રહી હતી.

"આ જો. આના પર કેમ આપણું ધ્યાન ન ગયું?" મૉમ બોલી.

શનિવારની સવાર હતી. હું બ્લ્યૂ પાયજામા અને વ્હાઇટ ટીશર્ટ પહેરીને આડી પડી હતી. મૉમ સલવાર કમીઝ પહેરીને વાંચી રહી હતી. મેં કહ્યું,

"મોટેથી વાંચ. શું કરે છે એ?"

"ફેસબુકમાં છે." પછી ચશ્માં કાઢીને મારી સામે જોતાં બોલી, "ફેસબુક પર હોવાના કોઈ પૈસા આપતું હશે? એને કામ થોડું કહેવાય?"

"ના, મૉમ. ફેસબુક એક કંપની છે. આગળ વાંચ. ઉંમર કેટલી છે?"

"અઠ્યાવીસ. હાઇટ ફાઇવ ટેન."

મૉમ વાંચતી ગઈ અને મને ખબર પડતી ગઈ કે મુરતિયાની ઍન્યુઅલ ઇન્કમ દોઢથી પોણા બે લાખ યુએસ ડૉલર છે, પ્લસ સ્ટૉક ઑપ્શન્સ.

"સરસ. મને ફોન આપ તો."

મૉમે ફોન મારા હાથમાં મૂક્યો. મેં પ્રોફાઇલ પિક્ચર જોયું.

મૉમે કહ્યું, "હૅન્ડસમ છે એકદમ."

મને એ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈનો પાડોશી હોય એવો લાગ્યો. મેં એનું નામ વાંચ્યું. બ્રિજેશ ગુલાટી.

"યક. રિજેક્ટેડ. આવા નામના છોકરા સાથે હું નહીં પરણું."

"કેમ એમાં ખોટું શું છે?"

"કોઈ પંજાબી રેસ્ટોરાં જેવું નામ છે."

"તો? તારે શું અમિતાભ બચ્ચન કે અક્ષય કુમાર નામવાળા સાથે પરણવું છે?"

"એવું નથી, મૉમ." હું સમજાવી શકતી નહોતી કે મારે મારી લાઇફમાં કશું પણ ટિપિકલ નથી જોઈતું. ન છોકરો, ન એનું નામ.

ત્યાં જ મેં માર્ક કર્યું કે એણે એની સ્કાઇપ ડિટેલ્સ સાથે મને હાય મોકલ્યું હતું. માએ તરત કહી નાખ્યું, "એની સાથે કૉલ નક્કી કરી નાખ."

મેં રિપ્લાય નાખ્યો અને મૉમને કહ્યું, "આવતી કાલે સ્કાઇપ કૉલ ફિક્સ કર્યો છે."

બીજે દિવસે રવિવાર હતો. મેં બ્રિજેશ ગુલાટી સાથે સ્કાઇપ પર લાંબી વાતચીત કરી. મા ખુશ થઈ ગઈ કારણ કે અમે પર્સનલી મળીને એકબીજાને વધુ જાણવાનું નક્કી કર્યું હતું. મહિના પછી હું એને મળવા લંડનથી ન્યૂ યૉર્ક ગઈ. મેં એને મારી લાઇફની બધી જ વાતો કહી, દેબુ અને નીલ સિવાય.

સાડા ચાર કલાક અમે વાતો કરી. મેં પણ એના વિશે ખૂબ જાણ્યું. મારે લંડન પાછા જવા માટેની ફ્લાઇટ પકડવાની હતી. છૂટાં પડતાં મેં કહ્યું,

"બ્રિજેશ, આપણે ખૂબ વાતો કરી. આપણા પાસ્ટની રિલેશનશિપ્સ વિશે કંઈ વાત કરી નથી. આપણાં બૉયફ્રેન્ડ્સ, ગર્લફ્રેન્ડ્સ..."

"ઓહ..."

"આપણે અત્યારે એ વાતો કરવી જોઈએ? હજુ એટલી સારી રીતે ઓળખતાં તો નથી."

"મારી એક ફ્રેન્ડ હતી. અમે બંને એકબીજાંને બહુ ગમતાં, પણ કમનસીબે અમે અમારી ફીલિંગ્સ ખૂલીને એકમેકની આગળ કહીએ એ પહેલાં તો એના ફાધરે સાઉદી અરેબિયામાં

જૉબ લઈ લીધી. એ ત્યાં જતી રહી. તારું?"

"ઇન્ડિયામાં કંઈ નહોતું. ન્યૂ યૉર્કમાં એક રિલેશનશિપ હતી. અને હૉંગકૉંગમાં જે કંઈ થયું એને રિલેશનશિપ કહેવાય કે નહીં એની ખબર નથી, પણ ગણીને બે અથવા દોઢ રિલેશનશિપ હતી મારી લાઇફમાં."

"ઓહ..."

"તને કહી દીધા પછી મને લાઇટ ફીલ થાય છે."

એ હસ્યો.

"પણ હવે એ બંને પૂરી થઈ ગઈ. ઘણો વખત થયો."

"બેઉ રિલેશનશિપમાં છૂટાં પડતી વખતે તને હર્ટ થયેલું?"

"બિલકુલ થયેલું. પણ હવે આયમ ઓકે."

એણે આગળ કોઈ પૂછપરછ કરી નહીં.

"તારે આના વિશે કંઈ વધારે જાણવું છે?" મેં પૂછ્યું.

"ના. તારે જો મને કંઈ કહેવું હોય, જ્યારે કહેવું હોય તો અને ત્યારે કહેજે. બાકી મને સામેથી કંઈ પૂછવાની જિજ્ઞાસા નથી." આટલું કહ્યા પછી થોડી વાર રહીને એ બોલ્યો, "તો શું વિચારે છે તું? આપણા વિશે?"

એને મારો નિર્ણય સાંભળવો હતો. એક દિવસ, એક આખો દિવસ પણ નહીં. થોડા કલાક મળ્યા, સાથે ચા પીધી, થોડું હર્યાફર્યા અને નક્કી કરી નાખવાનું કે આ વ્યક્તિ સાથે આખી જિંદગી રહેવું છે કે નહીં? રહેવાશે કે કેમ? અરેન્જ્ડ મૅરેજમાં શું આવું જ હોવાનું? હું શું જવાબ આપું? જવાબ આપતાં પહેલાં મેં ખૂબ વિચાર્યું. પછી કહ્યું,

"બ્રિજેશ, તને મળવાની મને મઝા આવી. પણ આ નિર્ણય લેવાનું કામ ઘણું મોટું છે. તું શું માને છે?"

"અફકોર્સ. ટેક યૉર ટાઇમ. પાછી જઈને નિરાંતે વિચારજે. પછી મને જણાવજે."

"શ્યૉર." કહીને મેં ઍરપૉર્ટ પર પાછા જવા ઉબર મગાવી.

લંડન આવીને મેં દિલ્હી વાત કરી. મૉમ ઇન્ડિયા પાછી જતી રહી હતી. મૉમનો સામેથી ફોન આવ્યો હતો. એ કહેતી હતી કે ગુલાટીઝ તરફથી બે વાર ફોન આવી ગયા. મૉમ મારો નિર્ણય પૂછી રહી હતી. મને એ ગમ્યો હતો. હું હા પાડવા તૈયાર હતી. એવો કંઈ લટ્ટુ થઈને પાછળ પડી જવાય એ ટાઇપનો નહોતો. રાજકુંવર અને પ્રિન્સ ચાર્મિંગ તો બિલકુલ જ નહીં. પણ 'ના પાડવા માટે કંઈ કારણ ન હોય' એ ટાઇપનો હતો. એટલે મેં જરા સાચવીને મૉમને કહ્યું,

"તમને લોકોને જો ગમી ગયો હોય તો મારી હા છે."

પછી જોઈએ શું? નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી. આનંદ મંગળ ઉત્સવ અને લગ્નની તૈયારીઓ. મારી મૉમ ખુશ, ડૅડ ખુશ, અદિતિદીદી ખુશ. અને હું? યા, હું પણ ખુશ.



32

"હે, રાધિકા. ક્યાં ખોવાઈ ગઈ?" નીલના અવાજે મને પાછી વર્તમાનમાં લાવી દીધી. સામે દેખાતા દરિયાએ ઊછળવાનું ચાલુ રાખ્યું હતું. પણ એનો ઘૂઘવાટ હોટેલના રૂમની બારીઓ વટાવીને અહીં સુધી પહોંચતો નહોતો.

નીલે બેડરૂમમાંથી આવીને મારા ખભા પર હાથ મૂકીને એક એન્વેલપ બતાવતાં કહ્યું,

"હું અને કુસુમ છૂટાં પડી રહ્યાં છીએ. આ રહ્યા ડૉક્યુમેન્ટ્સ."

મને આખો પ્રેસિડેન્શ્યલ સ્વીટ ગોળગોળ ચકરાતો હોય એવું લાગ્યું. એણે મારા હાથમાં કાગળિયાં મૂક્યાં. હૉંગકૉંગની ફૅમિલી કોર્ટમાં મ્યુચ્યુઅલ કન્સેન્ટથી ફાઇલ થયેલા ડિવોર્સના પેપર્સ હતા. મારા હાથ ધ્રૂજવા લાગ્યા. મેં કાગળિયાં ટેબલ પર મૂકી દીધાં.

"કેમ?" મેં પૂછ્યું.

"તું પૂછી રહી છે કેમ? ઑફ ઑલ ધ પીપલ તું?"

"તારું પરફેક્ટ ફૅમિલી હતું."

"બધું. પરફેક્ટ હોત તો હું આવું કરતો હોત?"

હું ચૂપ થઈ ગઈ. એની આંખો ભીંજાઈ.

"છોકરાઓનું શું?" મેં થોડીવાર રહીને પૂછ્યું.

"વારાફરતી અમારા બેઉની પાસે જતાંઆવતાં રહેશે."

"કુસુમનું રિએક્શન શું હતું?"

"ખુશ તો નહોતી જ. પણ મેં એને સમજાવી."

"એ શું કરવાની હવે?"

"એ એની મેળે નક્કી કરશે. ફિનાન્શ્યલી શી ઇઝ મોર ધૅન ઓકે. મારી પાસે જે કંઈ હતું એ બધું જ અમે અડધું-અડધું કરી લીધું છે. એ પછી જ અમે પરસ્પરની સંમતિ સાથે છૂટાછેડા માટેની અરજી કરી."

મને નવાઈ લાગી રહી હતી. મારા લગ્નના આગલા દિવસે હું મારા એક્સ સાથે એના ડિવોર્સ વિશે ડિસ્કસ કરી રહી હતી.

નીલ બોલી રહ્યો હતો, "આયમ સૉરી, બધી વિગતોમાં હું અત્યારે ઊંડો નથી ઊતરતો. પણ સો વાતની એક વાત... માય મૅરેજ ઇઝ ઓવર."

"આયમ સૉરી, નીલ." મેં કહ્યું.

"ઇટ્સ ઓકે." એણે કહ્યું, "આજે નહીં તો કાલે આ જ થવાનું હતું. થોડાં વર્ષ પહેલાં થઈ ગયું હોત તો વધારે સારું હતું."

મેં મારો ફોન ચેક કર્યો. મારી બે કઝિન્સના મિસ્ડ કૉલ્સ હતા.

"આય હોપ યુ આર ઓકે. મારે હવે નીકળવું પડશે." મેં કહ્યું.

"રાધિકા," એ બોલ્યો.

"હં..."

"ગોવાના ડેબોલિમ ઍરપૉર્ટ પર એક નાનકડું પ્લેન આપણી રાહ જોતું ઊભું છે." કહીને એણે મારો હાથ પકડ્યો.

"શું?" મેં હાથ છોડાવી લીધો અને દરવાજો ખુલ્લો તો નથી ને તે જોઈ લીધું. બંધ હતો. કોઈએ જોયું નહોતું.

"આય નો કે બહુ બધું ઊંધુંચત્તું થઈ જશે. તારું આખું ફૅમિલી અહીં છે. ચિક્કાર ખર્ચો થઈ ગયો હશે, પણ મારી વાત સાંભળી લે."

"શું?"

"હું હમણાં ને હમણાં જ રિસેપ્શન પર જઈને ટોટલ ખર્ચા પેટે ચેક આપી આવું છું. છોકરાવાળાઓ તરફથી જે કંઈ ખર્ચ થયો હશે તે પણ ભરપાઈ કરી દઈશું. તું મારી સાથે પ્લેનમાં નીકળી જા. આપણે હૉંગકૉંગ જતાં રહીએ. અથવા તો તું કહે ત્યાં."

"નીલ, તું પાગલ તો નથી થઈ ગયો ને?"

"જોઈએ તો તું તારા ફૅમિલી સાથે વાત કરી લે. મારે મળવાનું હોય તો હું પણ મળી લઉં. હૉંગકૉંગ પહોંચીને આપણે વિધિસર પરણી જઈશું."

હું એક મિનિટ સુધી એને જોઈ જ રહી.

"કંઈક તો બોલ."

"શું બોલું હું? મારે અત્યારે ચિટ્ટિયાં કલૈયાં પર ડાન્સ કરવા જવાનું છે."

અમે બંને હસી પડ્યાં. ઘડીભર લાગ્યું કે એ જૂના દિવસો મારી લાઇફમાં પાછા આવી ગયા છે. ગોલ્ડમનની હૉંગકૉંગ ઑફિસની કાફે. બ્રેકફાસ્ટ. ખૂબ બધી વાતો.

ત્યાં જ મારો ફોન રણક્યો. કૉલર આઇડી જોયા વગર જ મેં ઉપાડ્યો.

"બેબી, તું ક્યાં છે?" દેબુનો અવાજ સાંભળીને મને બારીમાંથી બહાર કૂદકો મારીને દરિયામાં ઝંપલાવવાનું મન થઈ આવ્યું.

"હે, હું પછી તને ફોન કરું છું." મેં કહ્યું.

"ઓકે, સાંભળ તો ખરી. મેં કલકત્તા મારા ઘરે ફોન કરીને..."

"પછી વાત કરું," કહીને મેં ફોન કાપી નાખ્યો.

"બધું બરાબર છે?" નીલ પૂછી રહ્યો હતો.

મેં હા પાડી. પછી કપાળ કૂટીને કહ્યું,

"નીલ, તારે અત્યારે આ બધા ભવાડા કરવાના હતા? હૉંગકૉંગમાં તું શું કરતો હતો જ્યારે હું તારી બાજુમાં બેડ પર સૂતાં સૂતાં રડતી હતી..."

"તારે મને ચોખ્ખેચોખ્ખું કહેવું જોઈએ ને કે તને શું જોઈએ છે?"

"હું શું તને એમ કહેવાની હતી કે જા, તારી વાઇફને છોડી દે, કિડ્સને છોડી દે, મારી સાથે લગ્ન કરી લે – કેવી વાત કરે છે તું, નીલ?"

"તે વખતે તેં એવું કહ્યું હોત તો સારું થાત." કહીને એ મારી નજીક આવ્યો. મારા બેઉ ખભા પકડીને બોલ્યો, "રાધિકા, આય લવ યુ. વિલ ઑલવેઝ લવ યુ. વિલ યુ મેરી મી?"

એના ઊના ઊના શ્વાસ મારા ગાલ પર અથડાતા હતા. એનું રાલ્ફ લોરેંનું રોમાન્સ પરફ્યુમ મને બહેકાવતું હતું. બેડ પર હું હંમેશાં એની આ જ સુગંધમાં તરબતર થઈ છું.

"મને છોડી દે, નીલ." મેં કહ્યું ખરું પણ છૂટવાના કોઈ પ્રયત્નો કર્યા નહીં.

"શ..." એણે કહ્યું. "બસ, હવે કંઈ બોલતી નહીં તું. હું આવી ગયો છું. બધું જ સમુંસૂતરું પાર ઊતરવાનું."

એણે મારું માથું એની છાતી નજીક લીધું. એણે મને કિસ કરવાની ટ્રાય નહીં કરી. પણ મારા માથા પર ક્યાંય સુધી હાથ ફેરવતો રહ્યો. પછી બોલ્યો,

"હું અહીં જ છું, આ રૂમમાં. ઍરપૉર્ટ પર પાઇલટ મારી સૂચનાની રાહ જોઈ રહ્યો છે. તું શાંત પડ. જઈને વિચાર. તારા માટે આ કપરી ક્ષણો છે. તારા તરફથી હા આવે એની રાહ જોઉં છું. પછી આપણે જે કંઈ કરવું પડે તે બધું જ કરી છૂટશું."

મેં હા પાડી.

મારું માથું ઊંચક્યું.
અને કહ્યું,
“મારે જવું જોઈએ. ખરેખર જવું જોઈએ.”

* * *

હું હોટેલના કૉરિડૉરમાં ફુલસ્પીડમાં દોડતી હતી ત્યાં જ ફંક્શન રૂમના એન્ટ્રન્સ પર દેબુ દેખાયો.

“તું અહીં ઊભો ઊભો શું કરે છે?” મેં શ્વાસ ખાતાં પૂછ્યું.

“બેબી, કેટલી વાર તને ફોન કર્યો. તું ઉપાડતી જ નથી.”

અત્યારે મારાથી એક સેકન્ડ માટે પણ દેબુ સાથે વાત થાય એમ નહોતું. મારા કે બ્રિજેશના ફૅમિલીમાંથી કોઈપણ ગમે તે ઘડીએ ટપકી પડે. ફંક્શન રૂમમાં મેં એક સ્ટાફ માટેનો દરવાજો જોયો. એ ખોલીને હું અને દેબુ હોટેલના કિચન એરિયામાં આવી ગયાં.

“આવી કેવી રીતે તું આવી પડ્યો અહીંયાં?”

“બીજું શું કરું. મને થયું કે તું સંગીત માટે પ્રૅક્ટિસ કરતી હોઈશ, પણ ત્યાં તું દેખાઈ નહીં.”

મારી બાજુના કાઉન્ટર પર ઊભેલા શૅફે મોટી કઢાઈમાં એક કિલો કાંદા સાંતળવા નાખ્યા.

“એવું તે અર્જન્ટ શું કામ હતું?” મેં પૂછ્યું.

“મેં મારા પૅરન્ટ્સને બધી વાત કરી દીધી છે. બે કલાક સુધી વાત ચાલી. અત્યારે કેવી પોઝિશન છે એ બધી જ હવે એમને ખબર છે.” દેબુ દરવાજા આડે ઊભો રહી ગયો.

“દેબુ, તું અત્યારે મારી સાથે કંઈ વાત નહીં કર, મને જવા દે. મારું મગજ ફાટફાટ થાય છે. સાચું કહું છું તને.”

ફોન વાગ્યો. મૉમ હતી. “બે મિનિટમાં આવું છું.” કહીને મૂકી દીધો.

“જોયું? બધા શોધાશોધ કરે છે. હું જઉં છું.” મેં કહ્યું.

“આયમ સૉરી, મારાં પૅરન્ટ્સે ખૂબ વિરોધ કર્યો પણ છેવટે મેં એમને મનાવી લીધાં છે. એ લોકો અહીં આવવા માગે છે.”

“પ્લીઝ, દેબુ.”

“આ લગ્ન અટકાવી દે. જોઈએ તો હું તારાં પૅરન્ટ્સને મળવા આવું. હું તારો ફર્સ્ટ લવ છું, રાધિકા. જેને તું પરણવાની છે એને તો તું જાણતી પણ નથી. ઇટ્સ નાઉ ઑર નેવર. હા પાડ, રાધિકા, હા પાડી દે.”

“હું જરા વિચારીને કહું તને? રિયલી. જરા વિચારવા દે મને. અત્યારે મારે પ્રૅક્ટિસ કરવાની છે. મને જવા દે.”

“ઠીક છે.” કહીને દેબુ ખસી ગયો.

“થૅન્ક્સ.” કહીને હું કિચન એરિયામાંથી ફંક્શન રૂમમાં આવી ગઈ જ્યાં મિકી બધાંને પ્રૅક્ટિસ કરાવી રહ્યો હતો. દેબુ ધીમેકથી સરકીને બહાર નીકળી ગયો.

* * *

મિકીએ સ્ટેજની પાછળના એલઇડી સ્ક્રીન પર જેક્લીન ફર્નાન્ડીસનું ગીત ચાલુ કરી દીધું

હતું. મારી છ કઝિન્સ સાથે મારે સ્ટેપ્સ મેળવવાના હતા : ચિટ્ટિયાં કલૈયાં વે, ઓ બેબી મેરી ચિટ્ટિયાં કલૈયાં વે... વન ટુ થ્રી સ્ટાર્ટ. મિકી સૂચના આપી રહ્યો હતો.

મેં ગીતના તાલ સાથે સ્ટેપ્સ મેળવવાની કોશિશ કરી : ચિટ્ટિયાં કલૈયાં વે, ઓ બેબી મેરી વ્હાઇટ કલૈયાં વે...

"કટ, કટ. મૅડમ યુ આર મિસિંગ ધ બીટ. રિસ્ટાર્ટ." મિકીએ સોળમી વખત એ ગીત ફરી પ્લે કર્યું. ફરી મેં સ્ટેપ્સ લેવાની કોશિશ કરી. મારાથી આ નહીં થાય. મારા પગમાં કોઈ જોર જ રહ્યું નહોતું. મારાં ઘૂંટણ વળી જતાં હતાં. હું સ્ટેજ પર ફસડાઇ પડી. રડવા માંડી. એટલો જોરથી ભેંકડો તાણ્યો કે કોરિયોગ્રાફર બિચારો દોડતો આવી ગયો,

"શું થયું, મૅડમ? સૉન્ગ ચેન્જ કરી નાખીએ. આ જ કરવું જરૂરી નથી. રોમૅન્ટિક સૉન્ગ લગાડવું છે? આશિકી-ટુનું? તુમ હી હો... ખાલી ઉદાસ મૂડમાં સ્ટેજ પર ચાલ્યા કરવાનું. કોઈ ડિફિકલ્ટ સ્ટેપ્સ નથી. ઇઝી. ટ્રાય?"

મેં ના પાડી. મારી મૉમ મારી પાસે આવી.

"બેટા, શું થઈ ગયું?"

હું એને વળગીને રડવા માંડી. એણે મારી પીઠ થપથપાવી.

"શાંત થઈ જા, બેટા. દરેક છોકરીએ કોઈ ને કોઈ દિવસ તો સાસરે જવું જ પડે ને." મૉમ બોલી.

પ્રૅક્ટિસમાં બ્રેક લઈને મા મને રૂમમાં પાછી લાવી.

"બેસ, જરા આરામ કર."

"મૉમ."

"આંખ બંધ કરીને થોડી વાર સૂઈ જા. સારું લાગશે."

"મૉમ, મારે તને એક ખૂબ ઇમ્પૉર્ટન્ટ વાત કરવાની છે."

"શું વાત છે? ઓહ, હા. અદિતિએ બ્યુટીપાર્લરમાં ફોન કર્યો કે નહીં એ જ ને? એ લોકોનો સ્ટાફ આવતો જ હશે. એ સિવાય બીજું કંઈ હતું?"

મેં મૉમના ચહેરા તરફ જોયું. ક્યાંથી શરૂ કરું?

"કંઈ નહીં, મૉમ. પર્સનલ વાત છે. અને તારી સાથે આવી બધી વાતો મારાથી નહીં થાય." મેં કહ્યું.

"એમાં બહુ કંઈ પેઇન ના થાય." એણે કહ્યું.

"શું?" મને નવાઈ લાગી.

"સેક્સ. મને ખબર છે તને શેનું ટેન્શન છે તે. બહુ હર્ટ નથી થતું હોતું."

"ખરેખર, મૉમ?" મેં કટાક્ષમાં કહ્યું પણ મૉમ સુધી મારો એ ટોન પહોંચ્યો જ નહીં. એ બોલી,

"હા, તો? હું કંઈ પેલી બધી જુનવાણી મધર્સ જેવી થોડી છું કે ડૉટર સાથે ફ્રૅન્કલી વાતો ન કરી શકે? તારે એ જ વાત કરવી હતી ને?"

"હા. એ જ પૂછવું હતું." મેં વાતનું વતેસર થતું અટકાવવા કહી દીધું.

"સરસ. આરામ કરી લે. પછી નીચે આવ. ચિટ્ટિયાં કલૈયાં જ કરવાનું છે તારે. મારી દીકરીના સંગીતમાં કોઈ સૅડ સૉન્ગ નથી જોઈતું મારે."

* * *

સૂરજ અને એની ડેકોરેટર્સની ટીમે સંગીત માટે ફંક્શન રૂમની સિકલ જ આખી બદલી

નાખી હતી. બૉલિવુડની થીમ પર સજાવટ કરી હતી. ફિલ્મોનાં પોસ્ટર્સ, સ્ટાર્સનાં પિક્ચર્સ અને સ્ટેજ પર મટકાં-બટકાં મૂકીને આઇટમ નંબરનો સેટ બનાવી દીધો હતો. અનિયન કલરનો ફ્લોઇંગ લેહંગો અને મોટો ડાયમંડ સેટ પહેરીને હું ફંકશન રૂમમાં એન્ટર થઈ ત્યારે જાણે કોઈ હીરોઇનને જોઈ રહ્યા હોય એમ બધા લોકો મને સ્લો મોશનમાં તાકી રહ્યા.

"સ્ટનિંગ, દીદી!" સ્વીટીએ આવીને કહ્યું. સાચું પૂછો તો દોઢ કલાકની મેકઅપ સેશન પછી હું મને પણ ઓળખાય એવી રહી નહોતી. ઘડીભર મને થઈ આવ્યું કે દેબુ અને નીલ મને આવી સજેલીધજેલી જુએ તો કેવું સારું. યા, મારા લગ્નની આગલી સાંજે મને આવી ઇચ્છા થઈ રહી હતી. અને એ બેઉ જણા બ્લ્યુ ટૂથ પકડાય એટલા જ અહીંથી દૂર હતાં. બપોરે થોડી ઊંઘ લઈને હું સંગીતની પ્રૅક્ટિસ કરવા આવી ગઈ તે સારું થયું. વિચારોથી ધમધમતા મારા દિમાગને ઠંડું કરવા ઊંઘ પણ જરૂરી હતી અને એમાંથી ડિસ્ટ્રૅક્ટ થવા માટે ચિટ્ટિયાં કલૈંયામાં ખોવાઈ જવું પણ એટલું જ જરૂરી હતું. મારા સ્ટેપ્સ બરાબર પડતા હતા. મિકીએ મને કૉમ્પ્લીમેન્ટ્સ પણ આપ્યાં હતાં.

બ્રિજેશ મારી પાસે આવ્યો.

"યુ લુક..." બ્રિજેશે કહ્યું, "વેરી નાઇસ."

"થૅન્ક્સ," મેં એકદમ નૉર્મલ એક્સપ્રેશન રાખીને કહ્યું. મારે એની સાથે વાત કરવાની હતી. હું એને કંઈ કહું એ પહેલાં જ એ બોલ્યો,

"ઍક્ચ્યુલી, મોર ધૅન નાઇસ. બ્યુટીફુલ. સ્ટનિંગ. એકદમ ગ્રેટ."

"તું પણ મસ્ત લાગે છે." મેં કહ્યું.

અમે બંને સાથે જઈને બેઉ પક્ષના વડીલોને પગે લાગી આવ્યાં.

"ગુડ ઇવનિંગ, લેડીઝ ઍન્ડ જેન્ટલમેન." મારા પંકજમામાએ સ્ટેજ પર ચડીને માઇક હાથમાં લીધું. એમના બીજા હાથમાં વ્હિસ્કીનો ગ્લાસ હતો.

"વેલકમ ટુ ધ મોસ્ટ બ્યુટીફુલ વેડિંગ સંગીત ઑફ ધ મોસ્ટ બ્યુટીફુલ ડૉટર ઑફ માય મોસ્ટ બ્યુટીફુલ સિસ્ટર." મામા બોલ્યા. ઑબ્વિયસલી, મફતની મોસ્ટ બ્યુટીફુલ વ્હિસ્કી એમના માથે ચડી ગઈ હતી.

પહેલાં મિકીના પ્રોફેશનલ ટ્રુપે બે ડાન્સ નંબર કર્યા. અમે સૌએ તાળીઓ પાડીને એ લોકોને બિરદાવ્યા. પછી વારો આન્ટીજીઓનો હતો.

"તો હવે વારો આવે છે બેઉ સાઇડ્સની મામી, ફોઈ, કાકી, આન્ટીઓનો." પંકજમામા જોશભેર માઇક પર બરાડી રહ્યા હતા.

"લેટ્સ ગિવ ધેમ અ બિગ હૅન્ડ. તાળીઓના ગડગડાટથી વધાવી લો આપણી આન્ટીજીઓને. તાળીઓ પર સરકારે કોઈ ટૅક્સ નથી લગાડ્યો."

પંકજમામા પોતે એક ઠુમકો લઈને સ્ટેજ પરથી હટી ગયા અને આઠ આન્ટીજીઓ સ્ટેજ પર આવી ગઈ. એલ.ઈ.ડી. સ્ક્રીન પર લંડન બ્રિજ અને બિગ બેન ટાવરનું ચિત્ર દેખાયું. દરેક આન્ટીએ એટલું સોનું પહેર્યું હતું કે દરેક અત્યારે ને અત્યારે એમાંથી લંડનમાં અપાર્ટમેન્ટ ખરીદવા માટે ડાઉન પેમેન્ટ કરી શકે. ગીત શરૂ થયું અને સ્ટેજ ધમધમી ઊઠ્યું. ક્યારેક લાગતું કે ભૂકંપને કારણે સ્ટેજ હાલી રહ્યું છે. પહેલી પંદર સેકન્ડ સુધી બધી આન્ટીજીઓએ મિકીએ શીખવાડેલા સ્ટેપ્સ પર ડાન્સ કર્યો, પણ સોળમી સેકન્ડથી દરેક પોતપોતાની રીતે નાચવા લાગી. એકબીજા સાથે અથડાતી, ક્યારેક કોઈની બંગડી કોઈના વાળમાં ગૂંચવાઈ જતી તો ક્યારેક કોઈ આન્ટી ગોળ ગોળ જ ફર્યે રાખતી. પણ છેવટે ડાન્સ તો કરતી જ રહી બધીઓ. ક્રાઉડને મઝા પડી ગઈ. બધાં સમૂહમાં ગાવા લાગ્યાં : તુ ઘંટી બિગ બેન દી, પૂરા લંડન ઠુમકદા.

મેં ફોન ચેક કર્યો. બે મેસેજ હતા. એક નીલનો, એક દેબુનો. બ્રિજેશ મારી બાજુમાં જ ઊભો હતો. મેં મેસેજ વાંચ્યા વગર જ ફોન અદિતિદીદીની બૅગમાં નાખી દીધો.

"ઑલ ધ બેસ્ટ." મારે બૅકસ્ટેજમાં જવાનો વખત આવ્યો એટલે બ્રિજેશે કહ્યું:

"મને એક ડ્રિન્ક લાવી આપીશ?" મેં કહ્યું.

"હં? શ્યૉર. શું પીવું છે?"

"કંઈ પણ."

"વ્હિસ્કી?"

"ચાલશે."

બ્રિજેશ બ્લૅક લેબલનો લાર્જ પેગ લઈને આવ્યો. ન સોડા, ન પાણી. ઑન ધ રૉક્સ. મેં એક જ શૉટમાં પૂરો કરી નાખ્યો. બેવડી. બ્રિજેશને લાગ્યું હશે, પણ શું કરું હું. અત્યારે મારા મગજમાં જે ઘમાસાણ ચાલી રહ્યું હતું તેને ટૅકલ કરવા એક આખી બૉટલ ગટગટાવી જઉં તોય ઓછી પડે.

"ટેઇક ઇટ ઇઝી. ડોન્ટ બી ટેન્સ. ઇટ્સ જસ્ટ અ ડાન્સ." બ્રિજેશે કહ્યું. આ ભોળા શંભુને એમ હતું કે હું ડાન્સને કારણે ટેન્સ્ડ છું.

બૅક સ્ટેજ પર જતી હતી ત્યાં મારી માએ મને રોકી.

"મેં જોયું."

"શું જોયું?"

"બ્રિજેશ પાસે વ્હિસ્કી મગાવીને તદ્દન ચીપ બારગર્લની જેમ ગટગટાવી ગઈ તે."

"તે શું હં?" વ્હિસ્કીનો શૉટ મારીને હું હવે શેરની બની ગઈ હતી, "મારે ડાન્સ કરતાં પહેલાં જરા લુઝન અપ થવું હતું."

"તારામાં કંઈ અક્કલબક્કલ જેવું છે કંઈ? તારાં સાસરિયાંઓ તને જોઈ રહ્યાં હતાં. શું વિચારશે એ લોકો? અમારી નવી વહુ જંગલી બેવડી છે."

"મૉમ, એમ તો એમનો દીકરો પણ બેવડો જ છે. એ પીએ એનો વાંધો નહીં. હું પીઉં તો પ્રૉબ્લેમ?"

મારી મા મારી સામે ઘૂરકી. પિન્કી મારો હાથ ખેંચીને મને લઈ ગઈ. જતાં જતાં હું મૉમને કહેતી ગઈ, "મારું માન, તું પણ ડૅડથી છુપાઈને વેવાઇની ભેગાભેગ બે-ત્રણ લગાવી લે."

* * *

મારું ચિટ્ટિયાં કલૈંયા સુપરહિટ ગયું. ઑડિયન્સે ખુશ થઈને ચીસાચીસ કરી મૂકી. સ્ટેજની પાછળ ઊભાં ઊભાં મિકી અમને જ સંભળાય એ રીતે 'વન ટુ થ્રી ફોર ઍન્ડ ટર્ન રાઉન્ડ ઍન્ડ રાઉન્ડ ઍન્ડ વન ટુ થ્રી ફોર.' બોલ્યા કરતો હતો.

ગીત પૂરું થયું. અમે બધી કઝિન્સે ગ્રુપ હગ કર્યું. લોકો ટૅક્સ-ફ્રી તાળીઓ પાડતા જ રહ્યા.

આટલી બધી મઝા કરવા માટે પરણવું જરૂરી હોય? લગ્નના બહાના વિના જ ફૅમિલી-ફ્રેન્ડ્ઝ બધાં અમસ્તાં જ મળે અને આવી ધમાલમસ્તી કરે એવું ના થઈ શકે?

ક્રાઉડે અમને સ્ટૅન્ડિંગ ઓવેશન આપ્યું. બ્રિજેશે સૌથી વધારે તાળીઓ વગાડી. એને કલ્પના નહીં હોય કે કોઈ ઇન્વેસ્ટર બૅન્કર આટલા ઠૂમકા લગાવીને કમર હલાવી શકે.

"યુ આર ફેબ્યુલસ. યુ આર અ ગુડ, ગુડ ડાન્સર." એણે કહ્યું.

"ચાર કલાક સુધી પરસેવો પાડ્યો છે આ ચાર મિનિટ માટે! બાકી ડાન્સ-બાન્સ મને ના

આવડે.” મેં કહ્યું.

“હું તો ચાર મહિના પ્રૅક્ટિસ કરું તો પણ ના કરી શકું.” એ હસ્યો.

એક વેઇટર ડ્રિન્ક્સની ટ્રે લઈને પસાર થઈ રહ્યો હતો. મેં એને રોકીને બ્રિજેશને વ્હિસ્કીનો ગ્લાસ આપ્યો.

“પી જા.” મેં કહ્યું.

“આર યુ શ્યૉર? હજુ ઘણા બધા લોકોને મળવાનું બાકી છે.”

“જરૂર પડશે આની. આપણે વાત કરવાની છે.” મેં કહ્યું.

“શું?”

હું કંઈ જવાબ આપું તે પહેલાં જ ફંક્શન રૂમની લાઇટ્સ એકદમ ડિમ થઈ ગઈ. ડીજેએ મ્યુઝિક લગાડ્યું. સ્ટેજ હવે ફ્રી ફૉર ઑલ થઈ ગયું. પંજાબી વેડિંગ હોય એટલે પહેલાં તો બચ્ચાંકચ્ચાં ડાન્સ ફ્લૉર પર આવે. પછી એમનાં ટીનએજ કઝિન્સ ફ્લૉર લઈ લે. એમને હટાવીને બધા પિયક્કડ અંકલો સ્ટેજ પર ચડી જાય. અને છેવટે અંકલ લોકો પીને એટલા ટુન થઈ જાય કે બધા પોતાની પત્નીને કે આન્ટીઓને સ્ટેજ પર લઈ આવીને મનમાં આવે તેમ ગુજરાતી ગરબાની જેમ ભાંગડા કરતા રહે.

બ્રિજેશ અને હું પણ સ્ટેજ પર ગયાં. થોડાં ગીતો પર ડાન્સ પણ કર્યો. બ્રિજેશની વાત સાચી હતી. એને ડાન્સ કરતાં આવડતું નહોતું. બિલ ગેટ્સ કે માર્ક ઝકરબર્ગ યે દુનિયા પિત્તલ દી બેબી ડોલ મૈં સોને દી વાગતું હોય ત્યારે ડાન્સ કરતાં કેવા લાગે?

ત્રણ સૉન્ગ્સ પછી મેં બ્રિજેશના કાનમાં કહ્યું, “બ્રિજેશ, બહાર નીકળી જઈએ. મારે તને એક વાત કહેવી છે.”



33

ડીજેના લાઉડ મ્યુઝિકવાળા વાતાવરણમાંથી બહાર આવીને તરત જ મારા કાન જાણે ખાલીખમ થઈ ગયા. અમે બંને મૅરિયટના ગાર્ડનમાં આવી ગયા. ડિસેમ્બરની ઠંડીનો ચમકારો હતો.

"આપણે ક્યાં જવું છે?" બ્રિજેશે પૂછ્યું.

"કોઈ જુએ નહીં ત્યાં." મેં કહ્યું.

"ચિંતા શું કામ કરે છે. બે દિવસમાં તો આ બધાં ગેસ્ટ પોતપોતાના ઘરે જતા રહ્યા હશે. પછી હું ને તું બેઉ એકલાં. કોઈ નહીં જુએ આપણને."

"યા..." મને સમજ ના પડી કે હું વાતની શરૂઆત કેવી રીતે કરું. બ્રિજેશની વાતો ચાલુ રહી.

"...અને થોડા જ દિવસમાં આપણે પ્લેનમાં બાલિ જવા ઊપડી જવાનાં."

"હા, બ્રિજેશ. મારે એ જ વાત તને કહેવાની હતી કે બાલિની ટિકિટ તું..."

"કન્ફર્મ જ છે. ટ્રાવેલ એજન્ટ સાથે બે વાર ચેક કરી લીધું છે. બાલિથી સાન ફ્રાન્સિસ્કો જઈને નવા અપાર્ટમેન્ટનું નક્કી કરવાનું છે. મેં થોડા જોઈ રાખ્યા છે. વીકએન્ડમાં એ કામ પતાવી દઈશું, બરાબર ને?"

"બ્રિજેશ, મારાથી આ નહીં થઈ શકે." મેં હિંમત એકઠી કરીને કહી નાખ્યું.

"શું નહીં થઈ શકે? આ બધું બહુ હેક્ટિક થઈ જાય છે ને. મને પણ એવું જ લાગતું હતું. એક કામ કરીએ. નવી જગ્યા લેવાનું પછી રાખીશું. ત્યાં સુધી અત્યારના જ મારા અપાર્ટમેન્ટમાં સાંકડેમાંકડ..."

"હું અપાર્ટમેન્ટ શોધવાની વાત નથી કરતી."

"તો?"

"આ જે થઈ રહ્યું છે તેની વાત કરી રહી છું. આયમ સૉરી પણ મારાથી આ નહીં થઈ શકે."

"આ એટલે? આટલા બધા રિલેટિવ્સ? આય નો. મારાથી પણ હૅન્ડલ નથી થતા. બહુ ભારે પડે છે. કેટલી વાર આ લોકોને પગે લાગ્યા કરવાનું. પૈરી પોના તાઉજી, મામીજી પૈરી પોના... આખા હોય તે પણ વળી વળીને પોણા થઈ જાય." બ્રિજેશ હસ્યો.

મેં એનો ખભો પકડ્યો. એને મારી તરફ ફેરવ્યો.

"બ્રિજેશ, આ લગ્ન મારાથી નહીં થઈ શકે."

"વૉટ?" એને જેન્યુઇનલી કન્ફ્યુઝન થયું. "સૉરી, શું કહ્યું તેં?"

"તેં જે સાંભળ્યું તે જ."

એણે મારી સામું જોયું. પછી ખડખડાટ હસી પડ્યો.

"તું હસે છે?"

"તારામાં ગજબની સેન્સ ઑફ હ્યુમર છે. બહુ સ્વીટ છે તું." કહીને એણે મારો ગાલ ખેંચ્યો.

"સ્વીટ?" હું બોલી. આ માણસને હજુ અક્કલ કેમ નથી આવતી કે હું એને કેએલડી કરવાની વાત કરી રહી છું.

"સ્વીટ જ ને," એ બોલ્યો, "તું અત્યારે એટલી નર્વસ છે કે નાના બાળકની જેમ વર્તી

રહી છે. ખરેખર સ્વીટ લાગી રહી છે તું.”

“બ્રિજેશ, મને નથી લાગતું કે હું જે કહેવા માગું છું તે તું સમજી રહ્યો હોય. આ નર્વસનેસ નથી. અત્યારે મારી લાઇફમાં જે કંઈ થઈ રહ્યું છે એને થાળે પાડતાં પાડતાં હું સાવ નીચોવાઈ જવાની.”

“આયમ સૉરી ટુ હિયર ધૅટ પણ...”

“પણ શું?”

“પણ આ બસો જેટલા લોકો અંદર આપણા ભેગા થવાની ઉજવણીમાં ડાન્સ કરી રહ્યાં હોય તે ઘડીએ તું આમ મૂડ ખરાબ હોય એટલે આવું કહે તે ઠીક નથી.”

“મારો મૂડ ખરાબ છે એવું નથી, બ્રિજેશ. એકદમ સ્વસ્થ છું. પૂરા ભાનમાં છું.”

બ્રિજેશનો ફોન વાગ્યો. એ હસ્યો. “આપણને શોધવા સર્ચ પાર્ટી કામે લાગી ગઈ હશે.” એણે ફોન ઉપાડ્યો. “યા, ડૅડ. હું અહીં જ છું. જસ્ટ બહાર તાજી હવા ખાવા. હા, રાધિકા મારી સાથે જ છે. કંઈ નહીં. ખાલી વાતો... ઓકે, અમે આવીએ જ છીએ.”

ફોન પૂરો કરીને એણે મારી તરફ જોયું.

“વડીલો બધા નીકળી રહ્યા છે. જતાં જતાં કપલને આશીર્વાદ આપવા માગે છે.” કહીને એણે સ્માઇલ કર્યું.

“સૉરી, બ્રિજેશ, હું...”

“અત્યારે જવું પડશે. અને સાંભળ. હું કંઈ ગર્લ્સ કે વીમેનની વાતોમાં એક્સપર્ટ નથી પણ કદાચ લગ્નની આગલી રાતે દરેક બ્રાઇડને તારા જેવો જ વિચાર આવી જતો હશે.”

“ના, એવું નથી.”

“મે બી અરેન્જ્ડ મૅરેજમાં આવું થતું હશે. આપણે હજી એકબીજાંને એટલું જાણતાં થયાં નથી. એક સજેશન કરું?”

“શું?”

“તું રૂમમાં જઈને સરસ ઊંઘ લઈ લે. આરામ થઈ જશે. આટલા બધા ગેસ્ટ અને આ બધી ધમાચકડીથી તું ખરેખર બહુ થાકી ગઈ છે.”

“વેલ, મેં જ ઇચ્છા રાખી હતી કે આટલા બધા ગેસ્ટ આવે, ગ્રાન્ડ વેડિંગ થાય.”

“એક્ઝેટલી. તેં બધું સમજી વિચારીને જ કર્યું છે. એટલે આ છેલ્લી ઘડીની શંકા-કુશંકા બાજુએ મૂકીને તું આજની રાત સૂઈ જા. સવારે પાછી એકદમ ફ્રેશ થઈ જઈશ. ચાલ, હવે જઈએ.”

“પણ...”

“ડૅડનો ફરીથી ફોન છે.” કહીને બ્રિજેશે ફોન ઉપાડ્યો.

* * *

મારા રૂમમાં પહોંચીને મેં અદિતિદીદીની બૅગમાંથી મારો ફોન કાઢી લીધો.

રાતના એક વાગી ગયો હતો. ફોન ખોલ્યો કે ધડાધડ મેસેજ નોટિફિકેશન્સ આવવા માંડ્યા.

દેબુ હૈ બેબી, વૉટ્સ અપ?
દેબુ મારી કોઈ હેલ્પની જરૂર છે. હું વાત કરું તારી સાઇડના કોઈની સાથે?
દેબુ બીજા 5 મેસેજ.

નીલ: રૂમમાં જ છું. કંઈ કામ હોય તો કહેજે.
નીલ: મળી શકીએ?
નીલ: તું ક્યાં છે? મળાય એમ છે? એકાદ મિનિટ માટે પણ?
નીલ: બીજા 3 મેસેજ.
બ્રિજેશ: યુ આર ફાઇન. ગેટ સમ રેસ્ટ, ઓકે?
બ્રિજેશ: હંકીડોરી થઈ જશે, તું જરાય ફિકર નહીં કરતી. સ્ટે કામ.

હું કેવી રીતે કામ રહું? દર કલાકે મારી લાઇફના અલગ અલગ મેલ મને મેસેજ પર મેસેજ મોકલ્યા કરતા હોય ત્યારે મારે શાંત કેવી રીતે રહેવું, કોઈ કહેશે મને? અને અધૂરામાં પૂરું કાલે લગ્ન છે મારાં. પણ કોની સાથે એ જ મને ખબર નથી. આવી સિચ્યુએશનમાં હું કામ કેવી રીતે રહું?

અદિતિદીદી મારી બાજુમાં જ સૂતી હતી. એ પાણી પીવા ઊભી થઈ. એણે જોયું કે મારા ફોનની સ્ક્રીન લાઇટ ચાલુ હતી.

“સૂઈ જા, ઇડિયટ. નહીં તો તારા વેડિંગના ફોટાઓમાં બધે તારાં ડાર્ક સર્કલ્સ દેખાવાનાં.” બોલીને એ પાછી સૂઈ ગઈ.

જાણે અત્યારે મારી એ જ સૌથી મોટી ફિકર હોય.

ટિન્ગ.

બીજો એક મેસેજ.

ફોન બંધ કરીને મેં આંખો બંધ કરી લીધી, પણ ઊંઘ આવતી નહોતી.

હું શું કરું? કોને પસંદ કરું?

દેબુ, નીલ કે બ્રિજેશ?

* * *

ઘણા લોકોને ડિસિઝન લેવાનું બહુ સારી રીતે ફાવતું હોય છે. મને નથી આવડતું. ઘણા લોકોને રાત્રે પથારીમાં પડતાંની સાથે જ ઊંઘ આવી જતી હોય છે. મને નથી આવતી. છેલ્લા બે કલાકથી હું બેડ પર જાગતી પડી છું. રાતના ત્રણ વાગ્યા છે. પંદર કલાક પછી મારાં લગ્ન છે. અહીં ગોવાની ફાઇવ સ્ટાર હોટેલમાં મારા ડેસ્ટિનેશન વેડિંગમાં બસો ગેસ્ટ આવ્યા છે. હું લાવી છું એ બધાંને. એ લોકો બહુ જ એક્સાઇટેડ છે. મહેતા ફૅમિલીની પાછલી સાત પેઢીમાં કોઈએ ડેસ્ટિનેશન વેડિંગ કર્યું નથી.

કાલે લગ્ન છે એટલે આજની રાત તો મારે ઘસઘસાટ સૂઈ જવાનું હોય. બ્યુટી સ્લીપ. પણ ઊંઘ નથી આવતી. આવવાની પણ નથી. બ્યુટીક્યુટી ઘેર ગઈ, અત્યારે ખાલી એક જ વિચાર દિમાગમાં દોડે છે : આ ઝમેલામાંથી હું કેવી રીતે સટકી જઉં. આ પહેલાં પણ મારી લાઇફમાં ઘણી વાર એવું બન્યું છે અને અત્યારે પણ એવી જ સિચ્યુએશન છે કે હું વારંવાર મારી જાતને બૂમ પાડી પાડીને કહી રહી છું : વૉટ ધ ફક ઇઝ ગોઇંગ ઑન.

બીજો અડધો કલાક હું પથારીમાં જ પડી રહી. વિચારતી રહી કે હવે શું કરવું જોઈએ મારે? મેં જોયું કે અદિતિદીદી ગાઢ ઊંઘમાં હતી. સીલિંગ પર લાગેલા સ્મોક એલાર્મની નાનકડી રેડ લાઇટ ફ્લિકર થયા કરતી હતી. સાડા ત્રણ વાગ્યા. મેં રૂમના પડદા ખોલી નાખ્યા. સમુદ્ર એકદમ કાળો ડિબાંગ દેખાતો હતો. દૂર દૂર કોઈ જહાજોની ઝાંખી લાઇટ્સ નજરે પડતી હતી.

ઇટ્સ યૉર લાઇફ, રાધિકા. એના પર એકમાત્ર તારો જ અધિકાર છે. હું મારી સાથે વાત કરવા લાગી. પણ તું તો સાલી બિચ છે. ના, એવું નથી. જે કોઈને એવું લાગતું હોય એ લોકોને

કહેવાનું કે માઇન્ડ યૉર ઓન બિઝનેસ. મારી જિંદગી માટે હું એકલી જ જવાબદાર છું અને મારી જિંદગીનો આટલો મોટો નિર્ણય પણ હું એકલી જ કરવાની. કોનો શું અભિપ્રાય છે મારા માટે એની મને પરવા નથી. ખરેખર નથી, રાધિકા? હા, ખરેખર નથી.

ફાઇનલી મને જવાબ મળી ગયો કે મારે શું કરવું છે. હું અડધો કલાક સુધી બેસી રહી. ઑલમોસ્ટ મેડિટેશન જેવું. મારો નિર્ણય સાચો હતો. એ નિર્ણયને અમલમાં મૂકવા માટે શું શું કરવું એની સ્પષ્ટતા મારા મનમાં થઈ ગઈ હતી. હવે હું એકદમ ક્લિયર હતી.

ક્રિસ્ટલ ક્લિયર.

મેં ફોન લીધો. ત્રણેય માટે એક સરખો મેસેજ લખ્યો :

'આર યુ ધેર.'

પછી દેબુ, નીલ, બ્રિજેશને સેન્ડ કર્યો.

દેબુનો જવાબ પહેલાં આવ્યો. થોડી જ સેકન્ડમાં.

'યસ, બેબી. ટ્રાઇંગ ટુ સ્લીપ બટ કાન્ટ.'

'બ્રેકફાસ્ટ માટે કૉફી શૉપમાં આવજે. ફાઇવ એ.એમ.' મેં એને જવાબ નાખ્યો.

'ઓહ રિયલી? ધેટ્સ ગ્રેટ! ધેટ્સ જસ્ટ ઇન ઍન અવર. સી યુ!' એણે ઉછાળા મારતો જવાબ મોકલ્યો.

જવાબ ઉપરાંત થોડાં ઘેલાં કાઢતાં સ્માઇલીઝ અને ઇમોજીઝ પણ મોકલ્યાં.

'થૅન્ક્સ, સી યુ' મેં એને જવાબમાં લખ્યું.

નીલે દસ મિનિટ પછી મને રિપ્લાય નાખ્યો :

'યસ, આયમ હિયર.'

મેં દેબુ સાથેની ચૅટમાંથી એક લાઇન નીલને કૉપી પેસ્ટ કરી.

'બ્રેકફાસ્ટ માટે કૉફી શૉપમાં આવજે. ફાઇવ એ.એમ.'

'ઓકે, સ્યોર,' નીલે લખ્યું.

બ્રિજેશનો જવાબ સાડા ચારે આવ્યો.

'હે, ગુડ મૉર્નિંગ. બહુ વહેલી ઊઠી ગઈ ને કંઈ. આરામ કર્યો કે નહીં?' એણે લખ્યું.

'આયમ ઓકે,' મેં જવાબ આપ્યો.

'ગુડ. બોલ શું હતું?'

મેં દેબુ સાથેની ચૅટમાંની લાઇન બ્રિજેશને પેસ્ટ કરી અને સેન્ડ કરતાં પહેલાં ટાઇમ બદલ્યો :

'બ્રેકફાસ્ટ માટે કૉફી શૉપમાં આવજે. ફાઇવ થર્ટી એ.એમ.'

'રિયલી? સો અર્લી?'

'આવી શકીશ?'

'અફ કોર્સ. સી યુ.'

મેં મારો ફોન બાજુએ મૂકીને ઊંડો શ્વાસ લીધો. અદિતિદીદી જાગી ગઈ.

"ત્યાં સોફા પર બેઠી બેઠી તું શું કરે છે?"

"મારી લાઇફ રિપેર કરું છું."

"શું?"

"કંઈ નહીં. જસ્ટ શાવર માટે જતી હતી." કહીને હું બાથરૂમમાં જતી રહી.



34

હું બરાબર પાંચના ટકોરે કૉફી શૉપ પહોંચી ત્યારે નીલ અને દેબુ આવી ગયા હતા. બેઉ અલગ અલગ ટેબલ પર બેઠા હતા. બેમાંથી એકેયને એ બંને વચ્ચેની કૉમન લિન્ક હું છું એની જાણ નહોતી. ઇન્ડિગો ઍરલાઇન્સના ચાર ક્રુ મેમ્બર્સ બીજા એક ટેબલ પર બેઠા હતા. કૉફી શૉપની બહારના આકાશમાં સવાર પડી રહી હતી.

મને જોઈને નીલ અને દેબુ ઊભા થઈ ગયા. બેઉ જણ મારી તરફ આવ્યા.

“હે,” દેબુએ કહ્યું.

“હાય ધેર, યુ લુક ફ્રેશ.” નીલ બોલ્યો.

નીલ અને દેબુ ચકિત થઈને એકબીજાની સામું જોવા લાગ્યા.

“ગુડ મૉર્નિંગ, દેબુ, ધિસ, ઇઝ નીલ. નીલ, ધિસ ઇઝ દેબુ.” મેં કહ્યું.

“ગુડ... મૉર્નિંગ,” દેબુએ કહ્યું. એ સમજી શકતો નહોતો કે આ મામલો શું છે.

“હાય,” નીલે દેબુની સામું જોઈને કહ્યું.

“લેટ્સ ગેટ સમ બ્રેકફાસ્ટ,” મેં કહ્યું. હું જઈને એક સી-ફેસિંગ ટેબલ પર ગોઠવાઈ. પેલા બંને ઠોયાની જેમ ત્યાં ને ત્યાં જ ઊભા રહ્યા.

“કમ, બોથ ઑફ યુ.” કહીને મેં હસીને બેઉને બોલાવ્યા.

સહેજ અવઢવ સાથે બેઉ જણા આવ્યા. વેઇટર અમારો ઑર્ડર લેવા આવી પહોંચ્યો.

“હું કાપુચિનો અને બ્રાઉન બ્રેડનો ટોસ્ટ લઈશ. વિથ પીનટ બટર ઍન્ડ હની. તમે બંને શું લેશો?”

દેબુ અને નીલ એકબીજાની સામે જોવા લાગ્યા.

“બ્લૅક કૉફી, પૉરિજ, પ્લીઝ.” નીલે કહ્યું.

“અ... ઑરેન્જ જ્યૂસ. બસ,” દેબુ બોલ્યો.

વેઇટર જતો રહ્યો. મારા મોઢા પરનું સ્માઇલ ચાલુ જ હતું. બંનેની વિમાસણ જોવાની મને મઝા આવતી હતી.

“આ તારો ફ્રેન્ડ છે?” નીલે દેબુ વિશે પૂછ્યું.

“હા, ફ્રેન્ડ જ સમજ.” મેં કહ્યું.

“તારે મારી પ્રૉપર ઓળખાણ એને આપવી છે?” દેબુએ ગળું ખંખેરીને મને પૂછ્યું.

“હાસ્તો,” મેં કહ્યું અને વારાફરતી બેઉની સામે જોઈને કહ્યું, “તમે બંને મારા એક્સ છો. ભૂતકાળના પ્રેમીઓ છો મારા.”

બેઉનાં મોઢાં જોવા જેવા થઈ ગયાં.

“સૉરી, હું સમજ્યો નહીં.” નીલે કહ્યું, “હું તારો એક્સ છું પણ આ કોણ?”

“દેબુ. મારો ન્યૂ યૉર્કનો ફ્રેન્ડ યાદ છે?”

“ઓહ, આ એ છે.” નીલે કહ્યું.

“નીલ તારો એક્સ છે? સૉરી, એ ક્યારે બન્યું?” દેબુએ પૂછ્યું.

“હૉંગકૉંગમાં.”

“ઓહ,” દેબુ બોલ્યો. પછી ચૂપ થઈ ગયો. હવે એ ધ્યાનથી નીલને જોવા લાગ્યો.

“યા... એ મારા કરતાં મોટો છે. ખૂબ મોટો છે,” મેં કહ્યું, “અને પરણેલો પણ છે.”

“પરણેલો હતો. હવે નથી.” નીલે મને કરેક્ટ કરી અને કહ્યું, “તો દેબુ પણ તારા લગ્નમાં

આવ્યો છે એમ? સરસ.”

“એ મારાં લગ્નમાં નથી આવ્યો, મારી સાથે લગ્ન કરવા આવ્યો છે. વરરાજાની જગ્યાએ એ પોતે બેસી જવા માગે છે. અહીં ગોવામાં જ મારી સાથે પરણી જવા આવ્યો છે.”

“વૉટ?” નીલે કહ્યું, “મને તો એમ કે તમે બંને બહુ ખરાબ રીતે છૂટા પડી ગયા છો. આ દેબુ એટલે એ જ ને જેને લીધે તેં ન્યૂ યૉર્ક છોડી દીધું હતું.”

“હા, એ જ.” મેં કહ્યું, “તારી જેમ એનું પણ ચેન્જ ઑફ હાર્ટ થયું છે.” પછી દેબુની તરફ જોઈને કહ્યું, “અને દેબુ, આ નીલ પણ મારાં લગ્ન અટકાવવા જ આવ્યો છે. એની સ્ટાઇલ જરા જુદી છે. ચાર્ટર્ડ પ્લેન લઈને આવ્યો છે.”

દેબુની આંખો પહોળી થઈ ગઈ. મેં વાત ચાલુ રાખી,

“તો સિચ્યુએશન એવી ઊભી થઈ છે કે તમે બંને અહીં વણનોતર્યા મહેમાન છો. થોડાક કલાકમાં થનારાં મારાં લગ્ન અટકાવવા ટપકી પડ્યા છો. એટલું જ નહીં મારી સાથે લગ્ન કરવા માગો છો. તમે બંનેએ મને જબરજસ્ત મૂંઝવણમાં મૂકી દીધી છે.”

વેઇટર આવીને અમને સર્વ કરી ગયો. નીલ અને દેબુ પોતપોતાની સીટ પર સહેજ સળવળ્યા. બંને એકબીજાની સામું જોવાનું ટાળતા હતા. હું લહેરથી મારા ટોસ્ટ પર પીનટ બટર સ્પ્રેડ કરતી રહી. વેઇટરના ગયા પછી દેબુ બોલ્યો,

“સૉરી, રાધિકા. મને ખબર નહીં કે તારો બીજો કોઈ એક્સ-બૉયફ્રેન્ડ પણ હશે અહીં. ખરેખર આ જેન્ટલમૅન તારો બૉયફ્રેન્ડ હતો? ઉંમરમાં કેટલો મોટો છે? પાછો પરણેલો પણ છે.”

“મેં કહ્યું ને કે હું પરણેલો હતો. હવે નથી. અને મારું નામ નીલ છે, નીલ ગુપ્તા.”

“એ જે હોય તે. પણ રાધિકા, મને એમ કે તેં મને એકલાને જ અહીં બ્રેકફાસ્ટ પર મળવા બોલાવ્યો છે. ઠીક છે. હવે તું આવે છે ને મારી સાથે?” દેબુએ કહ્યું.

“એ શું કામ તારી સાથે આવે? ખબર નથી તું એની સાથે કેટલી ખરાબ રીતે વર્ત્યો છે? તારે કારણે એણે દેશ છોડી દેવો પડ્યો.” નીલે કહ્યું.

“અને તારે કારણે પણ, નીલ.” મેં કહ્યું.

નીલે મારી સામું જોયું. એ ચોંકી ગયો હતો.

“રાધિકા, મેં ઑલરેડી આ માટે તારી માફી માગી છે. મેં ક્યારેય તને ડિસ્રિસ્પેક્ટ નથી કરી. તે વખતે હું થોડો અસમંજસમાં જરૂર હતો પણ હવે નથી. એટલે...”

દેબુએ નીલની વાતને અધવચ્ચે કાપી,

“મિસ્ટર નીલ, જાઓ જઈને કોઈ તમારી ઉંમરની કન્યાને શોધીને પરણી જાઓ.”

“સવાલ ઉંમરનો નથી, સવાલ મનમેળનો છે. અને એક વાત સાંભળી લે તું. તારા કરતાં હું લાખગણો ફિટ છું.”

મને હસવું આવતું હતું. કઈ કક્ષાએ આ બે જણા દલીલો કરવામાં નીચે ઊતરી રહ્યા હતા.

“એક મિનિટ, એક મિનિટ. મારે તમને બંનેને જે કહેવું છે તે સાંભળવા માટે તમને લોકોને અહીં બોલાવ્યા છે. માટે અંદરોઅંદર લડવાનું છોડીને પ્લીઝ, મારી વાત ધ્યાનથી સાંભળો.”

“આય નો યુ લવ મી, બેબી.” દેબુએ કહ્યું, “આયમ યૉર ફર્સ્ટ લવ.”

“હવે ચૂપ થઈ જશો? મને ડિસ્ટર્બ કર્યા વિના સાંભળશો?” હું બોલી. બેઉએ માથું હલાવીને હા પાડી. નીલે પોતાના બે હાથ પકડીને બેઉ કોણી ટેબલ પર ગોઠવી. દેબુએ ઑરેન્જ જ્યૂસનો એક સિપ લીધો.

"થૅન્ક્સ," હું બોલી, "સૉરી, મારે આ વાત તમને બંનેને એકસાથે સમજાવવી પડે છે. મારા માટે એ જ કન્વિનિયન્ટ છે અને એ બહાને તમે બંને જરા એકબીજામાંથી કંઈક શીખો."

"ઇટ્સ ફાઇન," નીલે કહ્યું. હવે એ મને ટોકવા નહોતો માગતો.

"દેબાશિષ સેન, તને યાદ છે આપણે ન્યૂ યૉર્કમાં એક દિવસ શું વાત કરી હતી તે? તું મને કહેતો હતો કે સ્ત્રીઓએ ઊડવું જોઈએ, પણ હું વધારે ઊંચે ઊડવા માંડી ત્યારે તું મારી પાંખો કાપી નાખવા માગતો હતો. તારે મન મારું ઉડ્ડયન એટલે તારાથી નીચે રહીને જેટલું ઊડવું હોય એટલું ઊડવું. રાઇટ?"

દેબુ નીચું જોઈ ગયો. પછી મેં નીલની સામે જોઈને કહ્યું,

"અને નીલ, તું તો મને હજુ વધારે ને વધારે ઊંચે ઊડતી જોવા માગતો હતો, ખરું ને!"

"અફકોર્સ," નીલ બોલ્યો.

"પણ ખબર છે, તારી ભૂલ ક્યાં થઈ?"

"ક્યાં?"

"તું મને માળો બાંધીને રહેતી જોવા નહોતો માગતો. તેં વિચાર્યું જ નહીં કે મને કંઈ કોઈની સાથે રહીને આજુબાજુ ફાંફાં મારવામાં રસ નથી."

મેં ઘડિયાળમાં જોયું. પાંચ ને અઠ્યાવીસ થઈ હતી. હું બોલી,

"હું તારી સાથે કે તારી સાથે – કોઈનીય સાથે આવતી નથી. તમારા બેઉમાં કંઈક એવું છે જે મને ક્યારેય ગમવાનું નથી અને એ બાબતમાં તમે બંને ક્યારેય તમારી જાતને બદલી શકવાના પણ નથી. દેબુ, તું અત્યારે મને કહી રહ્યો છે કે તું સપૉર્ટિવ રહીશ પણ હકીકત એ છે કે મારા સક્સેસનો એક નાનકડો અંશ પણ તું પચાવી શકતો નથી. અને આ બાબતમાં તું બદલાઈ શકવાનો નથી. અને હા, હું તો તેં મને જોઈ છે એના કરતાં કંઈક ગણી, અનેકગણી સક્સેસફુલ થવાની છું. એટલે સૉરી, તારા માટે મારી સ્પષ્ટ ના છે."

"પણ રાધિકા..." દેબુ બોલવા જતો હતો. મેં રોક્યો એને. નીલ તરફ જોઈને મેં કહ્યું,

"અને નીલ, તું અમેઝિંગ છે એમાં કોઈ બેમત નથી. પણ તને ખબર નથી કે તું અડધી રાધિકાને જ ચાહે છે, બાકીની અડધી તને કુસુમ જોઈએ છે જેને તેં છોડી દીધી છે. તને જીવનમાં કોઈ પાર્ટી ગર્લ જોઈએ છે. સમવન યંગ, જે તારી ઢળતી યુવાની તારા વતી પકડી રાખી શકે. એ યુવાની જેને જાળવવા તું જિમમાં જઈને પરસેવો પાડે છે. વેલ, હું કંઈ આવી યંગ ગર્લ આખી જિંદગી રહેવાની નથી. તે વખતે નીલ ગુપ્તા મારું શું કરશે એની ખબર નથી. એને જે રાધિકા ગમે છે તે એની યંગ વાઇસ પ્રેસિડેન્ટ ગમે છે. એને ડાયપર બદલતી રાધિકામાં રસ પડવાનો છે?"

"અફકોર્સ, હું..." નીલ બોલવા જતો હતો અને મેં એને પણ ચૂપ કર્યો.

"આ બાબતમાં હું કોઈ સમાધાન કરવા માગતી નથી, કોઈ બાંધછોડ નથી જોઈતી મને," મેં સહેજ તીખા અવાજે કહ્યું, "મેં નક્કી કરી લીધું છે કે મારે શું કરવું. મને સાંભળવા બદલ થૅન્ક્યુ. હવે કોઈ વાતોનાં વડાં ન જોઈએ મારે. તમારે બંનેએ હવે શું કરવાનું છે તે હું કહી દઉં એટલે વાત પૂરી."

"શું કરવાનું છે?" દેબુએ પૂછ્યું.

"તમે બંને અહીંથી નીકળો. આજે, અત્યારે, આ ઘડીએ જ. આ હોટેલ છોડીને, ગોવા છોડીને, મારી જિંદગી છોડીને જ્યાં જવું હોય ત્યાં જાઓ. પણ ખબરદાર જો મને, મારા ફૅમિલીને કે મારા ગેસ્ટને તમે લોકોએ સહેજ પણ વતાવ્યા છે તો. એક પણ મેસેજ નહીં જોઈએ, એક પણ ફોન કૉલ નહીં. તમે બંને મારો ભૂતકાળ છો અને મેં મારો એ ભૂતકાળ અહીં ગોવાના દરિયાના પેટાળમાં ઊંડે સુધી દફનાવી દીધો છે. સો પ્લીઝ," કહીને મેં કૉફી શૉપના

દરવાજા તરફ આંગળી ચીંધી.

"પણ..." દેબુ બોલવા જતો હતો.

"હું તમને લોકોને સારામાં સારી રીતે, વિવેકભરી ભાષામાં અહીંથી ફૂટવાનું જણાવી ચૂકી છું. માટે પ્લીઝ, ડુ એપ્રિશ્યેટ ધેટ ઍન્ડ જસ્ટ ફક ઑફ ફ્રોમ હિયર."

દેબુ અને નીલ એકબીજા સામે જોતા રહી ગયા. બેઉએ ફરી એકવાર મારી સામું જોયું અને ઊભા થઈને ચૂપચાપ રેસ્ટોરાંની બહાર જતા રહ્યા, મારી લાઇફની બહાર જતા રહ્યા.

એ બંને જઈ રહ્યા હતા ત્યારે જ બ્રિજેશ એન્ટર થયો. મારી પાસે આવીને એણે કહ્યું, "ગુડ મૉર્નિંગ, માય વાઇફ-ટુ-બી." એણે જોયું કે મારા ટેબલ પર વપરાયેલી ક્રોકરી અને છરીકાંટા હતાં. એણે પૂછ્યું, "આ લોકો તને મળવા આવ્યા હતા?"

મેં એને સીધો જવાબ આપવાને બદલે કહ્યું,

"ગુડ મૉર્નિંગ, બ્રિજેશ. આવ, મારે તારી સાથે વાત કરવાની છે." મારા ચહેરા પરની ગંભીરતા જોઈને એ સહેજ અચકાયો પછી બોલ્યો,

"યા... શ્યૉર."

એણે સાદા ડોસા અને કૉફીનો ઑર્ડર આપ્યો. વેઇટરના ગયા પછી એ બોલ્યો,

"કાલ રાત કરતાં સારું લાગે છે તને?"

"ચાલે..." મેં કહ્યું,

"રાતના માણસ બહુ ચિંતામાં પડી જતો હોય છે. દિવસ આખાનો થાક હોય, ડ્રિન્ક કર્યું હોય. પણ સવાર પડે કે એ બધું જ ટેન્શન દૂર થઈ જાય. ડોન્ટ વરી. લાઇફમાં જે કંઈ થાય તે અલ્ટીમેટલી તો સારા માટે જ થતું હોય છે?"

"રિયલી? તું એવું માને છે?"

"હા. બિલકુલ."

"સરસ. તો પછી બ્રિજેશ, મેં આખી રાત જે વિચાર કર્યો તે તને કહું. મને આ બરાબર નથી લાગતું. હું તારી સાથે લગ્ન કરવાની નથી."

"વૉટ?" એ બોલ્યો, "આર યુ સિરિયસ? થોડીઘણી નર્વસનેસ હોય ત્યાં સુધી બરાબર છે પણ આ તો..."

"હું અત્યારે મારાં પૅરન્ટ્સને કહેવા જઉં છું. એ પછી એ લોકો તારાં પૅરન્ટ્સ સાથે વાત કરી લેશે."

"તું શું કહે છે?"

"સિવાય કે તારે એ પહેલાં એમની સાથે વાત કરી લેવી હોય. તારાં પૅરન્ટ્સ સાથે તું જ વાત કરે તે બહેતર છે. દોષનો ટોપલો મારા પર ઢોળી દેજે."

"રાધિકા!"

મેં એને ઇગ્નોર કરીને મારી વાત ચાલુ રાખી, "હું બધાં જ બિલ્સ સેટલ કરી દઈશ. તમારા ફૅમિલીની બાજુથી કોઈએ કશું જ ચૂકવવાનું રહેશે નહીં. આ બધા મેસ માટે હું ખરેખર ખૂબ જ દિલગીર છું અને..."

બ્રિજેશે મને ઇન્ટરપ્ટ કરી, "તું સમજે છે શું તારા મનમાં? હં?" બ્રિજેશનો અવાજ એની સૌમ્ય પર્સનાલિટીથી તદ્દન વિપરીત બની ગયો.

"આયમ સૉરી. તું અપસેટ થઈ જાય એ હું સમજી શકું છું." મેં કહ્યું.

"તું સમજી શકે છે એટલે? અહીં મારું આખું ફૅમિલી ભેગું થયું છે. મારા કાકાઓ-મામાઓ, મારા અંગત મિત્રો. આખું અઠવાડિયું એ બધાએ આપણા અવસરની ઉજવણીઓ કરી છે. અને લગ્નની સવારે તું એમ કહે છે કે હું એમને જઈને કહું કે ચાલો, પાછા? છોકરી લગ્ન

કરવાની ના પાડે છે? એ પાણીમાં બેસી ગઈ છે?"

"વાંક બધો મારો જ છે. હું સ્વીકારું છું."

"એકેએક જણ આવ્યું છે, રાધિકા. કોઈ બાકી નથી રહ્યું."

"મને ખ્યાલ છે."

વેઇટર બ્રિજેશ માટે ડોસા અને કૉફી લઈને આવ્યો. બ્રિજેશે એને હાથ પણ લગાડ્યો નહીં.

"પૂછી શકું કે કેમ?" બ્રિજેશે એના અવાજને કન્ટ્રોલમાં રાખીને કહ્યું.

મારી આંખમાંથી આંસુનું એક ટીપું સરી પડ્યું.

"શું કામ, રાધિકા?"

"પેલા બે જણાને તેં જતાં જોયા ને. એ બંને મારા એક્સ હતા. મારો પાસ્ટ હતા."

એણે પાછળ વળીને રેસ્ટોરાંના દરવાજા તરફ જોયું.

"ઇટ્સ ઓકે. એ બંને ગયા." મેં કહ્યું.

"તેં એમને ઇન્વાઇટ કર્યા હતા?"

મેં ના પાડી. પછી ટૂંકમાં, એકદમ ટૂંકમાં, ગોવામાં છેલ્લા અઠવાડિયામાં શું શું બની ગયું તે જણાવ્યું. એ ધ્યાનથી મારી વાત સાંભળતો રહ્યો. છેલ્લે એને આઘાતની કળ વળી એટલે બોલ્યો,

"કેવું કેવું વીતી ગયું એક અઠવાડિયામાં?"

"હા, મારું આખું વીક આ જ બધામાં ગયું."

"તો પછી ફાઇનલી તેં શું ડિસાઇડ કર્યું."

"મેં એ બંનેને અહીંથી જતા રહેવાનું કહ્યું. ગોવામાંથી, મારી જિંદગીમાંથી, કાયમ માટે ફૂટી જવાનું કહ્યું."

"સરસ તો પછી. હવે શું પ્રૉબ્લેમ છે? તારો ભૂતકાળ તો ભૂંસાઈ ગયો."

"પણ મારા વર્તમાનેય હું જોઈ શકતી નથી. હું ક્યાંય નથી અત્યારે. મારે મારી ખોવાયેલી જાતને નવેસરથી શોધવાની છે."

"જાતને શોધવાની છે?" બ્રિજેશના અવાજમાં વ્યંગ હતો, "તેં મને તારી બે રિલેશનશિપ હતી એની વાત કરી દીધી. જ્યાં સુધી તારો એ અતીત પાછો ન આવે, ત્યાં સુધી મને એની સાથે શું લેવાદેવા?"

"ના, બ્રિજેશ. હું નહીં કરી શકું આ લગ્ન. મને માફ કરી દે. આયમ રિયલી સૉરી." કહીને હું ઊભી થઇ ગઈ.

એણે મારી સામું જોયું. મારા ચહેરા પરથી એને ખબર પડી ગઈ હતી કે હવે વધારે વાત કરવાનો કોઇ અર્થ નહોતો. એ ચૂપ રહ્યો. હું કૉફી શૉપની બહાર નીકળી ગઈ.



35

ગોવાની મૅરિયટના મારા રૂમમાં જાણે હમણાં જ કોઈ મરી ગયું હોય અને એને કાઢી જતાં પહેલાં અંતિમદર્શન કરીને ફૂલ ચડાવવા આવતા હોય એવી રીતે બધાં ભેગાં થઈ રહ્યાં હતાં. ફાઇવ સ્ટારના વાતાવરણમાં, આખા શરીરે સોનાના દાગીના પહેર્યા હોવા છતાં બધી આન્ટીઓ સોગિયું ડાચું લઈને ટોળે વળી હતી. મેં મારો નિર્ણય જણાવી દીધો હતો. મારી માએ એનો હિસ્ટિરિયા સોળે કળાએ પ્રગટ કરી દીધો હતો. ડૅડ ઘુવડ જેવું મોઢું કરીને એક કૉર્નર પર બેસી ગયા હતા. એઝ યુઝવલ કોઈ પણ તોફાની પરિસ્થિતિમાં એમને શું કરવું એની ગતાગમ પડતી નહોતી. મારી આન્ટીજીઓ મારી માની ટોળે વળીને એને ઠાલાં આશ્વાસનો અને જુઠ્ઠી સહાનુભૂતિ જતાવતી હતી. અંદરથી એમના મનમાં કેવા લડ્ડુ ફૂટતા હશે એ હું પારખી શકતી હતી. મહિનાઓ સુધી ફૅમિલીમાં હવે ગૉસિપની ખોટ પડવાની નહોતી.

કમલાબુઆ હજુય તંત છોડતાં નહોતાં.

“બ્રિજેશે તને કંઈ કહ્યું? સાચું કહેજે.”

“મેં તમને લોકોને કેટલીવાર કહ્યું કે આમાં એનો કોઈ વાંક નથી. એ બહુ સારો છોકરો છે.”

“તો પછી વાંધો ક્યાં પડ્યો, અક્કલની બારદાન?” મા તાર સપ્તકમાં બોલી અને મારી પાસે આવીને ઊભી રહી ગઈ,

સટાક!

એ બીજી લપડાક મારે એ પહેલાં કમલાબુઆએ એનો હાથ ઝાલી લીધો. મેં કંઈ કર્યું નહીં.

“નહીં, અપર્ણા, નહીં. દીકરી છે આપણી. સાંઈબાબા બધાંનું ભલું કરશે.” કમલાબુઆએ મારી માને કહ્યું.

“શું કપાળ સરખું કરશે? અમે તો સાવ લૂંટાઈ ગયા, બરબાદ થઈ ગયા. અને જો, જો... કેવી ઘુરકે છે મને?” મા બોલી.

“મારા પર હાથ ઉપાડવાની કોઈ જરૂર નથી, મૉમ.” તમાચાથી લાલ થઈ ગયેલા ગાલ પર વહેવાની તૈયારી કરી રહેલાં આંસુને રોકતાં હું સહેજ સખ્તાઈથી બોલી.

“તો શું હું તારી આરતી ઉતારું? અદિતિને જો. કૉલેજના ત્રીજા વરસમાં હતી અને એન્ગેજમેન્ટ થઈ ગયાં. ગ્રૅજ્યુએટ થઈ કે સીધાં લગ્ન.”

“હું અદિતિ નથી.”

“આ જ થવાનું. છોકરીઓને બહુ ભણાવો ને, એટલે સીધી માથે જ ચડી જાય.” કમલાબુઆએ મૉમને આશ્વાસન આપતાં કહ્યું.

“એના બાપાનો જ વાંક છે બધો,” મૉમ હવે ડૅડ પર બગડી, “એમણે જ ફટવી મારી છે આને. અમદાવાદ જવું છે? જાઓ. ન્યૂ યૉર્ક જવું છે? જાઓ. હૉંગકૉંગ જવું છે? દુનિયામાં જ્યાં રખડવું હોય ત્યાં રખડો.”

“મૉમ, તું ડૅડને આ બધામાંથી દૂર રાખીશ?” મારા અવાજમાં ડૂમો હતો. મેં આગળ ફરી બધા સામે હાથ જોડ્યા.

“તમને સૌને મારી એક રિક્વેસ્ટ છે. તમે બધાં મારાં પરિવારજનો છો. હા, મેં ભૂલ કરી છે. જે કંઈ થયું છે તેની પૂરેપૂરી જિમ્મેદારી મારા માથે છે. તમારે મને જે કંઈ કહેવું હોય તે કહો

પણ મહેરબાની કરીને મારાં પૅરન્ટ્સનો વાંક નહીં કાઢતા. તમને પગે પડું હું."

મારી આન્ટીઓ અને અંકલો એકમેકની સામે જોવાં લાગ્યાં. મેં બોલવાનું ચાલુ રાખ્યું,

"એમ ગણી લો કે તમે બધા ગોવા ફરવા આવ્યા હતા. બસ. મારા તરફથી બધાને મોજમસ્તી કરાવી. મને તમારા બધાના સપોર્ટની અત્યારે જરૂર છે. વધારે મોટો ઇશ્યુ બ્રિજેશ અને એના ફૅમિલીનો છે. આપણા લોકો કરતાં એ બધાને ઘણું વધારે હર્ટ થયું હશે. તમારામાંથી કોઈ વડીલો મારી સાથે આવે છે એમને આ વાત કરવા?"

કોઈ સહેજ પણ હાલ્યું નહીં.

"ભલે. હું મારી રીતે એ લોકોને સંભાળી લઉં છું. આજે ગોવામાં છેલ્લો દિવસ છે. જલસા કરો. જે લોકોને વહેલા પાછા જવું હોય એ સૂરજનો કૉન્ટેક્ટ કરે. મેં કહી રાખ્યું છે, તમારી ફ્લાઇટની ટિકિટો બદલી આપશે." મેં કહ્યું.

હજુ પણ કોઈ કંઈ બોલ્યું નહીં. હું રૂમની બહાર જવા નીકળી ત્યાં જ મેં સાંભળ્યું,

"એક મિનિટ. હું આવું છું." અદિતિદીદી બોલી, "મને સમજાતું નથી તું આવું શું કામ કરી રહી છે પણ તું મારી બહેન છે, એકલી નહીં જવા દઉં તને. આવું છું. તારી સાથે."

એણે મારી બાજુમાં આવીને મારો હાથ પકડ્યો. મેં આંસુ ખાળીને એને સ્માઇલ આપ્યું.

"હું પણ આવું છું તમારા બંનેની સાથે," પંકજમામા બોલ્યા, "ચાલ, રિચા. દીકરીને એકલી ના જવા દેવાય."

રિચામામીની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ. કહ્યાગરી વાઇફ અને કકળાટિયણ આન્ટીમાંથી કયો રોલ ચૂઝ કરવો? વાઇફ જીતી ગઈ.

"કોઈ જરૂર નથી તમારે જવાની," મારી મા વચ્ચે પડી, "એ બધું જ એકલાં એકલાં કરે છે, એને એકલીને જ જવા દો."

"ડૅડ, તમારે સાથે આવવું જોઈએ." અદિતિદીદી બોલી. મારા ફાધર ઊભા થયા.

"ચાલ, અપર્ણા," ડૅડે એમના નરમઘેંસ જેવા અવાજે મૉમને કહ્યું. માએ બધાંની સામે જોયું. પછી પરાણે ઊભી થઈ અને બોલી,

"હા, ચાલો હવે. બીજું શું? પલાળ્યું છે તો મૂંડવું પણ પડશે જ ને."



મેં બેલ વગાડી. બ્રિજેશે દરવાજો ખોલ્યો. કંઈ પણ બોલ્યા વગર દૂર ખસીને એણે અમને લોકોને અંદર આવવા દીધાં. મને રૂમ ઠંડોગાર લાગ્યો. મિસ્ટર ઍન્ડ મિસિસ ગુલાટી, બ્રિજેશનાં પૅરન્ટ્સ અને મારાં થતાં થતાં રહી ગયેલાં સાસુ-સસરા; મોં લટકાવીને ઊભાં હતાં. બ્રિજેશનાં બીજાં સગાં; એના ફાધરના ભાઈઓ, એની માસીઓ – બધાં ઊભડક થઈને બેડ પર બેઠાં હતાં. દરેક જણના ચહેરા પર હમણાં જ કોઈ એમની પીઠ પર ખંજર ભોંકી ગયું હોય એવા ભાવ હતા. બ્રિજેશે ઑલરેડી એ લોકોને કહી દીધેલું.

મને ખ્યાલ ન આવ્યો કે અહીં કેવી રીતે વાત શરૂ કરું. પણ ત્યાં જ ઘરડાં ગાડાં વાળે એ કહેવતને સાર્થક કરતાં મારી માએ ઠૂઠવો મૂકીને મને મૂંઝવણમાંથી ઉગારી લીધી. એ મોટેથી રડતાં રડતાં સીધી જઈને બ્રિજેશની માને વળગી પડી.

"મારી દીકરીને કોઈની નજર લાગી ગઈ, સુલોચના." મારી મા બોલી. એ એકલી જે રીતે બીહેવ કરતી હતી તે જોઈને રૂમમાં બધાંને એકદમ ઑકવર્ડ ફીલ થતું હતું. બ્રિજેશની મધર સામે વળગી નહોતી પડી તે છતાં મૉમને કશી પડી નહોતી.

"અમે તો બરબાદ થઈ ગયાં. મને ખબર નહીં અમારી દીકરી આવી નીકળશે. આપણું

પોતાનું જ છોકરું કમભાગી નીકળે એમાં આપણે કોનો વાંક કાઢવા જઈએ?" મારી મા ઓર જોરથી રડવા લાગી.

"બેસી જાઓ, અપર્ણાજી." બ્રિજેશના ફાધર બોલ્યા.

મેં જોયું કે હવે મારે કન્ટ્રોલ લઈ લેવો જોઈએ. હું રૂમની વચ્ચોવચ્ચ જઈને ઊભી રહી અને બધાંની સામું જોઈને બોલી,

"એક જ મિનિટ લઈશ તમારી. આપ સૌની હું હૃદયપૂર્વક માફી માગું છું. હું તમારા સૌની ગુનેગાર છું, લગ્ન માટે હું તૈયાર નહોતી, મારે હા પાડવાની જ નહોતી. મારી ભૂલ થઈ ગઈ. મેં તમારા સૌના આનંદ પર પાણી ફેરવી દીધું એ બદલ હું તમારી માફી માગું છું. મેં જે કંઈ કર્યું છે તે એમ વિચારીને કર્યું કે હું જો લગ્ન કરીશ તો બ્રિજેશ માટે, એના ફૅમિલી માટે એ સારું નહીં હોય."

"અને આ શું સારું છે?" બ્રિજેશની મધર બરાડી.

"ના. પણ લગ્ન કર્યા હોત તો આના કરતાં પણ વધારે મોટો અનર્થ સર્જાયો હોત. આ પરિસ્થિતિ ઓછી ખરાબ છે." મેં આંસુ રોકી રાખતાં કહ્યું.

"આ રૂમમાં અમે બધાં નજીકનાં જ સગાં છીએ. તને કોઈ અંદાજ પણ છે કે અમારાં બાકીનાં લોકોને ખબર પડશે તો અમારી હાલત કેવી કફોડી થવાની?" બ્રિજેશની મા બોલી.

"હું સમજું છું. મને માફ કરી દો." મેં બે હાથ જોડીને કહ્યું. મારી બંને આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, "આન્ટી, મને માફ કરી દો."

બ્રિજેશે એની મા સામું જોયું, પછી મારી સામું જોયું. એ અદબ વાળીને ચૂપચાપ ઊભો હતો.

"તમે બેઉ એકબીજાંની સાથે કેવાં સરસ લાગો છો. જુગલજોડી છે તમારી." મારા ફાધર બોલ્યા, "બેટા, હજુ પણ કંઈ બગડ્યું નથી."

મેં માથું ધુણાવ્યું.

બ્રિજેશની મા બોલી, "અમારાં બધાં જ રિલેટિવ્સ અહીં છે, બધી તૈયારીઓ પણ થઈ ચૂકી છે. હજુ ય આપણે આ બધું નાટક બંધ કરીને જેમ નક્કી કર્યું છે એમ પતાવી દઈએ, રાધિકા."

"શક્ય નથી, આન્ટી. આયમ સૉરી."

"કેવી જડભરત છોકરી છે તું?" બ્રિજેશની માનો ટોન તરત પાછો બદલાઈ ગયો.

"મેં કહ્યું ને તમને..." મારી મા બોલી, "આ અમારી અભાગણ છે. મારી બીજી દીકરી જુઓ, કેટલી સંસ્કારી છે. સો ટચનું સોનું છે સોનું અને આ..."

"બહુ થયું, અપર્ણાઆન્ટી." બ્રિજેશ બોલી ઊઠ્યો. રૂમમાંની એકેએક વ્યક્તિ એને જોતી રહી ગઈ. એ બોલ્યો, "એને ભવિષ્યમાં કદાચ મારી સાથે લગ્ન નહીં કરવા બદલ પસ્તાવો થાય પણ ખરો. પરંતુ આ શું કમભાગી ને અભાગણ લઈને બેઠાં છો તમે?"

મારી આંસુભરી નજરે મેં બ્રિજેશ સામે જોયું. મેં એની સાથે જે કંઈ કર્યું હતું તે છતાં એ અત્યારે મારી પડખે ઊભો હતો. પણ આને લીધે મને મારા માટે વધારે નીચાજોણું લાગવા માંડ્યું.

"અને મૉમ, એણે નક્કી કરી લીધું છે. આપણને ગમે કે ન ગમે, એનો નિર્ણય પાકો છે." બ્રિજેશ બોલ્યો.

"પણ બેટા, બધું તૈયાર છે, લોકો પણ હજુ અહીં જ છે તો પછી..." બ્રિજેશની મધર મારી સાસુ બનવાની જીદ છોડવા તૈયાર નહોતી.

"મૉમ, બધી તૈયારીઓ થઈ ગઈ હોય એટલે અમારે પરણી જવાનું એવું ન હોય."

બ્રિજેશ બોલ્યો.

મેં બ્રિજેશ તરફ આભારવશ નજરે જોયું. એણે મારી સામે જોઈને આંખો ઢાળી અને ટિશ્યુઝનું બૉક્સ ધર્યું. એની આ ખાનદાની, અને એ પણ આવી પરિસ્થિતિમાં, મને સ્પર્શી ગઈ.

"આપ સૌ હજુ પણ અમારા મહેમાન છો." મારા પિતા બે હાથ જોડીને બોલ્યા, "અને મારી દીકરી વતી હું આપ સૌની માફી માગું છું."

મારા ફાધરને આ રીતે કોઈના ઘૂંટણિયે પડતાં જોઈને મારું હૃદય ચિરાઈ જતું હતું. મારે અહીંથી બને એટલા જલદી ભાગી જવું હતું જેથી હું મોકળામને રડી શકું. હું બ્રિજેશના રૂમમાંથી બહાર દોડી ગઈ.

* * *

બીજે દિવસે સવારે અગિયાર-બાર વાગ્યે ગુલાટી અને મહેતા પરિવારે ગોવાની હોટેલ ખાલી કરી દીધી. બેઉ પરિવારો એકબીજા સામે કતરાતાં હતાં. હજુ બે દિવસ પહેલાં સંગીતની રાત્રિએ આ જ લોકો એકમેકની સાથે સેલ્ફીઝ અને ગ્રૂપીઝ લેતા થાકતા નહોતા.

ગુલાટીઝની મુંબઈની ફ્લાઇટ અમારા કરતાં વહેલી હતી. એ લોકો બસમાં ગોઠવાઈ રહ્યા હતા.

બ્રિજેશ એના બૅકપૅક સાથે હોટેલની લૉબીની બહાર નીકળી રહ્યો હતો.

"બ્રિજેશ, એક મિનિટ." મેં એને રોક્યો.

"શું હતું?" એણે પૂછ્યું.

"બે મિનિટ વાત કરી શકાય?"

"રિયલી? કેમ?"

હું કંઈ બોલી નહીં. એણે ઊંડો શ્વાસ લીધો. પછી કહ્યું,

"ઑલ રાઇટ, પણ અહીં નહીં. મારાવાળા કે તારાવાળા લોકો જોઈ જશે તો... પાંચ મિનિટ પછી બીચ પર આવી જા.''

* * *

"ગઈ કાલે બધાંની વચ્ચે મને તેં સપૉર્ટ આપ્યો. થૅન્ક્સ." મેં કહ્યું.

અમે મૅરિયટના બીચ પર છેલ્લી વખત વૉક લઈ રહ્યાં હતાં.

"મને લોકો મોટેમોટેથી બોલે, એકબીજાનું અપમાન કરે અને તે પણ બધાંનાં દેખતાં – પસંદ નથી." બ્રિજેશે કહ્યું.

"તને પૂરો હક્ક હતો મારું ઇન્સલ્ટ કરવાનો. હજુય તું કરી શકે છે. અહીં આપણને કોઈ નથી જોવાનું."

એણે એક સેકન્ડ માટે મારી તરફ જોયું. પછી માથું ધુણાવ્યું. ઉદાસ સ્મિત સાથે એ બોલ્યો,

"મને લાગે છે કે મારા માટે છોકરીઓને સમજવાનું કામ ઇમ્પોસિબલ છે. વચ્ચે થોડો વખત લાગ્યું કે હું સમજી રહ્યો છું પણ હવે ખબર પડે છે કે હજુ તો ઘણું શીખવાનું છે મારે." એ બોલ્યો.

"એવું નથી. તું લોકોને સારી રીતે સમજી શકે છે લોકોને, એમની લાગણીઓને. તું બહુ

સારો માણસ છે, બ્રિજેશ. તકલીફ મારામાં છે. મારે ઘણું બધું શીખવાનું છે."

"શીખી જઈશ. હવે શું કરવાની તું?"

"અત્યારે તો પાછી જઈને કામ પર ચડી જઈશ. પછી શક્ય હશે તો લાંબું વૅકેશન લઈશ. મે બી આખી દુનિયા ફરીશ. રાઉન્ડ-ધ-વર્લ્ડની ટિકિટ આવે છે ને? કોઈ પણ એક દિશામાં જ્યાં જવું હોય ત્યાં સુધી જાઓ, વચ્ચે જ્યાં જ્યાં રોકાઈ જવું હોય ત્યાં રોકાઈ જાઓ."

"વેલ, દુનિયા તો ગોળ છે. એટલે તું જ્યાં જવું હોય ત્યાં જવાને બદલે, હતી ત્યાં ને ત્યાં પાછી આવી જવાની. અલ્ટીમેટલી તો તારે રિયાલિટીનો સામનો કરવાનો જ છે."

"અનફૉર્ચ્યુનેટલી, તારી વાત સાચી છે." મેં કહ્યું.

"તો, બાય!" બ્રિજેશે કહ્યું.

"બાય, બ્રિજેશ."

"કેમ, તું હોટેલ પર પાછી નથી આવતી?" એણે જતાં જતાં મને પૂછ્યું.

"થોડી વાર રહીને," હું બોલી અને ઉછાળા મારતાં મોજાંઓને કિનારા પર પટકાઈને શાંત થઈ જતાં જોતી રહી.



36

ત્રણ મહિના પછી

છેલ્લા એક મહિનાથી હું લંડનથી ઇસ્ટ તરફ નીકળી પડી હતી. બર્લિન, કૅરો, બીજિંગ, સિડની ને ત્યાંથી સાઉથ અમેરિકાના પેરુમાં લિમા સુધી આવી ગઈ હતી. લિમાથી માચુપિછુના ફેમસ ખંડેર જોવા માટે નીકળી હતી. વચ્ચે એક ચાર્મિંગ હોટેલમાં ઉતારો રાખીને એની કાફેમાં બેઠાં બેઠાં કૉફી પી રહી હતી.

ગોવાના ફિયાસ્કોને ત્રણ મહિના થઈ ચૂક્યા હતા. મેં ગોવામાં રિમાઈન્ડર મૂક્યું હતું કે મારે ત્રણ મહિના પછી એક કામ કરવાનું છે. મારા લૅપટૉપમાં આજે એ રિમાઈન્ડર ફ્લૅશ થઈ રહ્યું હતું : મેસેજ 'બી.'

કલાકમાં બે કાપુચિનો પીધા પછી મેં ફોન કાઢ્યો. કૉન્ટેક્ટ્સ લિસ્ટમાં 'બી'માં જઈને બ્રિજેશનું નામ ક્લિક કર્યું. પછી વિચાર્યું કે મેસેજ નાખું કે ન નાખું? નાખી તો જો, બહુ બહુ તો શું થશે?

મેં બ્રિજેશને વૉટ્સઍપ પર લખ્યું : 'હાય' અને સેન્ડ કરી દીધું.

અડધો કલાક સુધી બે બ્લ્યુ ટિક્સ દેખાઈ નહીં. પછી દેખાઈ, પણ એનો કોઈ જવાબ આવ્યો નહીં. મારું હાર્ટ બેસી ગયું. મેસેજ કરવાનો આઇડિયા જ નકામો હતો.

'હાય! શું કરે છે?' અચાનક એનો જવાબ આવ્યો.

'ફરી એક વાર સૉરી,' મેં લખ્યું.

'ચાલ્યા કરે એ તો. કેવું ચાલે છે તારું?'

'ટ્રાવેલ કરું છું. તને કહ્યું હતું ને...'

'અચ્છા, વર્લ્ડ ટૂર!'

'હા.'

'ક્યાં સુધી પહોંચી? આખું સર્કલ પૂરું કર્યું કે નહીં?'

'ઑલમોસ્ટ. હવે બીજી બે ફ્લાઇટ લેવાની બાકી છે.'

'કૂલ.'

'બ્રિજેશ, એક વાત પૂછવાની હતી તને?'

'બોલ ને.'

'અહીંથી હું સાન ફ્રાન્સિસ્કો આવવાની છું. ત્રણ દિવસ છું ત્યાં.'

'બહુ સરસ.'

'હું વિચારતી હતી કે તને કૉફી પર મળું તો?'

થોડી મિનિટો થઈ પણ એનો જવાબ ના આવ્યો. મને થયું કે મેં ખોટું કહ્યું એને. એટલે ફરી એક મેસેજ નાખ્યો : 'તું ના મળી શકતો હોય કે ના મળવા માગતો હોય તો ઇટ્સ ઑલ રાઇટ. હું સમજી શકું છું.'

થોડી જ વારમાં એનો જવાબ આવ્યો : 'સૉરી, મારા બૉસનો ફોન હતો. હા, શ્યૉર. કૉફી પીએ સાથે.'

'રિયલી? ગ્રેટ!'

'હા, આવી શકાતું હોય તો તું મેન્લો પાર્ક આવીશ? મારા માટે સહેલું પડશે.'

'અફકોર્સ. તારી ઑફિસથી જ્યાં નજીક હોય ત્યાં. બુધવારે ફાવે?'

'શ્યૉર. ફિલ્ઝ કૉફી, મેલ્નો પાર્ક, ફોર પી.એમ.'

* * *

મેલ્નો પાર્કમાં ફેસબુકના તોતિંગ કૅમ્પસની જસ્ટ બહાર જ ફિલ્ઝ કૉફી હતી. હું પાંચ મિનિટ વહેલી પહોંચી. વિન્ડો સીટ લીધી. અહીંથી દુનિયાના કરોડો લોકોને એકબીજા સાથે જોડતી કંપનીની ઑફિસો દેખાતી હતી.

"હાય," બ્રિજેશ મને શોધીને મારા ટેબલ સુધી પહોંચી ગયો. એને જોઈને હું ઊભી થઈ. અમે થોડાંક અજાણ્યાં, થોડાંક જાણીતાંની જેમ હગ કર્યું.

"થૅન્ક્સ, તેં મળવાની હા પાડી." હું બોલી. હું જરા સેલ્ફ-કૉન્શ્યસ થઈ ગઈ હતી.

"એમાં શું છે! વેલકમ ટુ માય સિટી." એ બોલ્યો. એણે બ્લ્યુ જીન્સ પર બ્લૅક હુડી પહેર્યું હતું. પહેલાં કરતાં એનું શરીર ભરાવદાર લાગતું હતું, કસાયેલું પણ લાગતું હતું. એના ગળામાં ફેસબુકનો કૉર્પોરેટ આઇડી બેજ હતો.

"આ રીતે તને જોવો, કામ પરથી સીધો અહીં, નવું નવું લાગે છે." મેં કહ્યું.

"યા... અને તે પણ આસપાસ કોઈ બુઆ, મામી, ચાચુ નહીં! તને જોઉં છું તો લાગે છે કે હમણાં એમાંથી કોઈ અહીં ટપકી પડશે!" એણે કહ્યું.

"બિલકુલ." હું બોલી.

"અને આપણે બેઉએ નીચા વળી વળીને એમને પગે લાગવું પડશે."

અમે બેઉ હસ્યાં. એ કાઉન્ટર પર જઈને બે કાપુચિનો લઈ આવ્યો. એ બેઠો પછી મેં કહ્યું,

"તને જેટલી વાર સૉરી કહું એટલું ઓછું છે." મેં એની સામે જોયું. પછી ઉમેર્યું, "વન ઇન્ડિયન ગર્લ, જેને તું પરણવા આવ્યો હતો, એણે બધાની જિંદગીમાં કેટલો મોટો ડ્રામા ઊભો કરી દીધો."

એણે હસીને હાથ હલાવ્યો.

"હવે એવું બધું બોલવાની કંઈ જરૂર નથી. જે થવાનું હતું તે થઈ ગયું. જિંદગી આગળ વધી જતી હોય છે. મેં પણ ખૂબ વિચાર્યું એ વિશે. તેં જે કર્યું તે શું કામ કર્યું?" એ બોલ્યો.

"અને તને શું જવાબ મળ્યો?" મેં પૂછ્યું.

"મને લાગ્યું કે તું કે પછી બીજી કોઈપણ છોકરી – તમને લોકોને એવા પુરુષની જરૂર નથી હોતી જે તમને પોતાના માપદંડથી માપે. તમને જરૂર હોય છે જે સાથ આપે, ઇન્સ્પાયર કરે, તમને સમજે એવા પુરુષની. તમે જે બનવા માગો છો, જે કંઈ બનવા માગો છો – બૅન્કર, મધર, બેઉ – તે, તમે સારામાં સારી કેવી રીતે બનો એ માટે તમારી મદદ કરે, સપૉર્ટ કરે તમને. અને જ્યાં સુધી એવું કોઈ ન મળે ત્યાં સુધી શું કામ કોઈએ કૉમ્પ્રોમાઇઝ કરીને સેટલ થઈ જવું જોઈએ?"

મારા મોઢા પર સ્મિત છવાઈ ગયું. હું બોલી,

"મને હજુય બહુ ખરાબ લાગે છે. તારાં સગાંવહાલાંઓ આગળ તારું કેટલું ખરાબ લાગ્યું હશે."

"એવું કંઈ વિચારવાની જરૂર નથી તારે. હું પણ ગોવા વિશે વિચારું છું ત્યારે કોઈ સગાંવહાલાં વિશે નથી વિચારતો."

"ખરેખર? કોઈ અફસોસ નથી થતો તને? શું કામ તેં મને પસંદ કરી હતી? શું જોઈને તેં મારા માટે હા પાડી?" મેં કહ્યું.

"ના, કોઈ અફસોસ નથી, સિવાય કે એક."

"શું?"

"યાદ છે, એ રાત્રે આપણને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. આપણે ગાંજો પીધો, લાઇસન્સ વગર ડ્રાઇવિંગ કર્યું – જે હું જિંદગીમાં ક્યારેય ન કરું. આ બધું તું સાથે હતી તો કર્યું."

"મારી સંગત જ ખરાબ છે. બિલકુલ પાગલ થઈ ગયાં હતાં આપણે, ટોટલી ક્રેઝી નાઇટ હતી."

"હા. તો હું વાત એ કરતો હતો કે તારી સાથે હું ભવિષ્યમાં આવી પાગલ જેવી, ટોટલી ક્રેઝી જિંદગી જીવતો હોઈશ એવાં સપનાં જોતો થઈ ગયો હતો. પણ એવું થયું નહીં. અફસોસ ખાલી આ જ વાતનો છે." એણે ખભા ઉલાળીને સ્માઇલ કર્યું.

અમારી આંખો મળી. મને કશું સૂઝ્યું નહીં કે મારે શું બોલવું. મેં ટૉપિક બદલીને કહ્યું,

"કેવું ચાલે છે તારું કામકાજ?"

"બહુ સરસ. પણ સાથેસાથે હવે પેલા સ્ટાર્ટઅપમાં પણ પ્રોગ્રેસ થઈ રહ્યો છે. ઘણું બધું આગળ કામ થઈ રહ્યું છે. પ્રૉબ્લેમ ખાલી એટલો જ છે કે વેન્ચર કેપિટાલિસ્ટને ઇન્વેસ્ટમેન્ટ કરવા સમજાવવા જે ફૉર્મલ બિઝનેસ પ્લાન બનાવવો જોઈએ એમાં માથાઝીંક ઘણી છે. ત્રાસ છે. એ લોકોને ફાઇનાન્શ્યલ મૉડલ અને પ્રોજેક્શન અને બીજું શુંનું શું જોઈતું હોય."

"જોઈએ તો હું તને એમાં મદદ કરું?"

"રિયલી?"

"એ જ તો મારો ધંધો છે. દિવસરાત એના સિવાય મને બીજું આવડે છે જ શું!"

"તું એમાં મદદ કરી આપે તો તો મારી લાઇફ બની જાય!"

"મારે ખાલી તારા સ્ટાર્ટઅપના મૉડલને સમજીને એને લગતા આંકડાઓને સ્પ્રેડશીટમાં પાથરી દેવાના છે. મારા માટે ડાબા હાથનો ખેલ છે." હું હસી.

"હું તને બધી ડિટેલ્સ સમજાવી દઈશ. તું કેટલા દિવસ છે અહીં?"

"વૅકેશન પૂરું થવામાં પાંચ દિવસ છે હજુ. તારું કામ થઈ જશે."

"ધેટ વુડ બી અમેઝિંગ. આ વીકએન્ડમાં એના પર કામ કરવાનું ફાવે તને?"

"વાંધો નહીં." મેં કહ્યું.

અમે એકાદ મિનિટ ચૂપચાપ કૉફી પીતાં રહ્યાં. પછી એણે કહ્યું,

"આ વીકએન્ડમાં તું અહીં જ છે તો, અરિજિત સિંહની કૉન્સર્ટ પણ છે."

"ઓહ કૂલ. મારો ફેવરિટ છે." મેં કહ્યું. એણે મને કૉન્સર્ટની માત્ર માહિતી આપી હતી કે ઇન્વાઇટ કરી હતી? મેં જ હિંમત કરીને એને પૂછી લીધું,

"બ્રિજેશ, તારે મારી સાથે અરિજિતની કૉન્સર્ટમાં આવવું છે?"

"અફકોર્સ એ જ તો હું કહું છું તને." એ બોલ્યો.

મેં જોયું કે એણે કૉફીનો મોટો ઘૂંટ લીધો અને એના ઉપલા હોઠ પર કૉફીના ફોમની મુચ્છી થઈ ગઈ. હું હસી પડી. એને કંઈ ખબર ના પડી. મેં મારો ફોન સેલ્ફી મોડ પર રાખીને એના હાથમાં મૂક્યો. એ પણ પોતાનું પ્રતિબિંબ જોઈને હસવા લાગ્યો. અમે બંને હસતાં રહ્યાં. આજુબાજુની દુનિયામાં કોઈ સમજતું નહોતું કે અમે શા માટે આટલું બધું હસી રહ્યાં હતાં.

ઋણ સ્વીકાર

હાય, કેમ છો!

આ પુસ્તક માટે જેણે જેણે સહયોગ આપ્યો છે એ દરેકનો આભાર માનવાનું શક્ય નથી. મારા જીવનમાં આવનારી એ તમામ સ્ત્રીઓ, જેમણે મારા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તમે બધાં જ એ જાણો છો કે તમે કોણ છો, તેથી કદાચ હું તમને યાદ કરવાનું ચૂકી ગયો હોઉં, હંમેશની જેમ, તો ખરેખર સૉરી!

જેમનો ફરી એકવાર આભાર માનવાનું મન થાય છે તેમાં ઃ

ઈશ્વર, જેણે મને ખૂબ આપ્યું છે.

શાઈની એન્થની, જેણે મારા લેખનકાર્યના આરંભથી આજ સુધી મારી મિત્ર, ઍડિટર અને માર્ગદર્શક બનીને સાથ આપ્યો છે અને આજે પણ મારાં તમામ પુસ્તકોના પ્રથમ વાચક તરીકે એ સાથ આપી રહી છે.

મારા વાચકો, જેમણે મારા પર પ્રેમનો આશીર્વાદ વરસાવ્યો છે. વાર્તાઓ કહેવાનું જે મને ગમે છે, એ તમારા વડે જ મિત્રો શક્ય બન્યું છે.

સરબિયન *DJ,* ધ ઈન્ડિગો ફ્લાઇટ અટૅન્ડન્ટ્સ, જ્યાં જ્યાં હું રોકાયો છું એ તમામ હોટેલ સ્ટાફ, મારાં મોટિવેશનલ લેક્ચર્સ દરમિયાન મળતા રહેલા વિવિધ લોકો, હવાઈ મુસાફરી સમયના મારા સાથી મુસાફરો અને સેંકડો એવી સ્ત્રીઓ કે જેમનો, આ પુસ્તક માટે મેં ઇન્ટરવ્યૂ લીધો છે. એક એવો પણ તબક્કો હતો, જ્યારે મારા જીવનમાં આવનારી તમામ સ્ત્રીઓ સાથે મેં આ પુસ્તક માટેની ચર્ચા કરી છે. આપ સૌની અંદરની સંવેદનાને મારી સાથે નિખાલસતાપૂર્વક શૅર કરવા બદલ હું સૌનો આભારી છું.

આ પુસ્તકના આરંભથી છેક આજ સુધી જેમણે જેમણે મને પ્રેરણા, સહયોગ અને ફીડબૅક આપીને મારા લેખન ઉત્સાહને સંકોર્યો એ સૌનો હું આલ્ફાબૅટિકલી આભાર માનું છું – આભા બાક્યા, અદિતિ પ્રકાશ, અલિશા અરોરા, અમિત અગરવાલ, ઍન્જેલા વાન્ગ, અનુભા બંગ, અનુષા વેંકટાચલમ, આયેશા રાવલ, અવનિ ઝુનઝુનવાલા, ભક્તિ ભાટ, ઈરા ત્રિવેદી, જેસિકા રોઝનબર્ગ, કરુણા સુગ્ગુ, ક્રિશેન પરમાર, કુશાન પરીખ, મેઘના રાવ, મિશેલ શેટ્ટી, નિભા ભંડારી, પ્રતીક ધવન, રચિતા ચૌહાન, રીમા પરમાર, શાલિની રાઘવન, વિરાલી પંચમિયા, વિવિતા રેલાન, ઝિતિન ધવન આ સૌનો હું આભારી છું. રૂપા પબ્લિકેશનના એડિટર્સ, જેમણે આ પુસ્તકને તૈયાર કરવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે, એમનો પણ હું ખૂબ આભારી છું.

મારા વિવેચકો કે ટીકાકારો જેમણે મને મારામાં ઈમ્પ્રુવમેન્ટ કરવામાં અને મારા ઈગોને ડાઉન કરી દેવામાં મદદ કરી છે. મારાં મમ્મી રેખા ભગત, જે મારા જીવનની પ્રથમ મહિલા છે અને અનુષા ભગત જે મારી પત્ની છે – તે સૌનો હું ખૂબ ખૂબ ઋણી છું.

મારાં બાળકો જેમની સાથે હું એક પિતા તરીકે ઓછો અને લેખક તરીકે ઝાઝો રહ્યો છું.

મારા અન્ય પરિવારજનો – ભાઈ કેતન, મારાં ઈન-લૉઝ. મારા કઝિન્સ – આ સૌએ મારા પર અવિરત પ્રેમ રાખ્યો છે એ સૌનો આભારી છું.

તો મિત્રો,

હવે ટાઇમ થઈ ગયો છે *One Indian Girl* તમને કેવી લાગી એ જણાવવાનો!

– ચેતન ભગત